Engineering Girl: Gujarati (Gujarati Edition)

Kavad, Hiren

VISIT...

LANZAROTE Caliente.com

SPARSH PUBLICATION
READ LEAD SUCCEED

એન્જિનિયરિંગ ગર્લ

હિરેન કવાડ

એન્જિનિયરિંગ ગર્લ
~ હિરેન કવાડ ~

અર્પણ
To all my loving friends and readers

પ્રસ્તાવના

એ લોકો ખૂબ લકી હોય છે જે લોકોને ઍન્જિનિયરિંગમાં આવ્યાં પહેલાં જ ખબર હોય છે કે પોતે શેનાં માટે બનેલાં છે . પરંતુ જેને ખબર ના હોય એ લોકોએ મારાં મતે ઍન્જિનિયરિંગ કરવું જ જોઈએ . એ ચાર વર્ષ તમારી લાઈફના સૌથી બેસ્ટ વર્ષ રહેશે અને જ્યારે ફાઇનલ યરની એક્ઝામ્સ ચાલતી હશે ત્યારે ખબર પડશે કે તમે શેનાં માટે બનેલાં છો . તમારે તમારી લાઈફમાં શું કરવું છે ?

આ વાર્તાનું પહેલું નામ હતુ એન્જિનિયરીંગ ગર્લ , અમુક કારણો સર બદલ્યુ છે . આ વાર્તા માત્ર ઍન્જિનિયરિંગની નથી , એક એવી છોકરીની વાર્તા છે જેણે ઇચ્છા વિરુદ્ધ ઍન્જિનિયરિંગમાં ઍડમિશન લીધું છે , કારણો ભૂતકાળમાં ક્યાંય ઊંડે દટાયેલા છે . જે એ છોકરીને પણ ખબર નથી . જેવી રીતે ઍન્જિનિયરિંગે મારી લાઈફ કમ્પ્લીટલી ચૅન્જ કરી નાખી , એવી રીતે આ ઍન્જિનિયરિંગના કારણે કઈ રીતે અંકિતાની સીધી સટાક લાઈફનો રસ્તો સર્પીલા વળાંકવાળો બની જાય છે , એની રોમાંચિત કરી દેતી સ્ટોરી .

મારી દરેક સ્ટોરી ઑબ્ઝર્વેશન , એક્સપિરિયન્સ , ઇમેજિનેશન , ઇનસ્પિરેશન , ફૅન્ટસી અને ડિઝાયરથી જ બનેલી હોય છે . આ સ્ટોરી પણ આ છ તત્ત્વોની જ બનેલી છે . તો પ્રસ્તુત છે ભરપૂર મનોરંજનનાં હેતુથી લખાયેલી વાર્તા એન્જિનિયરિંગ ગર્લ .

અનુક્રમણિકા

એન્જિનિયરિંગ ગર્લ

રાતના બે વાગ્યે અંકિતાનું લેપટોપ હજુ શરૂ હતું, એની આંગળીઓ ટપાટપ કીબોર્ડ પર પડતી હતી અને એનો અવાજ કૃતિના કાનને અકળાવતો હતો. નિરમા કૉલેજ ઑફ ઍન્જિનિયરિંગમાં કમ્પ્યૂટર સાયન્સમાં માસ્ટર્સ કરી રહેલી અંકિતા ભણી ભણીને થાકી ગઈ હતી. માસ્ટર્સ ક્યારે પતશે ? એવો સવાલ બે મહિનાથી એટલે કે જ્યારથી માસ્ટર્સ શરૂ કર્યુ હતું ત્યારથી જ અકળાવતો હતો.

‘ અંકિ... પ્લીઝ, લાઈટ બંધ કર ને.. મને ઊંઘ નથી આવતી.’, કૃતિએ આંખો આડું ઓશીકું દાબતાં કહ્યું.

‘ બસ બે જ મિનિટ, આ એક બગ સૉલ્વ કરી લે. કાલે પ્રોજેક્ટનો લાઇવ ડેમો આપવાનો છે.’, લેપટોપમાં ડૂબી ગયેલી અંકિતાએ ડોકું ઊંચું કર્યા વિના કહ્યું.

‘ ના આ તારું રોજનું નાટક છે, હું લાઈટ બંધ કરું છું.’, કૃતિ ઊંઘમાં ઊભી થઈ.

‘ એક મિનિટ.’, અંકિતાએ ફટાફટ ટાઇપ કરવાનું શરૂ રાખ્યું.

બે મિનિટમાં અંકિતાએ લેપટોપ બંધ કરી દીધું. લાઈટ બંધ કરી દીધી અને નાઈટ લૅમ્પ શરૂ કર્યો. પણ અંકિતાને ઊંઘ નહોતી આવી રહી.

એ એના બેડ પર પડખું ભરીને આંસુ પાડી રહી હતી. એ ડૂસકાં ભરી રહી હતી. એનું મન વિચારોનાં વાવાઝોડામાં ફસાયેલું હતું. ઊંઘણશી કૃતિના કાન ઉંદર જેવાં હતાં, એને ઊંઘતા સમયે લાઈટ બંધ જ જોઈએ અને સહેજ પણ અવાજ ન જોઈએ એટલે ન જ જોઈએ. કૃતિને અંકિતાનો ડૂસકાં ભરવાનો અવાજ સંભળાયો એટલે એ તરત જ ઊભી થઈ અને અંકિતાના બેડ પાસે ગઈ.

‘ શું થયું મારી અંકુડીને?’, કૃતિએ અંકિતાને ખેંચીને ઊભી કરી.

‘ કંઈ નહીં.’, અંકિતા બેડમાં જ બેઠી થઈ.

‘ ના આજે નહીં ચાલે, આજે તો તારે કહેવું જ પડશે. બે હું જ્યારથી તારી સાથે છું ત્યારથી જોઈ રહી છું, તું ઉદાસ ઉદાસ છો.’

‘ છોડ ને યાર, તું સૂઈ જા. મારી લવારીને સાંભળીને તું શું કરીશ? મારી એક નહીં ઘણી બધી પ્રોબ્લેમ્સ છે, જે કદી સૉલ્વ નથી થવાની.’,

‘ તુ નહીં, આપણે બંને સૉલ્વ કરીશું, પણ પહેલાં તું કે તો ખરી. આપણે બધી પ્રોબ્લેમ્સની વાટ લગાવી દઈશું.’, કૃતિએ મુક્કો બતાવ્યો.

‘ કંઈ નહીં બસ ઘરની યાદ આવતી હતી.’, અંકિતાએ ચહેરો બીજી તરફ ફેરવીને કહ્યું.

‘ ઓય્ય, ભલે હું તને ત્રણ મહિનાથી ઓળખથી હોવ બટ હું પણ એક્ટર છું, એટલે હું એક્ટિંગ કરતા લોકોને તો ઓળખી જ શકું. ચાલ હવે બોલવા મંડ.’

‘ ખરેખર તારે જાણવું છે?’,

‘ હા મારે જાણવું છે. આજે તારી પ્રોબ્લેમ્સનું તો આવી બન્યું.’, કૃતિ પગ પર પગ ચડાવીને બેસી ગઈ.

‘ મારી પહેલી પ્રોબ્લેમ તો આ ઍન્જિનિયરિંગ છે, કારણ કે એના લીધે જ આ બધું થઈ રહ્યું છે. દસમાં ધોરણમાં સારા માર્ક્સ આવ્યાં બધાંએ કહ્યું કે સાયન્સ લેવરાવો, મારે આર્ટ્સમાં ઍડમિશન લેવું હતું, મને ન્યૂટન અને આઈન્સ્ટાઇનમાં કોઈ દિવસ ઇન્ટરેસ્ટ ન્હોતો પડ્યો. પણ ઘર મમ્મીને સાયન્સનો ચસકો હતો. ટ્યુશન્સ અને મહેનતના કારણે બાર સાયન્સમાં પણ ૮૫ ટકા આવ્યાં, મેથ્સના સૂત્રો ક્યારેય મને મગજમાં નહોતાં ઉતર્યાં અને હજુ એ જ હાલત છે, મારે ઍડમિશન લેવું હતું, નૅશનલ ઇન્સ્ટીટ્યુટ ઑફ ફેશન ડિઝાઈનિંગમાં પણ પપ્પાએ કહ્યું કે ‘

એમાં આગળ કોઈ સ્કોપ નથી' એમ કહીને એલ. ડી.ના કમ્પ્યૂટર ઍન્જિનિયરિંગમાં ઍડમિશન લેવડાવ્યું.
મારી લાઈફ એકદમ સ્ટ્રેટ હતી, હું હંમેશા એડવેન્ચર ચાહતી હતી, હું કલરફૂલ દુનિયા ચાહતી હતી, મારે કોરા કૅનવાસ પર ભાતો બનાવવી હતી, એમાં કલરો પૂરવાં હતાં, પણ ઘરવાળાની એક્સ્પેક્ટેશન્સ ખૂબ અલગ ને ઊંચી હતી. સારા માર્ક્સ સાથે ઍન્જિનિયરિંગ કમ્પ્લિટ કરીશ. કોઈ મલ્ટીનૅશનલ કંપનીમાં જોબ કરીશ.
બટ ઍન્જિનિયરિંગ. ઍન્જિનિયરિંગમાં જે પણ લોકો પડ્યા એ લોકો ક્યાં કોઈ દિવસ બહાર નીકળી શક્યા છે. હું મારાં માટે કોઈ દિવસ ભણી જ નહોતી. કૉલેજથી રૂમ અને રૂમથી કૉલેજ. ચોથા સેમેસ્ટર સુધી તો હું મારાં ક્લાસના કોઈ છોકરાનાં નામ પણ નહોતી જાણતી. મારાં ક્લાસના છોકરાઓએ મારું નામ ' મિસ બુકીશ' પાડી દીધું હતું. બટ એક વાત મેં અત્યાર સુધીમાં પાક્કી કરી છે, ઍન્જિનિયરિંગ કેન ટેક અવે ઑલ યોર સોરોઝ બટ ઇટ કેન ગિવ ન્યુ સ્ટ્રેન્જ પેઇન.
તને મારી સ્ટોરી ઘણી હદ સુધી ફિલ્મી લાગી શકે, કદાચ તને હસવું પણ આવી શકે. પણ આ જ સાચું છે. ક્યારેક આપણી લાઈફમાં ડ્રામેટિક વળાંકો આવતા હોય છે. એવું જ મારી લાઈફમાં પણ થયું છે. પાંચમાં સેમેસ્ટરની મિડસેમ એક્ઝામનો પહેલો દિવસ હતો. બીજા દિવસથી નવરાત્રિ શરૂ થવાની હતી. પણ મિસ બુકીશને એક્ઝામ સિવાય કશાની પડી નહોતી. બસ આ એક્ઝામ જ મારી લાઈફમાં એક મોટો ટર્ન લાવવાની હતી. એટલે જ આ એક્ઝામ્સને હું મારી લાઈફની રોમેન્ટિક એક્ઝામ્સ માનું છું. અને અહીંથી જ મારી અધૂરી સ્ટોરી શરૂ થાય છે.

પ્રકરણ – ૧

પહેલું પેપર

રટ્ટો રટ્ટો રટ્ટો…! નિશા, સોનુ અને કૃપા ત્રણેય રટ્ટા મારવામાં ડૂબેલાં હતાં. કમ્પ્યુટર ગ્રાફિક્સ બાય હેરન બેકરની મહાભારતમાં ત્રણેય નટખટ, નાજુક અને નમણી ગોપીઓ ગળાડૂબ હતી, કારણ કે આજે મિડસેમનું પહેલું પેપર હતું. સાડા નવ વાગ્યા હતાં, પેપર સાડા દસ વાગ્યાનું હતું. છતાં આ ત્રણેય પાગલ રટ્ટા મારવામાંથી ઊંચી નહોતી આવી રહી.

બીજી તરફ હું હતી જે એક્ઝામ માટે સજી રહી હતી. એક્ઝામમાં મને સૌથી વધુ જો કંઈ ગમતું હતું તો એ એક્ઝામ્સમાં તૈયાર થઈને જવાનું. એટલે પહેલાં પેપરના દિવસે હું મારો ફેવરિટ કલર આજે પહેરી રહી હતી, વ્હાઇટ ડ્રેસ સાથે મેં બધું જ વ્હાઇટ મેચિંગ કર્યુ હતું. સેન્ડલ્સ, બ્રેસલેટ, વોચ, વૉલેટ અને ચશ્માની વ્હાઇટ ફ્રેમ બસ ત્રણ વસ્તુ જ બ્લૅક હતી, કાળાં વાળ, આંખોનું કાળું કાજળ અને કપાળ વચ્ચેની નાની કાળી બિંદી. મને ખબર હતી હું સુંદર લાગી રહી હતી. હું કાચમાં વારંવાર જોઈ રહી હતી, પણ શા માટે? મારી ઇચ્છા તો કોઈ બોયફ્રૅન્ડ બનાવવાની નહોતી. પણ શું છોકરીઓ કંઈ છોકરાઓ માટે જ તૈયાર થતી હોય? હું કાચમાં પોતાને જોઈ રહી હતી, હું ક્રેઝી થોટ્સમાં ડૂબેલી હતી.

‘ ઓય્ય મિસ ઇન્ડિયા…!! જરા અહીં આવવાની કૃપા કરશો?’, નિશાએ મને સાદ પડ્યો.

‘ પોણા દસ થઈ ગ્યાં છે, ચાલો ઊભા થાવ.’, મેં કહ્યું.

‘ અંકુ.. પ્લીઝ યાર. હોમોજિનસ કૉર્ડીનેટ્સ સમજાવી દે ને, પ્લીઝ આ ક્વેશ્ચન પૂછાવાનો જ છે. પ્લીઝ.’, સોનુએ એના શાંત અને મીઠા અવાજમાં કહ્યું.

‘ ચલો બે..! તૈયાર થાવ, હું રસ્તામાં સમજાવું છું.’, એ લોકો બે મિનિટમાં જ નાઈટડ્રેસમાંથી જિન્સ ટીશર્ટમાં આવી ગયાં. અમે ગુલબાઈ ટેકરા પાસેની ગંગોત્રી સોસાયટીમાં રહેતા હતાં. એલ. ડી. કૉલેજથી દસ મિનિટના અંતરે.

નિશા, સોનુ અને કૃપા ત્રણેય ખૂબ જ મસ્તીખોર, આંતકી છોકરીઓ હતી. કૉલેજના અમુક છોકરાઓ જ હશે જે આ ત્રણેયને નહીં ઓળખતા હોય. અને એમની રૂપ પાર્ટનર હું ગ્રમ્પી, બોરિંગ અને ઇન્ટ્રોવર્ટ. પણ આ બધાં જ ગુણોનો આ લાસ્ટ ડે હતો, અત્યાર સુધી મેં કોઈ રૂલ્સ નહોતાં તોડ્યાં, પણ આજ પછી હું ઘણાં બધાં રૂલ્સ તોડવાની હતી.

‘ સરસ તૈયાર થઈ છો, કોઈ છોકરો જોવા જવાનો છે?’, નિશાએ ખિલખિલાટ કરતા કહ્યું અને અમે સોસાયટીની બહાર નીકળ્યા. મેં એની વાત પર ધ્યાન ન આપ્યું.

‘ હોમોજિનિયસ્સ કૉર્ડીનેટ્સ ?’, એ બોલી.

‘ એક જ વાર બોલીશ, યાદ રાખી લે જો. હોમોજિનિનસ કૉર્ડીનેટ્સ આર રિપ્રેઝેન્ટેશન્સ ઑફ કૉર્ડીનેટ્સ,’ મેં ડેફિનેશન પૂરી કરી એ પહેલાં જ, નિશાએ બોલવાનું ચાલું કર્યુ.

‘….. ઇન ટુ ટુ ડાયમેન્શન વિથ અ થ્રી કૉર્ડીનેટ્સ…! હાહાહા”, સાલી ત્રણેય ખડખડાટ હસવાં લાગી.

‘ ખરેખર તારે બોયફ્રૅન્ડની જરૂર નથી. કમ્પ્યુટર ગ્રાફિક્સ તો છે..!’, કૃપાએ પણ મારી ઊડાવવાની શરૂ કરી.

‘ બસ ઊડાવી લીધી..?’, મેં મોં ચડાવીને કહ્યું.

‘ અરે તને તો ખોટું લાગી ગયું, જસ્ટ મજાક કરીએ છીએ.’, નિશા બોલી અને ત્રણેય મને ભેટી પડી.

‘ સોનુ પેલાને જો… એ મિકેનિકલનો છે. તારામાં ઇન્ટરેસ્ટેડ લાગે છે.’, અમારી સોસાયટીની પાસે જ લેઉઆ પટેલની બોય્ઝ હોસ્ટેલ હતી. ત્યાંથી આવી રહેલા છોકરાના ટોળામાંના એક

છોકરા તરફ નજર નાખતા કૃપા બોલી.
' થોડોક સ્લીમ છે, નાક થોડુંક લાંબુ છે.', શાંત સોનુ બોલી અને હસતાં હસતાં બંનેએ એકબીજાને તાળી આપી. હું મારી આદત પ્રમાણે ચૂપચાપ ચાલી રહી હતી. કૉલેજ આવી ગઈ. હું અને નિશા બંને અમારાં કમ્પ્યૂટર ડિપાર્ટમેન્ટમાં ગયા. સોનુ અને કૃપા એના આઈ. ટી. ડિપાર્ટમેન્ટ તરફ.
હું બેચ – ૧માં હતી અને નિશા બેચ – ૨માં એટલે બંને પોતપોતાના ક્લાસમાં ગયા. મેં મારો નંબર ચેક કર્યો. ડાબી સાઇડની છેલ્લેથી બીજી બૅન્ચ પર હતો. હું મારી જગ્યાએ જઈને બેસી ગઈ. પેપર હાથમાં આવ્યું અને મેં લખવાનું શરૂ કર્યુ.
***
" શ્શ્શ……. શ્શ…;, પેપર પૂરું થવાને છેલ્લી પંદર મિનિટ બાકી હતી, ત્યારે પાછળથી કોઈ છોકરાએ મને બોલાવવા સિસકારા કર્યા. મારે છેલ્લા બે ક્વેશ્ચન્સ બાકી હતાં. મેં એ અવાજને ઇગ્નોર કર્યો.
' શ્શ્શ…….. શ્શ…', ફરી એ છોકરાએ મને બોલાવવાની ટ્રાય કરી, મારે પાસે કોઈને ચોરી કરાવવાનો ટાઈમ નહોતો કારણ કે મારે જ બે કવેશ્ચન બાકી હતાં.
' સર…!!', મે સુપરવાઇઝરને બોલાવ્યા. સુપરવાઇઝરે મારી સામું જોયું.
' આ છોકરો મને ડિસ્ટર્બ કરે છે.' સુપરવાઇઝર કમ્પ્યૂટરના નહોતા. એમણે પહેલાં છોકરા સામે ચશ્માં નીચાં કરીને જોયું.
' ગેટ આઉટ…!', સુપરવાઇઝરે કડક અવાજ સાથે કહ્યું.
' બટ સર…!'
' ગેટ…! આઉટ…!'
ત્રીસેક સેકન્ડમાં એણે એનો કંપાસ પેક કર્યો, મારી બાજુમાંથી નીકળીને હાથ પછાડીને એક ચીઠ્ઠી મુક્કી. એ મારી સામે ગુસ્સાથી ઘૂરતો ઘૂરતો ક્લાસની બહાર નીકળી ગયો. એમ પણ મારી સેન્સિટિવિટિ હું ક્યારનીય ગુમાવી ચુકી હતી. આવા ગુસ્સાની મારાં પર કોઈ અસર નહોતી થતી. બટ એણે એ કાગળની ચીઠ્ઠી મારાં ટૅબલ પર શા માટે મુકી હતી…? છેલ્લી દસ મિનિટ બાકી હતી. મારે બે ક્વેશ્ચન બાકી હતાં. લખતા લખતા મારું ધ્યાન બૅન્ચ પર પડેલી કાગળની ચબરખી પરથી જતુ નહોતું. આઈ કુડન્ટ રેઝિસ્ટ માય સેલ્ફ. મેં એ ચીઠ્ઠી ખોલી.
' તાર સપ્લીમેન્ટ્રી નીચે પડી ગઈ છે.', મેં ચીઠ્ઠીમાં વાંચ્યુ અને મારી નજર નીચે પડેલી સપ્લીમેન્ટ્રી તરફ ગયું. મારાં પેટમાં આગ લાગી ગઈ. મેં એક ઇનોસેન્ટ, જે મને હૅલ્પ કરવા માંગતો હતો એની સાથે ખૂબ ખરાબ બિહેવિઅર કર્યુ હતું. આઈ વોઝ ફિલિંગ ગિલ્ટી. મારી હાલત ખરાબ થવા લાગી. એ પછી હું એક શબ્દ પણ આન્સર શીટ પર ના લખી શકી. હું ક્લાસના અમુક છોકરાને જાણતી હતી પણ આ છોકરાને મેં ક્યારેય લેક્ચરમાં પણ ન્હોતો જોયો. આઈ વોઝ ફિલિંગ સૉરી. મારે એને સૉરી કહેવું હતું. દસ મિનિટ હું એ જ વિચારતી રહી કે હું આવું ક્યાં સુધી બિહેવ કરતી રહીશ…? હવે હદ થઈ ગઈ હતી. મારો બિહેવિઅર હવે બીજા લોકોને પણ પરેશાન કરવા લાગ્યો હતો. આઈ હેડ અ રિગ્રેટ.
' ટાઇમ્સ અપ…!', સુપર વાઇઝરે કહ્યું. મેં સુપરવાઇઝરને પેપર પકડાવ્યું. ફર્સ્ટ ટાઈમ મને બે ક્વેશ્ચન બાકી રહી ગયાં હતાં એનો કોઈ અફસોસ નહોતો, પણ મને મેં એ છોકરા સાથે કર્યુ એનો છોછ જરૂર હતો. આઈ વોઝ ફિલિંગ સ્ટ્રોંગ્લી સૉરી અબાઉટ હિમ. મને જ્યાં સુધી એના ચહેરા પર સૉરી ના કહું ત્યાં સુધી ચેન પડવાનો નહોતો. હું ક્લાસ બહાર નીકળી. મેં ચારે તરફ નજર કરી પણ મને ક્યાંય એ છોકરો ના દેખાયો. મેં એના ગુસ્સાથી ભરેલા ચહેરા સિવાય બીજુ કંઈજ નોટિસ નહોતું કર્યુ.

‘ હેય……!! હાઉ વોઝ યોર પેપર…!’, નિશા દોડતી દોડતી આવી. નિશાએ કંઈક પૂછ્યું હતું પણ મારું મગજ ક્યાંક ઘુમી રહ્યું હતું.
‘ હેય તને પૂછું છું, કેવું ગયું પેપર…?’, નિશાએ મને હલાવીને કહ્યું.
‘ ઠીક…!’, મેં આજુબાજુ નજર ફેરવતા કહ્યું.
‘ ઠીક…? તું ક્યાં ખોવાઈ ગઈ છે..?’, નિશાએ ચપટી વગાડતા કહ્યું.
‘ નિશા મારે તારી હૅલ્પ જોઈએ છે.’, મેં નિશાની સામે જોઈને કહ્યું.
‘ પણ શું થયું એ તો કહે..?’, નિશાએ એના નેણ ઊંચા કરતા પૂછ્યું. મારાં પેટમાં પાણી હિલોળા મારી રહ્યું હતું અને મને સહેજેય ચેન નહોતો.
‘ મારે એક છોકરાનો નંબર જોઈએ છે.’, મેં નિશાની સામે જોઈને કહ્યું. એના ચહેરા પર આશ્ચર્ય હતું.
‘ કોનો? અને કેમ..? ચલ પહેલાં ડિપાર્ટમેન્ટમાંથી બહાર નીકળીએ.’, હું અને નિશા બંને કૃપા અને સોનુની રાહ જોવા માટે પાર્કિંગ તરફ ચાલતા થયા.
‘ મને નથી ખબર એ છોકરો કોણ છે, પણ આપણા ક્લાસમાં મેં એને ક્યારેય નથી જોયો.’, મેં મારી બેચેની બતાવતા કહ્યું.
‘ છોકરાના નામ વિના હું કઈ રીતે નંબર લાવી આપું. કદાચ એ B-4 બેચનો હોવો જોઈએ, એ બેચના મોસ્ટ ઑફ બોય્ઝ કૉલેજ નથી આવતા.’
‘ આઈ ડૉન્ટ નો યાર, બટ મારે એનો નંબર આજે જ જોઈએ છે. પ્લીઝ..!’, હું હજુ આસપાસ નજર ફેરવી રહી હતી. જો એ દેખાઈ જાય તો હું એને તરત સૉરી કહી આવું અને મારી ભૂલને સુધારું. સોનુ અને કૃપા બંને આવી રહ્યા હતાં, બંનેના ચહેરા પરથી તો લાગી રહ્યું હતું કે બંનેનું પેપર સારું ગયું હતું. બટ વેર વોઝ આઈ..?
‘ મસ્ત પેપર હતું…! કેવું ગયું તમારું ?’, કૃપાએ એક્સાઇટેડ થઈને કહ્યું.
‘ ૨૦ માર્ક્સનું લખ્યું છે. ૧૨ તો આપશે જ ને.’, નિશાએ કહ્યું.
‘ અને તારું અંકિ?’, સોનુએ મને પૂછ્યું.
‘ મેડમ ક્યાંક ખોવાયેલા છે. એને કોઈ છોકરાનો નંબર જોઈએ છે. જેને એ ઓળખતી પણ નથી અને એણે એને પહેલીવાર જ જોયો છે.’, નિશાએ મારી સામે જોતાં જોતાં કહ્યું. અમે લોકો રૂમ તરફ ચાલતા થયા. કૉલેજના ગેટની બસ બહાર જ નીકળવાના હતાં ત્યાં એક બાઈક અમારી પાસેથી ખૂબ સ્પીડમાં પસાર થઈ. પાછળના બેસેલા છોકરાએ પાછું ફરીને મારી સામે જોયું.
એ જ ગુસ્સો, એ જ ગુસ્સા ભરેલી લાલ આંખો, એ જ ગુસ્સાને કારણે કપાળ પર પડેલી કરચલીઓ, ફેસ વિધાઉટ સ્માઈલ, કાનમાં નાની બુટ્ટી, લાંબા વાળ, વ્હાઇટ શર્ટ, નેવી બ્લુ જિન્સ…! ગોરો, દાઢીવાળો હૅન્ડસમ ચહેરો…! પણ એના પર મારાં માટેનો ગુસ્સો. બીજી વખતે મેં એનો ફોટો મારી આંખોથી ખેંચી લીધો. મેં નિશાને તરત એ બાઈક અને છોકરો બતાવ્યો, પલ્સર બાઈક સડસડાટ ત્યાંથી નીકળી ગઈ.
પણ એ ચહેરો મારી આંખો સામેથી હટી નહોતો રહ્યો, એ ગુસ્સાથી ભરેલો ચહેરો એક એક પળે મારાં હાર્ટને ગિલ્ટથી ભરી રહ્યો હતો, હાર્ટની અંદર તો પ્રેમ હોવો જોઈએ, મેં એમાં ગ્લાનિ ભરવાનો ધંધો શરૂ કર્યો હતો. એની લાલ આંખો જો મેં બે સેકન્ડ પણ વધારે જોઈ હોત તો હું મારી આંખોના આંસુને ના રોકી શકત. મારી ભૂલને હું સહી શકું એમ નહોતી, હું એ ગુસ્સો સહન કરી શકું એમ નહોતી.
‘ વિવાન…! B-4’, નિશા એ છોકરાનું નામ બોલી.
***

પ્રકરણ – ૨

વિવાન

આઈ વોઝ ડેસ્પરેટ ટુ મીટ હિમ. માય માઇન્ડ વોઝ ગોન. ફર્સ્ટ ટાઈમ એવું બની રહ્યું હતું કે એક્ઝામના આગળના દિવસે હું વાંચી નહોતી રહી. ફર્સ્ટ ટાઈમ એવું બન્યું હતું કે બપોરની રસોઈ બનાવવામાં મેં કન્ટ્રીબ્યુટ ના કર્યુ હોય. ફર્સ્ટ ટાઈમ આઈ વૉન્ટેડ સમવન બેડલી.
મેં નિશા, કૃપા અને સોનુને કહ્યું કે પ્લીઝ ગમે તે કરો પણ વિવાનનો નંબર લાવી આપો. મને વિશ્વાસ હતો નિશા કંઈ પણ કરીને વિવાનનો નંબર લાવી આપશે, બિકોઝ સૌથી વધારે બોય્ઝના કૉન્ટેક્ટ નિશા પાસે જ હતાં. સાંજના ચાર વાગ્યા હતાં. આજની રસોઈ કૃપા અને સોનુએ બનાવી હતી. નિશાના ચહેરા પર ટૅન્શન હતું, હવે પછીનું પેપર ટફ સબજેક્ટનું પેપર હતું એટલે. બટ મને પેપરની કોઈ ચિંતા નહોતી. મારી ત્રણેય ફ્રૅન્ડ્સ વિવાનનો નંબર શોધવામાં લાગેલી હતી અને એ પણ એક્ઝામના આગળના દિવસે. કૃપા છેલ્લી એક કલાકમાં એની ત્રીસેક ફ્રૅન્ડ્સને કૉલ કરી ચુકી હતી, બટ વિવાન સાથે કોઈનો કૉન્ટેક્ટ નહોતો. નિશા પણ છેલ્લા બે કલાકથી એના કોઈ ફ્રૅન્ડ સાથે વાત કરી રહી હતી. નિશા જાણે મારું ટૅન્શન પોતે લઈ રહી હોય એવી રીતે મારી હૅલ્પ કરી રહી હતી. નહીંતર એક નંબર માટે કોઈ પોતાની બે કલાક શા માટે બગાડે, સોનુ જે ખૂબ ઓછા બોય્ઝ સાથે કૉન્ટેક્ટ ધરાવતી હતી એ પણ પોતાનો પૂરેપૂરો એફોર્ટ લગાવી રહી હતી. બટ એ આઈ. ટી. ડિપાર્ટમેન્ટની હતી એટલે એની પાસેથી મને ખાસ આશા પણ નહોતી.
હું મારાં બેડમાં બેસીને વિચારોમાં ફસાયેલી હતી, મોબાઈલના વાઈબ્રેશને મારાં વિચારોના વંટોળને વિખેરી નાખ્યો. મોબાઈલની સ્ક્રિન પર મમ્મી ફ્લૅશ થઈ રહ્યું હતું. લોકો એમ કહેતા હોય છે કે જ્યારે તમે બહુ જ ટૅન્શનમાં હોવ તો મમ્મી સાથે વાત કરી લેવી જોઇએ. પણ મારે થોડું ઉલટું હતું. મમ્મીના કૉલે મને જ્યારથી હું ઍન્જિનિયરિંગમાં આવી ત્યારથી શાંતિ આપી જ નથી. એક્ચ્યુઅલી જો હું ઍન્જિનિયરિંગમાં હતી તો મમ્મીના કારણે જ હતી, મેં NID માટે ફોર્મ પણ ભર્યું હતું અને હું એન્ટ્રન્સમાં પાસ પણ થઈ ગઈ હતી, પણ મમ્મીનો તર્ક એવો હતો કે તો બાર સાયન્સ કર્યું જ શા માટે? મેં પણ કહ્યું હતું ‘ મેં તો તમને કહ્યું જ હતું કે મારે આર્ટ્સમાં ઍડમિશન લેવું છે, બટ તમને સારા પર્સન્ટેજ અને સાયન્સ જ દેખાણું.’ મમ્મી-પપ્પાએ ખૂબ જ ઇનસિસ્ટ કર્યું, હું ના માની પછી એ લોકોએ એક જ વાક્ય મારી સામે મૂક્યું. ‘ ઍન્જિનિયરિંગ અથવા નો ફર્ધર સ્ટડી.’, હા, એક ક્ષણ માટે મને ઘરેથી ભાગી જવાનો વિચાર આવ્યો હતો, વિચાર તો સુસાઇડનો પણ આવ્યો હતો. પણ કલાએ જ મને બચાવી લીધી. એ દિવસે સાંજના સમયે જ્યારે હું મારાં સ્ટ્રેસના પિક પર હતી ત્યારે મેં સૂર્યાસ્ત થતું જોયું. હું સતત દસ મિનિટ સુધી એ જોઈ રહી.
મારાં મનમાં એક આશા જાગી રહી હતી. મને સૂર્ય ઇન્સ્પાયર કરી રહ્યો હતો, ‘ આથમવાનું તો બધાંને એક દિવસ હોય જ છે, પણ આથમતાં પહેલાં સૂર્ય કેટલીય જિંદગીઓમાં જીવ પૂરતો જતો હોય છે, વૃક્ષો, માછલીઓ, માણસો, કિલ્લોલ કરતાં પક્ષીઓ લગભગ બધી જ જીવ સૃષ્ટિ સૂર્ય વિના ના જ જીવી શકે. પણ સૂર્ય આથમતા પહેલાં આ બધાંને પોતાનો જીવ આપતો હોય છે. તો શું હું કંઈ કર્યા પહેલાં જ આથમી જઈશ? મારે કેટલીય જિંદગીઓમાં જીવ પૂરવાનો છે.’, મેં મારી જાતને કહ્યું અને મેં સ્યુસાઇડના વિચારો એ ક્ષણે પડતા મૂક્યા. ઘરમાં નાની બહેન સૃષ્ટિના વૉટર કલર પડ્યાં હતાં. એ લઈને હું ફરી ટેરેસ પર આવી અને મેં એ સૂર્યાસ્તને કેનવાસ પર ઊતાર્યું. લાલ ચટાક આકાશ, બે ચાર ઉડતા પક્ષીઓ અને વૃક્ષની પાછળ ધરતીની ક્ષિતિજે ડૂબતો સૂર્ય.

મેં ઍન્જિનિયરિંગમાં મારી મરજી વિરુદ્ધ ઍડમિશન લીધું અને મારી મમ્મી પ્રત્યેનું મારું વલણ બદલાઈ ગયું. એ પછી મને મારી મમ્મી સાથે વાત કરવાની ક્યારેય ઇચ્છા ના થઈ. બટ એ મને દર બે દિવસે ફોન કરતી.
' હેલો', મેં કૉલ રિસીવ કરીને કહ્યું.
' કેવા જાય છે પેપર...?', એનો એ જ બિન્દાસ અને સેલ્ફીશ અવાજ, જેમાં મારાં માટે કોઈ કૅર નહોતી.
' બસ સારા.',
' મામા આવ્યાં હતાં તારું પૂછતાં હતાં, ત્રિશાની પણ એક્ઝામ ચાલી રહી છે. એ એમ કહેતી હતી કે વેકેશનમાં તું અહીં આવ એટલે એ તારા પાસેથી પ્રોગ્રામિંગ શીખવા માંગે છે.', ખબર નહીં મારી બાર પાસ મમ્મીને કપ્યુટર ઍન્જિનિયરિંગનો આટલો ચસકો કેમ હતો.
' મમ્મી હું વેકેશનમાં ઘરે નથી આવવાની, હું ડાયરેક્ટ દિવાળી પર આવીશ ચાર- પાંચ દિવસ માટે'
' હા, ખબર છે તને હવે ઘરે નથી ગમતુ, એમ કર ત્યાંજ કોઈ મમ્મી પપ્પા શોધી લે.'
' મમ્મી ફરી શરૂ ના કરો',
' હું શરૂ ના કરું?, શરૂ તો તે કર્યુ. જો અંકિતા તને ત્યાં ભણવા માટે મોકલી છે, અમારું નાક કપાય એવા કામ ના કરતી.'
' હવે આમાં નાક કપાવવાની વાત ક્યાં આવી? હું ઍન્જિનિયરિંગ છોડીને આવી જાવ..?, તમારી રોજની કચકચ હવે મારાંથી સહન નથી થતી.', મેં ગુસ્સે થઈને કહ્યું.
' તમને મોટા કર્યા એના આ ફળ છે. માની તો બોલતી જ બંધ કરી નાખી છે. મારું આ ઘરમાં સાંભળે છે કોણ? કીધું ' તું.
રાજકોટમાં ઘણી કૉલેજો છે, એમા જ ઍડમિશન લેવડાવો, પણ મારું માને કોણ..?', મમ્મીનું રડવાનું નાટક ફરી શરૂ થયું.
' મમ્મી....! હવે એ સમય પાછો આવવાનો છે...? અને શું કામ હતું તમારે..?'
' કંઈ નહીં, ભાવિકમામા આવ્યાં હતાં, તારા વિશે પૂછતાં' તા. લે, એમને ફોન આપુ છું, પણ સાંભળ છોકરાના ચક્કરમાં ના પડતી. અત્યારે કોઈ છોકરા સારા નથી હોતાં.',
' હા,', મેં હા ના પાડી ત્યાં સુધી મમ્મીએ મામાને ફોન ના આપ્યો.
' હા, બેટા કેમ છે?', મામા એના સોફિસ્ટિકેટેડ અવાજમાં બોલ્યા. ભાવિક મામા HDFC બેંકની એક બ્રાંચમાં કેશિયર છે. એમનું ઘર અમારાં ઘરથી વીસેક કિલોમીટર થતું હશે, એટલે એક અઠવાડિયામાં કાં તો એ અમારાં ઘરે હોય કાં તો મમ્મી એના પિયર. પછી શરૂ થાય. પંચાત.......! એન્ડ આઈ હેટ ઇટ.
' બસ, મામા ફાઇન. તમને કેમ છે?',
' બસ મોજ...! પેપર તો સારા જાય છે ને?',
' હા, મામા. બધી પ્રિપેરેશન થઈ ગઈ છે.'
' ગુડ, બેસ્ટ ઑફ લક. અને હાં બહુ લોડ ના લેતી. જેટલું થાય એટલું કરજે. અને એન્જોય કૉલેજ લાઈફ.', મામાએ જ્યારે આવું કહ્યું ત્યારે મમ્મી બાજુમાં ' તમે એને બગાડો મા...!' બોલી એ મને ક્રિસ્ટલ ક્લિઅર સંભળાણું હતું.
' થેંક્સ મામા, બાય.'
' મામા ભલે કે' તા. ભણવામાં ધ્યાન આપજે.', મમ્મીએ મામા પાસેથી ફોન જુટવ્યો હોય એવું લાગ્યું.
' હા...! ઓકે. બીજું કંઈ..?', મેં ઇરિટેટ થતા કહ્યું.

‘ બસ... બીજું કંઈ નહીં, જય શ્રીક્રિષ્ન.’
‘ બાય...!’, મેં કૉલ કટ કર્યો.
‘ નિશા......?’, મેં બૂમ પાડી. નિશા ગૅલેરીમાં ફોન પર વાત કરી રહી હતી. એણે ત્યાંથી ડોકું બતાવ્યું. અને પાંચ મિનિટનો ઇશારો કર્યો.
‘ કૃપા...? સોનુ....?’, બંને બીજી રૂમમાં હતાં, મેં એમને બોલાવવા બૂમ પાડી. બંને હાથમાં ફોન લઈને બહાર આવ્યાં.
‘ બોલ...!’ કૃપાએ કહ્યું
‘ મળ્યો નંબર...?’,
‘ ના મેં મારાં બધાં ફ્રેન્ડ્સને પૂછ્યું પણ એમના કમ્પ્યુટર વાળા જોડે બહુ ઓછા કોન્ટેક્ટ્સ છે. ’, કૃપા મોબાઈલને હથેળીમાં ટૅપ કરતા બોલી.
‘ સોનુ તે પૂછ્યું છે કોઈ..?’, મેં પૂછ્યું ત્યારે જ સોનુના મોબાઈલમાં ટાઇટેનિકની મધૂર ધૂન વાગી.
‘ એક મિનિટ...! મારી ફ્રેન્ડનો ફોન છે.’, બિકોઝ ઑફ કવરેજ પ્રોબ્લેમ્સ એ ફોન પિકઅપ કરવા માટે રૂમની બહાર નીકળી. હું તો મનમાં એ જ ઇચ્છી રહી હતી કે એ ફોન દ્વારા વિવાનના નંબર મળી જાય.
‘ કૃપા જો આજે હું એને સૉરી નહીં કહું તો આજે હું વાંચી નહીં શકું. રાતે મને ઊંઘ આવશે કે નહીં એના વિશે પણ મને ડાઉટ છે.’, મેં કૃપાને મુંજાયેલા ચહેરે કહ્યું.
‘ મળી જશે ટૅન્શન શું લે છે? નિશા છે ને ? એ ક્યાંયથી પણ તને એનો નંબર લાવી આપશે.’, કૃપાએ સાથળ પર હાથ મુકતા કહ્યું
‘ હોપ સો....!’,
‘ ગોટ્ચા.....!’, સોનુ ચિલ્લાતી ચિલ્લાતી અંદર આવી. હું મારાં બેડમાં ઊભી થઈ ગઈ.
‘ મળી ગયો...?’, મેં કાળી ઊતાવળે પૂછ્યું.
‘ યપ....! મારી ફ્રૅન્ડની ફ્રૅન્ડનો સ્કૂલ ફ્રેન્ડ છે. એ વૉટ્સએપ કરે છે હમણા.’
‘ નિશા....! નંબર મળી ગયો.’, મેં નિશાને બોલાવવા બૂમ મારી.
ત્રીસેક સેકન્ડ્સમાં એ દોડતી દોડતી આવી. ‘ ક્યાંથી મળ્યો...?’, નિશાએ રૂમમાં પગ મુકતાં જ પૂછ્યું.
‘ મારી ફ્રૅન્ડે શોધી આપ્યો.’, સોનુએ જશ લેતા કહ્યું.
‘ સૉરી યાર, મેં બહુ ટ્રાય કરી બટ ના મેળ પડ્યો.’, નિશાએ એના ચહેરા પર સૉરીના એક્સપ્રેશન્સ લાવતાં કહ્યું.
‘ ઇટ્સ ઓકે યાર....! બધું બરાબર તો છે ને ? તું પેપર પછીની ટૅન્સ લાગે છે.’, મેં એનો હાથ દબાવ્યો.
‘ હા, એવરીથિંગ ઇઝ ફાઇન. પેપરમાં હું વીસનું લખીને આવી છું અને એમાં પણ એક પ્રશ્નનો આન્સર બીજો જ લખાઇ ગયો.’, નિશાએ ઉદાસ થઈને કહ્યું.
‘ પાસ કરી દેશે. ટૅન્શન લેમાં’, કૃપાએ નિશાનું ગળું પકડતાં કહ્યું.
‘ હેય્ય્ય... હેય્ય્ય. નંબર આવી ગયો.’, સોનુએ વૉટ્સએપ પર મૅસેજ રીડ કરતા કહ્યું.
‘ લખ ચાલ...!’, સોનુ નંબર બોલવા લાગી. હું મોબાઈલના ડાયલર પર નંબર દબાવવા લાગી. બસ હવે ટચ સ્ક્રિન પર ગ્રીન કલરના કૉલ બટનને પ્રેસ કરવાનું હતું.
***
ઇટ વોઝ ફાઇવ. મારી પાસે નંબર આવ્યાંને એક કલાક થઈ ચુક્યો હતો. બધાંએ મને કહ્યું કે કૉલ કરી લે. બટ આઈ વોઝ ઇન મિડલ ઑફ સમથિંગ. સૉરી સિવાય હું એને શું કહું? સૉરી

કહેવું એ મારો સ્વાર્થ હતો. એક કલાકથી હું આ જ વિચારી રહી હતી. નિશાએ મને ઘણું કહ્યું કે જસ્ટ સૉરી કહીને વાત પતાવી દે, ખોટું ટેન્શન શાને લઈ રહી છો. હું કોઈનું માનવાવાળી નહોતી. એ લોકો હવે રિડીંગમાં પડ્યાં હતાં. હું કૉલના બટન પર આંગળી રાખીને વિચારો કરતી હતી.

પાંચને પાંચ મિનિટે મારું મગજ વિચારોના પૂરને સહન ના કરી શક્યું, હવે મારું માથુ દુખવાં લાગ્યું હતું છતાં મને હજુ શું કહેવુ એ તો ખબર જ નહોતી પડી. છેવટે મેં કૉલ કરવાનું નક્કી કર્યુ, જે મનમાં આવશે એ બોલી દઈશ. મેં મારાં મનને આન્સર આપ્યો. હું કિચનમાં ગઈ. ફ્રીજમાંથી ઠંડા પાણીની બોટલ કાઢીને બે ગ્લાસ પાણી પીધુ. ગૅલેરીમાં જતા જતા મેં બીજી રૂમમાં ડોકિયું માર્યું. સોનુ અને કૃપા સિરિયસલી વાંચી રહ્યા હતાં, નિશાનું ધ્યાન બુકમાં હતું પણ બીજા હાથમાં મોબાઈલ પણ હતો, મોબાઈલ જ એનો બોય ફ્રૅન્ડ..! માય સિલી ફ્રૅન્ડ. હું ગૅલેરીમાં ગઈ. મેં કૉલ લગાવ્યો. મારાં પેટમાં પતંગિયા ઊડી રહ્યા હતાં, હાર્ટ સ્પીડલી પમ્પિંગ કરી રહ્યું હતું. મને ખૂબ જ ચોક્કસપણે યાદ છે, ત્રણ ટ્રીન ટ્રીન પછી ચોથી ટ્રીન ટ્રીન અડધી પૂરી થઈ ત્યારે સામેથી એક કડક મેચ્યોર વોઇસ આવ્યો.

‘ હલો...!’, હું બે ક્ષણ માટે કંઈ બોલી ના શકી.

‘ હલો...? હેવ યુ ગોટ ટંગ ઓર નોટ..?’, એણે ફરી એક બે વાર હેલો કર્યુ.

‘ હલો..! સૉરી, બટ’, હલો બોલતા તો મારો અવાજ રૂંધાઇ ગયો.

‘ કોણ...?’,

‘ હું અંકિતા.’, મેં મારું નામ કહ્યું જાણે એ મને ઓળખતો હોય.

‘ કઈ અંકિતા....?’, હી વૉઝ આસ્કિંગ લાઈક કે ઘણી બધી અંકિતાને ઓળખતો હોય, એના અવાજ પરથી તો લાગી રહ્યું હતું કે એનામાં એટીટ્યૂડ કૂટીકૂટીને ભર્યો હશે. બટ મારે એને સૉરી કહેવાનું હતું, એના માટે જ મેં કૉલ કર્યો હતો.

‘ સૉરી વિવાન....! મારાંથી સવારે મિસ્ટેક થઈ ગઈ હતી. હું તારી ક્લાસમૅટ.’, મેં અચકાતા અચકાતા અને સૉરી ફીલ કરતા કહ્યું

‘ ઓહ્હ...! યુ નો વોટ. આઈ નો આઈ એમ બેડ, આઈ હેવ એટીટ્યુડ, બટ મેં આવું તો એક્સપેક્ટ નહોતું જ કર્યુ કે કોઈની હૅલ્પ કરીએ અને જેની હૅલ્પ કરતા હોઈએ એ જ તમને ફસાવી દે.’, હું એની ગુસ્સા ભરેલી આંખો ઇમેજીન કરી શકતી હતી.

‘ સૉરી યાર મને એમ હતું કે તું મને કોઈ પ્રશ્ન પૂછી રહ્યો હશે?’, મારાં અવાજમાં લાચારી હતી.

‘ તને નહીં ખબર હોય, આઈ ઑલરેડી હેવ 5 KT, ફોર્થ સેમની અને મીડની પણ 1 K.T છે. તો એક વધારે આવે એમાં મને કંઈ ફરક નથી પડવાનો. સો ડૉન્ટ બી સૉરી. એન્ડ કેરી ઓન...! બીજુ કંઈ કહેવાનું બાકી છે?’, હી વોઝ ક્વાઇટ એગ્રેસિવ. હું શું બોલું એની મને કંઈ જ ખબર નહોતી પડી રહી. આઈ વોઝ થોટલેસ. આઈ વોઝ મિઝરેબલ.

‘ હેલ્લો..? એનીથિંગ એલ્સ ટુ સે..?’, એણે ફરી પૂછ્યું

‘ ના બસ, સૉરી.’

‘ ઓકે...!’, એણે ફોન કટ કરી નાખ્યો, હું ઑલમોસ્ટ રડી પડી હતી. પહેલી વાર મારી સાથે કોઈએ આવું વર્તન કર્યુ હતું. ટોટલી રૂડ, બટ આઈ ડીઝર્વ્ડ ઇટ. મને ખબર નહોતી પડી રહી કે હું શું કરું. મેં પહેલીવાર કોઈકને હર્ટ કર્યુ હતું. એ પણ કોઈ કારણ વિના. હું મારી અકળામણને સહન કરી શકું એમ નહોતી. હું ગૅલેરીમાંથી રૂમમાં આવી. પહેલાં લાગેલી આગમાં ઘી રેડાયું હતું. મેં આવતી કાલના પેપરની બુક પકડી. બટ આઈ કુડન્ટ કૉન્સન્ટ્રેટ. હું આજે દુનિયાની સૌથી એકલી વ્યક્તિ હોવ એવો અનુભવ કરી રહી હતી. હું રડવા માંગતી હતી, જોર જોરથી રડવા માંગતી હતી, પણ મને લોકો પાગલ સમજશે એની મને પરવા હતી.

હું વિચારી રહી હતી કે ફરી એકવાર હું વિવાને કૉલ કરું. આ પ્રોબ્લેમનું સોલ્યુશન લાવ્યા વિના મને શાંતિ થવાની નહોતી.
મેં એને ફરી એકવાર કૉલ કર્યો. એણે તરત જ કૉલ રીસિવ કર્યો.
' યસ...?'
' વિવાન મારે તને મળવું છે.', મારાં વિચારોમાં જે પહેલું વાક્ય આવ્યું એ બોલી દીધું.
' અને શા માટે ?'
' એ હું તને મળીશ ત્યારે જ કહીશ.', મને મારી હાઈસ્કૂલમાં મારી એક ફ્રેન્ડે કહ્યું હતું, જો છોકરાને પોતાના તરફ એટ્રેક્ટ કરવા હોય તો એની સાથે મિસ્ટિરિયસલી વાત કરો. હું એને એટ્રેક્ટ કરવા નહોતી માંગતી. હું જસ્ટ એની માફી ચાહતી હતી.
' ક્યાં ? એન્ડ ડૉન્ટ કમ વિથ યોર ફ્રૅન્ડ્સ.', મારી ટ્રીક કામ કરી ગઈ.
' કૉલેજ ?', મેં થોડું રિલેક્સ ફીલ કર્યુ.
' ઓકે, મારે આવતા દસ મિનિટ થશે, અને હા હું વધારે સમય નહીં આપી શકું.', હીઝ એટીટ્યુડ વોઝ લાઈક સ્ટ્રોંગ ટી. તમને થોડી કડવી લાગે, બટ નશો પણ ચડે.
***
હું કોઈને કહ્યા વિના જ રૂમ પરથી નીકળી ગઈ હતી. હું એ લોકોને ડિસ્ટર્બ કરવા નહોતી માંગતી. આ વખતે હું નર્વસ નહોતી, એનો મતલબ એ પણ નહોતો કે આઈ વોઝન્ટ ફ્રાઇટન્ડ. નર્વસ તો તમે ત્યારે હોવ કે તમને ખબર ના હોય કે તમારે શું કરવાનું છે, મને તો ખબર હતી કે મારે શું કરવાનું હતું. મારે વિવાનના ગુસ્સા ભરેલા ચહેરા પર સ્માઈલ લાવવાની હતી. હું એલ. ડી. ના બસ સ્ટોપ પર પહોંચી. મેં વિવાનને વૉટ્સએપ કર્યુ કે હું બસ સ્ટોપ પાસે છું.
આવું પહેલીવાર બની રહ્યું હતું કે હું કોઈ છોકરાને પહેલી વાર એકલી મળવાની હતી, અથવા હું કોઈ છોકરાને ડેસ્પરેટલી મળવા ઇચ્છતી હતી. એ પણ પહેલી વાર બની રહ્યું હતું કે કોઈ છોકરાના ચહેરા પર સ્માઈલ લાવવા માટે હું મહેનત કરી રહી હોવ. વીસ મિનિટ થઈ પરંતુ એ હજુ આવ્યો નહોતો. હું ફરી એને કૉલ કરવા નહોતી માંગતી, કારણ કે હું એને એવો કોઈ જ એહસાસ કરાવવા નહોતી માંગતી કે હું એનામાં ઇન્ટરેસ્ટેડ છું.
મેં મોબાઈલમાં ટાઈમ જોયો, પોણા છ વાગ્યા હતાં, ત્યાં જ એક રેસિંગ બાઈક મારી સામે આવી ને ઊભી રહી. એ વીસ મિનિટ લેટ હતો. એનાં કપડાં બદલાઈ ગયાં હતાં, બ્લુ ટી શર્ટ એના પર બ્લૅક જેકેટ અને બ્લુ જીન્સ. હું બસ સ્ટોપથી બહાર નીકળીને એની પાસે જઈને ઊભી રહી.
' આપણે ક્યાંક બેસીએ ?', જાણે હું એને વર્ષોથી ઓળખતી હોઉં એવી રીતે મેં કહ્યું.
' બાઈક પર બેસી જા.', મેં કોઈ જ આર્ગ્યુમેન્ટ ના કરી. આઈ જસ્ટ જમ્પ્ડ ઇન્ટુ ઇટ. સ્પીડો મીટર દસ જ સેકન્ડમાં 60Kmph ની સ્પીડ બતાવતું હતું. મેં બાઈકનું હૅન્ડલ પકડી રાખ્યું હતું. મારાંથી એને ટચ ના થઈ જવાય એના માટે હું પૂરેપૂરું કોન્સન્ટ્રેશન આપી રહી હતી. બટ હી વોઝ સ્મેલિંગ લાઈક અ સ્ટ્રોંગ. હું કંઈપણ બોલતે તો એને સંભળાત નહીં. કારણ કે બાઈકની સ્પીડ 80kmph હતી. થોડી જ મિનિટોમાં અમે હિમાલયાના CCD માં હતાં.
એ મારી સામેના કાઉચમાં બેઠો હતો. જાણે એની આંખો મને સાંભળવા ઇચ્છતી હોય એ રીતે સતત તાકી રહી હતી. એના ચહેરા પર કોઈ જ સ્માઈલ નહોતી, ઇટ વોઝ ધ હાર્ડેસ્ટ પાર્ટ. હું એને શું કહું અને એના ચહેરા પર સ્માઈલ આવી જાય.? મારી લાઈફ તો નીરસ હતી, હવે એક નીરસ વ્યકિત શું કોઈના ચહેરા પર સ્માઈલ લાવી શકે? મારી પાસે જ સ્માઈલ નહોતી તો હું એના ચહેરા પર કઈ રીતે સ્માઈલ લાવી શકત.
' કઈ બાઈક છે?', મેં એના ઇન્ટરેસ્ટની વાત શરૂ કરી.

'Yamaha R15.', એણે એનો પગ બીજા પગ પર ચડાવતા કહ્યું તે સોફા પર એ રીતે ટેકો રાખીને બેઠો હતો જાણે એ મહારાજા હોય.
' ઓહ,, નાઇસ બાઈક. પણ તું થોડી વધારે જ ફાસ્ટ ચલાવે છે.',
' ધેટ ઇઝ નન ઑફ.....',
' માય બિઝનેસ...!', મેં અધુરૂ વાક્ય પુરૂ કર્યું.
' જો વિવાન આજે જે થયું એ મારી મોટી મિસ્ટેક હતી, ખરેખર હું આવી નથી. ઑલરેડી હું બહુ બધી પ્રોબ્લેમ્સથી ઘેરાયેલી છું, આજે પણ હું ફ્રસ્ટ્રેટ હતી, અને એ ફ્રસ્ટ્રેશનનો કારણ વિના તું ભોગ બન્યો. મારો ઇન્ટેન્શન તને પ્રોબ્લેમ આપવાનો હતો જ નહીં. આઈ એમ સૉરી યાર...! અને જો તું મને આજે માફ નહીં કરે તો મને નથી લાગતું કે હું આવતી કાલનું પેપર આપી શકીશ.', મારાં ચહેરા પર ખૂબ જ બેચેની હતી. હું આટલું બોલી પણ એ કંઈજ ના બોલ્યો. નો એક્સપ્રેશન એટ ઑલ.
' જો તું મને ફરગિવ નહીં કરે તો મારાં માટે આ પણ એક પ્રોબ્લેમ જ છે. ખબર નહીં આ રિગ્રેટ કેટલા દિવસ કે મહિના મારી સાથે રહેશે. આઈ એમ સો સૉરી યાર...! ઇટ વોઝ માય બીગ મિસ્ટેક...!', એ એનો ચહેરો પાછળની સાઇડ ફેરવી ગયો, હું એની ડોકની પાછળની સાઇડની વાળની ચોટી જોઈ રહી હતી.
' એક્સક્યૂઝ મી...!', એણે વેઇટરને પાછળ ફરીને જ બૂમ મારી. એનો અવાજ બદલાયેલો હતો. એણે એનો હાથ મોં આડો રાખ્યો હતો. મને એવું લાગી રહ્યું હતું કે એ જાણે હસતો હતો. બટ ઇટ વોઝ નોટ પૉસિબલ.
એણે એનો હાથ હટાવ્યો. હા એ હસતો હતો, એની આંખો મારી આંખોને જાણે વાંચી રહી હોય એવું લાગતું હતું. એણે મને એક મોટી સ્માઈલ આપી. હું પોતાને રોકી ના શકી, જાણે બધી પ્રોબ્લ્મેસ ક્યાંય ગાયબ થઈ ગઈ હોય, એમ મારાં ચહેરા પર સ્માઈલ આવી ગઈ.
' તને ખબર છે? તારા ચહેરા પર સ્માઈલ વિના તું કેટલી કદરૂપી લાગે છે?', મેં અત્યાર સુધીમાં લોકોને એવું કહેતા સાંભળ્યા હતાં કે ' તારા ચહેરા પર સ્માઈલ ખૂબ સુંદર લાગે છે, કે તું જ્યારે સ્માઈલ કરે ત્યારે બ્યુટીફૂલ લાગે છે', હી વોઝ નોટ નૅગેટિવ બટ હી વૉઝ ડિફરન્ટ.
' સવારે મને તારા પર ઘણો ગુસ્સો હતો, બટ હમણા જ્યારે તારો કૉલ આવ્યો અને તે સૉરી કહ્યું ત્યારે જ મેં તને માફ કરી દીધું હતું, લોકોને એમ છે કે હું થોડોક એટીટ્યુડ બતાવું છું, પણ ખરેખર એવું નથી. અને આ એટીટ્યુડ તને કૉલ પર સમજાયો નહીં હોય એટલે જ તે મને મળવા બોલાવ્યો હશે.'
' તો તે મને માફ કરી દીધું ?',
' મને મારી વાત તો પૂરી કરવા દે.', એનો હસતો ચહેરો જોઈને મારું મન જાણે સાતમાં આસમાને હોય એવું ફીલ કરી રહ્યું હતું.
' અને હા આ માફી શબ્દ મને થોડો હાર્ડ લાગે છે, મને શુદ્ધ ગુજરાતી થોડું ઓછું આવડે છે. હું જસ્ટ તારું ફ્રસ્ટ્રેશન એન્જોય કરી રહ્યો હતો, સો આઈ એમ સૉરી. એન્ડ ચીલ, મને ખબર નથી કે તને મારો નંબર ક્યાંથી મળ્યો, બટ તારી ફ્રૅન્ડ્સને ઘણી મહેનત કરવી પડી હશે. કારણ કે મેં મારો નંબર ચાર દિવસ પહેલાં જ બદલ્યો છે.', એ હસવા લાગ્યો, અને હું પણ....
' કેન વી બિકમ ફ્રૅન્ડ્સ...?', આ મૂર્ખામી ભર્યો સવાલ હતો. શું મિત્રો કંઈ પૂછીને બનાતું હશે ? એ આ સાંભળીને હસવા લાગ્યો.
' વોટ આર યુ? સિક્સ યર ઓલ્ડ ચાઇલ્ડ ? કેન આઈ બિકમ યોર ફ્રૅન્ડ ?', એણે મારી પેરોડી કરતા કહ્યું. હું મારી હંસીને રોકી ના શકી. એના મોબાઈલમાં શકિરાના વકા વકા સોંગની રીંગ વાગવા લાગી. એણે સોનીના ફોનની સ્ક્રીન પર જોયું એન્ડ એણે કૉલ કટ કરી નાખ્યો.

‘ રીસિવ કરી લે ને.’ એણે મને ઇગ્નોર કરી. વેઇટર ઑર્ડર લેવા આવ્યો.
‘ એસ્પ્રેસ્સો..! તું શું લઈશ.’, હું સી. સી. ડીમાં પહેલી વાર આવી હતી, અહીં શું સારું મળતું હશે એનો મને ખ્યાલ નહોતો અને હું પોપટ બનવા નહોતી માંગતી.
‘ સેમ..!’, મેં વેઇટર સામે જોતા કહ્યું. વેઇટર મારી સામે ઘુરીને જોતો રહ્યો, જાણે એને ખબર હોય કે હું પહેલી વાર CCD માં કૉફી પી રહી છું.
‘ તો…?’, હું એને સાંભળવા માટે બોલી, હું એને જસ્ટ સાંભળવા માંગતી હતી.
‘ તો શું ? જો આપણે બંને ફ્રેન્ડ બનવા માંગતા હોઈએ તો આપણે એકબીજાને ટાઈમ આપવો પડશે…! એકબીજા સાથે ટાઈમ શેર કરવો પડશે.’
‘ તો આવી રીતે ફ્રેન્ડ બની શકાય એમ ને…?’, મેં કટાક્ષ કરતા કહ્યું. મેં મારી એક આંખ એવી રીતે બંધ કરી દીધી હતી જાણે મારાં મોં માં ખાટી આમલી હોય.
‘ યા, એક્ઝેટ્લી…!’, એ હસવા લાગ્યો. એ જ્યારે જ્યારે હસતો ત્યારે મારાં ચહેરા પર એક મોટી સ્માઈલ આવી જતી.
‘ તુ કૉલેજ કેમ નથી આવતો..?’, હું એની સાથે વધારે વાત કરવા માંગતી હતી કારણ કે હું એન્જોય કરી રહી હતી.
‘ તુ નહીં સમજી શકે…!’
‘ હમણા તો તું મોટા મોટા શેરિંગના ડાયલોગ મારતો હતો, અરે હાં ધેટ ઇઝ નન ઑફ માય બિઝનેસ.’, હું હવે બહુ ઑપન અને હ્યુમરસ થઈ રહી હતી, મને જરાંય ખબર નહોતી કે આ મારી તબીયત માટે સારું હતું કે ખરાબ કારણ કે આવું પહેલી વાર થઈ રહ્યું હતું અને હું પળે પળ ને એન્જોય કરી રહી હતી.
‘ ઓકે, ધેન લીસન. મારો પેશન બાઈક રેસિંગ છે, મારે બાઈક રેસર બનવું છે. એટલે હું મોસ્ટ ઑફ ટાઈમ અમારાં બાઈકર્સ ક્લબને આપુ છું. ઍન્જિનિયરિંગમાં આવ્યાં પછી મને જો કોઇ બેસ્ટ વસ્તુની ખબર પડી હોય તો એ કે મારે શું કરવું છે?’
‘ ધેટ્સ રીઅલી ગ્રેટ. હવે મને તારી બાઈક પાછળ બેસતા ડર નહીં લાગે. મિસ્ટર રેસર..!’, હું હસવા લાગી.
‘ એક્ચ્યુલી મારે ભી ઍન્જિનિયરિંગ નથી કરવું, મને ફેશન ડિઝાઈનિંગમાં ઇન્ટરેસ્ટ છે, પણ મારાં પેરેન્ટ્સ…! યુ નો.’, હું વધારે ના બોલી. હું પહેલી વાર કોઈ સાથે આટલું શેર કરી રહી હતી.
‘ આઈ ડૉન્ટ નો બટ ઇટ વિલ બી ઓકે..!’ વેઇટરે કૉફી મગની પ્લેટ ટૅબલ પર મુકી, કૉફી સાથે બે પાઉચ હતાં. મને ખબર નહોતી એટલે મેં શરૂઆત ના કરી. વિવાને પાઉચ તોડ્યુ, મેં પાઉચ પર વાંચ્યુ ત્યારે ખ્યાલ આવ્યો કે એ સ્યુગર હતી. આઈ વોઝ ફિલિંગ ડમ્બ.
‘ રીડિંગ પતી ગયું…?’, મેં કૉફીની ચૂસકી મારતા પૂછ્યું.
‘ શેનું રીડિંગ..? રીડિંગ એટલે શુ ?’, અમે બંને ખડખડાટ હસ્યા.
‘ તને ખબર છે, આપણા ક્લાસમાં તારું નામ શું છે?’, એ સતત સ્માઈલ કરી રહ્યો હતો.
‘ હા, મિસ બુકીશ…!’
‘ ના…! બહેનજી. બટ યુ આર નોટ. એ મને આજે ખબર પડી.’, મિસ બહેનજી છોકરાએ મને ધારી શું રાખી હતી. આઈ વોઝ અસ્ટોનીશ્ડ.
‘ મને વિશ્વાસ છે કે આ નામ તે જ રાખ્યું હશે.’, મેં મોં બગાડતા કહ્યું.
‘ ના. આપણા ક્લાસના ધ્રુપિતે. એ છોકરીઓને ઓબ્ઝર્વ કરવામાં ખૂબ સારો છે.’
‘ બેડ B-4 ગૅંગ..! નહીં ?’,
‘Best B-4, અમારી ગૅંગનું નામ છે. ભલે અમે લૅક્ચર્સ અટેન્ડ ના કરતા હોઈએ બટ, અમે જે

કરીએ છીએ તે બેસ્ટ જ કરીએ છીએ.'
' ઓહ્હ... બસ બસ બસ.', મેં સ્ટોપનો સિગ્નલ બતાવતા કહ્યું. અમારી કૉફી પૂરી થઈ. ખાસ્સો ટાઈમ થઈ ગયો હતો, હું રૂમ પર જવાનું વિચારી રહી હતી. વિવાન બીલ પે કરવા માટે ગયો, મેં એને કહ્યું કે હું ચુકવી દઉં બટ એણે મને ઇગ્નોર કરી. આ ઇગ્નોરન્સ મારાં પોકેટ માટે સારું હતી. હું બહાર ઊભી હતી.
' તો બાઈકની રાઇડ કરવી છે?', એણે બહાર આવીને કહ્યું, આઈ કુડન્ટ રેઝિસ્ટ ?
' સ્યોર....!', મારો મોબાઈલ વાઇબ્રેટ થયો. નિશાનો કૉલ હતો. મેં રીસિવ કર્યો. વિવાને મને એક મિનિટમાં આવું એવો ઇશારો કર્યો.
' ક્યાં છો તું?', નિશાએ ચિંતામાં કહ્યું
' બહાર આવી છું,'
' ક્યાં ? પણ'
' અરે આવીને કહું, મારે થોડી વાર લાગશે, કંઈ લાવવાનું છે?'
' ના, પણ કહીને તો જતી હો. તારી ચિંતા થતી હતી.'
' સૉરી યાર, હું તમને ડિસ્ટર્બ કરવા નહોતી માંગતી. ચલ હું થોડી વારમાં આવું છું.'
' બાય.' આઈ હેન્ગ અપ.
' ફ્રેન્ડ્સ..?', એના હાથમાં સીગરેટ હતી.
' હા, નિશા હતી. હું કહ્યાં વિના આવી છું, એટલે ટૅન્શનમાં હતી. પણ આ તારા હાથમાં શું છે?'
' સિગારેટ છે. અને તું હવે કંઈ નાની થોડી છો, કે તારે તારી ફ્રેન્ડ્સને પૂછીને આવવું પડે.'
' એ તારી હેલ્થ માટે સારી નથી. થ્રો ઇટ પ્લીઝ.', એણે મારી સામે ફરી ઘુરીને જોયું. એણે સિગારેટને નીચે ફેંકી અને એના શુઝથી સ્માઈલ કરતા કરતા ક્રશ કરી નાખી.
' થેંક્સ, મારી ત્રણેય ફ્રેન્ડ મારી સિસ્ટર જેવી છે. એટલે અમે એકબીજા સાથે બધું જ શેર કરીએ છીએ. યુ કાન્ટ અન્ડરસ્ટેન્ડ ગર્લ્સ થિંગ્સ.'
' આઈ ડૉન્ટ બિલિવ. મને નથી લાગતું કે ગર્લ્સ બધી જ વાતો એકબીજા સાથે શેર કરતી હોય.'
એણે બાઈક સ્ટાર્ટ કરી. હું પહેલી વારની જેમ જ પાછળ બેસી ગઈ. પહેલાંની જેમ જ કૅરફૂલ અબાઉટ નોટ ટુ ટચિંગ હિમ. પણ આ વખતે એની બાઈક ૪૦- ૫૦ આસપાસ હતી. અમે એસ. જી હાઇવે સાઇડ જઈ રહ્યા હતાં. જેવો એણે ટ્રાફિક જોયો, એટલે એણે બાઈકને એક્સલરેટ કરી. થોડી જ સેકન્ડોમાં બાઈક વોઝ ઓન 70 Kmph એન્ડ ઇટ વોઝ ઇન મેસી ટ્રાફિક.
હું ચીસો પાડી રહી હતી, મને એવું લાગી રહ્યું હતું કે જાણે હું રોલર કોસ્ટરમાં હોઉં. હું રોમાંચ અને ડર બંને એકસાથે ફીલ કરી રહી હતી. થોડા ટ્રાફિકમાં સડસડાટ બાઈક પસાર થઈ રહી હતી. આ પણ પહેલી વાર હતું, આ સ્પીડમાં મેં કોઈ બાઈકની સવારી નહોતી કરી રહી. મેં મારાં હાથને ફેલાવ્યા. મેં ફિલ્મી સ્ટાઇલમાં આંખોને બંધ કરી. કાન પાસેથી પસાર થતી હવાના સડસડાટ અવાજને, લોકોના બોલવાના કર્કશ અવાજને, રોડ પરની ગાડીઓના હોર્નના સંગીતને, મેં આજે અલગ જ રીતે સાંભળ્યુ. એ ફ્યુઝને મારાં રૂંવાટા ઊભા કરી દીધાં હતાં. કોલ્ડ વાઇન્ડ, એક્ઝોટિક આર્ટીફીશીયલ મ્યુઝિક વિથ હાર્મોની એન્ડ સ્ટ્રેંજ પર્સન... જેને હું પહેલી વાર મળી હતી. ધીઝ વોઝ ફિલિંગ લાઈક પરફેક્ટ. બટ ટીલ નાઉ આઈ વોઝ પ્રીટી ડેમ સ્યોર હું લવમાં નહોતી.
પાંચેક મિનિટમાં અમે એસ. જી હાઇવે પર હતાં. એણે બાઈકને થોડી ધીમી પાડી.

‘ જો તારે પડી ના જવું હોય તો, હોલ્ડ મી ટાઇટ.’
‘ શું ?’
‘ હોલ્ડ મી ટાઇટ…! યુ વિલ બી ટ્રાવેલિંગ ઇન હેલિકૉપ્ટર.’ જે વસ્તુથી હું દૂર ભાગી રહી હતી, એ સામે આવીને ઊભી રહી ગઈ હતી. મને ખબર ના પડી હું એને પકડું કે નહીં. મને મમ્મીનો સવારનો કૉલ યાદ આવ્યો, એના શબ્દો યાદ આવ્યાં. ‘ અમારું નાક કપાય એવા કામો ના કરતી.’ પણ હું કોઈ ખરાબ કામ નહોતી કરી રહી. હા હું કેટલીક રિસ્ટ્રિક્શન્સની બહાર નીકળી રહી હતી. હું કેટલાક રૂલ્સ બ્રૅક કરી રહી હતી. આ કમ્પ્લીટલી મારાં નેચરની વિરૂદ્ધ હતું. હું બેસી હતી એમ જ બેસી રહી. બાઈકની સ્પીડ ધીરે ધીરે વધી રહી હતી. ૫૦, ૬૦, ૭૦, ૮૦, ૯૦ હવે મારું શરીર ફોર્સથી પાછળ ધકેલાઈ રહ્યું હોય એવું લાગી રહ્યું હતું.
‘ વિવાન ધીમે ચલાવ….!’, મેં પાછળથી કહ્યું પણ એણે કંઈ સાંભળ્યું જ નહીં.
૯૫…… ૯૬.
હું સીટની આગળની તરફ ખસી, મેં મારાં હાથ વિવાનના શરીર સાથે વીટોળી લીધા. આ વખતે મેં એની બોડીની સ્મેલ ખૂબ જ નજીકથી લીધી. ઇટ વોઝ સ્મૅલિંગ એડિક્ટિવ. મારાં હાથ એના એબ્સને સ્પર્શી રહ્યા હતાં. એની ખબર નહીં, બટ આઈ વોઝ કમ્પ્લિટલી ફિલિંગ એક્ઝોટિક. હું ખૂબ જ થ્રીલ અનુભવી રહી હતી. હવે હું સ્પીડોમીટરને સાફ જોઈ શકતી હતી. ૧૦૫…. ૧૧૦ S. G Highway ના ટ્રાફિકલેસ રોડ પર બાઈક ઍરોપ્લૅનની જેમ ઊડી રહી હતી. મેં વિવાનને વધારે ટાઇટ પકડી રાખ્યો. આઈ વોઝ ઓન હિમ. છેલ્લી સ્પીડ ૧૧૦ હતી. એક્ઝેક્ટ ટાઈમ તો ખબર નહીં પણ કદાચ ત્રણેક મિનિટ સુધી આટલી સ્પીડે બાઈક ચાલી હશે. ધીરે ધીરે એની બાઈક ધીમી પડતી ગઈ, અને મારાં હાથની ગ્રીપ પણ ઢીલી પડતી ગઈ. એણે દેવ આર્ક મોલ પાસે આવીને બ્રૅક મારી. ફરી એક વાર હું એની મસ્ક્યુલર બોડી સાથે ટકરાણી. હું મારી હાર્ટબીટ ક્લિઅરલી સાંભળી શકતી હતી. ત્રણ મિનિટની રાઇડ જાણે ઘેરા પડઘાઓ છોડતી ગઈ હતી. એ રાઇડમાં સ્પીડ હતી, બટ સ્પીડની સાથે ડરાવી નાખે એવી શાંતિ હતી. જો વિવાને બાઈક પર સહેજ પણ કાબુ ગુમાવ્યો હોત તો ? આવા વિચારોના તરંગો મારાં મનમાં ઊભા થયા. બટ વી વેર સેફ.
‘ વેલ કમ ટુ વર્લ્ડ ઑફ વિવાન…!’, એણે બાઈક ઊભી રાખીને હસતા હસતા કહ્યું.
‘ ઇટ્સ વેરી ડેન્જરસ….!’, મેં ડોકું ધુણાવતાં કહ્યું.
‘ વિધાઉટ રિસ્ક યુ કાન્ટ એન્જોય લાઈફ…!’, એનો ડાયલોગ મારાં હાર્ટમાં ઉતરી ગયો. હું બાઈક પરથી ઉતરી.
‘ કેવુ રહ્યું…?’, એ મારી સામે જોઈને હસી રહ્યો હતો.
‘ મજા આવી પણ મને હજુ ડર લાગી રહ્યો છે.’, મને જસ્ટ બાઈક પર બેસી એનો ડર નહોતો લાગી રહ્યો બટ મને મારાં મમ્મીનો ડર લાગી રહ્યો હતો જે અહીંથી ૨૫૦ કિ. મી દૂર હતી. મને મારાં પપ્પાનો ડર હતો કે જે મારી પાસેથી ઘણી એક્સ્પેક્ટેશન્સ રાખીને બેઠા હતાં. મને મારો ડર હતો કે હું ક્યાંક મારાં કાબુની બહાર ના ચાલી જાવ. એ સમયે મારી પાસે બે ચોઇસ હતી, આજે એક્ઝામ પહેલાંની ઓર્ડીનરી, બોરિંગ, ટેસ્ટલેસ, નીરસ લાઈફ અને અત્યારે જે હું મહેસૂસ કરી રહી હતી એ ફૂલ ઑફ હેપ્પીનેસ, જોયફૂલ, થ્રીલિંગ બટ રિસ્કી લાઈફ…! ફરી મને વિવાનનો બે સેકન્ડ પહેલાંનો ડાયલોગ યાદ આવ્યો.
‘ વિધાઉટ રિસ્ક યુ કાન્ટ એન્જોય લાઈફ.’ મેં ચોઇસ કરી લીધી હતી. ‘ આઈ વિલ લીવ’, મેં મારી જાતને કહ્યું.
‘ ક્યાં ખોવાઈ ગઈ…?’, વિવાને મારી સામે ચપટી વગાડતા કહ્યું. હું હસવા લાગી.
‘ કંઈ નહીં… તારી સ્પીડમાંથી હજુ હું બહાર નથી આવી.’

‘ ઓકે… નાઉ લીસન. તને ખબર છે સામે શું છે?’, એણે દેવ આર્ક મોલ તરફ ઇશારો કર્યો.
‘ શું..?’, મને થોડો ઘણો ખ્યાલ આવી ગયો હતો, છતાં મેં પૂછ્યું.
‘ સિનેમેક્સ…!’,
‘ આઠ વાગી ગયા છે, મોડું થઈ ગયું છે, યાર. પછી ક્યારેક.’, મારી પણ થોડીક ઇચ્છા તો હતી.
‘ આઈ ઇન્સીસ્ટ…!’
‘ ક્યુ મૂવી ચાલે છે?’, હું ખૂબ ઓછા મૂવી જોતી હતી, છેલ્લે મેં થીયેટરમાં છ મહિના પહેલાં મૂવી જોયું હતું, એ પણ સોનુની બર્થ- ડે પાર્ટી વખતે.
‘ હોલીવુડના એક બે સારા મૂવીઝ આવ્યાં છે. જો તને ફાવે તો..!’, હોલીવુડના મેં બહુ ઓછા મૂવી જોયા હતાં. બટ હું હેરી પોર્ટર મૂવીઝની બહુ મોટી ફેન હતી. એના અત્યાર સુધીમાં આવેલા છએ છ પાર્ટ મેં જોયા હતાં. આ મૂવીએ મને ઘણું ઇન્સ્પિરેશન આપ્યું હતું.
‘ પણ આઠ વાગ્યા છે, શો શરૂ નહીં થઈ ગયો હોય?’,
‘ ડ્ુ યુ વોન્ટ ટુ સી ઓર નોટ..?’
‘ લેટ્સ ગો…!’
અમે બોક્સઑફિસ પર ગયા. હોલીવુડની પુસ ઇન બુટ્સ અને બોલીવુડની મેરે બ્રધર કી દુલ્હન ચાલી રહી હતી. વિવાન સિલેક્ટેડ હોલીવુડ ઓવર બોલીવુડ. અત્યાર સુધીના એના ટેસ્ટને જોઈને મને એના ટેસ્ટ પર વિશ્વાસ હતો. અમે સ્ક્રિન 1 માં એન્ટર થયા. મૂવી થોડી જ વારમાં શરૂ થવાનું હતું. ત્યાંજ મારી મમ્મીનો કૉલ આવ્યો.
‘ એક્સક્યુઝ મી…!’, કહીને હું થીયેટર હોલની બહાર આવી.
‘ હેલો..!’
‘ હા કેમ છે બેટા…?’, સામે મારાં પપ્પાનો અવાજ હતો.
‘ બસ મજામાં, તમને કેમ છે હવે ? દવા લઈ આવ્યાં?’
‘ નૉર્મલ શરદી ઉધરસમાં તો કંઈ ટીકડા ખવાતા હશે? મને એકદમ સારું છે. હમણાં જ હળદરવાળું દૂધ પીધું.’
‘ તુ શું કરે છે?’
‘ બસ પપ્પા થોડા કામથી બહાર આવી છું.’, મારી લાઈફમાં મારાં પપ્પાને કહેલું આ જૂઠ નં. ૧ હતું.
‘ કેમ તબિયત બરાબર નથી? કેમ ધીમુ ધીમુ બોલે છે.’
‘ બરાબર જ છે, તમારાં મોબાઈલમાં અવાજ નહીં આવતો હોય.’
‘ ઓકે, શું કરે છે? તારી બહેનપણીઓ…?’, શું જવાબ આપવો એ મેં થોડીક સેકન્ડો વિચાર્યુ.
‘ અમે મોલમાં ખરીદી કરવા આવ્યાં છીએ, એ લોકો વોશરૂમ ગયા છે.’, જૂઠ નં ૨.
‘ ઓકે, બેટા થોડીક સિરિયસ વાત કરવી’ તી, થાય એમ છે?’, મને ૧૦૦% વિશ્વાસ હતો મમ્મીનો જ કંઈક લફડો હશે.
‘ મમ્મીએ મારાં વિશે કંઈક કહ્યું લાગે છે?’ મેં અંદાજ લગાવતા કહ્યું.
‘ જો બેટા, તારી મમ્મીને તારી ચિંતા છે. એટલે એ તને સલાહ આપતી હોય છે. એ સલાહ આપે એટલે તારે આવી રીતે તોછડાઇથી વાતો કરવાની?’
‘ પપ્પા એને પૂછજોને એને મારી ચિંતા છે કે એના નાકની? મારી ચિંતા હોત તો હું અત્યારે NID માં હોત.’
‘ હવે તું એકને એક વાતને ક્યાં સુધી ચ્યુંગમની જેમ ચાવ્યે રાખીશ.? NID એ તારો ભૂતકાળ છે. અને તારી મમ્મી જે કેતી હશે એ સાચુ જ કેતી હશે. થોડી કાળજી રાખજે. અહીં

રાજકોટમાં છોકરા છોકરીના ઘણા બનાવો બને છે, અને તું તો અમદાવાદમાં છો.'
' પપ્પા હું પૂરેપૂરી ફાઇન છું. મમ્મીએ મારી ચિંતા કરવાની કોઈ જરૂર નથી. હું હવે નાની ગગી નથી મને બધી ખબર પડે છે.'
' તુ નાની ગગી નથી એટલે જ અમને ચિંતા થાય છે. અને વેકેશનમાં તું વધારે કેમ નથી રોકાવાની?'
' પપ્પા હવે આવતા સેમથી કેમ્પસ શરૂ થશે, એટલે એની તૈયારી પણ શરૂ કરવી પડશે. તો અમે ફ્રેન્ડ લોકોએ નક્કી કર્યુ છે કે અહીં રહીને સાથે જ તૈયારી કરીએ.', જૂઠ નં ૩.
' ગુડ. બાકી બધું તો બરાબર છે ને?'
' હા પપ્પા, બધું જ.'
' ચાલ હવે તારી મમ્મીને સૉરી કહી દે.', આઈ વન્ડર્ડ.
' અને શા માટે?',
' જો બેટા હું જ્યારથી કામ પરથી આવ્યો છું ત્યારથી એ મોં ચડાવીને બેસેલી છે. તું સૉરી નહીં કહે ત્યાં સુધી એ મારી સાથે બરાબર વાત પણ નહીં કરે.'
' પણ પપ્પા મેં કોઈ ભૂલ જ નથી કરી તો હું સૉરી શા માટે કહું ?'
' અંકિતા...! હવે તે તારા પપ્પાનું પણ માનવાનું બંધ કરી દીધું છે?', મારાં પપ્પાનો સ્વભાવ તરત જ બહાર આવ્યો. એ મારાં પર ગુસ્સે થયા. અત્યારે હું વાતાવરણ વધારે તંગ બનાવવા નહોતી માંગતી.
' ઓકે, ફોન આપો.'
' હલો...?' ત્રીસેક સેકન્ડમાં મમ્મીનો અવાજ આવ્યો.
' સૉરી મમ્મી...! મેં ગુસ્સામાં ન બોલવાનું બોલી દીધું.', જૂઠ નં ૪
' હા છોરું કછોરું થાય, માવતર કમાવતર થોડા થાય...!', આ મારી મમ્મી બોલી હતી, જો આ સિચ્યુએશનમાં બીજું કોઈ બોલ્યું હોત તો ખબર નહીં મારાં ગુસ્સાએ એની શું હાલત કરી હોત?
' સાચી વાત મમ્મી, તમારાં જેવી દયાળુ મમ્મી આ દુનિયામાં મળે જ ક્યાં છે.', જૂઠ નં ૫. હું ગુસ્સામાં કહી રહી હતી.
' ધ્યાન રાખજે, અને સવારે કીધુ એ યાદ રાખજે.'
' એ હો, પપ્પાને આપ.', ઇરીટેટ થતા મેં કહ્યું.
' હા બેટા...!',
' બીજુ કંઈ કામ..?'
' ના બસ, ધ્યાન રાખજે.'
' ઓકે, પપ્પા બાઇ ગુડનાઈટ..!' મેં કૉલ રાખ્યો અને રાહતનો શ્વાસ લીધો. હવે હું મૂવીમાં કોઈને ડિસ્ટર્બ કરવા માંગતી નહોતી. મેં મારો મોબાઈલ સાયલન્ટ કરી દીધો. હું સ્ક્રિન ૧ તરફ જવા ફરી, વિવાન મારી પાછળ જ હતો.
' કોઈ પ્રોબ્લેમ...?', એણે પૂછ્યું.
' ના બસ ઘરની પ્રોબ્લેમ્સ. આવી નાની નાની બીજી ઘણી પ્રોબ્લેમ્સ છે.'
' કેન આઈ હૅલ્પ યુ..?'
' હા, એન્જોય મૂવી વિથ મી..!', હું આવી પ્રોબ્લેમ્સથી ટેવાઇ ગઈ હતી. એટલે મને કોઈ વધારે ફરક નહોતો પડતો. પણ વિવાન મારાં વિશે શું વિચારશે એની મને ચિંતા થઈ રહી હતી. આવી રીતે કોઇ ગર્લ પેરેન્ટ્સ સાથે વાત નહીં કરતી હોય. બટ બધાં પેરેન્ટ્સ પણ એની છોકરી સાથે મારી સાથે જેવુ કર્યુ છે એવું નહીં કરતા હોય એ પણ એક હકિકત હતી.

' સ્યોર...!', એણે એનો હાથ લંબાવ્યો, વિવાન ખૂબ ફોર્વર્ડ માઇન્ડેડ છોકરો હતો. એ એના વર્તન પરથી જ ખબર પડી જતી હતી. બટ મારાં માટે કોઈનો હાથ પકડીને ચાલવુ કે ખભા પર હાથ રાખીને ચાલવુ એ બહુ મોટી વાત હતી. પણ મેં એને મારો હાથ આપ્યો. અમે બંને ફરી અમારી સીટ પર પહોંચ્યા. એ દિવસે બિલાડાના મૂવીએ અમને દોઢ કલાક સુધી હસાવ્યા. ઇટ વોઝ ઓસમ મૂવી ટાઈમ આઈ હેડ એવર. દસ વાગી ચુક્યા હતાં, બટ વિવાને કહ્યું કે કંઈક નાસ્તો કરીએ એટલે અમે મેક. ડીમાં જઈને નાસ્તો કર્યો. એ એના ફૅમિલી વિશે કહી રહ્યો હતો. આવી બધી ડીટેઇલ્સ એણે મને કહી. બટ હજુ કંઈક ખુટતુ લાગતું હતું. મારાં મનના ખૂબ ઉંડાણમાં એક નાનું શંકાનું બીજ હતું, જેને હું મોટુ થવા દેવા નહોતી માંગતી. કારણ કે આજ સુધીમાં હું આટલી ખુશ ક્યારેય નહોતી.
એ મને મારી સોસાયટી સુધી ડ્રોપ કરવા આવ્યો. મેક. ડીથી ગંગોત્રી સુધી અમારાં બંનેમાથી કોઈ કંઈ જ નહોતું બોલ્યુ. એની બાઈક પણ ૫૦ થી વધારે સ્પીડથી નહોતી ચાલી રહી. મને ખબર નહોતી વિવાન મારાં માટે શું હતો. બટ હું અત્યારે એનાથી છૂટી પડવા નહોતી માંગતી. છેલ્લા પાંચ કલાકમાં હુ એડીક્ટેડ થઇ ગઈ હતી. આઈ વોઝ એડીક્ટેડ ઑફ વિવાન.
' નાઇસ ટુ મીટ યુ...!', એણે મને હગ કરતા કહ્યું.
' નાઇસ ટુ હેવ યુ...! ઇટ વોઝ વન્ડર ફૂલ ડે.', મેં ખૂબ જ મીનિંગફૂલ સ્માઈલ આપતા કહ્યું.
' સેમ હીઅર....!',
' શેલ વી....?'
' શેલ વી વોટ...?', કદાચ એ કંઈક બીજુ એક્સપેક્ટ કરતો હતો.
' શેલ વી ગો...?',
' યા સ્યોર...! બાય ગુડનાઈટ...!'
' બા બાય...! ગુડનાઈટ..!', એ બાઈક સ્ટાર્ટ કરીને એ જ ઝડપે એ ચાલ્યો ગયો.
જે રીતે અમે છૂટ્ટા પડ્યાં હતાં એનાં પરથી લાગી રહ્યું હતું કે આગળ ઘણું બધું થવાનું હતું. જો વિવાન સાથેની પહેલી મુલાકાતમાં જ મેં આટલા રૂલ્સ બ્રૅક કર્યા હતાં તો આગળ તો હજુ ઘણી મુલાકાતો થવાની હતી. નો ડાઉટ આઈ હેડ અન અફેક્શન ટુવર્ડઝ હિમ. અને હું એ બાબતે પણ સ્યોર હતી કે એ પણ મારાં તરફ ઍટ્રેક્ટેડ હતો. ધીઝ ડે વોઝ બીઝાર ફોર મી.
અગિયાર વાગી ચૂક્યા હતાં. હું રૂમ પર પહોંચી. નિશા સૂઈ ગઈ હતી. નિશા અને મારો બેડ પાસ પાસે જ હતો. સોનુ અને કૃપા બંને બુક્સના પેજીસ ફેરવી રહ્યા હતાં. હું એની રૂમમાં ગઈ.
' કેમ નિશા વહેલા સૂઈ ગઈ છે?',
' એની તબિયત બરાબર નથી, માથુ દુ:ખતું હતું અને તાવ જેવું પણ લાગતું હતું. અને તારો ફોન ક્યાં છે? અમે કૉલ કરી કરીને થાક્યા. એ તો વિવાનને મેં મૅસેજ કર્યો અને એણે કહ્યું કે તમે મૂવી જોવા ગયા છો.', સોનુ બોલી. મેં મારો ફોન અનલોક કર્યો. નિશાના પચ્ચીસ મિસકૉલ હતાં અને કૃપા ના સાત.
' સૉરી યાર, મારો ફોન સાયલન્ટ હતો. તમારે તો બધું વંચાઈ ગયું હશે ને.'
' હા અમારે તો બધું જ વંચાઈ ગયું છે. બટ મને નિશાનું ટૅન્શન છે. એને કંઈ જ નથી વંચાણુ. તારે તો કંઈ ટૅન્શન નહીં હોય, બરાબર ને?'
' હું છું ને નિશાને સવારે બધું તૈયાર કરાવી દઈશ. પાસ તો થઈ જ જશે.', મેં કોન્ફિડેન્ટલી કહ્યું.
' તું ઘણી બદલાઇ ગઈ હોય એવું લાગે છે. તારો ચહેરો તો જો. કેટલો ખુશ લાગે છે. શું થયું એ તો કે.', કૃપાએ મને પૂછ્યું.
' બવ લાંબી સ્ટોરી છે, યાર.', મેં શરમાતા કહ્યું.

‘ પાંચ કલાકની સ્ટોરી એક કલાકમાં તો પતી જ જાય. ના કહેવી હોય તો ના પાડી દે.’, એણે કહ્યું એટલે મેં કૃપાને આંખો બતાવી.
પછી મેં એ લોકોને આજે જે પણ થયું એ બધું જ કહ્યું.
બંનેએ સાંભળીને તરત જ મને કહ્યું. ‘ યુ આર ઇન લવ…!’
‘ હા એ મને ગમે છે.’, મેં સોનુ અને કૃપા સામે સ્વીકારી લીધું.
એમ લાગી રહ્યું હતું કે આજે હું શાંતિની ઊંઘ લઈશ. સોનુ અને કૃપાએ એમનો બેડ વ્યવસ્થિત કર્યો. મારાં રૂમમાં તો અંધારું જ હતું. હું નિશાને જગાવવા નહોતી માંગતી, એટલે મેં લાઈટ શરૂ ના કરી. હું મારો નાઈટ ડ્રેસ પહેરીને આરામનો શ્વાસ લેતા બેડમાં પડી. મેં નિશાના માથા પર હાથ ફેરવ્યો. એનું માથુ હજુ ગરમ હતું, એને તાવ ભરેલો હતો. એ એનો મોબાઈલ હાથમાં લઈને સૂઈ ગઇ હતી. મેં વિચાર્યુ કદાચ મને કૉલ કરી કરીને થાકી ગઈ હશે. પચ્ચીસ મિસકૉલ…!
નિશાના મોબાઈલમાં મૅસેજની નોટિફિકેશન આવી. મેં એનો મોબાઈલ એના હાથમાંથી લઈને બાજુના ટૅબલ પર મુક્યો. હું આડી પડી. ફરી નોટિફિકેશન રીંગ વાગી. મેં સાઇલૅન્ટ કરવા માટે મોબાઈલ લીધો. મેં એનો પૅટર્ન લોક ખોલ્યો, જેની પેટર્ન U આલ્ફાબેટ હતી. ફરી વૉટ્સએપના મૅસેજની નોટિફિકેશન આવી. વિવુ કરીને કોઈ નામના વ્યકિતનો મૅસેજ હતો. મેં વૉટ્સએપ ઑપન કર્યુ. મેં વિવુનો કૉન્ટેક્ટ નંબર જોયો.
મારું હૃદય ધડકનો ચૂકી ગયું, મને ચક્કર આવવાં લાગ્યાં, હું વોમિટ થાય એવું ફીલ કરવા લાગી. હું તરત જ બાથરૂમમાં ગઈ મને વોમિટ થઈ. મોં ધોઈને ફરી નિશાનો મોબાઈલ હાથમાં લીધો. મેં વિવુ અને વિવાનનો નંબર ફરી ક્રોસ ચેક કર્યો. એ સેમ હતો.
મેં વિવુનો લેટેસ્ટ મૅસેજ વાંચ્યો.
‘ આઈ બ્રૅક અપ વિથ યુ….!’ ,
મેં એની પહેલાંનો મૅસેજ વાંચ્યો.
‘ આઈ કાન્ટ હૅન્ડલ યોર ડાઉટ્સ એની મોર.’
‘ યુ આર અ સાયકો…!’
એના પહેલાં ‘ સૉરી વિવુ, સૉરી’ એવા દસેક મૅસેજ હતાં. જે નિશાએ મોકલેલા હતાં. એની આગળની કોઈ ચૅટ હિસ્ટરી નહોતી. મેં લાઈટ શરૂ કરી. મેં નિશાનો ચહેરો જોયો. એની આંખે રડવાના કારણે કુંડાળા પડી ગયા હતાં. એના આંસુઓ ગાલ પર આવીને સૂકાઈ ગયા હતાં. મેં એને જગાડવાનું વિચાર્યુ. પણ એને હું વધારે તકલીફ આપવા નહોતી માંગતી. મેં લાઈટ બંધ કરી. હું બેડમાં પડી.
મારી સામે સવારથી અત્યાર સુધીનું ફ્લૅશબેક આવી રહ્યું હતું.
જ્યારે મેં વિવાનને કૉલેજના ગેટ પાસે નિશાને બતાવ્યો હતો,
બપોરે એ સતત બે કલાકથી કોઈ સાથે ફોન પર વાતો કરી હતી હતી.
જ્યારે વિવાનનો નંબર સોનુએ મને આપ્યો ત્યારે નિશાએ કહેલું સૉરી.
પેપર પછી ઉદાસ ઉદાસ લાગી રહેલો એનો ચહેરો પેપર ખરાબ ગયું એના કારણે નહોતો, એ મને ખ્યાલ આવ્યો.
CCD માં વિવાનના મોબાઈલમાં આવેલો કૉલ પણ કદાચ નિશાનો જ હશે, જે વિવાને કટ કરી નાખ્યો હતો.
‘ આઈ ડૉન્ટ બિલિવ. મને નથી લાગતું કે ગર્લ્સ બધી જ વાતો એકબીજા સાથે શેર કરતી હોય.’ વિવાને મને CCD ની બહાર કહ્યું હતું એ.
મારાં મોબાઈલમાં આવેલા નિશાના ૨૫ મિસકૉલ અને નિશાના ગાલ પર સુકાયેલા આંસુ.

મેં ફરી એ વિવાનનો લાસ્ટ વૉટ્સએપ મૅસેજ વાંચ્યો અને નિશા સામે જોયું.
‘ આઈ બ્રૅક અપ વિથ યુ’.
***

પ્રકરણ – 3

વાતો

મારી આંખો ખુલી. સામે સ્માઈલ કરતી નિશા હતી. એના ચહેરા પરના આંસુઓ લુંછાઇ ગયા હતાં. મેં ઘડિયાળ સામે નજર કરી. પોણા સાત વાગ્યા હતાં. હુ એને સૉરી કહું કે થેંક્સ કે પછી બીજું કંઈ એનો મને કંઈ જ ખયાલ નહોતો આવી રહ્યો. એ પણ પાછી ચૂપચાપ જીણી સ્માઈલ ચહેરા પર ચોપડીને મારી સામે જોઈ રહી હતી. બટ એ સ્માઈલ પાછળ એક ઉદાસી હતી એ પણ હું જાણતી હતી.

‘ કૉન્ગ્રેટ્સ’, એ બોલી. મને શું જવાબ આપવો એનો મને ખ્યાલ સુદ્ધા નહોતો, સોનુ અને કૃપાએ નિશાને બધું કહ્યું જ હશે. પણ સોનુ અને કૃપાને નિશા સાથે બન્યું એની ક્યાં ખબર હતી. નિશા એવી રીતે બિહેવ કરી રહી હતી કે જાણે કંઈ થયું જ ના હોય. સમટાઇમ્સ વી પ્રિટેન્ડ, બિકોઝ વી કાન્ટ એક્સેપ્ટ ટ્રુથ ઓર વી ડૉન્ટ વોન્ટ ટુ.

‘ બટ, શેનાં માટે ?’, હું બેડમાં બેઠી થઈ.

‘ તને નથી ખબર ?’, એની વાત પણ સાચી હતી, હું પણ શા માટે એવું પ્રિટેન્ડ કરી રહી હતી કે કંઈ થયું જ નથી. કેમ અમે બંને એકબીજાની અંદર છૂપાયેલી વાતોને શેર કરવા ડરતા હતાં. એવું લાગી રહ્યું હતું કે જાણે લાગણીઓ ઉપર કોઈ, વિના શસ્ત્ર હુમલો કરશે.

‘ ઓકે..! આપણે બંને એકબીજાને જે થયું એ કહીએ?’

‘ ઓકે. બટ પહેલાં તું કહે.’, એણે કહ્યું.

‘ ના પહેલાં તુ, કારણ કે તે મારાંથી ઘણા સમયથી ઘણું છૂપાવ્યું છે.’, અમે બંને ગૅલેરીમાં ગયા. ઇટ વોઝ અ પરફેક્ટ પ્લેસ ટુ ટોક. સવારનો ઠંડો પવન અને ફ્લેટ પાછળ છૂપાયેલ સૂર્ય એના વહેલી સવારના લાલ કિરણો વિખેરીને એની હાજરી પૂરાવતો હતો.

‘ વિવાનના કૉન્ટેક્ટમાં હું એક મહિનાથી જ છું અથવા હતી. લાસ્ટ મન્થમાં જ્યારે તને તાવ આવ્યો હતો અને તું એબ્સન્ટ હતી ત્યારે જ મારો એની સાથે કૉન્ટેક્ટ થયો. અમે બંને એકબીજાને ચાર પાંચ વાર મળ્યા હતાં. ધીરે ધીરે એ મને પસંદ કરવા લાગ્યો, મને પણ એ ગમવા લાગ્યો. એક વીક પહેલાં એણે મને પ્રપોઝ કર્યુ હતું. હું તમને કહેવાની જ હતી. બટ હું એમ વિચારતી હતી કે હું જ્યાં સુધી સ્યોર ના થઈ જાવ કે આ રિલેશન લોંગ ટર્મ ચાલશે, ત્યાં સુધી હું તમને ના કહું. આ એક વિકમાં વિવાન સાથે મારે બે વાર ઝગડો થયો. એની લાઈફ સ્ટાઇલ કદાચ મને ફાવે એમ નથી. એ એની ફ્રૅન્ડ્સ સાથે જે રીતે રહે છે, જે રીતે એ એમની સાથે વાતો અને મજાક કરે છે. એ થોડું મને નહોતું ફાવતું. એટલે હું એને કહેતી કે હું તારી ગર્લફ્રૅન્ડ છુ બટ મને નથી લાગતું કે તું મને તારી ગર્લફ્રેન્ડ માને છે. એ જ્યારે એની ફ્રૅન્ડ્સના ખભે હાથ મુકતો ત્યારે હું જેલસ ફીલ કરતી. હું એને કહી તો નહોતી શકતી બટ અંદરને અંદર બળ્યા કરતી. બે દિવસ પહેલાં ફરી જ્યારે હું એને મળવા ગઈ ત્યારે એ લેઇટ આવ્યો હતો, ત્યારે પણ એની ફ્રૅન્ડ ફેન્સી એની સાથે હતી. મારે વિવાન સાથે ફરી બોલવાનું થયું. કાલે પણ ફરી ઝગડો થયો. હું વિવાનને કહેતી હતી કે સૉરી કહેવા અંકિતા તારો નંબર માંગે છે, એણે મને ધમકી આપી કે જો હું તને નંબર આપીશ તો રિલેશન પૂરો થઈ જશે. મેં એને તને માફ

કરી દેવા માટે સમજાવ્યો. બટ એ માનવા તૈયાર જ નહોતો. એ એના એટીડ્યુડને પકડીને બેઠો હતો. ફરી વાત વાતમાં ફેન્સીની વાત આવી, ફેન્સીએ મ્યૂઝિક ક્લાસ જોઈન કર્યા છે, તો વિવાન મને કહી રહ્યો હતો કે તું પણ જોઈન કર. મને ફેન્સીનું નામ સાંભળતા જ ગુસ્સો આવે છે, તો હું એની સાથે મ્યૂઝિક ક્લાસ કઈ રીતે જોઈન કરું. ફરી અમારાં એકબીજા વચ્ચે થોડો કકળાટ, વિવાનને એમ હતું કે હું એના પર શંકા કરું છું. મને એના પર વિશ્વાસ નથી. બટ એવું હતું જ નહીં. બટ ઇટ્સ ઑલરાઇટ. રિલેશન આવી રીતે આગળ વધે એના કરતા ન રહે એજ સારું છે મારાં માટે. થોડાક દિવસ થશે એને ભૂલતાં. બેચેની પણ રહેશે, બટ બધું ઓકે થઈ જશે.', એ એની જાતને દિલાસો આપી રહી હતી. એની આંખો ભીની થઈ ગઈ હતી. એની વાતો સાંભળીને મને પણ થોડોક ડર લાગતો હતો. મારી હાર્ટબીટ પણ એબનૉર્મલ જ હતી.

' એવરીથિંગ વિલ બી ઑલરાઇટ. ઓકે?', મેં એના ખભા પર હાથ મુકીને કહ્યું.

' બોલ હવે શું થયું કાલે.', મેં એને ગઈ કાલની બધી વાતો કહી.

' મારાં માટે ગઈ કાલનો દિવસ મારી લાઈફના હેપ્પીએસ્ટ ડે માનો એક હતો.', છેલ્લે મેં કન્ક્લુડ કરતા કહ્યું.

' અંકુ..! મને તારી હેપ્પીનેસ સાથે કોઈ પ્રોબ્લેમ નથી. તું આને ખોટી રીતે લેતી પણ નહીં. બટ મારાં મતે વિવાન તારા લાયક નથી. તું એને હૅન્ડલ નહીં કરી શકે. બટ ઇફ યુ આર હેપ્પી ધેન ઇટ્સ ઓકે. એટ ધ એન્ડ ઇટ્સ યોર ડીસીઝન.', એણે મને સમજાવતા કહ્યું.

' અરે ગાંડી, હજી મારાં અને વિવાન વચ્ચે કંઈ છે જ નહીં. વી આર જસ્ટ ફ્રૅન્ડ્સ. હા એ થોડોક મને ગમે છે. બટ એનાથી કંઇ નથી થઈ જવાનુ. મારી જેવી પઢાકુ, સાદી સીમ્પલ છોકરીને કોણ પસંદ કરશે? અને વિવાન..? નોપ..!',

' આ લાઈકમાંથી લવ ક્યારે થઈ જશે એ તને ખબર પણ નહીં પડે, મને તારા નેચરની ખબર છે. મને તારી પ્રોબ્લેમ્સની પણ ખબર છે. હું તારી આંખમાં આંસુ નહીં જોઈ શકું.'

' અરે એવું કંઈ નહીં થાય, બી પૉઝિટિવ. જો એ મને પ્રપોઝ કરશે તો અમારો રિલેશન અમુક શરતોને પાયે જ બનશે.'

' બકા, પ્રેમનો પાયો શરતોનો ના હોય, એ એકબીજાની સમજણનો હોય.', એની આ વાત પરથી મને લાગ્યું કે નિશા બહુ ખરાબ રીતે ઘવાઇ હતી.

' મને ચિંતા એ શછે કે કદાચ વિવાન સાથે હું આગળ વધુ તો આપડી બંનેની ફ્રૅન્ડશીપમાં તો કોઈ ફરક નહીં પડે ને...?', મેં એની આંખોમાં જોઈને કહ્યું.

' પાગલ, મારે અને વિવાનને કંઇ નથી. એન્ડ આઈ લવ યુ..! એવું કંઈ નહીં થાય..!', એ પાગલે મને ગળે લગાવી લીધી.

મેં એના ખભા પર હાથ મુક્યો. ' અને ચલ હવે તું પાસ થઈ જાય એટલું સમજાઇ દવ.'

' શું કરવું છે, પાસ થઈને પણ...!', એ એવી રીતે બોલી જાણે એને કંઈ કરવામાં રસ જ ના હોય. હું એને પરાણે ખેંચીને લઈ ગઈ. અને કમ્પ્યુટિંગ સબજેક્ટના ઇમ્પોર્ટન્ટ ટોપીકસ સમજાવ્યા.

***

આજનો દિવસ ક્યા રીએકશન આપવા એ વિચારોનો જ હતો. સાથે આજના વિવાનના રીએક્શન્સ પણ મારે જોવા હતાં. પહેલી વાર નિશાએ જે પણ મને કહ્યું એમાં શંકા પડી હતી. એના વિવાન પ્રત્યેના નૅગેટિવ પોઇંટ્સ ખરેખર સાચા હશે ? એ વિચારે મારું મન ચડ્યુ હતું. બીજી તરફ હું એ નૅગેટિવ પોઇંટ્સને ઇગ્નોર પણ કરવા માંગતી હતી. મારું જીદ્દી પણુ કોઈના આગળ નરમ પડે એમ નહોતું. એટલે જ્યાં સુધી હું પોતે જ કોઈ એક્સ્પીરીયન્સ ના કરી લવ ત્યાં સુધી વિવાનને જજ કરવા નહોતી માંગતી.

આ પછી રૂમમાં કાલની કોઈ જ વાત નહોતી થઈ. હું એક્ઝામ હોલમાં એક્ઝામના દસ મિનિટ પહેલાં જ આવી ગઈ હતી. મારી નજર ક્લાસરૂમના દરવાજા ઉપર હતી. વિવાનની વાટે. સપ્લીમેન્ટ્રી અપાઇ ગઈ, ક્વેશ્ચન પેપર અપાઇ ગયું, બટ વિવાન ના આવ્યો. પહેલી વાર પેપર લખવાની બહારનું હું વિચારી રહી હતી.

‘ મે આઈ કમ ઇન સર ?’, એ ક્લાસરૂમમાં દાખલ થયો. એણે મારી સામે સ્માઈલ ફેંકી. મેં પણ વિચાર્યા વિના સ્માઈલ કરી. મેં ફરી લખવાનું શરૂ કર્યુ. એ મારી પાછળની બેન્ચ પર આવીને બેસી ગયો. મેં પેપર લખવાનું શરૂ રાખ્યું. મને વિશ્વાસ હતો એ કંઈ વાંચીને નહીં આવ્યો હોય. થોડી વાર થઈ એટલે એણે મને પેન પીંચ કરી. મેં સરને ખબર ના પડે એમ પાછળ જોયું. એણે મને સાઇડમાં રહેવા ઇશારો કર્યો. મેં મારું પેપર થોડુંક વધારે જમણી સાઇડ ખસેડ્યુ જેથી એ જોઈ શકે. એક કલાક સુધી હું એ જ પોઝીશનમાં લખતી રહી. ‘ જો એણે મારાંમાંથી ત્રણ ક્વેશ્ચન પણ લખ્યા હશે તો એ પાસ થઈ જશે.’, એવું હું વિચારી રહી હતી. સાડા અગિયાર વાગ્યા એટલે સુપરવાઇઝરે પેપર કલેક્ટ કર્યા.

‘ કેવું રહ્યું..?’, હું ઊભી થઈ એટલે એણે પૂછ્યું

‘ આવી જશે. ૨૮, ૨૯..!’, મેં બ્લશ કરતા કહ્યું

’ ૨૮.. ૨૯ એટલે તું રેંકરમાં આવે એ તો ખયાલ છે ને.?’, એણે પણ હસતા હસતા કહ્યું. હું પણ હસવા લાગી. હું એની દરેક હરકત નૉટિસ કરી રહી હતી. એ ગઈ કાલની જેમજ ડેશિંગ લાગી રહ્યો હતો. અમે બંને ક્લાસરૂમની બહાર નીકળ્યા. બાજુના ક્લાસમાંથી નિશા બહાર નીકળી. એણે મને અને વિવાનને જોયા, એણે કોઈ એક્સ્પ્રેશન વિના ચહેરો ફેરવી લીધો.

‘ સૉરી ફોર નિશા… વિવાન. બટ તારે મને જણાવવુ તો જોઈતુ હતું.’,

‘ અંકિતા…. પ્લીઝ. મારે એ વિશે કોઈ જ વાત નથી કરવી.’, એનો ચહેરો પણ બદલાઇ ગયો. મેં પણ મનમાં નિશ્ચય કર્યો કે એટલીસ્ટ બંને એકબીજાના ફ્રૅન્ડ રહે એટલું તો કરવું જ પડશે.

‘ ઓકે… ઓકે. રાતનો શું પ્લાન છે?’,

‘ નથિંગ, જીગીયાનો બર્થડે છે તો એ TGB માં પાર્ટી આપવાનો છે.’

‘ આજે પહેલું નોરતુ છે એ તો ખબર છે ને?’

‘ હાં તો…?’, અમે બહાર ચાલતા થયા. નિશા અમારાંથી થોડી આગળ ચાલી રહી હતી.

‘ તુ ગરબા નથી રમતો…?’

‘ બધાં ફ્રૅન્ડ્સ રમવા જાય છે, બટ..! મને સ્ટેપ્સ નથી ફાવતા, અને બહુ ઇન્ટરેસ્ટ પણ નથી.’, હું એની સાથે કોઈને કોઈ ટોપીક પર વાતો કરવા માંગતી હતી. એટલે ગમે તેવા ક્વેશ્ચન પૂછી રહી હતી. બટ એ મુડલેસ થઈ ગયો હોય એવું લાગી રહ્યું હતું.

‘ હવે નિશાનું નામ લીધું ત્યાં તારો આવો મુડ થઈ ગયો. એના લવમાં આટલો પાગલ થઈ ગયો છે?’, મેં હસતા હસતા કહ્યું. એના ચહેરા પર એ જ ગુસ્સાના એક્સ્પ્રેશન હતાં. એ કંઈ ના બોલ્યો.

‘ જો વિવાન. તમારાં બે વચ્ચે જે પણ થયું ધેટ ઇઝ નન ઑફ માય બિઝનેસ. બટ નિશા મારી રૂમ પાર્ટનર છે. તને પણ હું મારો સારો ફ્રૅન્ડ માનું છું. બટ શું આપણે ત્રણેય સાથે ના રહી શકીએ. શું નિશા તારી ફરી ફ્રૅન્ડ ના બની શકે?’, એણે મારાં તરફ ચહેરો ફેરવ્યો.

‘ તે નિશાને પૂછ્યું? જો એને કોઈ પ્રોબ્લેમ ના હોય તો મને કંઈ પ્રોબ્લેમ નથી. હું મુવ ઓન કરવા વાળો વ્યક્તિ છું. એટલે મારે જેમ બને એમ જલદીથી આ બધી વાતોને ભૂલી જવી છે.’

‘ આઈ કેન અન્ડરસ્ટેન્ડ…! ઇટ હર્ટ્સ. હું નિશાને સમજાવીશ.’,
‘ બાય દ વે મારાંમાંથી કેટલું કોપી કર્યુ.?’, મેં ટોપીક ચૅન્જ કરતા કહ્યું. મારાં મોબાઈલમાં નિશાનો મિસકૉલ આવ્યો. એ મારી બહાર રાહ જોઈ રહી હતી.
‘ તારે ૨૮ આવશે તો મારે ૨૫ તો આવવા જ જોઈએ. ડીટ્ટો કોપી માર્યુ છે.’, એ ચહેરા પર સ્માઈલ લાવીને બોલ્યો.

‘ કોન્ગ્રેટ્સ તો તો. તું તો કમ્પ્યુટિંગમાં પાસ.’ બસ આ જ સ્માઈલ એના ચહેરા પર મારે જોવી હતી.
‘ સાંજે ફ્રી હોય તો કહેજે. ક્યાંક નાસ્તો કરવા જઈશું..!’,
‘ સ્યોર, વોટ્સ એપ કરીશ.’
‘ ચલ મારે જીગીયાનો કૉલ આવે છે. મળીએ.’
‘ મારે પણ નિશા રાહ જુએ છે.’, હું નિશા તરફ ચાલતી થઈ. કૃપા અને સોનુ પણ ત્યાં આવી ગયા હતાં.
***
‘ શું કહેતા હતાં જીજુ?’, કૃપાએ મને ચીડવવા કહ્યું.
‘ કૃપા..! એવું કંઈ નથી બરાબર?’, મેં એને આંગળી બતાવીને કહ્યું.
‘ કંઈ ના હોત તો તારા ચહેરા પર આવી સ્માઈલ ના આવી ગઈ હોત. અને ચાલો હવે કોની રાહ જોઈએ છીએ ? જીજુની?’ નિશા અને વિવાનની આ બંનેમાંથી કોઈને ખબર નહોતી એવું મને લાગ્યું.
‘ ચાલવા મંડ…!’

અમે ગેટ તરફ ચાલીને જતા હતાં ત્યારે જ ગઈ કાલ વાળી પલ્સર નીકળી. પાછળ વિવાન બેઠો હતો.

‘ જો જીજુ..!’, કૃપાના મોં માથી નીકળી ગયું. મેં કૃપાને મુક્કો બતાવ્યો.
વિવાને પાછું ફરીને જોયું. પણ આ વખતે એની આંખો નિશા તરફ હતી. નિશા પણ એની સામુ જોઈ રહી.
***
આઈ વોઝ થીંકિંગ અબાઉટ વિવાન. એટ ધ સેમ ટાઈમ ઑફ નિશા એઝ વેલ. નો ડાઉટ હું વિવાનને લાઈક કરતી હતી. બટ હું મારી ફ્રૅન્ડના બોય ફ્રૅન્ડ વિશે કઈ રીતે વિચારી શકું ? નો ડાઉટ નિશા કહેતી હતી કે એને અને વિવાને હવે કંઈ લેવા દેવા નહોતા. બટ એનો ચહેરો કંઈક અલગ બોલતો હતો. એટલીસ્ટ વિવાન અને નિશા વચ્ચે ફ્રૅન્ડશીપ તો રહેવી જ જોઈએ અને મારે નિશાને એના માટે કન્વીન્સ કરવાની હતી. મુંજવણ તો એ પણ હતી કે નિશાએ જે કહ્યું એ પછી મારે વિવાન વિશે કંઈ આગળ વિચારવુ જોઈએ?

મારી આ બધી પ્રોબ્લેમ્સને જો એકતરફ મુકી દવ તો બીજી તરફ ઍન્જિનિયરિંગ લાઈફ પણ હતી. સાંજના ત્રણ વાગ્યા હતાં. નિશાએ ચ્હા બનાવી હતી, નાસ્તામાં મમરાનો ચેવડો હતો..! ઓહ્હ ડીઅર ધોઝ ડેઝ…! ઘરેથી લાવેલો નાસ્તો તો બે દિવસથી વધારે નહોતો ચાલતો. પેપરના દિવસોમાં રીલેક્સીંગ ટાઈમ એટલે નાસ્તાનો ટાઈમ. બટ આ વખતે વાંચવાનું મન જ કોને થઈ રહ્યું હતું ? કારણ કે ડર જ નહોતો. ખબર નહીં મારાં ડરને કોણ ચોરી ગયું હતું ?

‘ પ્રભા આન્ટી આવ્યાં હતાં, કાલે.’, નિશા ચ્હાની ચુસકી લેતા બોલી.
‘ કેમ ?’
‘ એમ કહેતા હતાં કે તમે કપડા ધોતી વખતે બહુ પાણી બગાડો છો.’
‘ તારે કેવાય નહીં?’, હું નેણ ઊંચા કરીને બોલી.
‘ તો કીધુ જ હોય ને.’, કૃપા બોલી.
‘ તો શું કહ્યું એમણે?’

‘ એમનો દુખાવો કંઈક અલગ જ છે. આપણે લોકો બહુ ફોન પર વાત કરીએ એ એમને નથી ગમતુ. એમણે કહ્યું કે ટીનું બારમામાં છે, તો એને નીચે વાંચતી વખતે ડિસ્ટર્બ થાય છે. મેં સૉરી કહ્યું પણ એમણે એમ પણ કહ્યું કે તમે લોકો એની સાથે બોલતા નહીં, એનું ભણવામાં ધ્યાન નથી લાગતું. એમ પણ તમારી સાથે રહી રહીને ઇલેવન્થમાં ઓનલી ૭૦ ટકા જ આવ્યાં છે.’, કૃપા મમરા ખાતા ખાતા બોલી.

‘ પણ એ ત્રણ મહિના પછી શા માટે કહે છે ?’

‘ ખબર નહીં. મેં પણ એમને કહ્યું કે આન્ટી રૂમ ખાલી કરાવવી હોય તો સીધેસીધુ કહી દો. ગોળ ગોળ ફેરવવાની જરૂર નથી.’, નિશાએ મોં ફુલાવતા કહ્યું. નિશાના ચહેરા પર હજુ ગુસ્સો જલકાઇ આવતો હતો. એ મારી સાથે પહેલાંની જેમ ખુલીને વાત નહોતી કરી રહી.

‘ પછી ?’
‘ પછી શુ? એમણે એમનો દુખાવો કહ્યો. તમે આ છોકરાઓ સાથે મોડે મોડે સુધી ફોન પર વાત કરો છે એ સારું ના કહેવાય. ટીનુના રૂમમાં બધું સંભળાય છે. એ પણ તમારી

જેમ બગડી જશે. એટલે કાંતો વાત કરવાનું બંધ કરી દો અથવા ટેરેસ પર જઈને કે રૂમમાં જ ધીમે ધીમે વાત કરો. નહીંતર મારે તારા અંકલને વાત કરવી પડશે., મને તો એમને એજ ટાઇમ પર એક તમાચો ચોડી દેવાનું મન થયું હતું. અમારી જેમ બગડી જશે? હહ', નિશાનો ગુસ્સો એકદમ રીઝનેબલ હતો.

' રીડીક્યુલસ.. યાર. આપણને કોઈ નવો ફ્લેટ મળે એટલે આપણે ચૅન્જ કરી જ નાખીએ.', સોનુ બોલી.

' હા, એ ખાલી કરાવે એના કરતા આપણે જ ખાલી કરી નાખીએ. પછી એમની ટીનું સુધરી જશે.', મેં મમરાનો એક બુકડો ભર્યો.
' મને તો લાગે છે, ટીનુના બોયફ્રેન્ડ વિશે ઘરે ખબર પડી લાગે છે.', યસ, ટીનુને દસમાં ધોરણથી એક બોયફ્રૅન્ડ પણ હતો. ટીના લગભગ દરેક સન્ડે અમારી સાથે ગપ્પા મારવા આવતી અને જો અમે ક્યાંક ફરવા જઈએ તો એને પણ ફરવા લઈ જતા. એટલે એને અમારી સાથે સારું બનતું.
' હા તો જ એ અચાનક આમ વાતો કરે.', કૃપાએ કહ્યું.
' મારાં ઘરે પણ આ જ પ્રોબ્લેમ છે. હું પણ મમ્મીની સલાહો સાંભળી સાંભળીને કંટાળી ગઈ છું. કંઈ ખોટું કામ નહીં કરતી, નાક ન કપાવતી.. બ્લા બ્લા.', મેં મારી ભડાંસ ઠાલવી.
' ઇટ્સ ઓકે…! મે બી કદાચ સમય જતા આપણે પણ આવા જ થઈ જશુ.', શાંત સોનુ બોલી.

' તારી ખબર નહીં હું તો નહીં થાવ..! હું તો મારાં છોકરા છોકરીને પૂરેપૂરી ફ્રીડમ આપીશ. મારે હીપોક્રેટ નથી બનવુ.', નિશાએ સોનુ સામે જોતા કહ્યું.
' ઓહ્હ તો તો છોકરા સુધીનું પ્લાનિંગ થઈ ગયું છે એમને?', કૃપાએ હસતા હસતા કહ્યું અને અમે બધાં નિશાને જોઈને હસવા લાગ્યા. નિશા કંઈ ના બોલી, એના ચહેરો ફીક્કો પડી ગયો.

' નિશા, ઇટ્સ ઓકે. હવે આ બધાંને પણ કહી દઈએ તો સારું.', મેં નીશાને દિલાસો આપતા કહ્યું. નિશાએ મારી સામે જોયું.

' વી આર ફ્રૅન્ડ્સ એન્ડ વી શેર થીંગ્સ. રાઇટ ?', નિશાએ એનું ડોકુ હલાવ્યું.

' તો કૃપા સોનુ એક બહુ જ સીક્રેટ વાત તમને કહેવાની છે. નિશાનો સીક્રેટ..!',

' ઓહ્હ નિશા? શું શું ?', કૃપા અને સોનુ બંને ઉતાવળા થવા લાગ્યા.
' નિશાને લવ થઈ ગયો લાગે છે.', બોલકી કૃપા બોલી.
' પહેલાં સાંભળ તો ખરી.' મેં નિશા સામે ફરી જોયું. એના ચહેરા પર કોઈ જ એક્સ્પ્રેશન્સ નહોતા.

' નિશા સાચે સાચુ ઓનેસ્ટલી કહે, તું હજુ એને લવ કરે છે?', મેં નિશાને એના સાથળ પર હાથ દાબતા કહ્યું.

' આઈ એમ ડન. સ્હેંજેય નહીં.', એ સજ્જડ હોઠે બોલી.
' ઇટ્સ એબ્સલ્યુટલી ફાઇન..!', મેં નિશાને આશ્વાસન આપ્યુ.

‘ આ સાંભળીને તમને જરૂર શોક લાગશે. નિશા અને વિવાનનું બ્રૅક અપ થઈ ગયું..!’, મેં હસતા હસતા કહ્યું.

‘ એનું પેચપ ક્યારે થયું હતું?’, સોનુનું મોં ફાટ્યુ રહ્યું.
‘ આ મેડમ છે એ પોતે જ એક મોટો સીક્રેટ છે. ખબર નહીં હજુ એણે આપણાથી કેટકેટલું છૂપાવી રાખ્યું હશે.’, મેં સ્માઈલ સાથે નિશા સામે જોયું.

‘ હવે કોઈ જ સીક્રેટ નથી ઓકે? તને હવે વિશ્વાસ નહીં આવે. નહીં?’, નિશાએ મોં બગાડ્યુ.

‘ વોટ્સ રોંગ વિથ યુ નિશા ? ઇઝ ધીઝ ઑલ અબાઉટ વિવાન..? હું સવારની જોઈ રહુ છું, તું મારી સાથે પહેલાં જેમ વાત નથી કરતી. જે હોય તે કહી દે. મેં તારું બ્રૅક અપ નથી કરાવ્યું.’, નિશા કંઈ ના બોલી.
‘ પણ શું થયું એ અમને કહેશો ખરા ?’, કૃપા બોલી.
‘ નિશાનો વિવાન સાથે થોડાક ટાઈમથી રિલેશન હતો, એ મને કાલે ખબર પડી. કાલે મેં નિશાના મોબાઈલમાં વિવાનનો મૅસેજ વાંચ્યો. મને ખબર હોત કે વિવાન સાથે તારો રિલેશન છે તો હું એને ક્યારેય મળવા પણ ના ગઈ હોત નિશા.’

‘ કેમ બ્રૅક અપ?’, સોનુએ પૂછ્યું.
‘ ઝઘડાઓ, નિશાએ મને કહ્યું. અને મને હવે એવું પણ લાગી રહ્યું છે કે નિશાને એમ છે કે એનું બ્રૅક અપ મારાં કારણે થયું છે.’
‘ એવું કંઈ જ નથી અંકિતા.’
‘ એતો અંકુ થી અંકિતા પર આવી ગઈ એના પરથી જ લાગે છે.’
‘ ઓય્ય, હવે તમે બેસ્ટ ફ્રૅન્ડ્સ એક છોકરા માટે ઝઘડશો?’, કૃપા અમારાં બંનેના વાક યુદ્ધમાં વચ્ચે બોલી.
‘ જો નિશા. હું ઓનેસ્ટલી કહું છું કે હા હું વિવાનને લાઈક કરું છું, બટ મારાં અને વિવાન વચ્ચે કંઈ જ નથી. બલકે હું તો વિવાન સાથે વાત કરી રહી હતી કે તમારાં બંને વચ્ચે બ્રૅકઅપ થયું તો ભલે થયું તમે લોકો એટલીસ્ટ ફ્રૅન્ડ તો રહી જ શકો ને..!’
‘ આઈ એમ નોટ ઇન્ટરેસ્ટેડ.’, નિશા બોલી.
‘ નિશા, હું નથી ચાહતી કે હું મારી આખી લાઈફ પોતાને જ તારા બ્રૅકઅપ માટે બ્લેમ કર્યા કરું.’, મેં નિશાને ઇમોશનલ થતા કહ્યું. નિશાનો ગુસ્સો થોડો ઢીલો પડ્યો.

‘ ડૉન્ટ બ્લેમ યોર સેલ્ફ અંકુ. હું તને મારી બેસ્ટ ફ્રૅન્ડ માનું છું અને માનતી રહીશ. બટ હું વિવાન સાથે હવે કોઈ જ પ્રકારનો રિલેશન નથી રાખવા માંગતી. પ્લીઝ..! અને હવે હું આ વિશે કોઈ જ વાત કરવા નથી માંગતી. પ્લીઝ..!’,

‘ ઓકે ઓકે, ચલ હવે એક સ્માઈલ કર.’, મેં કહ્યું અને નિશા થોડું હસી.
‘ ઓય્ય, તું મરી ગઈ છો? આ સ્માઈલ નહીં, નિશા વાળી સ્માઈલ.’, નિશાનો ચહેરો મલકી ગયો.

‘ ધેટ્સ માય નિશા.’, મેં નિશાને બેઠા બેઠા જ ઝકડી લીધી. એણે પણ મને એની બાહોંમાં દબાવી લીધી. શી વોઝ લાઈક માય બીગી સીસ્ટર.
‘ નિશા, હું ફેન્સીને ઓળખતી નથી, બટ જો વિવાનનો ફેન્સી સાથે એક મસ્ત ઝઘડો

થાય તો..?', મેં નિશા સામે આંખ મારી. નિશા હસવા લાગી.
' આઈ વુડ બી ગ્લેડ ટુ સી ધેટ. એવું પૉસિબલ છે?', નિશાએ આશ્ચર્ય સાથે કહ્યું.

' હવે આ ફેન્સી કોણ છે?', સોનુ કંટાળી હોય એમ બોલી.
' સોનુ, ફેન્સી વિવાનની કોઈ ફ્રૅન્ડ છે.', મેં કહ્યું.
' તને ખબર છે એ લોકો હાઇસ્કૂલના ટાઈમના ફ્રૅન્ડ છે, મને નથી લાગતું એવું થઈ શકે.',

' તુ જસ્ટ હા પાડ, બીજુ બધું હું સંભાળી લઈશ. તારે જસ્ટ હું કહું એવી રીતે કરવું પડશે.',

' ઓકે, આઈ એમ ઇન. પણ મારે શું કરવું પડશે.?'
' ફ્રૅન્ડશીપ. ફ્રૅન્ડશીપ કરવી પડશે તારે, વિવાન અને ફેન્સી સાથે.', મારાં મનમાં કોઈ જ પ્લાન નહોતો, પણ મને વિશ્વાસ હતો કોઈ રસ્તો તો નીકળી જ જશે. એમ પણ ગઈ કાલથી હું ઘણી એવી વસ્તુઓ કરી રહી હતી જે હું પહેલીવાર કરી રહી હોવ.

' તું ફરી ફરીને ત્યાંજ આવી હો.', નિશાએ હસતા હસતા કહ્યું.
' ટ્રસ્ટ મી. ઇટ વુડ બી ફન.', મેં ફરી આંખ મારી.
' બટ ઇટ વુડ બી રાઇટ?', નિશાએ સિરિયસ થઈને કહ્યું.
' નથિંગ ઇઝ રોંગ એન્ડ રાઇટ. ઇટ્સ યોર પોઇંટ ઑફ વ્યું.', મેં હિંમત
કરીને કહી દીધું.
' મીસ ફીલોસૉફર.', એ હસી પડી.
' અને અમારો રોલ શું હશે?', સોનુએ ડબ્બાને બંધ કરતા પૂછ્યું.
' આપણે કોઈ મૂવી નથી બનાવતા.', અમે બધાં હસ્યા.

' ઓચ્ચ ધીમે, હીપ્પો સાંભળશે તો પાછી કહેશે. મારી છોકરીને તમારી જેમ બગાડવી નથી.', નિશાએ હસતા હસતા કહ્યું.
' કોણ હીપ્પો?', શાંત સોનુએ પૂછ્યું.

' અરે, મિસ હીપોક્રેટ, પ્રભા આન્ટી.', મેં સોનુને સમજાવી.
' નામ સારું છે.', કૃપા બોલી. અમે ફરી હસ્યા.

' અને તમારે બધાંયે પણ વિવાન સાથે ફ્રૅન્ડશીપ કરવી પડશે.', મેં સોનુ અને નિશા સામે જોઈને કહ્યું.
' વોઓઓઓ.', કૃપા ગણ ગણી.
' ઓકે ધેન ડન.', અમે ચારેયે એકબીજાને તાળી આપી.

' ચીલ, વિલ બી ફન.', મેં નિશા સામે જોઈને ફરી કહ્યું.
' આઈ નો, એન્ડ આઈ હેવ ફીઅર ઑફ ધેટ.', એ શું કહેવા માંગતી હતી એ મને ના સમજાયુ.
***
મારું એવું હતું કે મેં કૉલેજના લેક્ચર્સ બહુ ઓછા મિસ કર્યા હતાં અને બહુ સિરિયસલી લીધા હતાં એટલે એક્ઝામ ટાઈમમાં જસ્ટ રીવીઝન કરવાનું હોતુ. છેલ્લા

દોઢ કલાકથી હું એ જ કરી રહી હતી. હું ક્યારની ઇચ્છી રહી હતી કે વિવાનનો મૅસેજ આવે. હું મારું નેટ ઓન કરીને થોડી થોડી વારે ચેક કરી રહી હતી કે વિવાનનો વૉટ્સએપમાં મૅસેજ તો નથી આવ્યો ને. સાથે એ પણ વિચારી રહી હતી કે મેં નિશાને કહી તો દીધું છે કે ફેન્સી અને વિવાનને ઝગડો કરાવીશું પણ મને જરાંય પણ ખયાલ નહોતો કે હું આ કેવી રીતે કરીશ, કારણ કે મેં તો ફેન્સીને જોઈ પણ નહોતી. બટ હું બહુ કોન્ફિડેન્ટ હતી, સાથે એક્સાઇટેડ પણ. આ વિચારો સોફ્ટવેર ઍન્જિનિયરિંગની બુક કરતા ક્યાંય ઇન્ટરેસ્ટીંગ લાગી રહ્યા હતાં.
પોણા છ વાગે વૉટ્સએપની નોટિફિકેશન આવી.

‘ હાઇ.’, વિવાનનો જ મૅસેજ હતો.
‘ હાઇ, વોસ્સપ.’, મેં રીપ્લાય આપ્યો.
‘ જસ્ટ હેંગીગ અરાઉન્ડ. ફેન્સી સાથે નાસ્તો કરવા આવ્યો હતો.’, મને ફેન્સીની ઇર્ષ્યા થઈ.

‘ વાંચવાનું નથી?’,
‘ તું છો પછી શું વાંચવાનું હોય. થેંક્સ ફોર ટુડે. પ્લીઝ ફોર ટુમોરો..;)’
‘ હ્મ્મ સ્યોર..!’
‘ તુ તો વાંચતી જ હોઈશ..?’
‘ યપ. બટ, મજા નહોતી આવતી.’
‘ વ્હાય.’
‘ ડૉન્ટ નો યાર. ગેટિંગ બોર્ડ..!’
‘ મારી યાદ તો નથી આવતી ને? ;)’

‘ હેહેહે…! ફ્લર્ટ કરવાનું શરૂ કરી દીધું એમને.’, ડર એટલે બીજુ કંઇ નહીં, તમે કોઈને પ્રેમ કરતા હોવ અને એને કહી ના શકો.
‘ જસ્ટ જોકિંગ ડીઅર..! યુ સે વોસ્સપ..?’

‘ રીડિંગ. અને હા એક ગુડ ન્યૂઝ છે. નિશાને મેં કહ્યું હતું. એને તારી સાથે જસ્ટ ફ્રૅન્ડશીપ રાખવામાં કોઈ પ્રૉબ્લેમ નથી.’, જસ્ટ એ મેં ભભરાવેલો મસાલો હતો.
‘ ધેટ્સ ગુડ. ગરબા રમવા નહીં જવાના?’
‘ નોપ, ફર્સ્ટ ડે છે તો, કંઈ ખાસ નહીં હોય. મે બી સોસાયટીમાં થશે ત્યાં જોવા જઈશુ. ક્યાં છે તુ?’

‘ મેકડી વિજય. ચાલ આવી જા બર્ગર ખાવા.’
‘ સેન્ડ કરી દે.’, એના મૅસેજમાં કોઈ છોકરી બર્ગર ખાઇ રહી હોય એવો ફોટો આવ્યો.

‘ ય્મ્મ્મ, કોણ છે આ?’, એ છોકરીએ સ્લીવલેસ પીક ટી- શર્ટ પહેર્યુ હતું અને ચહેરા પર ગોગલ્સ ચડાવેલ હતાં અને બર્ગરને બટકુ ભરી રહી હોય એવો ફોટો હતો.

‘ ફેન્સી. મારી સ્કૂલ ફ્રૅન્ડ છે અને મારી નેબર પણ.’
‘ હ્મ્મ્મ્મ, ગર્લ ફ્રૅન્ડ. આઈ ગોટ ઇટ. હ્મ્મ્મ..’
‘ નો.. નોપ… એ જસ્ટ મારી ફ્રૅન્ડ છે. ઓકે ?’
‘ એવું ?’

‘ યપ. નો ડાઉટ એ મને લાઈક કરે છે. બટ વી આર જસ્ટ ફ્રૅન્ડ્સ..!’
‘ ગુડ. શું કરે છે એ?’
‘ એને એક્ટિંગ નો ચસકો છે. એચ એલમાં આર્ટ્સના ફાયનલ યરમાં છે. અને એણે એક્ટિંગના વર્કશોપ અને મ્યૂઝિક ક્લાસ પણ જોઈન કર્યા છે. શી ઇઝ આર્ટ ગર્લ.’
‘ ધેટ્સ ઓસમ..! આઈ લાઈક મ્યૂઝિક..! હું પણ વિચારૂ છું મ્યૂઝિક ક્લાસ જોઈન કરવાનું.’, ખરેખર મેં એવું કંઈ વિચાર્યુ જ નહોતું. ઇનફેક્ટ આઈ વોઝ ફિલિંગ ધેટ ધીઝ ચૅટ વોઝ ડ્રીવન બાય મી, નોટ વ્રીટન બાય મી.
‘ તો જોઈન કરી લે ને. હું ફેન્સીને પૂછી જોઈશ શું પ્રોસીજર છે.’
‘ યા, સ્યોર.. થેંક્સ.’
‘ ઔર? રૂમ પાર્ટનર્સ શું કરે છે?’
‘ એ બધાં રીડિંગ જ કરી રહ્યા છે.’
‘ ઓકે, હેય હું તને દસ મિનિટમાં મૅસેજ કરું. અમે ઘરે જઈ રહ્યા છીએ.’
‘ હ્મ્મ્મ, બાય.. :)’
‘ બાય… બાય..! :)’

નાઉ આઈ વોઝ રનિંગ આઉટ ઑફ આઈડીયાઝ. જો હું ફેન્સીને મળીશ તો એને જાણી શકીશ. એને જાણીશ તો વિવાન અને ફેન્સીનો ઝઘડો કરાવી શકીશ. દરેક વ્યકિત એના જીવનમાં એડવેન્ચર ઇચ્છતી હોય છે, એક્સાઇટમેન્ટ ઇચ્છતી હોય છે. મારાં મનમાં ખુણા પડેલી જ આ એક ઇચ્છા હતી કે હું કંઈક નવુ કરું, પણ બે વ્યકિત વચ્ચે ઝઘડો કરાવવો એ ત્યારે હું સમજી નહોતી શકી. મને કોઈ ફ્લો વહાવી રહ્યો હતો. ફેન્સીના ફોટા પરથી જ લાગી રહ્યું હતું કે એ બહુ ઇગોસ્ટિક છોકરી હશે. આઈ વોઝ ઓલ્સો ફિલિંગ લીટલ બીટ ઇનસીક્યોર, જ્યારે વિવાને એમ કહ્યું કે એ મને લાઈક કરે છે. દસ મિનિટ સુધી હું વિવાનના મૅસેજની રાહ જોઈ રહી હતી.
***
‘ હાઇ.’, વીસ મિનિટ પછી એનો મૅસેજ આવ્યો.
‘ પહોચી ગયો?’
‘ હા હોમ. મારાં રૂમમાં છું? રીંકુ સાથે.’, એનો આ મૅસેજ વાંચીને વિવાન પ્રત્યે મને પ્લે બોયની ઇમેજ ઉપસી આવી.
‘ રીંકુ? એ કોણ છે?’

‘ મારી નીસ છે. મારી સીસ્ટર તન્મયાની ડોટર. તનું મમ્મીને મળવા આવી છે.’, એક જ ક્ષણમાં એ ઇમેજની ના ટુકડે ટુકડા થઈ ગયા.
‘ ગ્રેટ, XO ટુ રીંકુ ફ્રોમ મી.’

‘ એ પણ તને કિસ મોકલી રહી છે.’, મૅસેજમાં લીપ્સના ઇમોજી આવ્યાં.
‘ સો સ્વીટ…!’
‘ તારા ઘરે બધાંને કેમ છે?, કાલવાળી પ્રોબ્લેમ સૉલ્વ થઈ કે?’, એને ગઈ કાલની મમ્મી સાથે થયેલી વાત યાદ હતી.
‘ ફાઇન જ હશે. હું ઘરે બહુ ઓછી વાર ફોન કરું છું.’
‘ કેમ કંઇ પ્રોબ્લેમ છે?’
‘ ના નથિંગ સિરિયસ. એતો ચાલ્યા કરે.’

‘ શેર ઇટ. વી કેન સૉલ્વ ઇટ.’, ફર્સ્ટ ટાઈમ હું કોઈની સાથે મારી ફિલીંગ્સ શેર કરવામાં સેફ ફીલ કરી રહી હતી.
‘ મમ્મી યાર.’, હું લો થતી હોવ એમ બોલી.
‘ વોટ હેપ્પન્ડ ?’
‘ એક્ચ્યુઅલી લાંબી સ્ટોરી છે.’

‘ આઈ હેવ મચ ટાઈમ..!’, મેં વિવાનને મૅસેજમાં જ મારાં ઍડમિશનની પ્રોબ્લેમ અને ઍન્જિનિયરિંગમાં કઈ રીતે આવી એ બધું કહ્યું.
‘ થેંક્સ ટુ યોર મોમ..!’, મારાં લાંબા મૅસેજ પછી એનો આન્સર આવ્યો.
‘ થેંક્સ?’
‘ તારા મમ્મીએ જો તને NID માં ઍડમિશન લેવા દીધું હોત તો આપણે બંને ના મળ્યા હોત.’
‘ યા, બટ મમ્મી થોડી વધારે જ નેરો માઇન્ડ છે. કાલે જે કૉલ આવ્યો હતો એ આ બબાલ જ હતી.’
‘ યા પેરેન્ટ્સને આપડી ફીકર થોડીક વધારે જ હોય છે. મારે પણ એવું જ છે.’

‘ એમને મતે બે છોકરા છોકરી મળે એટલે એ ખોટું કામ કહેવાય. કાલે તો એણે ત્યાં સુધીનું કહ્યું કે અમારું નાક કપાય એવું કામ નહીં કરતી. રીડીક્યુલસ યાર. પાછો એમને ઍન્જિનિયરિંગનો ચસકો છે. મારાં માટે ઍન્જિનિયર છોકરાઓ શોધતી રહે છે. તારે વળી શું પ્રોબ્લેમ છે?’, હું પણ વિવાનની પ્રોબ્લેમ્સ જાણવા ઉત્સુક હતી.
‘ સેમ કરીઅર પ્રોબ્લેમ. નથી મને પપ્પાના કોઈ બિઝનેસમાં ઇન્ટરેસ્ટ કે નથી મને ઍન્જિનિયરિંગમાં. મારે બાઈક રેસિંગમાં આગળ વધવુ છે. બટ ઘરેથી બધાં પપ્પાના કન્સ્ટ્રક્શનના બિઝનેસમાં ઇન્ટરેસ્ટ લેવા ફોર્સ કરે છે. આઈ ડૉન્ટ લાઈક બિલ્ડિંગ્સ. આઈ લાઈક બાઇક્સ. આઈ લાઈક સ્પીડ, નોટ સ્ટીડી બીલ્ડીંગ્સ. માય લવ ઇઝ બ્યુટીફૂલ બાઇક્સ, નોટ સ્ટોન્સ એન્ડ સીમેન્ટ્સ.’, આઈ વોઝ ઇમ્પ્રેસ્ડ બાય ધીઝ મૅસેજ.

‘ ધેટ્સ ગ્રેટ, એટલિસ્ટ તને તારા પેશનને ફોલો કરવાની અપોર્ચ્યુંનિટી તો મળી છે.’

‘ યા, થોડો લકી છું કે ફાયનાન્શિયલી કોઈ પ્રોબ્લેમ નથી. અને તારા પપ્પા એ શું કહે છે?’

‘ એ ખાસ કંઈ નથી કહેતા. બટ જ્યારે મારે મમ્મી સાથે બોલવાનું થાય ત્યારે મમ્મીને સૉરી કહેવા માટે પપ્પાનો કૉલ આવે.’
‘ થઈ જશે, બધું બરાબર થઈ જશે.’
‘ હોપ સો.’
‘ લીવ ઇટ. આજે તે હેઇર સ્ટાઇલ મસ્ત કરી હતી.’
‘ થેંક્સ, અગેઇન ફ્લર્ટ?’
‘ તને જે લાગે તે.. હું તો તારા ઓનેસ્ટલી વખાણ કરું છું.’
‘ ઓકે, હેઇર સ્ટાઇલ કૃપાએ કરી દીધી હતી.
‘ ટી- શર્ટ ભી સારું હતું.’

‘ આંખનું કાજળ ભી મસ્ત હતું, બીંદી ભી મસ્ત હતી, જિન્સ ભી મસ્ત હતું, સેન્ડલ ભી મસ્ત હતાં. બધું જ કહી દે તું હવે. કાલ માટે કંઈ બાકી ના રાખતો. ;)’

‘ સિરિયસલી ડીઅર યુ વેર લુકિંગ બ્યુટીફૂલ. ટુડે.’, હું મનમાં ને મનમાં હરખાઈ રહી હતી.

‘ ડીઅર? હ્મ્મ્મ. ઓહ્હ થેંક્સ અ લોટ. તું ભી ડેશિંગ જ લાગતો હતો. બાય દ વે તું કેમ તારી બાઈક લઈને નથી આવતો?’

‘ અમે સવારમાં જીમમાં જઈએ છીએ, સો બાઈક ક્લબ પર જ હોય અને ક્લબથી ડાયરેક્ટ કૉલેજ, જીગીયાની બાઈક પર અને કૉલેજથી ક્લબ જીગીયાની જ બાઈક પર.’
‘ હ્મ્મ્મ, ગુડ. યુ આર અ ગુડ રેસર એઝ વેલ.’
‘ યા આઈ નો. નિશા સેડ મુડમાંથી બહાર આવી કે નહીં?’
‘ હા મેં એને બપોરે જ મનાવી.’, હુ વિવાનને કઇ રીતે કહું કે મેં એને મનાવવા માટે કેવુ પ્રોમિસ કર્યુ છે.

‘ થેંક્સ યાર, હું પણ ચાહતો હતો કે એ મારી ફ્રેન્ડ તો રહે જ.’
‘ યુ વેલકમ. અને થોડું વાંચી લેજે મારાં માટે. મોસ્ટ ઇમ્પોર્ટન્ટ. સોફ્ટવેર ડેવેલપમેન્ટ મોડલ્સ વાળો ટોપીક.’
‘ બુક જ નથી.’

‘ એ હું કંઈ નથી જાણતી. આજે તારે એ ટોપીક વાંચવો જ પડશે. એક્ઝામમાં પૂછાય કે ના પૂછાય હું તને પૂછીશ.’

‘ વાંચ્યા વિના કોઈ રસ્તો જ નથી હવે તો. ;)’
‘ યા, ધેર ઇઝ ટુ એક્ઝામ્સ ટુમોરો. કૉલેજની એક્ઝામની ખબર નહીં, તારી એક્ઝામમાં તો હું પાસ થઈજ જઈશ.’
‘ ઓવર કોન્ફિડેન્સ ઇઝ નોટ ગુડ.’
‘ હાઇ સ્પીડ, હાઇ કોન્ફીડન્સ.’
‘ હાઇ સ્પીડ કેન હાર્મ.’

‘ આઈ નો, ધેટ ઇઝ વ્હાય આઈ લાઈક સ્પીડ. આઈ લાઈક રીસ્ક્સ..’
‘ હ્મ્મ્મ, આઈ લાઈક યોર સ્પીરીટ.’

‘ ચલ ગુલાબ જાંબુ ખાવા.’
‘ કોણે બનાવ્યા છે?’

‘ ફેન્સી આપવા આવી છે, એણે બનાવ્યા છે.’, આ વખતે મને પણ થયું સાલી આ ફેન્સીનું કંઈક કરવું પડશે. ફેન્સીની ફેન્ટસી પર પાણી ફેરવવું જ પડશે. વિવાનને ઘડીયે એકલો નથી રહેવા દેતી. સાલી ચીપકુ.
‘ એન્જોય એન્જોય. અમારે પણ હમણા ડિનર બનાવવાનું શરૂ કરવું છે.’
‘ મારે તો આજે જીગીયાની પાર્ટી છે. હું પણ આઠ વાગે નીકળું છું.’
‘ મારાં વતી એને હેપ્પી બર્થ ડે કહી દે જે.’

‘ કે કે. બટ અંકિતા. ઘણા ટાઈમ પછી મેં કોઈ સાથે ઑપન હાર્ટલી શેર કર્યું છે. થેંક્સ યાર.’

‘ સેમ હીઅર. મેં તો પહેલી વાર આવી રીતે કોઈ સાથે વાતો શેર કરી છે.’
‘ થેંક્સ, નાઇસ ટુ ટોક યુ.’

‘ સેમ ટુ યુ. ચાલ હવે ડિનર બનાવવાનું છે.’, આ મારી લાઈફનું અત્યાર સુધીનું પહેલું લાંબુ ચૅટ હતું.
‘ ઓકે ઓકે, સી યુ એટ એક્ઝામ્સ.’
‘ રિમેમ્બર ટુ એક્ઝામ્સ. ;)’
‘ આઈ વિલ બી પ્રિપેર્ડ. ;)'
‘ બાય સી યુ.’
‘ બ બાય, સી યુ.’

વિવાન સાથે વાત કર્યા પછી જે હું ફ્રી ફીલ કરી રહી હતી એ મેં અત્યાર સુધી ક્યારેય નહોતું કર્યું. એવું લાગી રહ્યું હતું કે હૃદયનો બધો ભાર ક્યાંક ગાયબ થઈ ગયો હોય. એવું ફીલ થઈ રહ્યું હતું કે ખરેખર મારી જેન્યુઇન કૅર કરવાવાળું આ દુનિયામાં કોઈ તો છે જ. એવું ફીલ થઈ રહ્યું હતું કે કોઈ જાણે મારી વાતોને સમજી શકે છે. એવું ફીલ થઈ રહ્યું હતું કે જે ખાલીપો હું મહેસૂસ કરતી હતી એ ખાલી જગ્યા પૂરાઈ જશે.. એવું ફીલ થઈ રહ્યું હતું કે હું બીજુ કંઈ જ ના વિચારું. બસ આંખો બંધ કરું અને વિવાનને યાદ કરું. એ દિવસનું ચૅટ મેં એક કલાકમાં ત્રણ વાર વાંચ્યું હતું. દર વખતે હું એના મૅસેજમાં કંઈક ને કંઈક મિનિંગ શોધતી હતી. જાણે હું એ ચૅટ પર પી. એચ. ડી કરવાની હોઉં.

બટ, જો કોઈ એક વિચાર મારાં મનમાં ઘૂસી ગયો હતો તો તે એ હતો કે હાઉ ટુ મેક ફાઇટ બિટવિન વિવાન એન્ડ ફેન્સી. મેં એના પર કોઈ જ વિચાર નહોતો કર્યો કે એ કરવું કેટલું સાચું હશે કે ખોટું. બટ, મારાં માટે નિશા ઇમ્પોર્ટન્ટ હતી, અને એનાથી વધારે એનો હસતો ચહેરો.

બટ આઈ વોઝ સ્યોર, મ્યૂઝિક વોઝ ગોઇંગ ટુ હૅલ્પ મી. મ્યુઝીકે ઘણા બધાં લોકોને મદદ કરી છે તો મને આશા હતી કે એ મને પણ હૅલ્પ કરશે. હું મ્યૂઝિક ક્લાસ જોઈન કરવાની હતી. મારી ઘણી ઇચ્છાઓમાંની એક એ ઇચ્છા એ પણ હતી કે હું ગિટાર વગાડતા શીખું, જે વિવાનના કારણે જ પૂરી થવાની હતી. વિવાન મારી લાઈફમાં એક હોપ લઈને આવ્યો હતો. બીજી મારી એવી ફેન્ટસી પણ હતી કે ક્યારેક હું કોઈ એવીલ કામ કરું, જે હું વિવાન અને ફેન્સી વચ્ચે ફાઇટ કરાવીને પૂરી કરવાની હતી.
એ જ ફેન્સી જેણે પીંક કલરનું સ્લીવલેસ ટી શર્ટ પહેર્યુ હતું, આંખો પર ગોગલ્સ પહેર્યા હતાં અને બર્ગરને બટકું ભરી રહી હતી.
***

પ્રકરણ – 4

પહેલો સ્પર્શ

Waves of unusual feelings,
Telling to sky of expectations,
Dark clouds doesn't mean,
Cry of moon and farness of sun,
Shapeless love with useless chaos,
Thrilling feeling healing and stealing,
Stealing beats at moment,
Evil mind pushes,
Flow of fear towards haunted face,
Unpredictable tick tick shows where we are.
Roar of peacock No one listen,
but anger make imagination ugly,
infinite thoughts resist divine sight,
but that smile always fly.

હું આંખો ચોળતી ચોળતી વિવાનનો મોર્નિંગ મૅસેજ વાંચી રહી હતી.
ફોરવર્ડ હોવા છતાં પ્રત્યેક વર્ડ મારાં માટે અર્થપૂર્ણ હતો. મેં વિવાનને રિપ્લાય આપ્યો, ' ગુડ મોર્નિંગ એન્ડ નાઇસ પોએમ'. મારી સવાર શરૂ થઈ.

' એક્ચ્યુઅલી મને એ બધું બોરિંગ લાગે છે.', હું અને વિવાન ક્લાસની બહાર નીકળીને વાતો કરી રહ્યાં હતાં. એ એના આટ્ર્સ વિશેનાં ટેસ્ટ વિશે કહી રહ્યો હતો.

' આઈ લાઈક આર્ટ અ લોટ.', મેં કહ્યું.
' મને તો એ શબ્દોની ગોઠવણીમાં કંઈ ટપ્પો જ નથી પડતો. ખબર નહીં ફેન્સી ક્યાંથી આવા ફેન્સી શબ્દો શોધી આવે છે જે સમજાય જ નહીં.'
' ધેટ વોઝ વન્ડરફૂલ પોએમ..! ઓકે ?'

' યા ઇટ શુડ બી..! એણે મારાં માટે લખી હતી. એમ કહી રહી હતી.'
' ફોર યુ ?', આઈ ફેલ્ટ સ્ટ્રેન્જ.

' યપ..! મેં એને ઘણી વાર કહ્યું કે મારું માઇન્ડ તારી ક્વિસ્ટેડ પોએમ્સ અને મ્યૂઝિકને નહીં સમજી શકે, આઈ વોન્ટ સ્પીડ.', મારાં મનમાં ફેન્સી વિશેની ઇમેજ બદલાઈ રહી હતી, જ્યારથી ખબર પડી હતી કે સવાર વાળી પોએમ ફેન્સીએ લખી હતી.
' મને એમ લાગે છે, શી ઇઝ મેડ ફોર યુ.'
' બટ આઈ ડૉન્ટ.'
' ડૉન્ટ બી રૂડ.'
' રૂડ? મારાં પોતાના ટેસ્ટ્સ છે, મને ઘણું ગમે છે, ઘણું નથી ગમતુ. ધેટ્સ અપ ટુ મી.'
' ઓકે. એઝ યુ લાઈક.'
' શી લાઈક મ્યૂઝિક આઈ એક્સેપ્ટ. શી ડઝન્ટ લાઈક રેસિંગ, આઈ ડૉન્ટ.'

‘ સાચું, બટ પ્રેમ તો બધાંને જેવા હોય એવા જ સ્વીકારે.’, મેં મસાલો ભભરાવ્યો. એ હસ્યો.
‘ તને લવ વિશે બહુ ખબર છે ને?’, એણે મારી આંખોમાં આંખો પરોવતા કહ્યું.
‘ થોડાક દિવસથી ખબર પડવા લાગી છે.’ મેં પણ મારી આંખો એની આંખોના ઊંડે સુધી પરોવી. એણે સ્માઈલ આપી.
‘ હમ્મ્મ. આજે રાતે મારાં ફ્રેન્ડ્સ ગરબા રમવા કર્ણાવતીમાં જવાના છે. જીગીયો કહેતો હતો એક્સ્ટ્રા પાસ છે, જવું હોય તો કહેજે.’
‘ હું એકલી તો ના આવી શકું યાર. જો ચાર પાસનો મેળ પડે એમ હોય તો કહેજે.’
‘ ઓકે, સ્યોર, અને આજે ફેન્સી પણ આવવાની છે.’,
‘ તો તો આવવું જ પડશે. ફેન્સીની ફેન્સી સ્ટાઇલ તો જોવી જ પડે ને.’, અમે બંને એક સાથે હસ્યા.
‘ શી ઇઝ અ ગુડ ગર્લ.’, એણે નરમાઇથી કહ્યું.
‘ ખરેખર? મને તો ચીપકું લાગે છે.’
‘ આઈ નો. યુ આર જેલસ.’

‘ આઈ એમ જેલસ એન્ડ યુ લાઈક ઇટ..?’, મેં એક દરવાજો ખોલવાની શરૂઆત કરી. એ મારી સામે મિસ્ટિરિયસ આંખો કરીને જોઈ રહ્યો. આય જસ્ટ લવ્ડ હીઝ બ્લૅક મિસ્ટિરિયસ આય્ઝ. ત્યાંજ નિશાનો કૉલ આવ્યો.
‘ નિશા’, મેં મારો ફોન બતાવતા કહ્યું.
‘ વોટ વી કેન ડુ, ગો.’, એણે મિસ્ટિરિયસ સ્માઈલ આપી.
‘ ઓકે બાય્ય.’
‘ બાય્ય્ય.’, હું એની સાથે વધારે ટાઈમ રહેવા ઇચ્છતી હતી. કદાચ એ પણ.
***
વિવાન..! માત્ર બે દિવસ થયા હતાં. હું વિવાન વિશે વધારે જાણતી પણ નહોતી. બેરલી હું એને ત્રણ વાર મળી હતી. બટ એનામાં એવું તે શું હતું જે મને એના તરફ ખેંચી રહ્યું હતું. મારો ટેસ્ટ અને એનો ટેસ્ટ એકદમ ડિફરન્ટ હતો, છતાં અમે એકબીજાના ટેસ્ટને રિસ્પેક્ટ કરતા હતાં. હું જ્યારે પણ એની સાથે હોઉં ત્યારે હું ખૂબ એક્સાઇટેડ, નર્વસ, રોમેન્ટિક, સેફ અને બ્યુટીફૂલ ફીલ કરતી. એનો હાથ પકડીને ચાલતી હોવ, મારું માથુ એના ખભા પર ટેકવેલું હોય, એનો હાથ મારાં ખભા પર હોય, કોઈ નિર્જન સડક હોય ધીમો ઝરમર ઝરમર વરસાદ હોય અને બંને જસ્ટ એકલા ચાલ્યા જતા હોય એવી મારી ફેન્ટસી હતી.

બટ આ ફેન્ટસી સામે એક ક્વેશ્ચન હતો શું વિવાન એટલો બધો રોમેન્ટિક હશે ખરો? નો ડાઉટ એનો સેન્સ ઑફ હ્યુમર વોઝ ગુડ. હી વોઝ અ ગુડ ગાય. બટ એની હોબી કદાચ. એના કારણે મને એ કૂલ અને ટફ ગાય લાગી રહ્યો હતો.

બટ યુ નો.... ધેટ ઇઝ લવ.. વિચ મેક્સ યુ બ્યુટીફૂલ. વીચ મેક્સ ધીઝ વર્લ્ડ બ્યુટીફૂલ. જ્યારે તમે પ્રેમમાં હોવ ત્યારે તમને બધું જ સુંદર દેખાતું હોય. જ્યારથી વિવાન મારી લાઈફમાં આવ્યો ત્યારથી મને બધું જ સુંદર લાગી રહ્યું હતું. હું ઘણી પૉઝિટિવ બની ગઈ હતી, હું મારી પ્રોબ્લેમ્સથી ભાગવાને બદલે એને ફેસ કરી રહી હતી. યા હી વોઝ વિવાન...! ઑફ હુમ આઈ વોઝ વેઇટિંગ. હા એ વિવાન જ હતો જેની સાથે હું હોઉં ત્યારે પરફેક્ટ ફીલ કરતી હતી. હા એ વિવાન જ હતો જે મારાં માટે એક આશાનું કિરણ અને

ખુશીનું કારણ હતો. પણ એક જ સવાલ હતો ‘ શું એ પણ મને પ્રેમ કરતો હશે?’
***
સાંજે સાડા પાંચ વાગ્યા આસપાસ વિવાનનો કૉલ આવ્યો હતો એણે મને પાસનું પૂછવા માટે જ કૉલ કર્યો હતો. મેં એને કહ્યું કે ચાર પાસ જોઈશે. એણે કહ્યું કે ચાર પાસનું સૅટલમેન્ટ થઈ ગયું છે. અમે થોડી વાતો કરી. જસ્ટ ઓર્ડીનરી વાતો જ. પેપર... રીડિંગ.. શું કરે છે..?... તારે પણ ગરબા રમવા પડશે..! ઑલ સોર્ટ ઑફ ઓર્ડીનરી થિંગ્સ...! બટ આઈ વોઝ એક્સાઇટેડ ટુ મીટ હિમ..!

નવરાત્રિ મારો પહેલેથી જ ફેવરીટ ફેસ્ટિવલ રહ્યો છે. નવરાત્રિની લાઇટ્સ, ગુજરાતી ગરબા, ટ્રેડિશનલ ડ્રેસિઝ સ્પેશિયલી ચણીયાચોલી, લેટ નાઈટ ગરબા, હેન્ગિંગ આઉટ વિથ ફ્રેન્ડ્સ, નવરાત્રિ યુઝ્ડ ટુ બી માય બેસ્ટ ટાઈમ એવરીયર. અમે ચારેય ફ્રેન્ડ્સે ક્લાસની ગર્લ્સ પાસેથી ટ્રેડિશન ડ્રેસિસ એરેન્જ કરી લીધા હતાં. એમ તો હું દર વખતે નવરાત્રિ માટે ખૂબ જ તૈયાર થાઉં છું, બટ આ વખતે હું મારી જાતને કંઈક વધારે જ સજાવવા ઇચ્છતી હતી. મારાં મનમાં માત્ર વિવાનનો સ્માઈલ વાળો ચહેરો જ ફરી રહ્યો હતો.

વિવાન વોઝ ઓન માય માઇન્ડ. આઈ વોઝ પ્લાનિંગ ટુ ટીચ હિમ સમ ગરબા સ્ટેપ્સ..! જેથી વધારે ને વધારે હું એની સાથે રહી શકું. એટલે મેં મનમાં મારો પ્લાન તો બનાવી જ નાખ્યો હતો. હું સિમ્પલ સ્ટેપ્સથી શરૂ કરીશ. એને પહેલાં ઠેસ લેતા શીખવાડીશ. પછી છઠીયુ, ચકરડી અને પછી જો એને ફાવી જશે તો દોઢીયા પણ શીખવાડીશ. હું બસ એની સાથે વધારે ને વધારે ટાઈમ સ્પેન્ડ કરવા માંગતી હતી.

આઠ વાગી ગયા હતાં. બધાં ઑલમોસ્ટ તૈયાર થઈ ચુક્યા હતાં. મેં રેડ કલરની ચોલી પહેરી હતી. હાથમાં રેડ કંગણ, ગળામાં ઓક્ઝોડાઇઝ્ડના ઓર્નામેન્ટ સેટ. ચોલીનો એક છેડો કમર પર ખોંસ્યો હતો જેથી કમરનો ભાગ ખુલ્લો રહી શકે. મેં અરીસામાં જોયું..! હું એકલી એકલી હસી, વોઝ આઈ મેડ..? યા આઈ વોઝ, હું વિવાન માટે જ તૈયાર થઈ હતી અને એના માટે જ પાગલ. ઑફકોર્સ હું બ્યુટીફૂલ લાગી રહી હતી. હું એકલી એકલી અરીસામાં જોઈને હસી રહી હતી. નિશા, કુપા અને સોનુ પણ ચોલી પહેરીને તૈયાર થઈ ગયા હતાં..! નિશા ઓહ્હ ગોડ..! એ પણ બ્લૅક ચોલીમાં અને એના ગોરા શરીરમાં ગોર્જીઅસ લાગી રહી હતી. એ કપાળમાં ટીકો લગાવી રહી હતી અને મારી સામે જોઈ રહી હતી, મેં એને ફ્લાઇંગ કિસ આપી. એ બ્લશ કરવા લાગી.

‘ તને ખબર છે? બહાર વાદળ ઘેરાણા છે?’, સોનુ ગૅલેરીમાંથી આવીને બોલી. આજે સવારથી જ આકાશમાં વાદળો ઘેરાઇ રહ્યા હતાં. હું મનમાં જ પ્રાર્થના કરી રહી હતી કે પ્લીઝ વરસાદ ન આવે..! પ્લીઝ આજે નહીં. સવારથી ઘેરાયેલા વાદળો અત્યાર સુધી તો નહોતા વરસ્યા. બસ ચાર પાંચ કલાક હજુ રોકાઈ જાય. વિવાને મને સાડા આઠ વાગ્યાનો ટાઈમ આપ્યો હતો. બસ સાડા આઠ વાગવાની તૈયારી જ હતી. એ અમને પીકઅપ કરવા આવવાનો હતો. અમે અમારી સજાવટને લાસ્ટ ટચ આપી રહ્યા હતાં. ચહેરા પર ફાઉન્ડેશન, લીપસ્ટિક. લીટલ બીટ મેકઅપ. હું વારંવાર મારાં ઓર્નામેન્ટ્સને મીરરની સામે બરાબર કરી રહી હતી અને મનમાંને મનમાં હરખાઇ રહી હતી. સાડા આંઠને પાંચ મિનિટે મારાં મોબાઈલની રીંગ વાગી. વિવાનનું નામ સ્ક્રીન પર ફ્લૅશ થઈ રહ્યું હતું. મેં કૉલ રીસિવ કર્યો....

મેં કૉલ રીસિવ કર્યો એટલે એણે તરત જ કહ્યું ‘ કેટલું તૈયાર થશો હજુ...? હવે બસ કરો. બધાં ઘાયલ થઈ જશે.’ વોટ આઈ લાઇક્ડ અબાઉટ હિમ ઇટ વોઝ હીઝ સેન્સ ઑફ હ્યુમર. ‘ અરે તૈયાર જ છીએ. તમે ક્યાં છો?’, મેં સ્માઈલ કરતા કહ્યું.

‘ અમે તમારી સોસાયટીના ગેટની એક્ઝેક્ટ સામે.’, ‘ ઓકે તો અમે પાંચ મિનિટમાં આવીએ..!’ ‘ ઓકે બાય.’ ‘ બાય’.

શોર્ટ કન્વર્સેશન કર્યા પછી મેં કૉલ કટ કર્યો અને અમે બધાંએ અમારાં સેન્ડલ પહેરવાની તૈયારી કરી. મારાં મગજમાં સતત વિચારો વહી રહ્યા હતાં. હું કોની બાઇક પાછળ બેસીશ? એવું પણ ઇચ્છી રહી હતી કે કાશ હું અને વિવાન એક બાઈક પર એકલા હોઈએ. બટ મારે મારું એકલાનું તો નહોતું જ વિચારવાનું. મારી સાથે મારી ત્રણ ફ્રૅન્ડ પણ હતી. એટલે જો બાઈકમાં જગ્યા ના હોય તો અમે ચારેય ઓટો કરીને જ કર્ણાવતી ક્લબ જઈશું એવું નક્કી કર્યું..! અમે નીચે ઉતર્યા.

હીપ્પો આન્ટી નીચે જ ઊભા હતાં જાણે એ અમારાં માટે જ ઊભા હોય. ટીના પણ એમની સાથે હતી. એ અમારાં તરફ સ્માઈલ કરી રહી હતી અને હિપ્પો આન્ટી અમારાં સામે મોં ચડાવીને ઘૂરી રહ્યા હતાં. અમે લોકોએ ટીનાને સ્માઈલ આપી, હસતો ચહેરો અમે હિપ્પો આન્ટી તરફ પણ ફેરવ્યો બટ એનાથી એના ચહેરા પર તલભાર પણ ફરક ના પડ્યો. અમે દરવાજો ખોલ્યો અને બહાર નીકળ્યા. એ મરેલા ચહેરે અમારી સામે જોતા રહ્યા. ટીનાના ચહેરા પરથી એવું લાગી રહ્યું હતું કે એ અમારી સાથે આવવા માંગતી હતી બટ ન તો એણે કહેવાની હિંમત કરી ન અમે પ્રયત્ન. મારી ચોલી નીચે સુધી ઢસડાઇ રહી હતી એટલે મેં એને મારાં બે હાથથી ઊંચી કરી અને હું ચાલવા લાગી, નિશા, કૃપા અને સોનુએ પણ નૉટિસ કર્યુ એટલે એ લોકો પણ ચોલી બંને હાથો વડે થોડી ઊંચી કરીને ચાલવા લાગ્યા. આજે આખો દિવસ એ લોકોએ મારી બરબરની મેથી મારી હતી. એ વારંવાર વિવાનનું નામ લઈને મને ટીઝ કરી રહ્યા હતાં, ખાસ કરીને બોલકી કૃપા. સોનુ પણ ‘ આજ તો જીજુ સાથે દાંડીયા .’ એમ કહીને મને ચીડવી રહી હતી, હું એમને જરૂર ઓફેન્ડ કરી રહી હતી બટ અંદર ને અંદર હું હરખાઇ પણ રહી હતી. મને મારાં નામ સાથે વિવુનું નામ જોડાય એ સારું લાગી રહ્યું હતું બટ સાથે એકવાર એ પણ ડિસ્કસ થયું હતું કે ફેન્સીનું શું કરવાનું છે? મેં એ લોકોને કહ્યું કે હજુ કંઇ વિચાર્યુ તો નથી બટ હું કહીશ તમને. સો હજુ કોઈ પ્લાન નહોતો.

***

અમે લોકો સોસાયટીના ગેટ પાસે પહોંચ્યા. સૌથી પહેલાં મેં જે નૉટિસ કર્યુ તે વિવાન અને તેની બાઈક. તેની બાઈક પાછળ બે બોય્ઝ બેસેલ હતાં. ફેન્સી એક્ટિવા સાથે હતી, અને કોઈ બીજી એક છોકરી પણ એક્ટિવા લઈને ઊભી હતી. એ લોકો વાતો કરવામાં મશગુલ હતાં.

જ્યારે એણે અમને નૉટિસ કર્યા ત્યારે વિવાનની સૌથી પહેલાં નજર મારાં પર ગઈ. એની નજર એક એક સેકન્ડે મને વીંધી રહી હતી. મારી અને વિવાનની આંખો મળી, એણે મારાં માથાથી લઈને પગ સુધીનું નિરિક્ષણ કરવાનું શરૂ કર્યુ. જ્યારે એની નજર મારી ગોરી કમર પાસે આવીને અટકી ત્યારે હું થોડી શરમાણી પણ હતી. ફરી અમારી બંનેની આંખો મળી, હું એની આંખોની ભૂલભૂલામણીમાં ભટકી ગઈ હતી, મને જ્યારે યાદ આવ્યું કે અમારાં બંને સિવાય પણ બીજા લોકો અમારી સાથે છે ત્યારે મેં વિવાન સામે જોઈને મીઠી સ્માઈલ

કરી.

મેં બધાંને ' હાઇ' કહ્યું. ફેન્સી સહિત બધાંએ ' હાઇ' કહ્યું.
' ચલો હવે બેસી જાવ...', વિવાને એક્ટિવા તરફ ઇશારો કરતા કહ્યું. નિશાએ મારાં કાનમાં કહ્યું ' તું ફેન્સી પાછળ બેસી જા. આઈ કાન્ટ સીટ બીહાઇન્ડ ધેટ બીચ.', ગુસ્સો એના ચહેરા પર દેખાઈ રહ્યો હતો. ધેટ વોઝ ઓબ્વિયસ..! ગુસ્સો તો હોય જ ને. કારણ કે એનું બ્રૅકઅપ જેમ એ વિચારતી હતી એ પ્રમાણે ફેન્સીના કારણે જ થયું હતું. હું અને સોનુ બંને ફેન્સીની એક્ટિવા પાછળ બેઠાં. નિશા અને કૃપા બીજી એક્ટિવા પાછળ. ત્રણેયે પોતપોતાની બાઈક અને સ્કૂટર ચલાવી મૂકી.
***
' યુ લુક નાઇસ. વિવાને કહ્યું હતું તારા વિશે, મ્યૂઝિક ક્લાસ જોઈન કરવા વિશે.', ફેન્સી અને હું એકબીજા સાથે ઓળખાણ બનાવી રહ્યા હતાં.
' થેંક્સ. એન્ડ યુ ઑલ્સો લુક બ્યુટીફૂલ.', ફેન્સી ખરેખર ખૂબ સુંદર અને ફીટ છોકરી હતી. એના કપડા પરથી જ લાગી રહ્યું હતું કે એ આર્ટ લવર હશે, એની ચોલી ભરત અને કોડીઓથી ભરચક હતી. મેં એને પૂછ્યું પણ ખરું કે તને ગરબા રમતી વખતે વજન નથી લાગતો, એનો જવાબ પણ એટલો જ સુંદર..! ' ગરબા રમવા માટે હું થોડી પ્રયત્ન કરું છું, હું તો એવું જ માનું છું કે શરીર મારું હોય છે, રમવા વાળી તો મા શક્તિ મા અંબે હોય છે.' હું એના આ જવાબથી ઇમ્પ્રેસ્ડ થઈ ગઈ હતી. મેં એને એના મ્યૂઝિક અને એક્ટિંગ ક્લાસ વિશે પણ પૂછ્યું, એ અમદાવાદની કોઈ ફેમસ આર્ટ એકેડમીમાં મ્યૂઝિક શીખવા માટે જતી હતી. એણે ઘણા પ્લે પણ કર્યા હતાં. એનો ઇન્ટરેસ્ટ પણ સોસાયટીને સર્વ કરવાનો હતો, મોસ્ટ ઑફ વુમન એમ્પાવરમેન્ટ, એ કહી રહી હતી કે એણે ઘણા નુક્કડ નાટકો અને શેરી નાટકો પણ કર્યા હતાં. એણે મને પણ ઓછા સવાલો નહોતા પૂછ્યાં. પણ અત્યાર સુધી મારાં માટે એને જણાવવા જેવું કંઈ નહોતું. મેં મારાં મ્યૂઝિક પ્રત્યેના લગાવ વિશે કહ્યું, મારો પેઇન્ટીંગનો ઇન્ટરેસ્ટ, મારો ડિઝાઈનિંગ નો ઇન્ટરેસ્ટ. સાથે સાથે મેં એને હું ઍન્જિનિયરિંગમાં કઈ રીતે આવી એનો સ્મોલ ઓવરવ્યું પણ આપ્યો. હું મારાં આ સુંદર ટાઈમને ઘમરોળવા નહોતી માંગતી એટલે હું એ ટોપિક પર વધારે ગઈ જ નહીં. અને છેલ્લે એણે એ પૂછ્યું કે વિવાન સાથે મારી મુલાકાત કઈ રીતે થઈ.

આ સવાલનો જવાબ આપવો મને થોડો ઓકવર્ડ લાગ્યો. આખી વાર્તા કંઈ ઉખાળીને તો બેસાય એમ નહોતું. એટલે મેં એને જસ્ટ એમ કહ્યું કે વિવાન મારો ક્લાસમૅટ છે. વિવાને ફેન્સીનો જ્યારે મેક- ડી વાળો ફોટો મોકલ્યો હતો ત્યારે તે ગુસ્સામાં હતી એવું કહી રહી હતી, કદાચ એટલે જ મને એ ઇગોસ્ટિક લાગી હશે. બટ ફેન્સી વોઝ સો સોફ્ટ હાર્ટેન્ડ. અને હું એ નરમ હૃદયની લાગણીઓની હત્યારી બનવાની હતી એ હું કઈ રીતે ભૂલી શકું એમ હતી. અમે બંનેએ એકબીજાના ઇન્ટરેસ્ટ કહ્યા, એકબીજાની હોબીઝ કહી, ફ્યુચર પ્લાનિંગ, કૂકિંગ વગેરે વગેરે. મારાં અને ફેન્સીના ઇન્ટરેસ્ટ બહુ જ કોમન હતાં. મને ફેન્સી સાથેની પંદર મિનિટની સવારી ખૂબ સારી લાગી હતી. બટ અત્યાર સુધી વિવાન પ્રત્યેના ફેન્સીના અટ્રેક્શનની કોઈ વાત એણે નહોતી કરી, ન તો હું એ વિશે કોઈ વાત કરવા માંગતી હતી, હું એવું કશું જ કરવા નહોતી માંગતી કે હું વિવાનને મેળવવા માટે મુશ્કેલી ઊભી કરું, ન તો ફેન્સી તરફ હું કોઈ ખોટી સહાનુભૂતિ દર્શાવવા માંગતી હતી. જે વાત મને ત્યારે ખૂંચી રહી હતી તે એ હતી કે નિશા લવ ટ્રાયએંગલનો ભોગ બની હતી અને એ જ કારણે નિશાને કરેલું પ્રોમિસ. બીજું એક દ્રશ્ય જે મારી આંખોને ખૂંચી રહ્યું હતું તે એ હતું

કે જેમાં ફેન્સી રડી રહી હતી અને એ પણ મારાં કારણે. એક્ટિવા ઊભી રહી એટલે હું મારાં ઘનઘોર વિચારોમાંથી બહાર આવી. ત્યારે જ મને એ પણ ખબર પડી કે શાંત સોનુ મારી પાછળ બેસી હતી. હું મનમાં જ હસી. સાલી અમે બંને વાતો કરતા હતાં ત્યારે એક શબ્દ પણ નહોતી બોલી.

***

હું, નિશા, સોનુ અને કૃપા ફરી ભેગા થયા. નિશાએ મને કહ્યું કે ‘ એ લોકો જે છોકરીની એક્ટિવા પાછળ બેઠા હતાં તે વિવાનની નાની સીસ્ટર વિશાખા હતી, તે એર હોસ્ટેસનો કોર્સ કરી રહી છે.’ વિશાખાની હાઇટ પણ વિવાન જેટલી જ હતી, સાથે દેખાવડી પણ ખરી, મને પણ થયું કે તે એર હોસ્ટેસ માટે પરફેક્ટ હતી.

સાલા બંને ભાઈબહેનને સ્પીડનો જબરો શોખ હતો, વિવાન જમીન પર ઉડવા માંગતો હતો અને વિશાખા આકાશમાં. ઉડવુ તો મારે પણ હતું, મારે ઉડવુ હતું વિવાનના સપનામાં પરી બનીને....! અમે લોકો ભેગા થયા. વિવાને અમારું ઇન્ટ્રોડક્શન વિશાખા, જિગ્નેશ અને ફેન્સીના ભાઈ પ્રતિક સાથે કરાવ્યું. ફેન્સીના ભાઈને નિશાએ પહેલીજ નજરમાં જજ કરી લીધો હતો. ‘ બહેન સેલ્ફીશ અને ભાઈ ઠરકી’, આ જ શબ્દો નિશા મારાં કાન પાસે આવીને બોલી. મને એક ક્ષણ માટે થયું કે નિશાને સમજાવું કે ખરેખર ફેન્સી એવી નથી. પણ મને નિશાનો જવાબ પણ ખબર જ હતી.

‘ તુ વીસ મિનિટમાં ફેન્સીને બહુ સારી રીતે ઓળખવા લાગી નઇ ?’
‘ કોઈ આવવાનું છે?’, મેં પૂછ્યું.
‘ હા, તનું આવવાની છે.’, વિશાખાએ કહ્યું. તનું એટલે કે તન્મયા વિવાનની મોટી સિસ્ટર. ક્યુટ રીંકુની મમ્મી. વિવાન એમને જ કૉલ કરી રહ્યો હતો.
‘ એ લોકોએ એન્ટ્રી કરી લીધી છે. ચાલો’, વિવાન ફોન પર વાત કરીને આવ્યો. એણે મારી સામે જોઈને સ્માઈલ કરી, મેં પણ સ્માઈલ આપી.
‘ કાશ આજે આ વરસાદ ના આવે.’, અમે એન્ટ્રી લઈ રહ્યા હતાં ત્યારે કૃપા બોલી. સાથે એણે એ પણ કહ્યું કે જિગ્નેશ એની સામે લાઇન મારી રહ્યો છે. મેં પણ એને કહ્યું કે ‘ તો સેંટિંગ કરી નાખને.’, અમે લોકો કોઈને ખબર ના પડે એમ ધીરેથી હસ્યા. નવરાત્રિના બીજા જ દિવસે વરસાદના એંધાણ હતાં, સવારના વાદળો ઘેરાયેલા હતાં અને હવે તો ઠંડો પવન પણ સૂસવાટા મારી રહ્યો હતો, હું નહોતી ચાહતી કે આજે વરસાદ પડે. હું આજે વધુને વધુ ટાઈમ વિવાન સાથે પસાર કરવા માંગતી હતી, એટલે અજાણતા જ હું વિવાનની બાજુમાં ચાલી રહી હતી. અને મારી રૂમ પાર્ટનર્સ મારાં સામે જોઈ જોઈને ધીમે ધીમે હસી રહી હતી.

‘ તુ આજે કેમ કંઈ બોલતી નથી?’, મેં મારી બાજુમાં ચાલી રહેલી નિશાને પૂછ્યું.
‘ શું બોલુ? ’, એ બોલી અને હું થોડી વાર માટે ચુપ જ રહી. અમે લોકો ગ્રાઉન્ડમાં આવી ગયા હતાં.
‘ અમે પાણી પી ને આવીએ.’, મેં ફેન્સીની સામે જોતા બધાંને કહ્યું.
‘ ઓકે..!’, ફેન્સી બોલી. હું, નિશા, કૃપા અને સોનુ ત્રણેય નાસ્તાના સ્ટોલ્સ તરફ ગયા. પાણીનું તો બહાનું હતું, મારે નિશા સાથે થોડી વાતો કરવી હતી.

‘ નિશા આપણે લોકો ગરબા રમવા આવ્યાં છીએ, સો પ્લીઝ સ્માઈલ. વિવાન સાથે વાત કર, વિશાખા સાથે વાત કર. યાદ છે ને આપણે ફ્રૅન્ડશીપ વધારવાની છે.’, મેં નિશાને સમજાવતાં કહ્યું.

‘ યાર, મને વિવાન સાથે બોલવામાં કોઈ પ્રોબ્લેમ નથી. બટ પેલી કુત્તી ફેન્સી છે એટલે મને ગુસ્સો જ આવે છે. હુ એનો ચહેરો એક ક્ષણ પણ જોઈ શકતી નથી.’, હું ખરેખર મૂંજવણ ભર્યું ફીલ કરી રહી હતી. મને ફેન્સી એક સારી છોકરી લાગી રહી હતી અને એ હું નિશાને કહી નહોતી શકતી.

‘ જો નિશા, આજના માટે બધું જ ભૂલી જા. આજે આપણે લોકો એન્જોય કરીએ. જસ્ટ કામ ડાઉન, ફેન્સીને તું જસ્ટ ઇગ્નોર કરને. એમ સમજ કે તે અહીં છે જ નહીં.’
‘ બરાબર છે નિશા.’, સોનુ બોલી.
‘ યા.’, કૃપાએ પણ સૂર પૂરાવ્યો..
‘ જસ્ટ ફરગેટ એવરીથિંગ એલ્સ. હું તો કહું છું તું તારી જાતને પણ ભૂલી જા અને તું તારી જાતને માં અંબાને આપી દે. એ બધું જ ઠીક કરી દેશે.’
‘ બસ હવે તારી ફિલોસોફીના ફૂવારા બંધ કર.’ એણે હસતા હસતા ચહેરો હલાવ્યો.
‘ ઓકે હું એન્જોય કરીશ, બટ તને યાદ તો છે ને ફેન્સીનું શું કરવાનું છે..? ક્યાંક તું એના પ્રેમમાં ના પડી જતી.’, મેં નિશાના ચહેરા પર કદરૂપી સ્માઈલ જોઈ. મારાં હૃદય પર હથોડો જીકાયો. પણ હું મારો પેશન્સ ગુમાવું એમ નહોતી.

‘ તુ જે ચાહે છે એવું જ થશે. ટ્રસ્ટ મી માય ડાર્લિંગ.’, મેં નિશાના ખભા પર હાથ મુકતા કહ્યું. બટ આ અજાણતા થયેલું પ્રોમિસ હવે મને હેરાન કરી રહ્યું હતું.

‘ શું ગપ્પા મારો છો?’, ફેન્સીએ પાછળથી આવીને પૂછ્યું.
‘ કંઈ નહીં, બસ કાલના પેપરની વાતો કરીએ છીએ..!’ પાણી?’, મેં કૃપાના હાથમાં રહેલી પાણીની બોટલ તરફ ઇશારો કર્યો.
‘ ગુડ ગુડ. બટ આપણે અત્યારે ગરબા એન્જોય કરવા આવ્યાં છીએ, સો એન્જોય કરો.’, કૃપાએ ફેન્સીને પાણીની બોટલ આપી.
‘ યા એન્જોય કરવા જ આવ્યાં છીએ.’, નિશાએ કટાક્ષ ભરેલા બોલ કહ્યા. ફેન્સીના ચહેરા પર થોડી ચિંતાની રેખાઓ ખેંચાણી.
***
આધાશક્તિની આરતી પૂરી થઈ ચૂકી હતી. સ્ટેજ પરના ગાયકોએ ધીમે ધીમે ગરબા શરૂ કરી દીધા હતાં, સ્ટેજની નજીક જ સારી જગ્યા શોધી લીધી હતી. બધાં કહી રહ્યાં હતાં કે સાદા સ્ટેપથી જ શરૂઆત કરીએ, વિવાન મારી સામે સતત જોઈને મંદમંદ મુસ્કાઇ રહ્યો હતો, હું પણ અંદર અંદર જ ખીલી રહી હતી.
‘ હે કાના...! હું તને ચાહુ...! હું તને ચાહુ......! હું તને ચાહુ....! ’, ગાયકે નવો ગરબો શરૂ કર્યો. અમે બધાંએ ગરબા શરૂ કર્યા. હું આ ગરબાને વિવાન સાથે રિલેટ કરી રહી હતી. ઇનફેક્ટ મારાં પગ વિવાનના ચહેરાને જોઈને જ ઉપડી રહ્યા હતાં. વિવાનને એટલિસ્ટ સાદા ગરબા તો આવડતા હતાં. ઠંડો પવન, રોમેન્ટિક ગરબા, વિવાનનો ચહેરો, હું તો એની સામે જોઈ ફૂલ સ્માઈલ સાથે ગરબા રમી રહી હતી. એ પણ સતત મને જ જોઈ રહ્યો હતો. મેં આટલી ખુશી ક્યારેય મહેસૂસ નહોતી કરી. મારાં હાથની રૂવાટીં ઊભી થઈ ગઈ હતી, કદાચ એને પણ વિવાનનો ચહેરો જોવો હશે. નિશા પણ એન્જોય કરી રહી હતી. મારી સાથીદાર મારી પાછળ જ હોય ને. કૃપા મારી આગળ હતી, એની આગળ સોનુ, નિશા પાછળ વિશાખા હતી, એમની પાછળ તન્મયા, તન્મયા પાછળ વિવાન, વિવાન પાછળ ફેન્સી, ફેન્સી પાછળ પ્રતિક, પ્રતિક પાછળ જિગ્નેશ ઉર્ફ જીગીયો અને જીગીયા પાછળ

તન્મયાના હસબન્ડ દિપેશ રીંકુને તેડી ધીમે ધીમે ચાલતા હોય એવી રીતે ગરબા લઈ રહ્યા હતાં. રીંકુ જીદ કરી રહી હતી એને એને નીચે રમવુ છે, પણ દિપેશ નીચે ' વાગી જશે' એવી દલીલ કરી રહ્યા હતાં. તો આ હતું અમારું ચકરડું, ધીમે ધીમે ગરબાની સ્પીડ વધી રહી હતી, એવી જ રીતે રોમાંચ પણ વધી રહ્યો હતો. કૃપા રમતા રમતા મને જિગ્નેશ વિશે કહી રહી હતી કે જિગ્નેશ એની સામે સતત જોઈ રહ્યો છે. એ આ કહેતા કહેતા હસી રહી હતી..! ' તને ગમે છે?', મેં પણ એને પૂછ્યું.

' છાની માની ગરબા રમ.', એણે મને તાળી પાડતા પાડતા મુક્કો બતાવ્યો.
' ઉંબરે ઊભી સાંભળુ રે બોલ વાલમ ના, ઘરમાં સૂતી સાંભળુ રે બોલ વાલમ ના...! બોલ વાલમ ના......! ઉંબરે ઊભી સાંભળુ રે બોલ વાલમ ના..!', ગરબો ચૅન્જ થયો...! અમે લોકો જોશમાં આવીને ગરબા લેતા લેતા ગરબા ગાવાનું પણ શરૂ કર્યું.
' ઝૂલતાં જોકો વાગશે મને, કૂદતાં કાંટો વાગશે મને...! ઝૂલતાં જોકો વાગશે મને, કુદતા કાટો વાગશે મને...!, વાગશે રે બોલ વાલમના, વાગશે રે બોલ વાલમના,' અમે લોકો પાગલ બનીને તાલમાં ગરબા લઈ રહ્યા હતાં. અને હું તો સાવ પાગલ બની ગઈ હતી, મારી સામે મારો વિવાન હતો...! ' મારો વિવાન...?', હા એ સમયે મેં આવું જ કંઈક ફીલ કર્યુ હતું. બધાં સૂરમાં ગાઈ રહ્યાં હતાં, તાલમાં રમી રહ્યાં હતાં. ધીરે ધીરે ગરબા રમવાની સ્પીડ વધી રહી હતી. હું વિવાન સામે જોઈ રહી હતી એ તન્મયા દીદીએ નૉટિસ કર્યુ. એણે મારી સામે સ્માઈલ કરી. અમે ગરબા રમવાનું શરૂ રાખ્યું. પગની ઠેસો અને હૈયાની ધડકનની સ્પીડ વધી રહી હતી. થોડી વાર પછી વિશાખાનો પગ નિશાની ચોલી પર પડ્યો. એટલે એ લોકોનો તાલ વિખાઈ ગયો, નિશા પડતા પડતા રહી ગઈ. મને ડર હતો કે નિશા કંઈ બોલે નહીં, બટ નિશાએ વિશાખા સામે સ્માઈલ કરી અને એ લોકો ચોલી ઠીક કરવા સાઈડમાં ઊભા રહી ગયાં.

' હે મને લાગે છે બીક હાંય હાંય રે ... હાંય હાંય હાંય રે... હાંય હાંય હાંય રે...', આ ગરબો હું ઊંચા સ્વરે ગાઈ રહી હતી. જ્યારે પણ તાળી પાડવા હું ફરતી ત્યારે તન્મયા પાછળનો વિવાનનો ચહેરો હું જોઈ શકતી હતી.
' બીક રાખો તો પ્રીત કેમ થાય રે.. થાય થાય થાય રે... થાય થાય થાય રે...', જ્યારે મેં આ કડી વિવાનના ઊંચા સ્વરમાં સાંભળી ત્યારે મારાં હૃદયની ધડકવાની સ્પીડ અત્યાર સુધીની ટોચ પર હતી. મને ખબર હતી એ કડી વિવાન મારાં માટે જ ગાઈ રહ્યો હતો. હું એની આંખોમાં પ્રેમનો ઇઝહાર વાંચી રહી હતી.

' હે મને લાગે છે બીક હાંય હાંય રે ... હાંય હાંય હાય રે... હાંય હાંય હાય રે...', ફરી એ કડી આવી અને અમે બધાંએ ઊંચા સ્વરે એકસાથે ગાઈ..!
' હવે બોલી દવ ભેદ ખોલી દવ... રાખું શરમ ના આટલી.', બોય્ઝ લોકોએ પ્રચંડ અવાજે આ કડી ગાઈ. વિવાન આ વખતે એના હાથથી ઇશારો કરી રહ્યો હતો. ' રાખું શરમ ના આટલી...' તન્મયા મને જોઈને ફરી સ્મિત કરવા લાગી. ગરબાની સ્પીડ સતત વધી જ રહી હતી. એક કલાક થઈ ગયો હતો. હું ચાહી રહી હતી કે આ રાતની સવાર કદી ના પડે. વિશાખા અને નિશાએ જોઈન કર્યુ. એ લોકો કૃપાની આગળ જોઈન થયા. હવે ચલતી ફૂલ સ્પીડમાં ચાલી રહી હતી.

' કાનુડો માંગ્યો દે ને યશોદા મૈયા... કાનુડો માંગ્યો દે.. કાનુડો માંગ્યો દે ને યશોદા મૈયા... કાનુડો માંગ્યો દે...', ફરી એક નવી કડી અને અજાણતા જ મારી નજર તન્મયા દીદી સાથે

મળી ગઈ... હું હસી પડી... હું પાગલ.. એ પણ હસવા લાગ્યાં.

‘ આજની રાત અમે રંગભર રમશું... આજની રાત અમે રંગભર રમશું... હેં........... તાજૌળે તોળી તોળી..! લે ને રે યશોદા મૈયા... કાનુડો માંગ્યો દે ને યશોદા મૈયા... કાનુડો માંગ્યો દે.’, આ વખતે તો મેં કોઈ ડર વિના ગાતા ગાતા તન્મયા દીદી સાથે નજર મેળવી. એ હસવા લાગ્યા. ‘ હી ઇઝ યોર્સ.’, એ હસતા હસતા ધીમેંથી બોલ્યા. ચલતી પૂરી થઈ. વિવાને ઇશારામાં ઘણું બધું કહી દીધું હતું, દીદીએ પણ હવે તો શબ્દોમાં હાંકારો આપી દીધો હતો. અને મારી એક્સાઇટેમેન્ટ અને ખુશીઓનો કોઈ પાર જ નહોતો.
***
ગરબાના મારાં પહેલાં દિવસની પહેલી એક કલાક મારી લાઈફની સૌથી સુંદર એક કલાક હતી, હું આનંદની ચરમસીમા પર હતી. બધાં બે પાંચ મિનિટના બ્રેકમાં રિલેક્સ થઈ રહ્યા હતાં. મારાં મનના વિચારોમાં, પગના થનગનાટમાં, મારાં ગરબામાંથી નીકળેલા બોલના હેતુમાં વિવાન સિવાય કોઈ હતું જ નહીં. આઈ વોઝ મેડ અબાઉટ વિવાન...! બધાં લોકો ડીસ્કસ કરી રહ્યા હતાં કે કોઈ નવુ સ્ટેપ રમીએ. ‘ ચકરડી.’ નિશાએ તન્મયા દીદીને સજેસ્ટ કર્યુ, જે તરત જ એપ્રુવ થઈ ગયું. બધાંએ એક્સેપ્ટ પણ કરી લીધું. માત્ર વિવાન સિવાય. એ સાઇડમાં ઊભો રહી ગયો.

‘ કાનાને ગરબા તો આવડતા નથી, આજની રાત તમે રંગભર કઈ રીતે રમશો..?’, તન્મયા દીદીએ મને ધીમેથી હસતા હસતા કહ્યું.
‘ રાધા એને શીખવાડશે.’, મેં પણ હસતા હસતા કહ્યું. ઠંડા પવને એની સ્પીડ વધારી દીધી હતી. બધાંને એવું લાગી જ રહ્યું હતું કે વરસાદ આવશે જ. પણ મને હજુ એવું જ લાગતું હતું કે આજે વરસાદ નહીં જ પડે. જેટલો પણ સમય મળે લોકો કૂદી લેવા માંગતા હતાં.

‘ કુમ કુમના પગલા પાડ્યા. માડીના હેત ઘણા. કુમ કુમના પગલા પાડ્યા. માડીના હેત ઘણા. જોવાં લોક ટોળે વળ્યા રે. માડી તારા આવવાના એંધાંણા કળ્યા.’ ગરબા ફરી શરૂ થયા. ફરી ચક્કરડું બની ગયું. હું, મારી પાછળ તન્મયા, વિશાખા, ફેન્સી, જિગ્નેશ, પ્રતિક, નિશા, સોનુ કૃપા અને ફરી હું. વિવાન અને દિપેશ - રીંકુ સાઇડમાં જોવા માટે ઊભા રહી ગયા હતાં. અમે થોડી વાર રમ્યા. ગરબાની સ્પીડ સમય જતા વધવા લાગી.

હવે હું કોઈથી ડરું એમ નહોતી. હું ચક્કરની બહાર નીકળી અને વિવાનને ચક્કરમાં લઈ આવી. હું એને સાદા સ્ટેપમાંથી ચકરડી કઈ રીતે લેવી એ શીખવાડવા લાગી. સાથે સાથે એને ટચ કરવાનો મોકો પણ મળી જતો હતો, એ પણ મને કોઈ બહાનું શોધીને મારાં હાથને સ્પર્શીને સ્માઈલ કરતો હતો, બસ આ જ સ્પર્શ મારે જોઈતો હતો. ફોર્માલિટીવાળા આઈ લવ યુ ની જરૂર કોને હતી. અમે બંનેએ મનોમન જ પ્રેમનો સ્વીકાર કરી લીધો હતો. પણ આપણને એવી આદત પડી ગઈ છે કે લાગણીઓ જ્યાં સુધી શબ્દોમાં ના આવે ત્યાં સુધી ચેન ન પડે, વિશ્વાસ ન બેસે. વિવાનને ચક્કર મારતા ભુલાઇ જતુ હતું અને એ તન્મયા દીદી સાથે વારંવાર અથડાતો હતો, એ ગણી ગણીને અને મારાં સ્ટેપ જોઈ જોઈને સ્ટેપ્સ લઈ રહ્યો હતો, મેં તેને મારાં સ્ટેપ્સ ન જોવા માટે કહ્યું, એણે એવું કર્યુ પણ હજુ એ સ્ટેપ ભૂલી જતો હતો અને એનો તાલ વિખાઇ જતો હતો, સાથે મારો તાલ પણ.

‘ કોઈના સ્ટેપ જોમાં જસ્ટ ગરબાના તાલ પર ધ્યાન રાખ. કોણ શું વિચારશે એ ભૂલી જા. બિન્દાસ્ત તારા પગ જે રીતે ઇચ્છે તે રીતે એને ચાલવા દે. એકદમ ફ્રી થઈ જા. તને બધું જ

મળી જશે.', મેં વિવાનની આંખોમાં આંખો નાખીને કહ્યું. છેલ્લા વાક્યનો અર્થ પણ વિવાન સમજી જ ગયો હતો. પછી શું એક જ મિનિટમાં વિવાન બધાંની જેમ તાલમાં આવી ગયો. એ પછી તો ગરબા એવા ચાલ્યા એવા ચાલ્યા કે વિવાનને ગરબાનું સ્ટેપ આવડી ગયું એ ખુશીમાં અમે પણ સતત એક કલાક સુધી કોઈ રેસ્ટ વિના ગરબા રમતા રહ્યા. રમતા રમતા વિવાન ઘણીવાર મારાં હાથને જાણી જોઈને સ્પર્શ કરતો હતો. હું જસ્ટ એની સામે સ્માઈલ કરતી અને એના હાથને ભીંસતી. મારી ધડકનો આટલી એબનૉર્મલ અને પીક પર ક્યારેય નહોતી થઈ. મારાં આનંદની કોઈ સીમા નહોતી. એ સમયે હું જો કંઈ ચાહતી હતી તો વિવાનનો સાથ. જે ક્યારેય ના છૂટે. ગરબા પણ ચલતી પકડી રહ્યા હતાં, ઠંડો પવન અને કોઈક કોઈક છાંટા પણ હવે તો હાજરી પૂરાવી રહ્યા હતાં. હું તો વરૂણ દેવને મનમાં ને મનમાં પ્રાર્થના કરી રહી હતી કે પ્લીઝ આજે થોભી જાવ. પણ હું ચલતી ગરબાને મિસ નહોતી કરી રહી. સાચું કહું તો મારી લાઈફમાં પહેલીવાર આવા ગરબા જામ્યા હતાં. સાથે સાથે મારી લાઈફ પણ જામી હતી. મારી ખુશીઓ જામી હતી

' વગડાની વચ્ચે વાવડીને... વાવડી વચ્ચે દાડમડી... દાડમડીના દાણા રાતા ચોળ રાતા ચોળ...', ચલતીમાં ગરબો બદલાયો... વિવાન ચકરડી ભૂલી ગયો અને મારાં માથા સાથે એનું માથું અથડાણું. પણ ખરું કહેવાયને મને જરાંય દુખ્યું નહીં. અમે લોકો ચકરડાની બહાર નીકળી ગયા. ગરબા એના બીજા રાઉન્ડમાં પણ બરાબર જામ્યા હતાં..! પવનની ગતી વધી ગઈ હતી, એક બે વાર વીજળી પણ ઝબુકી. વરસાદના ઠંડા ઠંડા છાંટાની સંખ્યા હવે વધી ગઈ હતી. હવે નક્કી થઈ ગયું હતું કે વરસાદ આવશે જ.

' જીલણ જીલવા ગ્યા તા... કે ગરબે ઘુમવા ગ્યા તા...', એ ગીત ચાલી રહ્યું હતું. ત્યારે જ વિવાને બધાંને બૂમ પાડીને કહ્યું કે... ' અમે પાણી પીને આવીએ.', નિશા અને વિશાખાએ ગરબે જુમતા જુમતા જ ' ઓકે.' કહ્યું. મેં વિવાન સામે જોયું. હું સમજી ગઈ હતી. ફરી એક વાર પાણી એ તો બહાનું જ હતું.

એણે મારો હાથ પકડ્યો. મારાં અને તેના હાથની પાંચ આંગળીઓ મળી ગઈ. બંને હાથ પૂર્ણ થઈ ગયા. બંનેની આંગળીઓ વચ્ચેની જગ્યાઓ પૂરાઈ ગઈ જાણે એ જગ્યા એકબીજાના હાથની જ રાહ જોઈ રહી હોય. અમે બંને એકબીજાની આંખોમાં જોતા અને હાથ પકડીને ગ્રાઉન્ડના ગેટ તરફ ચાલતા થયા. મને ખબર નહોતી કે હું શું બોલીશ કે વિવાન શું બોલશે.? પણ પ્રેમમાં શબ્દોની જરૂર ક્યાં હોય છે, પ્રેમમાં તો હુંફાળી લાગણી જ જોઈએ.

અમે સ્ટેજથી થોડા આગળ ગયા અને અચાનક ઠંડો પવન અને ધીમા છાંટા વરસાદમાં કન્વર્ટ થઈ ગયા. જોરજોરથી પવન ફુંકાવા લાગ્યો, એક જ મિનિટમાં વરસાદ પણ જાણે પાગલ બની ગયો હતો એવું લાગ્યું. વરસાદના છાંટા જાણે ફ્રીઝરમાંથી બહાર કાઢ્યા હોય એવા ઠંડા હતાં. બધાં લોકો નાસ્તાના સ્ટોલ તરફ ભાગવા લાગ્યા. મેં વિવાન સામે જોયું. મેં વિવાનને કહ્યું કે ' આપણે પલળી જઈશુ.' એણે મારો હાથ ભીંસીને પકડી રાખ્યો. મારી ચોલી પલળી રહી હતી, મારું ટ્રેડિશનલ ડ્રેસિંગ વિખાઇ રહ્યું હતું, મારો મેક- અપ ઉતરી રહ્યો હતો પણ હું તો વિવાનને બોલ વશ થઈ ગઈ હતી. એ જેમ બોલે એમ જ કરી રહી હતી. પાંચ જ મિનિટમાં અમને બંનેને વરસાદે ઉપરથી નીચે સુધી પલાળી નાખ્યા. મારી ચોલી પાણીથી નીતરી રહી હતી. વિવાનનું કેડીયું પાણીથી તરબોળ થઈ ગયું હતું. પણ મારાં હાથમાં વિવાનનો હાથ હતો. મારે એના સિવાય કંઈ જ નહોતું જોઈતું. ગ્રાઉન્ડમાં બધે

જ કીચડ થઈ ગયો હતો, બટ કમળ અમારાં હાર્ટમાં ઉગ્યા હતાં.

વિવાન મને ગ્રાઉન્ડની બહાર લઈ ગયો. મેં પૂછ્યું ‘ આપણે ક્યાં જઈ રહ્યા છીએ?’ ‘ જ્યાં બસ હું અને તું જ હોઈએ.’, ‘ બધાં?’, મેં પૂછ્યું.
‘ ટ્રસ્ટ મી, બધાં આપણને મૂકીને ક્યાંય નહીં જાય.’, એણે હસતા હસતા કહ્યું. મેં પણ સ્માઈલ કરી. અમે પાર્કિંગમાં વિવાનની બાઇકે પહોંચ્યા, એણે મને બાઈક પર બેસવા હાથ આપીને હૅલ્પ કરી. એ પણ મારી પાસે બેસી ગયો. નાઉ ધીઝ વોઝ સ્ટ્રેંન્જ ફિલિંગ. આ પણ ફર્સ્ટ ટાઈમ હતું. મારી એક્સાઇટમેન્ટ અંદરથી ઉછળી રહી હતી. થોડો ડર પર લાગી રહ્યો હતો. હું શું બોલું એનો મને કોઈ જ ખયાલ નહોતો આવી રહ્યો. મને કોઈ જ વિચાર નહોતા આવી રહ્યા. એટલે જ કદાચ પ્રેમ સમાધીનો એક પ્રકાર પણ છે.

વિવાને એનો હાથ મારાં ગળા ફરતે વીંટાળ્યો. એણે મને એની બાહોમાં જકડી. હું પલળેલી, એ પલળેલો. મને ઠંડી ચડેલી હતી. પણ એનો સાથ મારી બધી જ ઠંડી ઊડાડી રહ્યો હતો. મારાં ખુલ્લા બાજુઓને એના ગરમ હાથનો સ્પર્શ થયો. મેં એની સામે જોયું. હું થોડી શરમાઇ રહી હતી. એની આંખો મદહોશ હતી, એની આંખોમાં નશો હતો, એની આંખોમાં મીઠુ ઝેર હતું, જે હું પીવા માટે તૈયાર હતી. એણે એનો જમણો હાથ મારાં ભીના વાળની અંદર ગળા પાસે મુક્યો. મારાં હૃદયના ધબકરાની ગતિની કોઈ ગતિ નહોતી. એ જોરજોરથી ધબકી રહ્યું હતું, જાણે એને બહાર આવી જવું હોય. એણે મારાં ગરદન પાસે એનો પલળેલ હાથ ફેરવ્યો. અમે બંને બસ એકબીજાની આંખમાં જોઈ રહ્યા હતાં. બસ હું ઇચ્છતી હતી કે હવે વિવાન એ ત્રણ શબ્દો બોલી નાખે. બસ એ બોલવાની તૈયારીમાં જ હતો. એણે બીજો હાથ મારાં ગાલ પર મુક્યો.

‘ યુ નો? તારી આંખો એક એક પળે મારાં હાર્ટને વીંધી રહી છે.’, એણે એના ધીમા, નશાકારી સ્વરમાં કહ્યું. એની આંખોમાં પૂરેપૂરી સચ્ચાઇ હતી. હું જસ્ટ એની આંખો જોતી રહી.
‘ મારાં શરીર પરનું એકેએક રૂવાટું, મારી આંખો, મારાં હોઠો, મારું એબનૉર્મલ હાર્ટ અને તેની પ્રત્યેક એબનૉર્મલ હાર્ટબીટ અને મારાં શબ્દો તને બસ એ જ કહેવા માંગે છે.
‘ આઈ લવ યુ અંકિતા.’
ધેટ વોઝ ધ હાઇટ ઑફ જોય આઈ હેડ એવર ફેલ્ટ ટીલ ધીઝ ડે.

‘ હું મારો દરેક દિવસ તારી યાદો અને તારા સાથ સાથે પસાર કરવા માંગુ છું. આઈ એમ ઇન લવ વિથ યુ.’, એણે મારી આંખોની ઉંડાઇમાં ઉતરીને કહ્યું. હું પાગલ થઈ ગઈ હતી. મને ડર હતો કે મારું હૃદય ક્યાંક આજે ફાટી ના જાય.

‘ આઈ લવ યુ માય. બેબી.. આઈ એમ મેડલી ઇન લવ વિથ યુ. આઈ લવ યુ. આઈ જસ્ટ લવ યુ. આઈ વોન્ટુ સ્ટે વિથ યુ એવરી મોમેન્ટ. આઈ લવ યુ’ હું શું બોલી રહી હતી એ મને જ નહોતી ખબર? મેં પણ મારો હાથ વિવાનના ગાલ પર મૂક્યો, એની રફ દાઢી, એના પલળેલા લાંબા રફ વાળ, એની એ જ નશીલી ઝેરી આંખો, એનું ક્યુટ નાંક, એની કાનની કડી, ઓહ્હ્હ માય ગોઓઓઓઓડ. આઈ વોઝ મેડ, વોટ વોઝ ધેટ? હજુ મને એ નથી સમજાતુ. એ મારાં શબ્દોને સાંભળીને મને બસ જોઈ રહ્યો. ચહેરા પર મંદ સ્માઈલ સાથે. હવે હું જાણતી હતી શું થવાનું હતું. એનો ચહેરો મારાં ચહેરાથી ચાર આંગળ દૂર હતો, હું એના ગરમ શ્વાસને મહેસૂસ કરી રહી હતી, એ પણ મારાં ગરમ શ્વાસને મહેસૂસ કરી રહ્યો

હતો, મારાંમાં એક તડપ હતી, મને થોડી ધ્રુજારી આવી રહી હતી. આ મારાં માટે પહેલો એક્સપિરિયન્સ હતો. એનો ચહેરો મારાં ચહેરાની થોડો વધારે નજીક આવ્યો. એના ગરમ શ્વાસોની તીવ્ર ગતી હું હવે વધુ નજીકથી મહેસૂસ કરી રહી હતી, એના પરથી જ મેં અંદાજો લગાવ્યો હતો કે એ પણ કેટલો એક્સાઇટેડ હતો. બસ હવે મારાં અને એના હોઠ વચ્ચે એક આંગળનું અંદર હતું.

હવે ૧ સેમી. ૦. ૫.... ૦. ૪........ ૦. ૩.... ૦. ૨.... ૦. ૧... એના હોઠ મારાં હોઠને સપર્શ્યા. ઇટ વોઝ હાર્ટ થ્રોબીંગ. બસ હવે મારે હું મારી જાતને વિવાનને સોંપી દેવી હતી. હું મારાં હોઠોને મુક્ત કરી દેવા માંગતી હતી, હું મારાં હોઠોને વિવાનના હોઠો સાથે પરણાવવા માંગતી હતી. ત્યાં જ, વિવાનના મોબાઈલની રીંગ વાગી. એન્ડ ધેટ વોઝ હાઇટ ઑફ ડિસ્ટર્બન્સ. મને એમ થયું કે એ મોબાઈલને ક્યાંક ફેંકી દઉં. આટલા વરસાદ પછી પણ એનો મોબાઈલ જીવતો ક્યાં રહી ગયો હતો.? વિવાનો ચહેરો મારાં ચહેરાથી થોડો દૂર ચાલ્યો ગયો. હજુ તો એકબીજાના હોઠોનો પાતળો સ્પર્શ જ થયો હતો. એણે એના કેડીયામાંથી મોબાઈલ કાઢ્યો.
એણે કૉલ રીસિવ કર્યો અને ફોન પર વાત કરતા કહ્યું કે, ‘ બસ આવીએ જ છીએ..!’
‘ શુ?’, એણે ચોંકતા કહ્યું.
‘ કોણ કોણ?’,
‘ ઓકે. આવીએ છીએ.’ એણે કૉલ કટ કર્યો.
‘ શું થયું?’, મેં વિવાના ટેન્સ ચહેરાને જોઈને કહ્યું.
‘ તારી ફ્રેન્ડ..... નિશા.’
‘ શું થયું પણ?’

‘ નિશા અને ફેન્સી કોઈ વાતથી ઝઘડ્યા છે.’, મારી બધી જ એક્સાઇટમેન્ટ પાણીમાં બેસી ગઈ. મારાં પેટમાં ફાળ પડી. મારી હાર્ટબીટ ફાસ્ટ જ હતી, બટ હું જે મહેસૂસ કરી રહી હતી એ ફિલિંગ ગભરામણ અને ડરની હતી. મારાં મનમાં વિચારોનું પૂર શરૂ થઈ ગયું હતું.
‘ શું કર્યુ હશે નિશાએ?, તું થોડી રાહ ન જોઈ શકી?’, હું બબડી.
***

પ્રકરણ – ૫
તીરાડ

ઇર્ષ્યા, દ્વેષ અને અભિમાનનો જન્મ હંમેશા અસંતોષમાંથી જ થતો હોય છે. ખરેખર તો ઇચ્છાઓ પણ અંતોષની જ પુત્રીઓ છે. અને અત્યારે મારી લાઈફમાં જે પણ બની રહ્યું હતું એ ઇચ્છાઓના ખેલ સિવાય શું હતું ? અત્યારે હું આસપાસ નજર કરું છું તો મને બધે જ ઇચ્છાઓના જંગલ સિવાય કશું જ દેખાતું નથી. મને તો એ પણ સવાલ થઈ રહ્યો છે કે શું પ્રેમ એ પણ ઇચ્છા જ છે? જો પ્રેમ ઇચ્છાઓથી પરે હોય તો પ્રેમની શું જરૂર છે? જો અંસોષ ન હોય તો તો પ્રેમની શું જરૂર? નો ડાઉટ હવે તો મને પણ લાગી રહ્યું છે કે પ્રેમ પણ એક ઇચ્છા સિવાય કંઈ જ નથી. અસંતોષ વિના આ દુનિયા ચાલી જ કેમ શકે ? અસંતોષ વિના એ દિવસે જે થયું એ થયું જ ના હોત.

અમે બધાં એ દિવસે ઇચ્છાઓના પોટલા લઈને જ ગરબા રમવા ગયા હતાં. નિશાની ઇચ્છા કોઈ કારણ વિના બદલો લેવાની, ફેન્સીના મતે એની ઇચ્છા પોતાની જાતને ગરબામાં ડુબોવી દેવાની, તન્મયા અને વિશાખાની ઇચ્છા જે સમય મળ્યો છે એને બધાંની સાથે ખુશીથી પસાર કરવાની, તન્મયાના હઝબન્ડની ઇચ્છા હતી કે તન્મયા અને રીંકુ એન્જોય કરી રહ્યા છે તો એમાં ખલેલ પહોંચાડ્યા વિના એમની ખુશીઓમાં વધારો કરવાની. પ્રતિક અને જિગ્નેશ કંઈ સંતોષી વ્યક્તિ તો નહોતા જ લાગી રહ્યા, કદાચ ઇચ્છા હશે એમની એકલતા દૂર કરે એવી વ્યક્તિની મેળવવાની. કૃપાની ઇચ્છા એના સ્વભાવ પ્રમાણે અટૅન્શનની, એ વધારે બોલતી એના પાછળનું એક કારણ એના અટૅન્શનની ઇચ્છા જ હતી. પણ શાંત સોનુની ઇચ્છા શું હોઈ શકે ? હું જે ફિલોસોફીમાં રમમાણ કરતી એમાં એવું પણ હતું કે જે જ્ઞાન પ્રાપ્ત કરી લે એની બોલતી બંધ થઈ જાય. કદાચ સોનુ ઓછું બોલતી એનું કારણ એનો સંતોષ પણ હોઈ શકે…! પણ ઇચ્છા તો સોનુની પણ હતી, સોનુએ એકવાર મને કહેલું કે ‘ હું વધારે એડવેન્ચરસ લાઈફ નથી ઇચ્છતી, એડવેન્ચર મારાં સ્વભાવમાં પણ નથી, નો ડાઉટ હું ઓછું બોલું છું, બટ એનો મતલબ એ નથી કે હું એન્જોય નથી કરતી, મારી કોઈ મોટી મોટી ફેન્ટસી નથી, બટ હું ઇચ્છુ છું કે ૧૦ વર્ષ પછી જ્યારે પણ હું સુખમાં કે દુખમાં હોવ ત્યારે મારી પાસે કેટલીક એવી યાદો હોય કે જે મને આરામ આપે. કેટલીક એવી પળોની યાદો હોય જે ખરેખર મારી સજ્જડ કઠોર થઈ ગયેલી આંખોને આંસુ આપી શકે.’

એ દિવસે મેં સોનુને પહેલી વાર આટલું લાંબુ વાક્ય બોલતા સાંભળી હતી. તો સોનુની ઇચ્છા પણ હતી, કેટલીક પળોને ઘડવાની. જે એ યાદ કરી શકે. વિવાનની ઇચ્છાઓ….? એક્ચ્યુઅલી ત્યારે એ સહજ લાગતું હતું, એને ઇચ્છા કહેવાય કે નહીં એના વિશે મને ખયાલ પણ નહોતો, પણ આટલા વર્ષો પછી તો મને જે દેખાઈ રહ્યું છે એ કહી શકું અથવા હું જજમેન્ટલ બનીને કહી રહી હોવ, કે વિવાનની પણ ઇચ્છાઓ હતી. કહેવાય છે કે પ્રેમમાં કોઈ ઇચ્છાઓ ના હોય, તદ્દન ખોટી વાત. વિવાનની ઇચ્છાઓ પણ હતી, મને સ્પર્શ કરવાની, મારાં હોઠોને સ્પર્શ કરવાની. ખબર નહીં બીજી કઈ ઇચ્છાઓ લઈને તે એ દિવસે આવ્યો હશે..? અને હું તો ઇચ્છાઓનું પોટલું જ લઈને આવી હતી, ચોલીથી લઈને ચાંદલા સુધી, કપાળ પર લટકતા ટીકાથી લઈને ચોલી પર ટાંકેલી ટીકી સુધી, બધી જ વસ્તુઓ મારી ઇચ્છાઓનું પ્રદર્શન કરતી હતી. મારી સૌથી મોટી ઇચ્છા વિવાનને પામવાની હતી. પણ ઇચ્છાઓની પૂર્તી

પછી પણ કોને સંતોષ થયો છે ?
***
જ્યારે હું અને વિવાન પાર્કિંગ શેલ્ટરની બહાર નીકળ્યા ત્યારે હું ઠંડીને કારણે થોડી થોડી ધ્રૂજી રહી હતી, વરસાદ ઝરમર ઝરમર હજુ આવી રહ્યો હતો, જોકે એ ઘણો ધીમો પડી ગયો હતો, બે મિનિટ પહેલાં જે વરસાદને આવવા માટે હું ના પાડી રહી હતી એ વિચાર પૂરેપૂરો બદલાઇ ગયો હતો. જો વરસાદ ના આવ્યો હોત તો વિવાન સાથેની આ અમુલ્ય પળો મને ના મળી હોત. એટલે હવે હું વરસાદનો આભાર માની રહી હતી, ધ્રૂજવાના કારણમાં થોડો ડર પણ હતો, જ્યારે તમે કંઈક ખોટું કરી રહ્યા હો ત્યારે તમને ડર તો હોવાનો જ. બે મિનિટ પહેલાં હું પ્રાર્થના કરી રહી હતી વરસાદ ના આવે, હવે હું ફરી એકવાર ભીખ માંગી રહી હતી કે પ્લીઝ નિશાએ બધાંની સામે ફેન્સી સાથેના ઝઘડાનું કંઈ બાફ્યુ ના હોય. નિશાનો સ્વભાવ તો હું જાણતી જ હતી, એ જ્યારે બોલતી ત્યારે બધે બધું સટા સટ, જેવુ હોય એવું કહી દેતી. એ કોઈની પરવા ન કરતી. બસ મને એના આ સ્વભાવનો જ ડર હતો. હું મનમાં જ પ્રાર્થના કરી રહી હતી કે કોઈ મોટી બબાલ ના હોય તો સારું.

વિવાનનો એક હાથ મારાં ખભા પર હતો, અમે ગ્રાઉન્ડમાં રીએન્ટ્રી કરી ત્યારે એણે એનો હાથ મારાં ખભા પરથી હટાવી લીધો. એણે વિશાખાને કૉલ કરીને પૂછ્યું કે એ લોકો ક્યાં છે. કૉલ પછી અમે બંનેએ કોઈ જ ખાસ વાત નહોતી કરી. હું જસ્ટ વિવાનને કહી રહી હતી કે ‘ બધું જ બરાબર થઈ જશે.’ પણ ખરેખર તો આવા દિલાસાની જરૂર એ સમયે મારે હતી. અમે લોકો હેવમોરના સ્ટોલ પાસે પહોંચ્યા. ત્યાં મારી રૂમ પાર્ટનરો સિવાય બધાં હતાં. સૌથી પહેલાં મારી નજર ફેન્સી પર જ પડી. એની આંખો પરથી લાગી રહ્યું હશે કે એ રડી હતી, એની ચોલી કીચડથી થોડીક ખરડાયેલી હતી. ગ્રાઉન્ડમાં થોડું કીચડ જામી ગયું હતું અને અમુક જગ્યાએ પાણીના ખાંબોચિયા પણ ભરાઈ ગયા હતાં.

‘ શું થયું?’, વિવાને પહોંચતા જ પૂછ્યું. ફેન્સી મારી સામે જોઈ રહી, મારી ગભરામણ વધવા લાગી. મારી અંદરનો ડર થોડો વધવા લાગ્યો. મેં ફેન્સીની આંખો સાથે આંખો ના મેળવી. મેં વિશાખા દીદી સામે જોઈ ને પૂછ્યું કે ‘ ક્યાં છે એ લોકો ?’, વિશાખા દીદીએ મને ઇશારો કરીને બે સ્ટોલ છોડીને ઉભેલા એ લોકોને બતાવ્યા.

‘ એક્સક્યુઝ મી.’, કહીને હું નિશા, કૃપા અને સોનુ ઊભા હતાં ત્યાં પહોંચી.
નિશા મોં ફૂલાવીને ઊભી હતી. એની ચોલી કીચડવાળી હતી, અલબત પાછળનો ભાગ પૂરેપૂરો કીચડ વાળો થયો હતો. લાગી રહ્યું હતું કે તે પડી હતી. બાબત કીચડની આસપાસ જ હતી, મેં અનુમાન લગાવ્યું.

‘ શું કર્યુ હવે તે?’, મેં નિશાની પાસે જઈને પૂછ્યું.
‘ મેં શું કર્યુ? તને થઇ શું ગયું છે? પેલી કુત્તી ને પૂછ એણે શું કર્યુ?’, નિશા મારાં તરફ એગ્રેસિવ થઈને બોલી. એ ગુસ્સામાં હતી.
‘ ઓકે ઓકે કામ ડાઉન. સોનુ કૃપા મને કહેશો શું થયું?’, મેં સોનુ અને કૃપા તરફ જોયું. એ લોકો ચુપચાપ ઊભા હતાં. શું સમજાવવુ અને કેવી રીતે સમજાવવુ એની મુંજવણમાં. હું સોનુના મોઢે જવાબ સાંભળવા માંગતી હતી એટલે મેં સોનુ સાથે આંખો મેળવી.

‘ એક્ચ્યુઅલી વરસાદ આવ્યો એટલે અમે બધાં થોડી વાર પલળ્યા અને પછી આ તરફ આવતા હતાં, તો નિશાના સેન્ડલ પર પાછળથી ભૂલથી ફેન્સીનો પગ આવી ગયો. અને નિશા

લપસી પડી.' સોનુએ ધીમે ધીમે બોલીને કહ્યું.

' પણ મને નથી લાગતું કે એનો પગ ભૂલથી આવ્યો હોય. એ એની પાછળ હતી તોય એણે નિશાને જરાંય ઊભા થવામાં હૅલ્પ પણ ના કરી.', કૃપા વચ્ચે બોલી. મૅટર ખૂબ નાની હતી, પણ નિશાની એક ઇચ્છાને કારણે આ મૅટરે મોટી સિચ્યુએશન ઊભી કરી હતી. હું નિશા તરફ ફરી.

' પછી? ફેન્સી કંઇ બોલી?', મેં નિશાને પૂછ્યું.
' એનો પગ ભૂલથી ન્હોતો પડ્યો. સાલીને જલન થતી હતી. એ કુત્તી બોલે તે પહેલાં મેં એના ગાલ પર એક જોરદાર તમાચો ચોડી દીધો. બોલે શું?', નિશાને જરાય ખયાલ પણ નહોતો કે તે ગુસ્સામાં અને આ તમાચા વાળા એક્સપ્રેશન્સમાં કેટલી કદરૂપી લાગી રહી હતી. નિશા પર મને થોડો ગુસ્સો આવી રહ્યો હતો.

' તે બહુ જ ગ્રેટ કામ કર્યુ છે નિશા. બહુ જ ગ્રેટ.', મેં નિશા સામેં દયાથી વ્યંગ્ય કરતા જોયું.
' મને નથી ખબર અડધા કલાકમાં વિવાન સાથે તે શું કર્યુ છે. પણ તું ઘણી બદલાઇ ગઈ છે. એમ કહી દેને તું કોની સાઇડમાં છો એટલે વાત પતે.', નિશાનો ગુસ્સો વધી રહ્યો હતો, હવે મને ખ્યાલ આવી ગયો હતો કે નિશા સાથે અત્યારે વાત કરવી બેકાર હતી.

' હું એજ અંકિતા છું, અને જે બોલવું હોય તે ચોખ્ખે ચોખ્ખું બોલ. અડધા કલાકમાં શુ કર્યુ એવી રીતે વાતને ગોળ ફેરવવાની જરૂર નથી.', મેં નિશાની સામે આંખો બતાવીને કહ્યું. વિવાને મને બૂમ મારી. મારી નજર એ સાઇડ ગઈ. વિવાને મને એ તરફ આવવાનો ઇશારો કર્યો.

' ચાલો. અને નિશા, ફેન્સીને સૉરી કહેજે.', મેં નિશા સામે દાબથી કહ્યું.
' હું નહીં કહું, શા માટે કહું? મેં કોઇ ગુનો કર્યો છે? એણે મને કીચડમાં પાડી, એક તમાચાની હકદાર તો એ પણ હતી.', નિશાએ એ જ ગુસ્સામાં કહ્યું.

' પ્લીઝ નિશા...', મેં વિનંતી કરતા કહ્યું. નિશાએ કોઈ જ જવાબ ના આપ્યો. હું તો બસ એ જ વિચાર કરતી હતી કે બધાંની સામે હું કઈ રીતે રિએક્ટ કરીશ. બધાંની સામે હું શું બોલીશ. હું શરમથી પીડાઇ રહી હતી.

' સૉરી ફેન્સી, નિશાને થોડી મિસઅન્ડરસ્ટેન્ડિંગ થઈ ગઈ હતી. એ પણ ઘણું ગીલ્ટી ફીલ કરે છે.', મેં ફેન્સીના ખભા પર હાથ મૂકીને કહ્યું. મેં નિશા સામે જોયું. એનો કોઈ જ રિસ્પોન્સ નહોતો. મેં થોડી આંખો પહોળી કરી. છતાં નિશા કંઈ જ ના બોલી. મેં વધારે આંખો બતાવી.

' આઈ એમ સૉરી, ઇટ વોઝ અ મિસ્ટેક.', નિશાએ પહેલાં મારી તરફ જોયું અને પછી ફેન્સી તરફ નજર ફેરવીને કહ્યું. ફરી નિશાએ મારાં તરફ નજર કરી. ફેન્સીની સાથે એણે મને પણ સૉરી કહ્યું હતું એ હું સમજી ગઈ હતી, બટ શા માટે ? એ મને નહોતું સમજાણું.

' સૉરી યાર, તમારાં લોકોનો મૂડ મારાં લીધે ખરાબ થયો. નિશાનો એવો કોઈ ઇરાદો ન્હોતો. ઇટ વોઝ જસ્ટ સીલી મિસઅન્ડરસ્ટેન્ડિંગ.', મેં બધાંની સામે જોઈને કહ્યું. તન્મયા દીદીએ મારાં ખભા પર હાથ મુક્યો અને ' ઇટ્સ ઓકે.' કહ્યું. ત્યારે મને તન્મયા દીદી મારાં મોટા બહેન જેવા લાગ્યા.

' ચલો આપણે જઈએ, આપણે લેઇટ થશે.', નિશા પાછળથી એ જ ગુસ્સાવાળા ટોનમાં

બોલી.
‘ અમે એ તરફ જ આવી રહ્યા છીએ, અને તમે ચાર લોકો તો સમાઇ જશો..! તમને વચ્ચે ડ્રોપ કરતા જઈશુ.’, તન્મયા દીદી બોલ્યા. મેં ડોકુ હલાવીને ‘ ઓકે’ કહ્યું. અમે લોકો બોલ્યા વિના જ બહાર નીકળ્યા. વાતાવરણ જરમર વરસાદ વચ્ચે રોમેન્ટિકમાંથી સિરિયસ બની ચૂક્યું હતું. થોડા ટાઈમ પહેલાં હું ચાહતી હતી કે વરસાદ ના આવે, પછી હું વરસાદ આવ્યો એનો આભાર માનતી હતી અને હવે હું અફસોસ કરી રહી હતી કે વરસાદ ના આવ્યો હોત તો સારું હતું. ત્યારે એક્સપિરિયન્સ થયો કે જીવન એ માત્ર પળ પળનો જ ખેલ છે.

અમે દિપેશની i10 માં પાછળની સીટ પર બેઠા. તન્મયા દીદી આગળની સીટ પર હતાં અને એમના ખોળામાં રીંકુ હતી. મેં તન્મયા દીદી પાસે એમના નંબર લેવા માટે વાત કરી એના સિવાય અમે કોઈ કંઈજ નહોતા બોલ્યા. ધેટ વોઝ ધ લોંગેસ્ટ ડ્રાઇવ. એન્ડ ધેટવોઝ ધ મોસ્ટ સાયલન્ટ ડ્રાઇવ ઑફ માય લાઈફ આઈ એવર હેડ.
***
સાયલન્ટ ડ્રાઇવે કોઈ જ શાંતિ આપી નહોતી, બલકે ઉકળાટ વધ્યો હતો અને મારો નિશા તરફનો ગુસ્સો પણ. રૂમે પહોંચીને બધાંએ કપડા ચૅન્જ કર્યા. એક કલાક સુધી રૂમમાં કોઈ જ બોલ્યુ નહીં. નિશા મારી સામે આંખો નહોતી મેળવી રહી. પણ મારો ગુસ્સો કંઈ શાંત નહોતો થયો. આવતી કાલના પેપરની તૈયાર માટે ચારમાંથી કોઈએ વાંચ્યુ નહોતું. બટ એની કોને પરવા હતી. વિવાનનો ‘ પહોંચી ગયા ?’ એવો મૅસેજ આવ્યો હતો. હું નિશાની સાથે વાત કરીને એને કૉલ કરવાનું જ વિચારી રહી હતી. ઑલમોસ્ટ સાડા બાર વાગી ચુક્યા હતાં. નિશા કાનમાં ઇયરફોન નાખીને બીજી રૂમમાં કૃપા સાથે એક તરફ શાંતિથી બેઠેલી હતી, સોનુ એનો બેડ વ્યવસ્થિત કરી રહી હતી.

મેં ગૅલેરીમાં જઈને વિવાનને કૉલ કર્યો.
‘ પહોંચી ગઈ ?’,
‘ હા ડીઅર. ક્યારના. એન્ડ સૉરી આજના માટે.’, હું ખૂબ જ સૉરી ફીલ કરી રહી હતી.
‘ ફેન્સી કારણ વિના રડી હતી. અંકુ તે ખૂબ જ સેન્સીટીવ છે. એના પર આવી રીતે આજ સુધી કોઈએ હાથ નથી ઉઠાવ્યો.’, જે રીતે એ મને અંકુ કહીને બોલાવી રહ્યો હતો એ મને બહુ સારું લાગી રહ્યું હતું. થોડી રીલીફ પણ મળી રહી હતી.

‘ સો સૉરી વિવાન, મારે તને એક વાત કહેવી છે. હું તારા પર ટ્રસ્ટ કરું છું અને એવું માનું છું કે તું ગુસ્સે નહીં થાય એટલે જ કહું છું.’
‘ યા, ડૉન્ટ વરી. ટેલ મી.’
‘ આઈ એમ સો સૉરી યાર. હું ફેન્સી વિશે કંઈ નહોતી જાણતી અને મેં એના વિશે કેવું કેવું વિચાર્યુ.’, મારો અવાજ રૂધાંવા લાગ્યો.
‘ હેય્ય હેય્ય, સ્વીટ હાર્ટ. ડૉન્ટ વરી. એવરીથિંગ ઇઝ ફાઇન.’,
‘ આઈ એમ નોટ સ્વીટ હાર્ટ. આઈ એમ હાર્ડ હાર્ટ વિવાન. તારું અને નિશાનું બ્રૅકઅપ થયા પછી તમારાં બંનેની ફ્રૅન્ડશીપ કરાવવા માટે મેં નિશાને ભૂલથી એક પ્રોમિસ કરી દીધું છે. હું એવું વિચારી પણ કઈ રીતે શકું. ઇટ્સ નોટ માય નેચર.’
‘ વૉટ હેપ્પન્ડ અંકુ ટેલ મી.’, એના અવાજે થોડી સોફ્ટનેસ ગુમાવી. મારી ધડકનો વધી રહી હતી.
‘ નિશાને એમ લાગતું હતું કે તારા અને ફેન્સી વચ્ચે કંઈક છે, એના કારણે જ તમારું બ્રૅક અપ

થયું હતું ને?'
' હમ્મ્મ એક્ઝેક્ટલી. તો?'
' તો મેં તું અને નિશા બોલતા થઈ જાવ એના માટે નિશાને એમ કહ્યું હતું કે આપણે લોકો ફેન્સી અને વિવાનનો ઝઘડો કરાવીશું. એ જ શરતે નિશા તારી સાથે બોલવા તૈયાર થઈ હતી. સૉરી વિવાન. આઈ એમ સો સૉરી.', હું રડવાનું રોકી ના શકી.
' હેય હેય હેય, માય અંકુ. પહેલાં રડમાં. પ્લીઝ.'
' સૉરી વિવાન.'
' અંકુ તને ખબર છે? મને તારા પર કોઈ પણ વ્યક્તિ કરતા વધારે વિશ્વાસ છે. ભૂલ સ્વીકારવા માટે ગટ્સ જોઈએ. જે તારામાં છે. આ ગટ્સ જ મને ગમે છે. ડૉન્ટ વરી. હું ખુશ છું કે તે મને આ વાત કહી. અને હું ખુશ છું કે તે આવું કંઈ કરતા પહેલાં આ વાત કહી.'

' યુ આર માય હાર્ટ વિવાન. મેં મારી અત્યાર સુધીની લાઈફમાં કોઈને લવ નથી કર્યો. કોઈ છોકરા તરફ મને આવી ફિલીંગ્સ પહેલાં નથી થઈ. અને જો આપણે બંને સાથે નહીં રહી શકીએ તો યુ આર માય લાસ્ટ લવ. હું બીજા કોઈ વિશે વિચારી શકું એમ પણ નથી.', હું હજુ હીબકા ભરી રહી હતી.

' અંકુ, યુ નો. હું સ્પીડને લવ કરું છું. બટ તને એ નહીં ખબર હોય. અત્યારે મારી હાર્ટબીટ કેટલી સ્પીડમાં છે. યુ આર માય સ્પીડ. યુ આર સ્પીડ ઑફ માય લાઈફ. એટલે જ આઈ લવ યુ મોર ધેન એનીવન. અને તારે હવે રડવાનું બંધ કરવાનું છે કે મારે ત્યાં છ મહિનાની ગગલીને છાની રાખવા આવવી પડશે?', એણે એના ફની ટોનમાં કહ્યું.

' વિવાન... થેંક્સ. આઈ એમ ફિલિંગ ગુડ.', આવી નાની વાત કહીને મારું હૃદય ખૂબ જ હળવુ થઈ ગયું હતું. હું ખુશ હતી કે વિવાન મને સમજી શક્યો હતો. નો ડાઉટ હવે મને વિવાન પર કોઈ જ ડાઉટ નહોતો.
' નો થેંક્સ. અવર બોડી મે બી ડિફરન્ટ, બટ ઓવર સોલ ઇઝ વન. ચાલ હવે સ્માઈલ કર.', મેં મારાં ચહેરા પર સ્માઈલ લાવવાની કોશિષ કરી.
' આવી નાની સ્માઈલ નહીં, મોટી સ્માઈલ.', એ એવી રીતે બોલી રહ્યો હતો કે જાણે એ મારી સ્માઈલને જોઈ શકતો હોય. અને હું તો માનતી પણ હતી કે એ મને જોઈ જ રહ્યો હશે. એણે એની આંખો બંધ કરી હશે અને સામે મારો ચહેરો હશે.
' હવે બરાબર?', મેં મોટી સ્માઈલ ચહેરા પર લાવીને પૂછ્યું.
' યા માય અંકુ.', એણે એના સ્વીટ અવાજમાં કહ્યું.
' આઈ લવ ઇટ જ્યારે તું મને અંકુ કહીને બોલાવે છે.', મેં મારી ફિલીંગ્સ કહી.
' મારું પેટનેમ ભી છે.', એ હસતા હસતા બોલ્યો.
' યા આઈ નો. વિવુ ડાર્લિંગ.', મેં કહ્યું અને હું હસી પડી. એ પણ હસ્યો. અંદરથી કોઈ કાચની વસ્તુ ફુટી હોય એવો અવાજ આવ્યો.
' વિવુ હું નિશાને સમજાવીશ. હવે હું તારાથી કંઈ છૂપાવવા નથી માંગતી.'
' અને હું પણ અંકુ. એન્ડ ડૉન્ટ વરી. એવરીથિંગ વિલ બી ફાઇન.', એ ખૂબ જ સોફ્ટલી બોલ્યો.
' યા આઈ નો, બિકોઝ તું મારી સાથે છે. ચલ હવે હું અંદર જાઉં ? માય વિવુ બેબી?',
' બેબી? ધીઝ બેબી ઇઝ વેરી નોટી.',
' આઈ લાઈક નોટી બેબીઝ.'

‘ ધેન ગીમ્મી કિસ…’,
‘ હ્મ્મ્મ્મ.. એમ ના મળે. ’
‘ કેમ? બિકોઝ આઈ વોન્ટ રીઅલ..’
‘ આઈ ઓલ્સો બટ. ટેમ્પરરી માય અંકુ.’
‘ મુઆઆઆઆઆઆઆઆ….’, મેં મારાં મોબાઈલના માઇકને ચૂમીને વિવાનને એક લાંબી કિસ આપી.
‘ મુઆઆઆઆઆ.’, એણે પણ સામેથી કિસ આપી. ખરેખર તમે પ્રેમમાં હો ત્યારે પાગલ જ હો. શું મોબાઈલને કિસ કરવાથી. સામે વાળાને કિસ મળી જતી હશે..? હા મળી જાય પણ એને પહોંચાડવા માટે પ્રેમ જોઈએ. ત્યાં મોબાઈલનું નેટવર્ક કામ ના કરે. અમે બાય કહીને કૉલ કટ કર્યો. વિવાન સાથે વાત કરીને મને ઘણી રાહત થઈ હતી.

હું અંદર ગઈ. મેં કૃપા અને સોનુના રૂમમાં નજર કરી. એ લોકો સૂઈ ગયાં હતાં. મેં કિચનમાં જોયું. નિશા સાવરણી લઈને ફૂટેલા ગ્લાસના કાચને એક તરફ કરી રહી હતી, એના પગમાં કાચ વાગ્યો હતો, ફર્શ પર લોહી હતું છતાં એ કોઈ પરવા કર્યા વિના કાચને હટાવી રહી હતી. હું તરત જ નિશા પાસે ગઈ.

‘ ઓય્ય. ચલ ઊભી થા. પગમાંથી લોહી નીકળે છે ખબર નથી પડતી?’,
‘ મને બધી જ ખબર પડે છે. સમજી ?’, એની આંખો લાલ હતી. જાણે ગુસ્સો એની ટોચ પર હોય. એનો આવો ગુસ્સા ભરેલો અવાજ મેં ક્યારેય સાંભળ્યો નહોતો. મેં નિશાને ઊભી કરવા એના ખભા પર હાથ મુક્યો.

‘ ડૉન્ટ ટચ મી…’, એણે ચીસ પાડી.
‘ નિશા શું થયું છે તને?’, મેં ફરી એના ખભા પર હાથ મુક્યો.
‘ ગો અવે, એન્ડ લીવ મી અલોન. યુ’, આ વખતે એનો અવાજ વધારે પ્રચંડ હતો. એણે એના શબ્દોને કંટ્રોલમાં કર્યા. સોનુ અને કૃપા જાગી ગયા અને દોડતા દોડતા કિચનમાં આવ્યાં.
‘ શું થયું?’, સોનુ બોલી.
‘ નિશાના પગમાંથી લોહી નીકળે છે, મેં એને કહ્યું ઊભી થા. તો મારાં પર બુમો પાડે છે. ખબર નહીં શું થઈ ગયું છે.’, મેં કહ્યું. સોનુ અને કૃપા નિશા પાસે ગયા. બંનેએ નિશાને ઊભી કરી. ‘ ચલ હળદર લગાવી દઈએ.’, કૃપા બોલી.
‘ પહેલાં આને કહે મારી સામેથી ચાલી જાય.’, નિશાએ મારી સામે આંગળી ચીંધતા કહ્યું.
‘ શું થયું એ ખબર નથી.’, એ મારી સામે ખુન્નસ નજરોથી જોઈને બબડી. મને અંદાજો આવી ગયો હતો, એણે મારી ફોન પરની વાતો સાંભળી હશે. પણ મેં ક્યાં કઈ ખોટું કર્યુ હતું.
‘ નિશા જે બોલવુ હોય તે ચોખ્ખુ બોલ. મને ખોટું નહીં લાગે.’
‘ તારી સાથે બોલુ? આજ પછી તારું મોઢુ જોવે એ પણ બીજી. ’, એનો ગુસ્સો એના ચહેરા પર જલકતો હતો, એનો ગોરો ચહેરો લાલ થઈ ગયો હતો.
‘ કોઈ કહેશે શું થયું છે?’, કૃપા વચ્ચે બોલી.
‘ આને જ પુછ. બહુ ફ્રૅન્ડ ફ્રૅન્ડ કરતી હતી. મારી બેસ્ટ ફ્રૅન્ડ. મારી મોટી બહેન.’, ફરી નિશા ગુસ્સામાં બબડી. કૃપા અને સોનુએ મારી સામે જોયું.
મેં એ લોકોને વિવાન સાથે ફેન્સી વિશે જે વાત થઈ હતી એ કહી.
‘ અને તારે ફેન્સીને લાફો મારવાની ત્યાં શું જરૂર હતી? તારી ચોલી વરસાદમાં એમ પણ પલળેલી હતી.’,

‘ હજુ તું ફેન્સીનો પક્ષ લે.’
‘ નિશા સમજવાની કોશિષ કર. હું કોઈનો પક્ષ નથી લેતી. આઈ લવ વિવાન. એન્ડ વિવાન લવ્સ મી. અને વિવાનથી હું કંઈ છૂપાવવા નથી માંગતી એટલે જ મેં એને કહ્યું. ’,
‘ તો વિવાન પાસે જ ચાલી જા ને.’, હવે નિશાનું બોલવાનું વધી રહ્યું હતું, હવે નિશા નહીં એનો ગુસ્સો બોલી રહ્યો હતો.
‘ નિશા, સમજીને બોલ.’, હું મોટેથી બોલી.
‘ તુ શું પ્રોમિસ પૂરાં કરવાની , સાલી બોયફ્રૅન્ડ ચોર .’ , એક ક્ષણ માટે હું બધું જ ભૂલી ગઈ. જ્યારે મને ખબર પડી ત્યારે નિશાના ગાલ પરથી મારો હાથ નીચે ઉતરી ગયો હતો. મારી આંખો ભીની થઈ ગઈ હતી. ચારે બાજુ તમાચાના અવાજના કારણે સન્નાટો છવાઇ ગયો હતો.

‘ આજે તે સાબીત કરી દીધું કે તું મારી બેસ્ટ ફ્રૅન્ડ હતી.’, નિશા રડતાં રડતાં બોલી.
‘ અને તે પણ નિશા, પહેલાં કહ્યું હોત કે તને વિવાન પ્રત્યે હજુ ફિલીંગ્સ છે તો હું આગળ વધી જ ના હોત.’, હું પણ રડતાં રડતાં બોલી.
‘ સાલી તે તો અઢી દિવસના રિલેશન માટે અઢી વર્ષની ફ્રૅન્ડશીપ છોડી દીધી. ગેટ લોસ્ટ. ગેટ લોસ્ટ ફ્રોમ માય લાઈફ. ડૉન્ટ શો યોર ફેસ. એવર.’, એ રડતાં રડતાં ઢળી પડી.
‘ નિશા પ્લીઝ, ડૉન્ટ ડુ ધીઝ. નિશા.’, હું રડતાં રડતાં બોલી રહી હતી.
‘ જસ્ટ ગેટ લોસ્ટ, ગેટ લોસ્ટ. ગેટ આઉટ ફ્રોમ માય લાઈફ.’, એ રડતાં રડતાં બબડી રહી હતી. કૃપા નિશાને છાની રાખવા લાગી. સોનુએ આવીને મારાં ખભા પર હાથ મુક્યો અને ન રડવા કહ્યું. હું જવાબમાં કંઈ ના બોલી, કારણ કે હું નહોતી ઇચ્છતી કે મારી લવલી સીસ્ટર મારાંથી દૂર જાય.

મેં પણ સોનુને રડતાં રડતાં કહ્યું કે હું નિશાને કંઈ ઓછો લવ નથી કરતી. એને હું મારી મોટી બહેન માનું છું. પણ એ આવું કઇ રીતે બોલી શકે અને હું કઈ રીતે સહન કરી લવ. ખબર નહીં. એ દિવસે નિશા સાચી હતી કે હું. પણ ગુનેગાર બંને હતાં. અમે બંને એકબીજાના ગુનેગાર હતાં. બસ ગુનો સ્વીકારવા તૈયાર નહોતા.

એ દિવસે નિશા કૃપા સાથે બીજી રૂમમાં ઉંઘી અને સોનુ મારી સાથે નિશાના બેડ પર. હું એકલી એકલી મોડી રાત સુધી જાગતી રહી અને રડતી રહી. મને ઊંઘ પણ કઇ રીતે આવી શકે એમ હતી? કેટકેટલા વિચારોનો હથોડો મારાં મગજ સાથે ઝીંકાઇ રહ્યો હતો. મારું માથુ સખત ફાટી રહ્યું હતું. એ દિવસે છેલ્લે જ્યારે મેં ઘડીયાળ સામે નજર કરી ત્યારે સાડા ચાર વાગ્યા હતાં. હું બસ તડપતી રહી. મારી ફ્રૅન્ડશીપના બ્રૅકઅપના લીધે તડપતી રહી. નિશાનો ચહેરો યાદ કરીને તડપતી રહી. હું તડપતી રહી એક વિચારને વારંવાર ઘૂંટી ઘૂંટીને. શું મે ખરેખર નિશા પાસેથી કંઈ છીનવ્યું હતું? શું નિશા અને વિવાનના બ્રૅકઅપનું કારણ હું હતી? મને મારાં અને વિવાનની પહેલી મુલાકાત ફરી યાદ આવવા લાગી હતી. એ જ દિવસે તો વિવાને નિશા સાથે બ્રૅક- અપ કર્યુ હતું. એ મૅસેજ કર્યો હશે ત્યારે પણ હું વિવાન સાથે જ હતી. શું નિશાના બ્રૅક અપનું કારણ હું હતી? એ સવાલ મને અંદરો અંદર ખાઇ રહ્યો હતો. પણ એક તરફ મને વિવાન પર ભરોસો હતો. વિવાન મારી બધી પ્રોબ્લેમ્સ દૂર કરી દેશે. વિવાને જ મને મારી નવી લાઈફ આપી છે, એ જ મને ખુશીઓ આપશે. બસ એક જ આશા સાથે હું વહેલી સવારે ઉંઘી હતી. વિવાન બધું જ બરાબર કરી દેશે. હું ઘણી વાર સુધી બે વાક્યો બબડતી રહી હતી. આઈ લવ યુ નિશા. આઈ લવ યુ વિવાન.
***

પ્રકરણ – ૬
એકબીજાની આપ લે

આઈ ડીડન્ટ કૅર એની મોર. આઈ જસ્ટ ડીડન્ટ કૅર અબાઉટ નિશા. એ દિવસ પછી અમારાં બંનેના રૂમ અલગ થઈ ગયા. એનો બેડ કૃપા સાથે અને મારી બાજુમાં સોનુ. કોઈ પણ કામ માટે સોનુ અને કૃપા જ માધ્યમ બનતા. અમે લગભગ કોઈ ઇમ્પોર્ટન્ટ કામ વિના એકબીજા સાથે ડાયરેક્ટલી વાત ના કરતા. વાત કરતા તો પણ બંને સાથે વાત જ ન કરતા હોઈએ એ રીતે કરતા. બેસ્ટ ફ્રેન્ડ્સ હવે બેડ એટ ફ્રૅન્ડશીપ બની ગયા હતાં. કૉલેજ જવાનું તો સાથે જ હતું બટ કૃપા અને સોનુ છૂટાં પડે એટલે બંને જાણે એકબીજા સાથે ના હોઈએ એવું જ ફીલ થતું. ક્લાસમાં પણ બંનેનું બેસવાનું અલગ થઈ ગયું. ક્લાસની ફ્રેન્ડ્સને પણ ખબર પડી હતી કે અમે બંને વધારે બોલતા નહોતા. અમારાં બંને વચ્ચેના અબોલા વચ્ચેનું મેં ખોટું જ રીઝન આપ્યુ હતું, કદાચ એણે પણ ખોટું જ રીઝન આપ્યુ હશે. સ્ટીલ હું ક્યારેક એના પ્રત્યે બેડ ફીલ કરતી. કૃપા અને સોનુએ નિશાને કન્વીન્સ કરવાની ઘણી ટ્રાય કરી બટ એનો એક જ જવાબ રહેતો, ' હું એના વિના ખુશ જ છું.' કદાચ એ મારાં વિના ખુશ હશે બટ અમારાં બંને વચ્ચેના પ્રેમની જે ખુશી હતી, એ તો નહોતી જ. હવે હું મારી પ્રોબ્લેમનો કક્કો ગાયા કરું એવી અંકિતા નહોતી રહી. વિવાનના આવ્યાં પછી મારામાં ઘણો બદલાવ આવ્યો હતો. હું મુવ ઓન કરી શકું એટલી હિંમત તો રાખતી જ હતી. થોડા જ દિવસોમાં હું નિશા વિના રહેવાની આદતી બની ગઈ હતી. પણ ક્યારેક એના એ શબ્દો મારાં મનમાં આવી ચડતા.... આટલું કડવુ નિશા કઇ રીતે બોલી શકે..? મને વિશ્વાસ હતો આવું બોલવા વાળી નિશા તો નહોતી જ.

***

' વિવાનનું માથું જ્યારે મારાં ખોળામાં હોય, મારો એક હાથ એના વાળમાં રમી રહ્યો હોય. એણે મારો હાથ એની છાતીએ ભીંસેલો હોય, વાળમાં રમતો હાથ ધીરે ધીરે એના ચહેરા પર સૂકુનથી ફરતો હોય, એ એના હાથ વડે મારાં હાથને ગરમાહટ આપી રહ્યો હોય, મીઠી સમજણ ભરી વાતો થતી હોય, એ પળો મારી જિંદગીની સૌથી સૂકુનભરી અને આરામ દાયક પળો હતી. હું ઇચ્છતી હતી કે મારી છાતી સરસો વિવાનનો ચહેરો ક્યારેય દૂર ના થાય. બસ એ સુંદર પળો મારી જિંદગીની યાદગાર પળો છે. એ પળોમાં જ મારો પ્રેમ છે, એ પળોમાં જ મારી સુંદર યાદો છે, બસ એ યાદોના સહારે જ અત્યારે તો હું જીવી રહી છું.' અંકિતા બધું કહી રહી હતી અને કૃતિકા ખૂબ જ ધ્યાનથી સાંભળી રહી હતી. મોડી રાતે અંકિતાએ શરૂ કરેલી સ્ટોરી કહેતા કહેતા વહેલી સવાર થઈ ગઈ હોવા છતાં પણ સ્ટોરી શરૂ જ હતી. કૃતિ કૉફી બનાવી લાવી હતી અને ગરમા ગરમ કૉફીની ચુસ્કીઓ સાથે કૃતિ ખૂબ જ ધ્યાનથી અંકિતાની સ્ટોરી સાંભળી રહી હતી. બે માંથી કોઈ પણની આંખમાં જરાંય પણ ઊંઘ નહોતી. અંકિતા એની કહાની કહેતા પ્રસંગ પ્રસંગ પ્રમાણે હસી હતી, રડી હતી અને રોમાંચિત પણ થઈ હતી.

' જેમ નિશા તારી બેસ્ટ ફ્રૅન્ડ હતી એમ મારી પણ એક બેસ્ટ ફ્રૅન્ડ છે, વૈભુ.', કૃતિ અંકિતાની સ્ટોરીમાં ડૂબી ગઈ હતી, કૃતિએ અંકિતાને કહ્યું. કૃતિને પણ એની બેસ્ટ ફ્રૅન્ડ વૈભવીની યાદ આવી ગઈ હતી. કૃતિએ એના મોબાઈલમાં ગઈ કાલે એક વાગ્યે આવેલા વૈભવીના મૅસેજ વાંચ્યા.

‘ મારી ફ્રૅન્ડની ફ્રૅન્ડ છે, એની સગાઈ છે સંડે. તો હમણા એની તૈયારી કરી રહી છું.’, વૈભવીએ ‘ શું ચાલે છે?’ એવા કૃતિના મૅસેજનો જવાબ આપ્યો હતો. કૃતિએ એનો મોબાઈલ મૅસેજ જોઈને લોક કરી દીધો.

અંકિતા એ ફરી એની અધૂરી કહાની આગળ વધારી.
***
બસ એવી જ કેટલીક સુંદર પળો મેં વિવાન અને વિવાનના ફૅમિલી સાથે વિતાવી હતી. એક્ઝામ પછી હું પહેલી વાર વિવાન સાથે એના ઘરે ગઈ હતી. એ દિવસે વિવાનના પપ્પાનો બર્થ ડે હતો. કોઈન્સિડેન્ટલી એ દિવસે મારાં મમ્મીનો પણ બર્થ ડે હતો. મેં સવારે જ ફોન કરીને મમ્મીને વિશ કર્યુ હતું. એ દિવસે મમ્મી સાથે કોઈ બબાલ કે બોલચાલ નહોતી થઈ, જો કે હું એમનો યાદગાર દિવસ બોલીને બગાડવા પણ નહોતી માંગતી.

મમ્મી પૂછી રહી હતી કે ‘ તું ક્યારે આવવાની છો? તારી યાદ આવે છે.’ મેં કહ્યું કે હું થોડા જ દિવસોમાં આવીશ. વિવાનના ઘરે જતા મને થોડું સ્ટ્રેન્જ લાગી રહ્યું હતું. એના ઘરે બધાંનો રિસ્પોન્સ કેવો રહેશે? કોઈ પ્રોબ્લેમ તો નહીં થાય ને? વિવાનના પપ્પા કંઈ કહેશે તો નહીં ને? એ શું વિચારશે? એના મમ્મીને હું ગમીશ તો ખરી ને? આવા કેટકેટલા સવાલો મારાં મનમાં ઊભા જ હતાં. બટ વિવાનને એના ઘરના બધાં સભ્યો ઉપર વિશ્વાસ હતો. અને મને મારાં વિવાન પર.

એ દિવસે મેં પીંક બ્લુ કલરનો અનારકલી ડ્રેસ પહેર્યો હતો. વિવાનની બાઈક પર હું મારાં વિચારોને બને એટલા શાંત કરી રહી હતી. હું એકદમ વિચાર- શુન્ય બની જવા માંગતી હતી. હું કોઈ ડિસ્ટર્બન્સ નહોતી માંગતી. વિવાને ડોરબેલ વગાડ્યો આન્ટીએ દરવાજો ખોલ્યો. વિવાને કહ્યું ‘ મમ્મી’ એટલે મેં વિવાનના મમ્મીના પગ સ્પર્શ્યાં. એમણે મારાં માથા પર હાથ ફેરવીને ‘ સુખી રહો.’ ના આશીર્વાદ આપ્યા. એમણે લાલ કલરની બાંધણી પહેરી હતી, એ પણ ગુજરાતી સ્ટાઇલમાં. એમણે જ્યારે માથા પર હાથ ફેરવ્યો ત્યારે મને મારી મમ્મી યાદ આવી ગઈ હતી. મારી મમ્મી પહેલાં જ્યારે મારાં વાળ ઓળતી અને મને લાડ લડાવતી ત્યારે હું આવું જ ફીલ કરતી. એ માનો દીકરી પ્રત્યેનો પ્રેમ આહલાદક હોય છે. પણ ખબર નહીં હું મારી એ વ્હાલસોયી મમ્મીને ક્યાં ખોઇ બેસી હતી? અને કઠોર મમ્મીનો જન્મ ક્યારે થઈ ગયો હતો.

અમે લોકો ઘરમાં એન્ટર થયા. એક જર્મન શેફર્ડ કૂતરું વિવાન પાસે આવીને પૂંછડી પટપટાવવા લાગ્યું. વિવાન જ્યારે એના પર નીચે નમીને હાથ ફેરવવા લાગ્યો તો એણે એની જીભથી વિવાનનો ચહેરો ચાટવાનું શરૂ કરી દીધું. વિવાન એને મોન્ટુ નામથી બોલાવી રહ્યો હતો. મેં પણ મોન્ટુના માથા પર હાથ ફેરવ્યો એ મને પણ ચાટવા લાગ્યો. મેં એની ચીભથી બચવા મારો ચહેરો દૂર ખસેડી લીધો. વિવાનના મમ્મીએ મને સૌથી પહેલાં એમની કિચન બતાવ્યું. વિવાન મોન્ટુને લઈને ડ્રોઇંગ હોલમાં જ ઊભો રહીને સ્મિત કરતો રહ્યો. પાછળથી બોલ્યો પણ ખરો, ‘ રસોડા સિવાય બતાવવા જેવુ ઘણું છે.’. મમ્મીની સાથે હું પણ થોડું હસી.

સાંજનો સમય હતો લગભગ સવા સાત વાગી ગયા હતાં. રસોઈની તૈયારી થઈ રહી હતી. વિવાનના મમ્મી ભાવનાબહેને ભાવથી રસોઈ બનાવવાની શરૂઆત કરી દીધી હતી. એ કહી રહ્યા હતાં કે આજે એ પંજાબી સબ્જી બનાવવાના છે, સાથે એમણે ઇન્સ્ટન્ટ ગુલાબ જાંબુનું

પેક પણ બતાવ્યું. એમ પણ કહ્યું કે ગુલાબ જાંબુ તુજ બનાવજે. એ રોટલીનો લોટ બાંધી રહ્યા હતાં અને હું પનીરના નાના ટુકડા કરી રહી હતી. હું સાથે એ પણ વિચારી રહી હતી કે ‘ વિવાન શું કરી રહ્યો હશે .’ કદાચે એ પણ વિચારતો હશે કે મને મમ્મી પાસેથી કઈ રીતે છોડાવવી. કદાચ મારાં ભાવી સાસુ એ દિવસે મારી રસોઈની બાબતમાં પરિક્ષા લઈ રહ્યા હોય એવું લાગી રહ્યું હતું. અમે ઘણી બધી વાતો કરી. એ મને મારાં વતન વિશે પૂછી રહ્યા હતાં. એમણે પણ જણાવ્યું કે એ લોકો પણ રાજકોટના જ છે. આ વાત તો મને વિવાને પણ નહોતી કરી. એ લોકો અહીં અઢારેક વર્ષથી અમદાવાદમાં રહેતા હતાં. એટલે કે મારાં પેરેન્ટ્સના મેરેજ પછીના. એમણે મારાં ઘર વિશે પૂછ્યું. જ્ઞાતી, પપ્પા શું કરે છે? મમ્મી.. મમ્મીનું પિયર..! તને શું શું બનાવતા આવડે છે. એક કલાકમાં તો એમણે હું મારાં વિશે જેટલું જાણતી હતી એ બધું જ પૂછી લીધું હતું. હું મનમાં વિચારી રહી હતી, કાશ વિવાન આવે અને હું કિચન સિવાય વધેલા ઘરની પણ મુલાકાત લઉ. વિવાનના મમ્મી ભલે કાઠિયાવાડી હતાં પણ એમના બોલચાલ પરથી તો નહોતું જ લાગતું. એમની બોલી અમદાવાદની થઈ ગઈ હતી. એમણે એમના વિશે પણ કહ્યું. એમણે એમનું કોમર્સમાં ગ્રેજ્યુએશન અમદાવાદમાં જ કર્યુ હતું. એ સમયમાં એ કૉલેજ કરવા રાજકોટથી અમદાવાદ આવ્યાં હતાં અને એમના મામાના ઘરે બાપુનગર રહેતા હતાં. પણ પોતાને કોસી પણ રહ્યા હતાં કે ‘ મેરેજ પછી ઘરનું કામ તો કરવું જ પડે.’, કદાચ સાનમાં મને એમ પણ કહી રહ્યા હોય કે મેરેજ પછી તારે પણ કરવું પડશે. બટ એમના મમ્મી સાથે મારું ટ્યુનિંગ થઈ ગયું હતું. એમના મમ્મી ગુલાબજાંબુ જેટલા જ સ્વીટ લાગ્યા હતાં. મને કામ કરવાની આળસ નહોતી ચડી રહી બટ મને વિવાન સાથે રહેવાની ઇચ્છા થઈ રહી હતી.

વિવાન રસોડામાં પાણી પીવા આવ્યો, અમે બંનેએ એકબીજા સામે સ્માઈલ કરી. મેં આંખોથી જ કહ્યું કે બધું ‘ ઓકે’ છે. એ વધારે ઊભો રહે ત્યાં સુધીમાં તો મમ્મીએ એને કહ્યું, ‘ રસોડામાં તારે શું કામ છે? હમણા રસોઈ બની જશે. જા ટી. વી જો.’, અને વિવાનને રસોડામાંથી બહાર ચાલ્યા જવા કહ્યું. ‘ પણ પણ…’, કહીને વિવાને નિષ્ફળ આર્ગ્યુમેન્ટ પણ કરી. પણ વિવાનને એના મમ્મીએ હસતા હસતા બહાર કાઢ્યો. વિવાન પણ હસતો હસતો બહાર નીકળી ગયો. ફરી મેં લીલા વટાણા ફોલવાનું શરૂ કર્યુ. હું વધારે બોલ્યા વિના કામ કરવા લાગી. એ એમની રાજકોટની યાદો વાગોળતા રહ્યા. એમના માટે આ યાદોનું ઘણું મહત્ત્વ હતું કારણ કે એ એક વર્ષથી રાજકોટ નહોતા ગયા. બટ મને રાજકોટ વિશે કંઈ નવુ નહોતું લાગી રહ્યું કારણ કે હું તો બે ત્રણ મહિને ત્યાં જ પડી હોવ. થોડી વાર પછી ડૉરબેલ વાગ્યો. વિવાને જ દરવાજો ખોલ્યો. કારણ કે અમારાં સિવાય એ અને મોન્ટુ જ ઘરમાં હતાં. ઑલમોસ્ટ બધી રસોઈ પતી ગઈ હતી. ભાવનાબેન ગુલાબજાંબુને તળી રહ્યા હતાં અને હું એને ચાસણીમાં ડૂબાડી રહી હતી. ડ્રોઇંગરૂમમાં રિંકુના અવાજ પરથી લાગ્યું કે તન્મયા દીદી આવ્યાં હશે. એમણે વિવાને પૂછ્યું કે ક્યાં છે મમ્મી? ‘ ક્યાં હોય?’, વિવાને એક વાક્યમાં બધું સમજાવી દીધું. સાથે વિશાખાનો અવાજ પણ આવી રહ્યો હતો, એ ફરિયાદ કરી રહી હતી, ‘ બીજી છોકરીઓ માટે ટાઈમ છે, બહેનો માટે ટાઈમ જ નથી. અચાનક વિશાખાની બોલતી બંધ થઈ ગઈ. કદાચ વિવાને જ બંધ કરી દીધી હશે. ‘ બીજી છોકરીઓ?’ એક ક્ષણ માટે આ શબ્દ મનમાં આવ્યો બટ. શંકાને કોઈ સ્થાન નહોતું. હું આ બધું સાંભળતી સાંભળતી મલકાઇ રહી હતી. તન્મયા દીદી રસોડામાં આવ્યાં એટલે એ મને ભેટી પડ્યા. એમણે મને એમના વહાલમાં જકડી લીધી. સાચે એ મારાં મોટા બહેન જેવા હતાં.

‘ મમ્મી તમને ખબર નથી પડતી? પહેલી વાર આવે એને પણ તમે રસોડામાં કામ કરવા લગાવી દો?’, તન્મયા દીદીએ એમના મમ્મીને હસતા હસતા ટોક્યા.
‘ ના, મેં જ કહ્યું હતું કે હું હૅલ્પ કરું...!’, મેં વિવેક બતાવ્યો.
‘ ચાલ હાથ ધોઇ નાખ. મમ્મી, વિશુને મોકલું છું.’, તનું દીદીએ એમના મમ્મીને કહ્યું. મેં હાથ ધોયા અને હું અને તન્મયા દીદી ડ્રોઇંગ રૂમમાં આવ્યાં. ‘ હાંશ.......’, મેં થોડો હાંશકારો લીધો. વિવાન ટીવીમાં નૅશનલ જીયોગ્રાફી પર આવી રહેલો વાઇલ્ડ લાઈફ શો જોતો જોતો એના ખોળામાં સૂઈ રહેલા મોન્ટુને પંપાળી રહ્યો હતો. એની બાજુમાં દિપેશ એના મોબાઈલને મચડી રહ્યો હતો અને રિંકુ એની ઢીંગલીને રમાડી રહી હતી. તનું દીદીએ વિવાનને બૂમ મારી.

‘ આને ઘર બતાવ્યું? કે વાંદરા બિલાડા જ જોવાના છે?’, તનું દીદી બોલ્યા એટલે વિવાને અને મોન્ટુ બંનેએ અમારી સામે જોયું.
‘ મને એમ થયું કે પહેલાં કિચનનો ખૂણે ખૂણો જોઈ લે, પછી બધું બતાવું.’, એ હસ્યો. અમે બધાંય હસ્યા. પોણા નવ વાગવા આવ્યાં હતાં.

‘ એણે કિચનને થોડુંક વધારે જ જોઈ લીધું છે. જા હવે એને પહેલાં મારાં રૂમમાં લઈ જા અને મારાં પેઇંટીંગ્સ બતાવ.’, જાણે દીદી મારાં વિચારોને વાંચી ગયા હોય એવી રીતે કહ્યું અને મારી સામે જોઈને હસ્યા. એ સમજી ગયા હતાં કે મારે વિવાનની જરૂર હતી.
‘ હવે સામું શું જુવો છો? જાવ.’, તનું દીદીએ હળવેથી મારી પીઠને ધક્કો માર્યો.
‘ મામા મામા.... મારે આવવું તે.’, નાની રિંકુ કાલું ઘેલું બોલી. મેં એને તેડી લીધી. મોન્ટુ પણ વિવાનની બાજુમાં જ ઊભો હતો. મેં વિવાનને પૂછ્યું કે ‘ આ તારી સાથે જ રહેશે?’, વિવાને તનું દીદીને મોન્ટુને લઈ જવા કહ્યું. અમે લોકો બંગ્લોના ઉપરના માળ પર ગયા. વિવાન મારાં હાથને પકડવાની કોશિષ કરી રહ્યો હતો. બટ હું ‘ કોઈ જોઈ જશે..’, એવી આંખો બતાવીને સ્માઈલ સાથે દલીલ કરી રહી હતી. ઉપર ત્રણ રૂમના દરવાજામાંથી એક રૂમનો દરવાજો અલગ તરી આવતો હતો. દેશી મકાનનું કમાડ હોય એવું એક રૂમનું કલરફૂલ બારણુ હતું જેના પર ભાત અને કોતરણી હતી. લોક પણ નહોતો, જેમ ગામડાના મકાને દરવાજા ઉપર સાકળ અને કડી હોય એવી કડી હતી.

‘ મમ્મીનો રૂમ.’, રિંકુએ આંગળી ચીંધતા કહ્યું.
અમે રૂમની અંદર ગયા. જેવુ રૂમનું બારણું હતું એવો જ રૂમ. પૂરેપૂરો દેશી લૂક. કમ્પ્લિટલી આર્ટીસ્ટિક. અલબત લાદી પણ નહીં, છાણની ગાર્યનું લીંપણ કરેલુ. ઉપર પણ નળીયા ચોંટાડવામાં આવ્યાં હતાં.

‘ કેમ પ્યોર દેશી છે ને..?’, વિવાને મને એની બાંહોમાં જકડતા નેણ ઉચા કરીને કહ્યું.
‘ બ્યુટીફૂલ...!’, મેં પણ મારાં નેણ ઊંચા કર્યા.

વિવાને મને તનું દીદીએ બનાવેલા સુંદર પેઇન્ટીંગ્સ બતાવ્યા. પનિહારી, સૂર્યોદય અને સૂર્યાસ્તના બંને પેઇટીંગ્સ વચ્ચેનો મને તફાવત તો ના મળ્યો પણ વિવાને જે કહ્યું એ મેં સ્વીકારી લીધું. એણે મને એક ટોડલા પર મૂકેલ હાર્મોનિયમ. સ્ટેન્ડ પર મૂકેલ ગિટાર અને તબલા પણ દેખાડ્યા. રિંકું નીચે ઉતરીને તબલા પર હાથ ફટકારવા લાગી.
‘ આ બધું તનું દીદીનું છે?’, મેં આશ્ચર્યથી પૂછ્યું.
‘ હા, મિસ પેઇન્ટર. મિસ સીંગર. મિસ મ્યૂઝિશિયન અને મિસ ડૉક્ટર. ખબર નહીં કેવા કેવા

શોખ છે.', વિવાન હસતા હસતા બોલ્યો. રિંકુ તબલા પર મંડાઇ ગઈ હતી. પણ થાપ બેસૂરી હતી.
' સુપર્બ યાર.',
' ફેન્સી તનુની જ શિષ્યા છે. અને તનું દિપેશની શિષ્યા.', એ હસી પડ્યો. હું પણ હસી પડી.
' વાઉ, દિપેશ જીજુની શિષ્યા?'
' હા એ અને દિપેશ જીજુ પહેલી વાર મ્યૂઝિક ક્લાસમાં જ મળ્યા હતાં. બંને મ્યૂઝિક શીખતા હતાં. બંને વચ્ચે મ્યૂઝિકે ટ્યૂનિંગ કરાવી દીધું.', એણે આંખ મારતા કહ્યું.
' તો એમના લવ મેરેજ છે?', મેં આશ્ચર્યથી પૂછ્યું.
' હાસ્તો.'
' મમ્મી પપ્પા માની ગયા હતાં?', મેં મહત્ત્વનો પ્રશ્ન પૂછ્યો.
' હા, એમને અમારી ચોઇસ સાથે કોઈ દિવસ પ્રોબ્લેમ નથી રહ્યો. એ લોકો બસ એમ જ ચાહે છે. અમે ખુશ રહીએ..!',
' ગ્રેટ યાર, અને બીજી તરફ. મારાં ઘરે.', મેં થોડું નિરાશ થતા કહ્યું.
' હેય હેય. એવરીથિંગ વિલ બી ઑલરાઇટ.', એણે મારાં ખભા પર હાથ થપથપાવ્યો.
' હું પણ તનું દીદીને કહીશ. મને પણ અમુક સૂર છેડતા શીખવાડો.'
' તારી તો આંખો જ સૂરીલી છે. તારે શીખવાની શીં જરૂર છે?'
' બસ મસકા ના માર. વિવુ', મેં એને ધીમેથી એક ધબ્બો માર્યો.
બહારથી વિશાખાનો રિંકુને બોલાવવાનો અવાજ આવ્યો.
' અહીંયા.', વિવાને અંદરથી બૂમ મારી.
' ચાલ રિંકુ, ગુલાબ જાંબુ ખાવા.', વિશાખા અંદર આવીને બોલી. રિંકુ તરત જ તબલાને પડતા મુકીને વિશાખા પાસે દોડી ગઈ.
' જલદી નીચે આવજો. પપ્પા થોડી વારમાં આવશે.', એણે હસતા હસતા કહ્યું. વિશાખા રિંકુને તેડીને બહાર ગઈ. વિવાને મારી હસતી આંખો સામે જોયું.

' ચાલ મારો રૂમ બતાવુ.', અમે બાજુના રૂમમાં ગયા. વિશાળ બેડ, બાઈકના પીક્ચર વાળો ઓછાડ. તકિયા પર પણ બાઇક્સ. પુરા રૂમમાં અલગ અલગ મેં ક્યારેય ના જોઈ હોય એવી બાઇક્સના ફોટા જ હતાં.
' વિશાખાની રૂમમાં તો એરોપ્લેન્સ હશે ને.', મેં હસતા હસતા કહ્યું.
' સ્માર્ટ ગેસ.'
એણે રૂમની બારી ખોલી. બારીની બહારના ટોડલે ગુલાબનો છોડ હતો..! એણે એક ગુલાબ તોડ્યું અને મને આપ્યુ. મેં જસ્ટ સ્મિત કર્યુ. એણે સેન્ડલની સુગંધનું રૂમ ફ્રેશનર છાંટ્યું. અમે બંને બેડ પર પડ્યા હતાં. મારો ચહેરો વિવાનની છાતીના ટેકે હતો. એનો હાથ મારી ગરદનમાં હતો. એ એના હાથથી મારાં ગાલ પર હળવી મસાજ કરી રહ્યો હતો. મેં વિવાનનો હાથ પકડેલો હતો. મારી લાઈફની સુંદર મોમેન્ટ્સ હું એન્જોય કરી રહી હતી.

' અંકુ. આટલો પ્રેમ મેં કોઈ દિવસ કોઈને નથી કર્યો.', એણે ખૂબ જ હળવા સ્વરે કહ્યું.
' મેં તો પ્રેમ જ પહેલી વાર કર્યો છે વિવુ,', હું ખૂબ જ સૂકુન મહેસૂસ કરી રહી હતી. જાણે મારી બધી જ પ્રોબ્લેમ્સ ગાયબ થઇ ગઈ હોય. દુનિયામાં બધે પ્રેમ જ પ્રેમ હોય..! એવું હું ફીલ કરી રહી હતી.
' શું કહેતી' તી મમ્મી? એમને થોડીક પંચાત કરવાની આદત છે. બટ એ કિચનને બહુ લવ

કરે છે.',

' કંઈ નહીં. હું એમને પસંદ પડી ગઈ છું. બસ થોડીક નવી વાનગી શીખવી પડશે.', મેં હસતા હસતા કહ્યું.

' અમે જૈન તમે પટેલ. તારા ઘરે માની જશે?', અમે થોડી ગંભીર વાતો કરતા હતાં. બટ અમને વિશ્વાસ હતો અમે બધી પ્રોબ્લેમ્સ ઓવરકમ કરી લઈશુ.

' મમ્મીની ખબર નહીં. પપ્પા કદાચ કન્વીસ થઈ જાય તો. બટ કોઈ સાથે રહે કે ના રહે, પ્લીઝ વિવાન, મારો સાથ ના છોડતો.' મેં પડખુ ફેરવ્યું અને વિવાન સાથે આંખો મેળવી.

' હું તારો પડછાયો છું અંકુ.', એણે એના હાથથી મારો ચહેરો પકડ્યો.

' અને તું મારાં માટે છાંયો.', મારો ચહેરો એના ચહેરા તરફ ખેંચાઇ રહ્યો હતો. એણે એના હાથ મારાં વાળમાં પરોવી દીધા. બધું ભૂલાઈ રહ્યું હતું. એણે મારાં ગળા પાસે હોઠોનો સ્પર્શ કરાવ્યો. વાતાવરણ એકદમ શાંત હતું. સેન્ડલની ખુશ્બુ. વિવાનના ઠંડા હોઠ, ગરમ શ્વાસ હું મહેસૂસ કરી શકતી હતી. મેં મારી આંખો બંધ કરી દીધી હતી. ફરી એણે મારી ડોક પર વાળની વચ્ચે ચહેરો પરોવીને કિસ કરી. આઈ વોઝ ઇક્સાઇટેડ. એ મને ડોકની બીજી તરફ કિસ કરતો રહ્યો. હું જસ્ટ પ્લેઝર, એક્સાઇટમેન્ટ અને થ્રીલ સિવાય કંઈજ મહેસૂસ નહોતી કરી રહી. મારી બંધ આંખો સામે વિવાનના સુંદર ચહેરા સિવાય કંઈ જ નહોતું. એણે મારો ચહેરો એની આંખ સરસો રાખ્યો. અમે બંને કંઈ જ ના બોલ્યા. થોડીક ક્ષણો સુધી એકબીજાની આંખોમાં જ જોતા રહ્યા. બસ એની આંખો આ વખતે પણ એટલી જ નશીલી લાગતી હતી. એમ થતું હતું કે આ આંખો ક્યારેક મને મારી નાખશે. એની આંખો જોઈને મારી આંખોના ખૂણાં પણ ભીના થઈ રહ્યા હતાં. નો ડાઉટ આઈ વોઝ મેડલી ઇન લવ વિથ વિવાન...! એ એના હોઠ મારાં કપાળ પાસે લઈ ગયો અને મારાં કપાળ પર હળવેથી કિસ કરીને ' આઈ લવ યુ માય લાઈફ.', કહ્યું. મેં એના વાળ ભીંસીને પકડી રાખ્યા હતાં. મારી ધડકનો દર વખતેની જેમ આ વખતે પણ ટોપ સ્પીડમાં હતી. મેં એની આંખોમાં જોઈને હળવેથી કહ્યું... ' આઈ લવ યુ માય નોટી બેબી'. હું ધીરે ધીરે મારાં હોઠ વિવાનના ચહેરા તરફ લઈ ગઈ. એણે પણ એના ચહેરાને થોડોક આગળ ખસેડ્યો. ધેટ વોઝ થોટલેસ મોમેન્ટ. આખરે મારાં હોઠ વિવાનના હોઠ પર હતાં, પહેલી વાર મેં કોઈના હોઠને ચાખ્યા હતાં. મેં આટલું સેફ ક્યારેય ફીલ નહોતું કર્યું. મને એવું ફીલ થઈ રહ્યું હતું કે હું અને વિવાન એક જ છીએ અમે બંને એક જ છીએ. કોઈ જ ડર કે ચિંતા ત્યાં નહોતી..! મને એમ લાગી રહ્યું હતું કે જાણે હવે વિવાનના વિચારો હું જોઈ શકું છું અને મારાં વિચારો એ સાંભળી શકે છે. અમે બંને એકમેકમાં ઓગળી ગયા હતાં. મારાં નાજુક હોઠ અને એના નાજુક હોઠ, એકબીજા સાથે કપલ ડાન્સ કરી રહ્યા હતાં. જાણે ધીમું ધીમું નૃત્ય શરૂ થયું હતું. તાલમાં રમતા હોઠોએ અમને બંનેને એક કરી દીધા હતાં. મને મારાં શરીરનો બીજો ભાગ મળી ગયો હતો. હોઠો પર હોઠોની મસાજ હું પહેલી વાર કરી રહી હતી. જેટલું કહીશ એટલું ઓછું પડશે, કારણ કે હું એ મોમેન્ટને બહુ સારી રીતે ડીસ્ક્રાઇબ નહીં કરી શકું. એ પ્રાઇસલેસ અને થોટલેસ મોમેન્ટ હતી. મારી આંખો બંધ હતી, એ બંધ ક્યારે થઈ ગઈ હતી એ પણ મને યાદ નથી. કદાચ વિવાનને પણ આવું જ ફીલ થયું હશે. આ મારી ફર્સ્ટ કિસ હતી. એ કિસ કેટલી લાંબી ચાલી કે કેટલી મિનિટ ચાલી એની મને ખબર નથી. પણ એટલી ખબર છે, ત્યારે સમય થંભી ગયો હતો. એટલે જ પ્રેમમાં સમયને રોકવાની તાકાત છે, એમાં સમયને હંફાવવાની તાકાત છે.

જ્યારે અમારાં હોઠ છૂટાં પડ્યા ત્યારે એવું લાગ્યું કે એકબીજા વિશે કંઈ જ જાણવાનું

બાકી નથી રહ્યું. હોઠોએ હૈયા સાથે કનેક્શન કરીને બધો ડેટા એક્સચૅન્જ કરી લીધો હતો. અને બંને બસ એકબીજાની આંખોને જોતા રહ્યા. અગેઇન વી કીસ્ડ. ત્યારે મારાંમાં કોઈ જ લસ્ટ નહોતો. બસ હું વિવાનમાં જેટલી પળો મળે એટલી પળો માટે ડૂબી જવા માંગતી હતી. હું વિવાનમાં ઓગળી જવા માંગતી હતી. વી કીસ્ડ, અગેઇન એન્ડ અગેઇન. અમારાં હોઠોને અળગા થવાની ઇચ્છા જ નહોતી થઈ રહી. એકબીજાના હોઠોને પીવાની પ્યાસ છીપતી જ નહોતી, અલબત વધતી જ હતી. અમે ત્યાં સુધી કિસ કરી જ્યાં સુધી વિવાન મારાં હોઠો પરની બધી જ લીપસ્ટિક ગળી ના ગયો. છેલ્લે ફરી એણે મારાં કપાળ પર કિસ કરી અને આઈ લવ યુ કહ્યું. મેં એના નાકને હલાવતા ' લવ યુ માય નોટી બેબી..' કહ્યું અને મેં ધીમેથી સ્મિત કર્યું. એણે પણ સ્માઈલ કરી. પણ આ વખતે એની સ્માઈલ ફાર મેચ્યોર હતી. મને એવું લાગી રહ્યું હતું કે અમે ઘણા સમજણા થઈ ગયા હતાં. અમે એકબીજાને ત્યાં સુધી જોતા રહ્યા જ્યાં સુધી વિવાનના રૂમનો કોલિંગ બેલ ના વાગ્યો. અમને નીચે બોલાવી રહ્યા હતાં. અમે ઊભા થયા. મેં મારો ડ્રેસ વ્યવસ્થિત કર્યો. વિવાને ફરી મારો હાથ પકડ્યો અને મારી સામે જોયું. હું એને ગળે વળગી પડી. એણે મને એની બાહોંમાં ભીંસીને જકડી લીધી. હું પણ એની સામે જોતી રહી. ફરી એના હોઠ મારાં કપાળને સ્પર્શી રહ્યા. અને હું એની બાહોંમાં ભીંસાઇને જકડાઇ રહી. વી ડીડ હગ ટાઇટલી.

' આઈ લવ યુ અંકુ.', એણે મારી સામે જોઈને ફરી કહ્યું.

' આઈ લવ યુ વિવાન. આઈ જસ્ટ લવ યુ.', હું પણ ધીમેંથી બોલી.

***

વિવાન એના પપ્પાના બર્થડેના દિવસે જ બધાં સાથે મને ઇન્ટ્રોડ્યૂસ કરવાનો આઈડિયા સારો હતો. જે કામ પણ કરી ગયો. અમે લોકોએ કેકનું અરેન્જમેન્ટ ડ્રોઇંગહોલમાં જ કરી રાખ્યું હતું. એના પપ્પાની કાર પાર્કિંગમાં આવી એટલે ડ્રોઇંગહોલની લાઈટ બંધ કરી દેવામાં આવી. અંદર આવ્યાં એ પહેલાં બધાં કેક ટૅબલ આસપાસ ગોઠવાઇ ગયા. એ આવ્યાં એટલે અમે લાઈટ શરૂ કરીને હેપ્પી બર્થ ડેનું ગીત ગાવા લાગ્યા. ફેન્સી ગિટાર પર સોંગ સાથે હેપ્પી બર્થ ડેની ટ્યૂન વગાડી રહી હતી. જ્યારે વિવાનના પપ્પાનું નામ બોલવાની કડી આવી ત્યારે માત્ર ભાવના આંટીએ જ ગાઈ ' હેપ્પી બર્થ ડે ટુ અખિલ.' અખિલેશ અંકલે કેક કાપી, કેકનો પહેલો પીસ ભાવના આંટીને ખવડાવ્યો અને એમાંથી વધેલ ટૂકડો રિંકુના મોંમાં મૂક્યો. એક પછી એક બધાંએ અખિલેશ અંકલને કેક ખવરાવી અને ફોટા ખેંચાવ્યા. મોન્ટુને પણ અખિલેશ અંકલે કેક ખવડાવી ત્યારે મને લાગ્યું કે મોન્ટુ પણ આ ફૅમિલીનો એક હિસ્સો જ છે. વિવાને મને પણ કહ્યું કે તું પણ પપ્પાને વિશ કર. એ વખતે જ વિવાને મને એની ફ્રૅન્ડ તરિકે ઇન્ટ્રોડ્યુસ કરી. મેં એમને બર્થ ડે વિશ કર્યુ અને કેકનો એક ટૂકડો એમના મોંમાં મૂક્યો. ઑફકોર્સ એના પપ્પા સમજી જ ગયા હતાં કે હું વિવાનની જસ્ટ ફ્રૅન્ડ નહોતી. મેં એમના આશીર્વાદ પણ લીધા. એમણે મને કોઈ જ પૂછપરછ ન કરી. બસ ' બી હેપ્પીના આશીર્વાદ આપ્યા.', એ પણ સ્મિત સાથે. હું વિવાન સાથે તો પ્રેમમાં હતી જ બટ એના પૂરા ફૅમિલીના પ્રેમમાં પડી ગઈ હતી.

***

ડિનર વખતે ટોપિક ઑફ ધ ડિનર હું જ હતી. ભાવના આંટી મારાં વિશે અખિલેષ અંકલને કહી રહ્યા હતાં. ગુલાબજાંબુ મેં બનાવ્યા હતાં, છોકરીને સારી રસોઇ આવડે છે. ઑલ સોર્ટ ઑફ કૂકિંગ થિંગ્સ. ખાસ કરીને રાજકોટ. મને એ પણ જાણવા મળ્યું કે અખિલેષ અંકલનો બાળપણથી ઍન્જિનિયરિંગ સુધીનો ટાઈમ રાજકોટમાં જ વિત્યો હતો. એ અને એમના ફ્રૅન્ડ્સ ગેલેક્સી અને ત્રીકોણબાગે એમના કૉલેજ ટાઇમે કેવી ધમાલો કરતા, એ

બધી જ યાદો ડિનર ટાઇમે તાજી થઈ હતી. ખૂબ હળવી વાતો હતી. અખિલેષ અંકલ વિવાનની મજાક જ ઉડાવી રહ્યા હતાં. ' સાવ ડોબો છે, કે. ટી.ઓની તો લાઇન લગાવી રાખી છે.', એમ કહીને વિવાનને હસતા હસતા પજવી રહ્યા હતાં અને ભાવના આંટી વિવાનનો પક્ષ લઈ રહ્યા હતાં, ' એક દિવસ નંબર ૧ બાઈક રેસર બનીને બતાવશે.'. જોકે અખિલેષ અંકલ એમના સ્વભાવ પ્રમાણે ઓછું જ બોલી રહ્યા હતાં. મારી સાથે એમની ખૂબ જ ઓછી વાતો થઈ હતી. બટ હું કમ્ફર્ટેબલ ફીલ કરી રહી હતી. તન્મયા દીદી એક નવી ખુશખબર આપી રહ્યા હતાં. સપોર્ટ સિતારવાદક તરિકે સપ્તકના સંગીત મહોત્સવમાં આ વખતે એ પર્ફોર્મ કરવાના હતાં. મને પણ સંગીતમાં હવે વધારે રસ જાગી રહ્યો હતો. તનું દીદી ફ્રેન્સીને પણ પૂછી રહ્યા હતાં કે એની એક્ટિંગ ક્યાં પહોચી? ફ્રેન્સીએ થોડા દિવસોમાં એના જે જે નાટક થવાના હતાં એનું લીસ્ટ આપ્યુ. મેં પણ નક્કી કરી લીધું હતું કે હું મ્યૂઝિક અને એક્ટિંગ જોઈન કરીશ. વિશાખા એની ઇન્સ્ટીટ્યુટમાંથી એક મહિનાની ટ્રેઇનિંગ માટે નવેમ્બરમાં દિલ્લી જવાની હતી. ભાવના આંટી રિંકુને આવતા વર્ષથી જુનીયર કે. જીમાં ઍડમિશન કરાવવા માટે ઇનસીસ્ટ કરી રહ્યા હતાં. બટ તનું દીદી ચોખ્ખી ના જ પાડી રહ્યા હતાં. એમની પાસે સચોટ કારણ પણ હતું, આ સમય તો એમનો રમવાનો છે, માટી ખાવાનો છે, ઘર ઘર રમવાનો છે. મારે એને હમણા ક્યાંક કે. જી બે. જીમાં નથી મોકલવી. મને એ ગમ્યુ પણ ખરૂ અને હું સહમત પણ હતી. અખિલેષ અંકલ એમની બિઝનેસની વાતો પણ કરી રહ્યા હતાં. એ કહી રહ્યા હતાં કે એમના એકલાથી કંસ્ટ્રક્શનનો બિઝનેસ હૅન્ડલ નથી થતો, એટલે વિવાનને કહી રહ્યા હતાં કે ' તુ થોડો ઇન્ટરેસ્ટ લે તો મને હૅલ્પ રહે.' વિવાન બર્થ ડેના દિવસે એના પપ્પા કંઈ માંગે તો એમને ના નહોતો કહેવા માંગતો. વિવાને પણ એના પપ્પાને ચિંતા ના કરવા કહ્યું ' હવે રોજ એક બે કલાકનો એ ટાઈમ કાઢશે.' વિવાને પ્રેમથી એના બાઇકિંગના પેશન વિશે પણ સમજાવ્યું. અખિલેષ અંકલ પણ વિવાનની વાત સમજ્યા. ડિનર લગભગ દોઢેક કલાક ચાલ્યુ હશે. એ દિવસ ખૂબ જ સારો રહ્યો. તનું દીદીએ અને ભાવના આંટીએ મને ત્યાં જ રોકાઇ જવા માટે બહુ ફોર્સ કર્યો. બટ મને રાત રોકાવાનું બરાબર ના લાગ્યું. ઑલમોસ્ટ અગિયાર વાગી ગયા હતાં. વિવાન મને ડ્રોપ કરવા આવવાનો હતો. મેં વિવાનના આખ્ખા ફૅમિલીને બાય બાય કર્યુ. તનું દીદી અને રિંકુ જ્યાં સુધી હું દેખાતી રહી ત્યાં સુધી ટાટા કરતા રહ્યા. વિવાને એની બાઈકની સ્પીડ વધારી. મેં એને પાછળથી જ ચુસ્ત રીતે પકડીને મારી બાહોંમાં જકડી લીધો.

ઠંડો પવન, વિવાનની મસ્ક્યુલર બોડી, આંખોમાં સપના. એ સમયે વિવાનના પ્રેમમાં હું એટલી પાગલ હતી કે વિવાન મારી સાથે હોય તો પણ હું વિવાનના જ વિચારો કરતી. હું મારાં વિવાનથી એક પળ પણ અળગી થવા નહોતી માંગતી. બટ એક રીતે હું એનાથી એક પળ પણ દૂર નહોતી. વિવાન મારાં હાર્ટમાં એકે એક ક્ષણે એની યાદો રૂપે રહેતો હતો. એણે મને સૉસાયટી બહાર જ ડ્રોપ કરી. એણે મારો હાથ પકડી રાખ્યો હતો. હું પણ એનો હાથ નહોતી છોડવા માંગતી. રોડ પર થોડા લોકો હતાં, નહીં તો મારી અને વિવાનની કંઈક બીજી ઇચ્છા પણ હતી, હા મારે અને વિવાનને હોઠોનો જુગાર રમવો હતો. અમે બંને થોડી વાર હાથ પકડીને જ એકબીજાની આંખોમાં જોતા રહ્યા પછી. પછી મેં કોઈની પરવાહ કર્યા વિના, ખૂબ જ જડપથી વિવાનના હોઠ પર એક નાની પપ્પી લઈ લીધી, મેં થોડી સેકન્ડો એની આંખોમાં જોયું અને હું ચાલતી થઈ ગઈ. મેં ચાલતા ચાલતા જ બાય બાય કહ્યું, એણે પણ મને ફ્લાઇંગ કિસ આપી અને બાય બાય કર્યુ. છેલ્લે હું શેરીમાં વળી ત્યારે મેં

વિવાન સામે જોયું.

સોનુ એના લેપટોપમાં સિરીયલ જોઈ રહી હતી, મેં નિશાની રૂમમાં નજર નાખી. કૃપા અને નિશા બંને એક એક ઇયરફોન કાનમાં નાખીને લેપટોપમાં કંઈક જોઈ રહ્યા હતાં. કૃપા તરત જ બહાર આવી. આવું દરેક વખતે થતું. હું કૉલેજથી આવું એટલે કૃપા મને પુછતી જ કે ‘ શું કહેતો હતો વિવાન?’ અને હું બધું જ કહેતી. કારણ કે હવે હું ડરી ડરીને નહોતી જીવવા માંગતી, મને ખબર જ હતી કે કૃપા બધી વાતો નિશાને કરતી જ હશે. મેં નાઈટડ્રેસ પહેર્યો. કૃપા અને સોનુને મેં બધી જ વાતો કહી.

એ દિવસે મને સૂકુનની ઊંઘ આવી હતી. એ દિવસે હું સંતોષ લઈને સૂતી હતી. એ દિવસે વિવાનનો ચહેરો અને વિવાનના ફેમેલીના દરેક મેમ્બરનો ચહેરો મારી આંખો સામે રમતો રહ્યો. હું નવા નવા વિચારો કરતી રહી, હું સપનાઓ ગૂંથવા લાગી, ફરી હું મારી જિંદગીને પ્રેમ કરવા લાગી હતી, જે અંકિતા એકાદ મહિના પહેલાં એની પ્રોબ્લેમ્સથી કંટાળી ગઈ હતી એ જ અંકિતા હવે લાઈફને એન્જોય કરવા લાગી હતી. હવે હું જીવવા માંગતી હતી. હું વિવાનનો હાથ પકડીને ચાલવા માંગતી હતી, હું એની આંખોમાં આંખો નાખીને કલાકો સુધી મૂંગા મોઢે જોવા માંગતી હતી, હું વિવાનના હોઠોને વારે વારે મળવા માંગતી હતી, હું બસ પળે પળે જીવવા માંગતી હતી. હું વિવાનની બાહોંમાં પડી રહેવા માંગતી હતી.
***
‘ વોટ….?’, એણે મારાં ગળા તરફ ઇશારો કર્યો.
‘ નોઓઓઓ….’, મેં ના કહી. હી ગ્રીપ્ડ મી ઇન હીઝ આર્મ્સ.
‘ વિવુ કંઈક થાય છે.’, મેં કહ્યું.
‘ શું થાય છે?’, એ બોલ્યો.
‘ આઈ ડૉન્ટ નો.’, એણે સ્મૂથલી મારાં નેક પર કિસ કરી. હું રોમાંચિત થઈ ઊઠી. ખબર નહીં એનો સ્પર્શ થતો ત્યારે મને શું થતું બટ એ અનડીસ્ક્રાઇબલ છે. અમે બંનેએ કપલ્સ માટેનું ટિપિકલ પ્લેસ નક્કી કર્યુ હતું. એ દિવસે અમે વહેલી સવારે ઇન્દ્રોડા પાર્ક ગયા હતાં. વરસાદ પછી ઇન્દ્રોડાનું એટમોસ્ફિઅર રમણીય જ હોય છે. એ દિવસે પણ ચારે તરફ લીલોતરી હતી. હું અને વિવાન એકાંત માટે એક વૃક્ષ નીચે બેઠા હતાં.

‘ યુ આર ટોક્સિક.’, એણે મારાં નેક પાસે એના હોઠ લઈ જઈને કહ્યું.
‘ સો યુ આર.’, એણે મારી ગરદન પાસે એક હળવેથી કિસ કરી. ફરી એ જણજણાટી મારાં શરીર પર ફરી વળી.
ત્યાર બાદ એ ઓછું જ બોલ્યો. એણે મારી ગરદનની પાછળની તરફ કિસ કરી, ગરદનની આગળની તરફ કિસ કરી, એણે ગરદનની જમણી બાજુ બચકુ પણ ભર્યુ, સોફ્ટ સ્કીનના લીધે ત્યાં રેડ સ્પોટ્સ પણ થઈ ગયા હતાં. જેમ જેમ એ કિસ અને બાઇટ કરતો ગયો એમ એમ મને અજીબ અનુભવ થવા લાગ્યો. હું ખૂબ એક્સાઇટમેન્ટ ફીલ કરી રહી હતી. મેં એને કસીને પકડી રાખ્યો હતો. આઈ વોઝ બીકમિંગ આઉટ ઑફ કંટ્રોલ. નાઉ શી એન્ટર્ડ ઇનટુ માય ટોપ્સ. એનો હાથ મારાં ટોપમાં હતો. એટ ધેટ સેમ ટાઈમ આઈ વોન્ટેડ હિમ એન્ડ આઈ ડૉન્ટ.

મેં વિવાનની આંખોમાં જોઈને ‘ ના’ કહેવા માટે ડોકુ હલાવ્યું.
‘ વ્હાય?’, એણે મારી આંખોમાં જોઈને પૂછ્યું.
‘ આઈ હેવ માય બાઉન્ડ્રીઝ વિવાન.’, મેં ધીમા સ્વરે કહ્યું.

‘ ડૉન્ટ યુ ટ્રસ્ટ મી?’, એણે કહ્યું.
‘ એવું નથી વિવુ.’, મેં એના ચહેરા પર હાથ ફેલાવ્યા.
‘ આઈ વોન્ટ ફોર્સ યુ, નેવર.’, એણે મને સ્મિત કરતા કહ્યું. મને એનો સ્માઈલ વાળો ચહેરો ગમ્યો. એણે એના હોઠ ધીરે ધીરે મારાં ચહેરા તરફ આગળ વધાર્યા. એણે મને ધીમે ધીમે કિસ કરવાનું શરૂ કર્યું. ઇટ વોઝ વેરી સ્લો. ધેટ વોઝ પરફેક્ટ. વિ કિસ્ડ લાઈક ૧૦ મિનિટ્સ. વિ કિસ્ડ લાઈક ક્રેઝી.

‘ વિવુ એક સવાલ પૂછું?’, મેં વિવાનની આંખમાં જોયું.
‘ યા.. સ્યોર.’, એણે મારો એક હાથ એના હાથમાં લીધો.
‘ ખોટું ના લગાડતો. એન્ડ પ્લીઝ ઓનેસ્ટલી આન્સર આપજે.’, મેં ખૂબ સિરિયસ થઈને કહ્યું.
‘ યા જસ્ટ સે ઇટ.’, એણે સોફ્ટલી કહ્યું.
‘ તને મારાં તરફ જસ્ટ ફિઝિકલ અટ્રેક્શન તો નથી ને?’, મેં એને અચકાતા અચકાતા પૂછી લીધું. એ મારી આંખોમાં જોતો રહ્યો.
એણે મારાં હાથને વધારે ભીંસ્યો, ધીરે ધીરે એણે એનો ચહેરો મારાં હોઠ તરફ ખસ્ડ્યો. એણે આંખો બંધ કરી લીધી. મારી આંખો ઓટોમેટિક બંધ થઈ ગઈ. શી કિસ્ડ મી ઓન લીપ્સ, એન્ડ ધેન એણે મારાં કપાળ પર કિસ કરી.

‘ આઈ લવ યુ અંકુ.’, એણે મારી આંખોમાં આંખો નાખીને કહ્યું. હું જસ્ટ એની આંખોમાં જોઈ રહી. એ મારી આંખોમાં જોઈ રહ્યો. એ પછી અમે કેટલીય મિનિટો સુધી પાર્કમાં એકબીજાના હાથ પકડીને વોક કર્યુ, લીલી હરિયાળી જોઈ, ગાતા પંખીઓ જોયા અને કળા કરતા મોર જોયા, અમે થોડુંક ખુલ્લા પગે પણ ચાલ્યા. અમે કુદરતને માણ્યું. એ દિવસે મને ખબર પડી ગઈ હતી, અમે બંને એકબીજાના લવમાં હતાં. એ મારી લાઈફનું સૌથી બ્યુટીફૂલ વોક હતું. અમે બંને એકબીજાની આંખોમાં આંખો પરોવીને એ કુદરતની સાક્ષીઓ ઘણું ચાલ્યા હતાં, ચાલતા જ રહ્યાં જ્યાં સુધી ભાન ન આવ્યું.
***

પ્રકરણ – ૭
મિશન માતાજી

જિંદગીને સૂરમાં ચાલવા માટે ત્રણેય સપ્તકની જરૂર નથી. મંદ્ર અને મધ્ય સપ્તક પણ સૂર છેડી શકે. તાર સપ્તક થોડું આતંકી છે. એ વાઇબ્રંટ પણ છે. એ મનને ઉતેજિત કરીને મંત્રમુગ્ધ કરે છે. એટલે જ જિંદગીને ચલાવવા માટે ભલે ત્રણેય સપ્તકની જરૂર ન પડે, પરંતુ એને રોમાંચિત બનાવવા માટે તો ત્રણેય સપ્તકની જરૂર પડે જ. હું સંગીત શીખતા શીખતા બીજું ઘણું બધું શીખી રહી હતી. સંગીતનું એક વિશ્વ આપણી અંદર પણ હોય છે. પણ જિંદગી સૂરમાં ત્યારે જ ચાલે જ્યારે એમાં બધાં સ્વરોનું મિશ્રણ હોય. આપણા પણ ત્રણ સપ્તકો હોય છે – હર્ષ, રૂદન અને શોક...! મારાં મતે તો આ ત્રણેય અવસ્થા જ છે. કદાચ હર્ષ અને શોક તો ગળે ઉતરી પણ જાય. બટ રૂદન? હા, રૂદન કોઈ ઘટના નથી, એ અવસ્થા છે. જે ખૂબ જ જરૂરી છે. કોઈ વ્યક્તિ ખૂબ શોકાતુર હોય બટ પથ્થર જેવો પડ્યો રહીને રડે નહીં તો, એનું જીવન પથ્થર જેવું જ અચલ બની જાય. એટલે રૂદન પણ જરૂરી છે. ખરેખર તો વિકટ આંસુ જેટલી મદદ કોઈ નથી કરતું હોતું. એટલે જ જિંદગીના પણ ત્રણ સપ્તક છે, હર્ષ – રૂદન – શોક. જો ત્રણેય પ્રમાણમાં હોય તો અજબ સૂરો રચાય.

***

મેં બે મહિનાથી મ્યૂઝિક ક્લાસિસ જોઈન કરી લીધા હતાં. હું ફેન્સીની સાથે જ ઇનરઆર્ટ એકેડેમીમાં જતી. ઇનરઆર્ટમાં જઈને મને આંતરિક શાંતિ ફીલ થતી. જાણે ત્યાં હું ધ્યાન કરી રહી હોય એવું લાગતું. હું મને ગમતી વસ્તુઓ કરી રહી હતી. હું મારી કળાઓને પારખી અને પ્રેમ કરી રહી હતી, પણ ઘરવાળાઓથી છૂપાવીને. યુ નો મમ્મી. એક મહિનો બેઝિક મ્યૂઝિક શીખવામાં ગયો હતો. પછી ધીરે ધીરે મને અમુક ટ્યૂન વગાડતા આવડી, બટ બે મહિનામાં હું ઘણું શીખી ગઈ હતી. હવે હું કોઈ પણ ગીત કીબોર્ડ પર વગાડી શકતી હતી.
એ દિવસે મેં વિવાનને પહેલીવાર કીબોર્ડ પર ગીત વગાડીને સંભળાવ્યું હતું. મેં મારો ફોન સ્પીકર પાસે મૂક્યો અને મુઘલ- એ- આઝમનું ‘ જબ પ્યાર કિયા તો ડરના ક્યા ’ વગાડ્યું હતું. એને ઘણું ગમ્યું હતું. મારાં મ્યૂઝિકની બેચ અને ફેન્સીના એક્ટિંગના વર્કશોપનો ટાઈમ એક જ હતો. સો હું એના સ્કૂટર પર જ ઘર સુધી આવતી. મેં જ્યારે એ ગીત વગાડ્યું ત્યારે એ મારી પાસે જ બેસી હતી.

ફેન્સી જે પહેલી મુલાકાતમાં હતી, એ ફેન્સી માત્ર બોલવા વાળી ફેન્સી હતી. બે મહિનામાં હું ફેન્સીને વધારે સારી રીતે જાણતી થઈ હતી. એને બોલતા સારું આવડતું હતું. કદાચ એટલે જ એ સારી એક્ટર પણ હતી. એને મારાથી જેલસ તો થતી જ. હું જ્યારે પણ વિવાન સાથે વાત કરતી હોવ ત્યારે એ બાજુમાં આવી જ ચડતી. એને થોડી ઈર્ષ્યા પણ થતી અને એ ઈર્ષ્યા ક્યારેક શબ્દો રૂપે હોઠો પર પણ આવી જતી. જેમ જેમ હું એને જાણતી થઈ અને એ મારી સાથે સમય વિતાવતી ગઈ, એનું વર્તન રૂડ થતું ગયું. હું બધું જ વિવાનને કહેતી, બટ વિવાન મને એને ઇગ્નોર કરવાનું કહેતો, ‘ એનો સ્વભાવ એવો જ છે. એટલે ચૅન્જ નહીં થાય.’, વિવાનની આ વાત મને ગળે પણ ઊતરી ગઈ હતી. સાથે એ મારાં અને વિવાનના રિલેશન વિશે બહુ જ નૅગેટિવ પણ હતી. મેં ઘણીવાર ફેન્સીને ટોકી પણ ખરી, પણ એ એનો સ્વભાવ હતો, અને હું એને ઇગ્નોર કરતી.

હું એ દિવસે ઘરે પણ જવાની હતી. એટલે સવારે જ હું વિવાનને મળી હતી. અમે બંને સિનેમેક્સમાં મૂવી જોવા ગયા હતાં. વી હેડ અ ગ્રેટ ટાઈમ. વિવાન મારી બહુ જ કૅર કરતો, મારી બધી જ વાતોનું ધ્યાન પણ રાખતો જે ફેન્સીને થોડું કઠતું. એ દિવસે અમે ઇનરઆર્ટથી છૂટીને રૂમ પર જઈ રહ્યા હતાં. ફેન્સી એક્ટિવા ચલાવતા ચલાવતા વાતો કરી રહી હતી.

' તો મેરેજ ક્યારે કરવાના છે?', ફેન્સીએ પૂછ્યું.
' ખબર નહીં. ઍન્જિનિયરિંગ પતે અને ઘરે બધાં માની જાય એટલે..!', મેં એના રૂડ સવાલનો થોડો રૂડલી જ આન્સર આપ્યો.
' અને ઘરે નહીં માને તો?',
' ફેન્સી તને કેટલી વાર કહ્યું, આવું નૅગેટિવ કેમ વિચારે છે?', મેં થોડું ચીડાઇને કહ્યું.
' પણ પોસિબિલિટી તો છે જ.'
' હું મારાં ઘરે મનાવી લઈશ ઓકે? તું ટૅન્શન ન લે.', મેં અકળાઇને કહ્યું.
' અને વિવાનના ઘરે તને ફાવશે? એ લોકો આટલા મોટા માણસો. અને', ' ફેન્સી, બસ કર હવે.', મેં એની વાત કાપીને ગુસ્સેથી કહ્યું.
' સૉરી બટ, હું તો જે છે એજ કહું છું. અને વિવાનને બહુ બધી ફિમેલ ફ્રૅન્ડ્સ છે. તને ફાવશે?'
' ફેન્સી. એ અમારી પર્સનલ મૅટર છે. તારે બહુ ઇન્ટરેસ્ટ લેવાની જરૂર નથી. આઇ ટ્રસ્ટ હિમ ઓકે? અને તારે આ જ વાતો શરૂ રાખવાની હોય તો. હું અહીં જ ઉતરી જાઉં.', મેં ફેન્સીને વોર્નિંગ આપી.

' ઓકે ઓકે બાબા. મને એમ થયું કે અમુક વાતો શેર કરીએ.'
' થેંક્સ.', મેં બીજી બાજુ ચહેરો ફેરવતા કહ્યું.
' શું કરે છે? તારી ફ્રૅન્ડ નિશા.'
' આઈ ડૉન્ટ નો.'
' તો તમે હજુ નથી બોલતા?', એ એની કડવી જીભ બંધ જ નહોતી કરી રહી. હું વિચારી રહી હતી કે, ' બહુ થયું હવે. ફેન્સીની બાઈક પાછળ ક્યારેય આવવું જ નથી.'
' ના.'
' સારું થયું. એ કુત્તી તો એને જ લાયક છે. વિવાનને લવ કરવો હતો.'
' ફેન્સી, એના વિશે આવા શબ્દો બોલવાની જરૂર નથી ઓકે?'
' હવે એમ જ કહી દેને કે. હું બોલું જ નહીં.', એ થોડી ભડકી.
' પ્લીઝ ફેન્સી. આજે હું ઘરે જાવ છું. મારે ખરાબ મૂડ લઈને ઘરે નથી જવું. સો પ્લીઝ.' એ પછી એ ચુપ જ રહી. મારી સોસાયટી આવી એટલે મેં એને બાય કહ્યું.
' ટેક કૅર ઑફ નિશા. બાય.', ફેન્સીએ જતા જતા કહ્યું. એણે મને ચીડવવા કહ્યું હતું.
***
' ગેસ વોટ?', હું રૂમમાં એન્ટર થઈ એટલે સોનુ તરત જ બોલી. એનો ચહેરો સ્માઈલથી છલોછલ હતો. બહુ ઓછું બોલતી સોનુ એટલી એક્સાઇટેડ હતી જાણે એનું હાર્ટ અંદરથી બાઉન્સ થઈ રહ્યું હોય.
' વોટ?', મેં આશ્ચર્યથી સ્માઈલ કરતા કહ્યું. કૃપા બીજી રૂમમાંથી આવીને બેડ પર બેસી ગઈ.
' એક ખુશખબર છે. જસ્ટ ગેસ કર.', એણે મારાં ખભા પર હાથ મુકતા કહ્યું.
' હ્મ્મ્મ્મ... કોઈ છોકરાએ પ્રપોઝ કર્યું?'
' નોપ.'
' કોઈ છોકરો ગમી ગયો?', મેં બેડ પર બેસીને પૂછ્યું.

‘ ના.’
‘ તુ બોલ ને હવે, મારાંથી નથી રહેવાતું.’, મેં ઉત્સુકતાથી કહ્યું.
‘ ઓકે. મારાં ઘરેથી ફોન આવ્યો હતો. મને જોવા માટે કોઈ આવી રહ્યું છે.’, એણે શરમાઇને કહ્યું.
‘ વોઓઓઓઓઓઓ.......’, મેં ચીસો પાડી અને મેં સોનુને બાહોં જકડી લીધી.
‘ ઓહો, શું નામ છે? શું કરે છે?’, હું એક્સાઇટમેન્ટમાં ફટાફટ સવાલો કરવા લાગી.
‘ એમનું નામ સાર્થક છે. બરોડામાં રહે છે. મિકેનકલ ઍન્જિનિયરિંગના લાસ્ટ યરમાં છે.’, સોનુ થોડું શરમાઈ.
‘ ઓહોહો... ‘ એમનું નામ?’ અત્યારથી?’, મેં એની દાઢી ઊંચી કરતા પૂછ્યું.
‘ મુજે હક હૈ.’, એ વિવાહ મૂવીના ગીતની કડી ધીમેથી ગાઈને શરમાઈ ગઈ. એ દિવસ સોનુ બહુ જ ડિફરન્ટ હતી. ભલે એ ખૂબ ઓછું બોલતી પણ એ દિવસે એની ખુશીઓને હું મહેસૂસ કરી શકતી હતી.
‘ ગોડ બ્લેસ.’, મેં હાથોથી ચુમ્મી આપતા કહ્યું.
‘ થેંક્સ યાર.’, એણે મને હગ કર્યુ.
‘ તે એમને જોયેલ છે?’, મેં પૂછ્યું.
‘ હા, અમારાં રિલેટીવમાં જ છે. સો, એક વાર એમના ઘરે હું ગયેલી છું.’
‘ તો તો સાસુ સસરાને પણ ઓળખે જ છો એમને..?’, મેં આંખ મારતા કહ્યું.
‘ એ લોકોનો સ્વભાવ ખૂબ જ સારો છે.’
‘ ગ્રેટ, યાર હવે પાર્ટી ક્યારે આપવાની છે?’, મેં ઓવર એક્સાઇટેડ થતા ઊંચા સાદે કહ્યું.
‘ ઘર બસા નહીં ઔર લૂંટેરે આ ગયે.’, સોનુએ તો ડાયલોગ માર્યો.
‘ લુટેરે તો સબકુછ લૂંટ લેંગે. કારણ કે હવે આપણે લોકો એક વર્ષ જ સાથે છીએ. પછી ખબર નહીં કોની લાઈફ કોને ક્યાં લઈ જાય?’, મેં એની આખોમાં જોઈને હસતા હસતા કહ્યું.
‘ બસ બધું ફાઈનલ થઇ જાયે એટલે પાર્ટી. ખુશ? અને પાર્ટી તો એ આપશે.’, કહીને એ હસી.
‘ ખિસ્સા ખાલી કરવામાં આપણે ક્યાં પાછા જ પડીએ છીએ. નઇ?’, અમે બધાં હસ્યા. અમે બંનેએ તાળી મારી.
‘ રાઇટ.’
‘ ક્યારે નીકળે છે તું?’, મેં સોનુને પૂછ્યું.
‘ હું કાલે નીકળું છું, અને બીજા બધાં પણ કાલે જ નીકળે છે. હવે કૃપા સામું જો તો.’, સોનુએ મારો ચહેરો ફેરવતા કહ્યું. કૃપા બ્લશ કરી રહી હતી.
‘ શું?’, મેં કૃપા સામે જોયું. એ થોડું વધારે હસી. કંઈ બોલી નહીં. હું સમજી ગઈ.
‘ કોણ છે તે?’, મેં પૂછ્યું.
‘ મારો ક્લાસમૅટ જ છે. તર્પણ.’, એણે હસતા હસતા કહ્યું.
‘ સાલા તમે લોકો મને કંઈ કહેતા કેમ નથી?’, મેં હસતા હસતા ફરિયાદ કરી.
‘ તને તારા વિવાન અને મ્યૂઝિકમાંથી ટાઈમ જ ક્યાં છે ફ્રૅન્ડ્સ માટે.’, કૃપા બોલી.
‘ હેય હેય, આઈ એમ ઑલ યોર્સ.’, મેં કૃપા અને સોનુને જકડી. વી હગ્ડ. થોડીક ક્ષણો માટે અમે લોકોએ બથ ભીડી રાખી. નિશા એના રૂમમાં જ હતી. એ બહાર ના આવી. છેલ્લે મેં એને ક્યારે ખુશ જોઈ હતી એ પણ મને યાદ નહોતું. નિશા ક્યાંક ખોવાઇ ગઈ હતી.

આજે સેલિબ્રેશન તો બનતું જ હતું. એટલે અમે બહાર જમવા જવાનું નક્કી કર્યુ. મેં મારું બધું જ પેકિંગ કરી રાખ્યું. જેથી જમીને આવીને હું તરત જ નીકળી શકું. અમે લોકોએ રિઅલ

પેપ્રીકામાં પિત્ઝા ખાવા જવાનો પ્લાન બનાવ્યો હતો. બધાં તૈયાર થયાં. કૃપાએ નિશાને પણ તૈયાર કરી. અમે ચારેય લોકોએ જિન્સ અને ટી- શર્ટ પહેર્યા. ઘણા દિવસે એ લોકો સાથે હું એન્જોય કરી રહી હતી અને ફાયનલ એક્ઝામ્સ પણ પતી ગઈ હતી તો આ ' ચીલ' ટાઈમ જ હતો. કમ્પ્લિટ ચીલ ટાઈમ.

***

ફ્રૅન્ડશીપ ઇઝ ક્રેકેબલ નોટ બ્રેકેબલ. તમે એમાં તિરાડો પાડી શકો. પણ તોડી ના શકો. હું, સોનુ, કૃપા અને નિશા ફ્રૅન્ડ્સ હતાં. ભલે મારી અને નિશા વચ્ચે અબોલા હતાં બટ મારાં હૃદયના એક ખૂણામાં હજુ આશા તો હતી જ. બોલશે ક્યારેક તો નિશા બોલશે. મને વિશ્વાસ હતો, કારણ કે ' નફરત એનો સ્વભાવ નહોતો.'

પિત્ઝાનો ઑર્ડર આપી દીધો હતો. કોક આવી ગઈ હતી. બધાં ગાર્લિક બ્રેડની વાટે હતાં. અમારાં વચ્ચે રસોઈ બનાવવા બાબતે ચર્ચા ચાલી રહી હતી.

' બસ બસ હો. ખબર છે તને મંચુરિયન બનાવતા આવડે છે.', કૃપા સોનુને કહી રહી હતી.

' હા પણ, આવડે છે તો આવડે છે. તારી જેમ તો નથી જ.'

' મને ભી મેગ્ગી બનાવતા તો આવડે જ છે હો.', અમે બધાં હસી પડ્યા. નિશા પણ થોડું હસી. મને ઘણી રાહત થઈ. પણ એણે મારી સામે બેઠી હોવા છતાં મારી સામે સુદ્ધા ના જોયું.

' તર્પણના મમ્મીને કહેજે કે મને મેગ્ગી બનાવતા આવડે છે.', મેં કહ્યું અને સોનુને તાલી મારી.

' મેગ્ગી એ તો એન્જિનિયર્સનું ઓફિશિયલ ફૂડ છે.', કૃપાએ હસતા હસતા બચાવ કર્યો. અમે બધાં ફરી હસ્યા.

' તો શું કહે છે તર્પણ ? એ અહીં છે ?', મેં પૂછ્યું.

' હા અને ના ભી. આજે અહીં જ હતો. ઘરે જતાં પહેલાં પ્રપોઝ કરવા માંગતો હતો. હવે એ બેફિકર બસમાં હશે. મેં એને કહી દીધું છે, આરામથી બસમાં સૂઈ જજે.'

' આરામથી? બિચારાની હાલત તો જોવા જેવી હશે. તારા જ સપના જોતો હશે.', આજે સોનુ કંઈક વધારે બોલી રહી હતી.

' સપના ના આવે તો એ પ્રેમ હોય જ કેવી રીતે?', નિશાએ કૃપા સામે થોડી સ્માઈલ કરીને કહ્યું.

' યા, એણે મારી ખૂબ ફિલ્ડિંગ ભરી છે. ઇનફેક્ટ હી ઇઝ મેડ અબાઉટ મી. ઇલેક્ટિવની લેબમાં જ્યારે પણ મારી સામે બેઠો હોય, મને જ જોયા કરતો.', કૃપા શરમાઇ.

' ઓહ્હ્હો, સો સ્વીટ. મિસ મેગ્ગી.', સોનુએ કૃપાને ચીડવતા કહ્યું.

' બાય દ વે એણે પ્રપોઝ કઈ રીતે કર્યુ?', મેં મારી ક્યૂરિઓસિટી બહાર કાઢી.

' લોંગ ટાઈમથી અમે બંને ચૅટ કરતા હતાં. એઝ અ જસ્ટ ફ્રૅન્ડ. એ મારી કૅર કરે છે. એવું મને એના મૅસેજ પરથી જ લાગ્યું. અમે બંને એકબીજાને વધારે ઓળખતા થયા. આજે અમારું ગ્રૂપ છૂટ્ટું પડી રહ્યું હતું, બધાં એકબીજાને બાય કહી રહ્યા હતાં. બટ એ મને કંઈક અલગ જ રીતે જોઈ રહ્યો હતો. રોજની જેમ નહીં. આજે જાણે એમ જોઈ રહ્યો હતો કે કંઈક કહેવા માંગે છે, અથવા તો એ કંઈક જાણે છે. સોનુ તું મિતાલીને મળવા ગઈ ત્યારે એ મારી પાસે આવ્યો અને એણે કહ્યું ' હું જસ્ટ તારી યાદો ઘરે નથી લઈ જવા માંગતો. હું બહુ નર્વસ છું બટ આજે નહીં તો ક્યારેય નહીં. આઈ લવ યુ.'

' અને તે હા પાડી દીધી?', મેં પૂછ્યું.

' તો તે પહેલી જ વારમાં હા નહોતી પાડી દીધી. આપણે ફિલીંગ્સને ઇગોના લેયર શા માટે ચડાવીએ છીએ? મને પણ એના તરફ ફિલીંગ્સ હતી યાર, સો મેં પણ એને કહી દીધું.', કૃપા

સ્માઈલ સાથે સિરિયસ થતા બોલી.
‘ શું કહી દીધું? અમને તો કહે?’, સોનુએ કૃપાને ચીડવવા પૂછ્યું. કૃપાએ મારવા માટે હાથ બતાવ્યો.
‘ એતો તો તારા ‘ એ’ સાથે વાત કરીશ ત્યારે ખબર પડશે.’, કૃપા બોલતા બોલતા હસી પડી.
‘ તું પણ હવે કોઈ શોધી લે, નિશા.’, સોનુએ નિશા તરફ જોતા કહ્યું. નિશાએ મેચ્યોર ફેસ બનાવ્યો.
‘ હાલ કોઈની જરૂર નથી. કોઈ ગમશે તો આપોઆપ ખબર પડી જશે. લવને કંઈ તમે રેઝિસ્ટ ન કરી શકો.’, નિશાએ બહુ ઊંચી વાત કરી હતી. પણ એના અવાજમાં આટલું દર્દ કેમ હતું.?
‘ મળશે મળશે. ટાઈમ આવશે એટલે બધું થઈ જશે. સોનુને પેલો મશીન રિપેર કરવાવાળો જોવા આવવાનો છે. એમ તારા માટે ભી કોઈ આવશે..’, કૃપા નિશાના ખભા પર હાથ મુકીને સોનુ સામે જોઈને હસી.
‘ લાવ તો પેલા તર્પણયાનો નંબર આપતો. હમણા તારા બધાં સિક્રેટ્સ કહું.’, સોનુ કૃપાના મોબાઈલ લેવા આગળ વધી. બંનેને કૂતરા બિલાડા જેવું ભળતું પણ સાલી બંને વચ્ચેનો પ્રેમ કદી ઘટ્યો નહોતો.
‘ મારે તો કોઈ સિક્રેટ્સ છે જ નહીં. મેડમ.’,
‘ એવું કૃપા?’, મેં સોનુ અને નિશા ત્રણેયે એક સાથે કૃપા સામે જોયું.
‘ તો ફર્સ્ટ સેમમાં વિવેક કોને ગમતો હતો? પછી પેલા બ્રિજેશ સર તારો કૉલેજ ક્રશ? હેં…?’, મેં કહ્યું.
‘ બસ કરો સાલીઓ, તમે તો આ સિરિયસલી લઈ લીધું.’, એ બોલતી બોલતી હસવા લાગી. ગાર્લિક બ્રેડ આવી. હોટ ગાર્લિક બ્રેડ કૃપાએ મોંમાં મૂકતા જ બહાર કાઢી.
‘ પેલા ભગવાનને તર્પણ તો કરી લે.’, સોનુ હસતા હસતા બોલી. અમે બધાં ખડી પડ્યા. કૃપાએ સોનુને પીઠમાં ધીમેથી એક ધબ્બો માર્યો અને કહ્યું ‘ ઓવન બગડી ગયું લાગે છે, પેલા વડોદરાના મિકેનીકને બોલાવવો પડશે.’ સાંભળીને સોનુએ મોં મચકોડ્યું.
‘ એ કંઈ ઇલેક્ટ્રિક એન્જિનિયર નથી. M.S માં છે અને પ્લેસમેન્ટ પણ થઈ ગયું છે હો.’,
‘ ઓહ્હ્હ, બહુ ખોટું લાગ્યું ને.’, મેં પણ કૃપા સાથે સૂર પુરાવ્યો.
‘ પ્રેમ. નહીં સોનુ?’, નિશાએ એનું મૌન તોડ્યુ.
‘ રાઇટ નિશા.’, સોનુએ સ્મિત સાથે કહ્યું. માર્ગરીટા આવ્યો. અમે લોકો પિત્ઝા પર તૂટી પડ્યાં. ઓબ્વિયસલી અનલિમિટેડ પિત્ઝા ખાવા માટે તો અમે અહીં આવતા હતાં. એમ ભી ભૂખ કકડીને લાગી હતી.
‘ યાર કૉલેજની બહુ જ યાદ આવશે નહીં?’, કૃપાએ ઉદાસ ફેસ કરતા કહ્યું.
‘ યા એક વર્ષ છે હજુ જેટલી ધમાલ કરવી હોય એટલી ધમાલ કરી લો.’, મેં કહ્યું.
‘ યાદ છે કૃપલી. બીજા સેમેસ્ટરમાં. તું પેલી સાથે ઝઘડી હતી? તારી ફ્રૅન્ડ? શું નામ હતું એનું?’, નિશાએ કહ્યું. આઈ વોઝ ફિલિંગ ગુડ અબાઉટ હર. એટલિસ્ટ એ બધાં સાથે વાતો તો કરી રહી હતી.
‘ દ્રષ્ટિ. એને તો હજુ મારવાનું મન થાય છે. હું કોઈ છોકરા સાથે વાત કરું એને શું પ્રોબ્લેમ હશે? એ જ ખબર નથી પડતી. સાલીએ મારાં ઘરે ફોન કરીને કહી દીધું કે, હું બધાં છોકરાઓ સાથે વાત કરું છે.’,
‘ હાહાહા.’ અમે બધાં હસ્યા.
‘ પછી તો એના વાળ ખેંચવાની જે મજા આવી હતી….. યાર.’, કૃપાએ ક્રુએલ એક્સપ્રેશન કરતા કહ્યું.

‘ પછી એણે તારું બેગ બાળી નાખ્યું હતું નહીં?’, નિશાએ હસતા હસતા કહ્યું.
‘ ગુસ્સો અને ઇગો તો કૂટી કૂટીને ભર્યો છે એનામાં. સામે આવે તો હજુ એક ચોડી દવ.’, કૃપા એક્સાઇટમેન્ટમાં બોલી. નિશાએ કૃપાનો ચહેરો ઘુમાવ્યો. એક ખુણાના ટૅબલ પર એક છોકરા સાથે બેસેલી દ્રષ્ટિને બતાવી.
‘ ચલ હવે એક ચોડી દે તો તને માનું.’, નિશાએ કહ્યું અને હસી. અમે બધાં હસ્યા.
‘ સાલીએ બોયફ્રૅન્ડ પણ શોધી લીધો. આમ તો બહુ કહેતી હતી કે છોકરાવ સાથે વાતો ના કરાય એ બહુ ખરાબ હોય. હવે શું થ્યુ?’, કૃપા દ્રષ્ટીના ટૅબલ તરફ જોતા જોતા બોલી. એના ચહેરા પરના એક્સપ્રેશન્સ તો જોવા જેવા હતાં.
‘ પ્રેમ…!’, નિશા ફરી એ જ શબ્દ બોલી.
‘ પનીર?’, વેઇટરે પિત્ઝા વિશે પૂછ્યું.
‘ યા પ્રેમ પનીર…!’, કૃપા બોલી અને હમે હસ્યા.
‘ સ્યોર સ્યોર.’, બધાંએ એક એક પીસ લીધો.
‘ પછી યાદ છે..? સોનુ આપડી રૂમમાં નવી નવી આવી હતી?’, કૃપાએ કહ્યું.
‘ સૉરી સોનુ શરૂઆતમાં અમે તારી બહુ જ મજાક ઉડાવતા. તું કંઈ બોલતી નહીં એટલે અમે મુંગી મેના જ કહેતા. ખબર નહીં આટલું બધું તું કંઈ રીતે ચુપ રહી શકે છો. અને બુક્સ બાપ રે. એક વાર પકડી એટલે પૂરી જ નહીં.’, નિશાએ એના અસલી એક્સ્પ્રેશન્સ લાવતા કહ્યું. હા આ રીયલ નિશા હતી.
‘ અને યાદ છે? તમે બન્નએ પેલા છોકરાને પોલીસ પાસે માર ખવરાવ્યો હતો?’, કૃપાએ ફરી એક યાદ તાજી કરી.
‘ બીચારાનો એમાં કંઈજ વાંક નહોતો.’, કૃપા દયામણા ચહેરે બોલી.
‘ વાંક કેમ નહોતો?, એણે અંકુ.’, નિશા આગળ ના બોલી શકી. એ વચ્ચે જ થોભી ગઈ.
‘ સાલો મારી પાછળ પડી ગ્યો તો. હું ભાવ ના દેતી તો પણ રોજ અમારી પાછળ પાછળ આવતો. એક દંડો તો જરૂરી જ હતો.’, નિશાએ છોડેલું મેં કન્ટીન્યુ કર્યુ અને અમે બધાં હસ્યા.
‘ અને ટીચર્સ ડે યાર. એ કઈ રીતે ભૂલી શકાય? અમેઝીંગ ડે યાર. એ દિવસના ગરબા તો ક્યારેય નહીં ભુલાય.’, કૃપા બોલી.
‘ હા યાર એ દિવસે તો સર લોકોએ પણ એન્જોય કર્યુ હતું.. અને તેં તારા બ્રિજેશ સર સાથે ડાન્સ કર્યો હતો.’, મેં બ્રિજેશ પર ભાર મુકતા કહ્યું. અમે બધાં ફરી હસ્યા.
‘ તર્પણ જીજુને ટીચર્સ ડેના ફોટા મોકલવા પડશે.’, સોનુએ નીચી ડોક કરીને મંદ મંદ હસતા હસતા કહ્યું.
‘ તુ તારા મિસ્ટર મીકેનકલ ને સંભાળ હો.’,
‘ ઓય્ય તમને બંનેને ઝગડવા સિવાય કોઈ ધંધો છે કે નહીં?’, નિશાએ પિત્ઝાને બટકુ ભરતા ભરતા કહ્યું.
‘ અરે યાર. એક વર્ષ છે. લડી લઈને. આ જ તો ટાઈમ છે યાદો બનાવવાનો. કોણ જાણે પછી કેવા ઝગડા જોવા પડશે.’, સોનુએ ખૂબ ધીમેથી કહ્યું.
‘ હા. સોનુ રસોડામાંથી છૂટ્ટું કૂકર ફેંકશે અને મિસ્ટર મિકેનિકલ રિપેર કરશે. હાહાહા.’, નિશાએ ટોન માર્યો. અમે બધાં ફરી ખડખડાટ હસ્યા.
‘ મારે તો જોબ કરવાની છે. એ લોકોને પણ કદાચ કંઈ પ્રોબ્લેમ નથી.’, અમે લોકો પાંચ પાંચ પીસ ખાઇ ચુક્યા હતાં. ફરી ગાર્લિક બ્રેડ આવી. અમે ફરી એક એક ખાધી. બસ હવે મારું તો પેટ ફૂલ થઈ ગયું હતું. એ પછી પણ અમે ઘણું બેસ્યા અમે કેટલીય યાદો તાજી કરી. ઇટ વોઝ મોમેન્ટ્સ ઑફ શેરિંગ. મોમેન્ટ્સ ઑફ ફૂલ એન્જોયમેન્ટ.

‘ કેટલા વાગ્યાની બસ છે?’, કૃપાએ પૂછ્યું.
‘ અગિયાર, મહાસાગર.’, મેં કહ્યું.
‘ જીજુ સાથે વાત કરવાની હશે ને?’, કૃપાએ આંખ મારતા કહ્યું.
‘ તને બહુ ખબર નહીં?’,

‘ એ દિલ્લી જાય છે. યમાહાવાળા એક રેસ અરેન્જ કરી રહ્યા છે. એમાં પાર્ટીસિપેટ કરવાનો છે.’
‘ ઓહ્હ ગ્રેટ યાર. અમારાં બેસ્ટ ઑફ લક કહેજે.’, કૃપાએ કહ્યું. નિશા એનો ચહેરો બીજી તરફ ફેરવી ગઈ. શી વોઝ સ્ટીલ અપસેટ. મેં ટોપીક બદલવા બીજી વાત શરૂ કરી.
‘ તો મારાં ઘરે ક્યારે આવો છો બધાં?’
‘ પહેલાં તમારે લોકોએ મારાં ઘરે આવવાનું છે.’, સોનુએ કહ્યું.
‘ તારી સગાઈ વખતે પાક્કુ, બસ?’, નિશા બોલી.
‘ સગાઈ હોય તો જ અવાય એવું જરૂરી નથી.’
‘ હા હા બેન આવશુ.’, કૃપાએ હાથ જોડતા કહ્યું. વેઇટરને અમે ડેઝર્ટ લઈ આવવા કહ્યું. થોડી જ વારમાં આઈસક્રીમ આવી ગયો.
‘ સોનુ અને કૃપાને નામ.’, મેં આઈસક્રીમની પ્યાલી ઊંચી કરીને કહ્યું. બધાંએ પ્યાલી ઊંચી કરી.
‘ આપડી ફ્રૅન્ડશીપને નામ.’, સોનુ બોલી. અમે લોકોએ પ્યાલી ટકરાવી. આજબાજુ વાળા અમારી સામુ જોઈ રહ્યા. પેલી દ્રષ્ટિ પણ અમારી સામે જોઈ રહી. અમે થોડીક ક્ષણો મુંગા જ રહ્યા. થોડી વાર રહીને ખડખડાટ હસ્યા.
‘ લવ યુ ગર્લ્સ.’, મેં ઇમોશનલ થઈને કહ્યું.
‘ લવ યુ ઑલ.’, સોનુ અને કૃપાએ પણ કહ્યું. છેલ્લે છેલ્લે નિશાએ પણ કહ્યું. પણ મારી સાથે નજર ના મેળવી. ભલે અમે લોકો એકબીજા સાથે નહોતા બોલતા. બહારથી બધાંને એમ જ લાગવા દેતા કે અમે ચારેય ફ્રૅન્ડ જ છીએ. તકરારો તો ફ્રૅન્ડશીપમાં થતી જ હોય. આ થોડી મોટી તકરાર હતી. મને વિશ્વાસ હતો આ તરકાર ફરી પાગલ ફ્રૅન્ડશીપનો બેઝ બનશે. એ દિવસ મારી લાઈફનો મોસ્ટ મેમોરેબલ ડે હતો..! ઇટ વોઝ અમેઝિંગ ડે.
***
મેં અને વિવાને મારાં મોબાઈલમાં જ્યાં સુધી કવરેજ હતું ત્યાં સુધી વાતો કરી. એઝ ઑલવેઝ હી વોઝ સો રોમેન્ટિક એન્ડ કેરીંગ. એ મને કહી રહ્યો હતો કે ‘ આંટીનો ખયાલ રાખજે. બને ત્યાં સુધી એમની સાથે કડવુ ના બોલતી. એમની સાથે સારો વ્યવહાર કરજે. બને એટલી એમને ખુશ રાખવાની કોશીષ કરજે. રસોડામાં એમને હૅલ્પ કરજે. મમ્મી સાથે એમની મીઠી પળોને યાદ કરજે. પપ્પાનો પણ ખયાલ રાખજે.’ એનું કહેવુ એવું હતું કે, ‘ હવેના સ્ટેપ્સમાં એ લોકોનો ખૂબ જ સપોર્ટ જોઈશે. એટલે એ લોકોને સમજવા પડશે. એમની દરેક વાતને ધ્યાનમાં રાખવી પડશે. નો ડાઉટ એ થોડાક ઓવર કેરીંગ હશે, ઓવર રીએક્ટિંગ હશે. કદાચ તું તારા ઘરે કહીશ ત્યારે ટફ ટાઈમ પણ આવશે બટ આપણે બંનેએ સાથે રહેવુ પડશે. બંનેએ હિંમત નથી હારવાની. બસ એ લોકોને કોઈ પણ રીતે મનાવવાના છે. નો ડાઉટ કાસ્ટનો પ્રોબ્લેમ લઈને જ એ લોકો ઊભા રહેશે. બટ આપણે એ લોકોને મનાવવાના છે. અને આપણે મનાવી લઈશુ. ’

અને હું પણ કહી રહી હતી. ‘ બસ વિવુ તું મારી સાથે રહેજે. તે જ મારાંમાં જીવ પૂર્યો છે. તું સાથે હોઈશ તો હું કોઈ પણ પ્રોબ્લેમ ફેસ કરી લઈશ. યુ આર ધ મોસ્ટ અમેઝીંગ ઇન્સિડન્ટ

ઑફ માય લાઈફ. પપ્પાને તો હું સંભાળી લઈશ. અને પ્રોમિસ મમ્મી સાથે બને ત્યાં સુધી કોઈ જ બબાલ નહીં કરું.'

હું એને મારાં આજના દિવસ વિશે કહી રહી હતી.
' ફેન્સી આજે ફરી નૅગેટિવ વાતો કરતી હતી .',
' એની કોઈ વાત ધ્યાન માં ના લે .'
' એ મને પ્રવોક કરતી હતી . વિવાનને તો બહુ બધી ફીમેલ ફ્રૅન્ડ્સ છે . તને એ મોટા માણસોના ઘરમાં નહીં ફાવે તો ? બ્લા બ્લા .'
' લાગે છે , એ હવે થોડી વધુ જ આગળ જઈ રહી છે . પેલા તો આવી નહોતી . ચલ હું વાત કરીશ એના જોડે .'
' આજનો દિવસ તો અમેઝીંગ હતો વિવુ . સોનુને એક છોકરો જોવા આવવાનો છે , ઑલમોસ્ટ બધું પાક્કુ જ છે . અને બીજી ખુશખબર એ છે કે કૃપાને એના એક ફ્રેન્ડે પ્રપોઝ કર્યુ અને કૃપાએ હા પણ પાડી દીધી . તર્પણ નામ છે એનુ .'
' ગ્રેટ , અને નિશા ?'
' શી ઇઝ ડુઇંગ ગુડ . અમે લોકો રીઅલ પેપ્રિકામાં ગયા હતાં . મારી સાથે તો ના બોલી બટ એટલીસ્ટ બધાં સાથે હસતી હતી .'
' ઇટ્સ નોટ યોર ફોલ્ટ . મને ખબર છે યુ સ્ટીલ ફીલ રીગ્રેટ .'
' ફરગેટ ઇટ , બધું ઓકે થઈ જશે . તારે કેવુ રહ્યું આજે . પપ્પા પાસેથી કંઈ શીખ્યા કે નહીં તમે ?', મેં હસતા હસતા કહ્યું .
' તમે ?'
' હા આજે સોનુને અમે બહુ જ ચીડવી છે . એ સાર્થકને ' એ ' ' એ ' કહીને સંબોધતી હતી .', એ હસ્યો .
' એક તો એ ઓછું બોલે અને એમાં તમે બીચારીને ચીડવો .'
' ઓછું ? આજે તો ઘણું બોલતી હતી . એ બહુ જ ખુશ હતી .'
' યા સો વી આર . એન્ડ વી વિલ બી . અત્યારેતો મોસ્ટ ઑફ , સાઇટ પર સુપરવાઇઝ કરૂં છું અને પપ્પા શું કામ કરે છે એ જોયા કરું . તને તો ખબર છે , સ્ટીડી બીલ્ડીંગ્સ . થોડું બોરિંગ છે , બટ આઈ વિલ એડોપ્ટ .'
' વિવુ , એવરીથિંગ વિલ બી ઑલરાઇટ . હું મમ્મીને સંભાળુ તું પપ્પાને ઓકે ?'
' તારો ખયાલ રાખજે , હું શનિવારે દિલ્લી જાવ છું . સો ટેક કૅર . આઈ વિલ મિસ યુ .'
' હું પણ , અને ખાવા પીવામાં ધ્યાન રાખજે . બહુ બહારનું ખાતો નહીં . અને ઠંડી પણ છે , તો સ્વેટર પહેરજે .'
' ઓકે ઓકે સ્વીટુ . બધું આજે જ કહી દઈશ ? હું ટાઈમ મળશે એટલે તને કૉલ કરીશ જ .'
' ઓકે માય નોટી વિવુ .', મેં કાલા અવાજમાં કહ્યું . કૉલ કટ થઈ ગયો . દસ મિનિટ સુધી કવરેજ ના આવ્યું . હું મોબાઈલ તાકીને જ બેસી રહી . કવરેજ આવે એટલે તરત જ હું કૉલ કરવાની ફીરાકમાં હતી . જેવુ કવરેજ આવ્યું એટલે મેં કૉલ કર્યો .
' રીમેમ્બર , નો ફાઇટ વિથ મોમ . તારું ધ્યાન રાખજે . મમ્મીને કહેજે સારું સારું જમાડે . અને તું મમ્મીને સારું સારું બનાવી દેજે . એન્ડ એન્જોય યોર ટાઈમ .', એણે કૉલ રીસિવ કર્યો એટલે એણે તરત રીઝ્યુમ કર્યુ .
' ઓકે વિવુ . તું પણ ધ્યાન રાખજે . ટેક કૅર . વોન્ટ યુ સે બ્યુટીફૂલ વડ્ર્સ ?',
' ફર્સ્ટ યુ .'

‘ નો ધીઝ ટાઈમ યુ . કૉલ ક્યારે કપાઇ જશે ખબર નહીં .’, મેં મોબાઈલ ઓપરેટરને કોસતા કહ્યું .
‘ ઑકે માય સ્વીટુ ... આઈ .... લવ .... યુ ’, એણે વારાફરતી ત્રણ સ્વીટ શબ્દ કહ્યા .
‘ આઈ લવ યુ ટુ . માય નોટી વિવુ , ટેક કૅર .’
‘ મીસ યુ ડાર્લિંગ બાય , ગુડ નાઈટ .’
‘ મીસ યુ ટુ બેબી ... બાય .. બાય ’, અમે કૉલ કટ કર્યો .
***
હું સવારે વહેલા સાડા પાંચ વાગે બસમાંથી ઊતરી. મેં પપ્પાને કૉલ કર્યો. પપ્પા ત્રિકોણબાગે મને પિકઅપ કરવા આવ્યાં. મેં પપ્પાના પગ સ્પર્શ કર્યા. વહેલી સવારે ઘણી ઠંડી હતી. પપ્પાએ મને મેં સ્વેટર પહેર્યું હોવા છતાં શાલ ઓઢાડી. પપ્પા રસ્તામાં જ કહી રહ્યા હતાં કે, ‘ તારી મમ્મી તને મળવા ઘણી ઉત્સુક છે. તારો કૉલ આવ્યો એટલે એ તારા માટે થેપલા બનાવવા લાગી.’ હું ખુશ હતી કે મમ્મી મારી આટલી કૅર કરતી હતી. બટ પછી દર વખતે એવું થતું કે કોઈ ને કોઈ વાત નીકળે અને અમારે બંનેને કોઈને કોઈ બાબતે બોલવાનું થતું. બટ આ વખતે હું કોઇ એવી સિચ્યુએશન ઊભી કરવા નહોતી માંગતી.

અમે ઘરે પહોંચ્યા એટલે મમ્મી તરત જ દરવાજે આવી. એના ચહેરા પર વિશાળ સ્માઈલ હતી. એ સ્માઈલ જોઈને મારાં પપ્પા પણ ખુશ હતાં. હું મમ્મીને પગે લાગી. એમણે મારાં માથામાં હાથ ફેરવ્યો, આઈ ફેલ્ટ બ્લેસ્ડ. એન્ડ વેરી પીસફૂલ. પછી સીરીયલમાં આવે એ રીતે એ મને ભેટી પડ્યા. બટ ઇટ વોઝ રીયલ..! મેં ઘણું રિલેક્સ ફીલ કર્યુ. હું મારી મમ્મીની આ સ્માઈલ ઘણા ટાઈમ પછી જોઈ રહી હતી. મને બહુ જ ગમ્યુ. મમ્મી સાથે રમવુ કોને ના ગમે..? બસ મારે મારી મમ્મીને હૅન્ડલ કરવાની હતી. એ જસ્ટ માની જાય એટલે પપ્પાતો પીગળી જશે. મને વિશ્વાસ હતો જો મમ્મી માની જશે તો પપ્પાનો કોઈ વિરોધ નહીં હોય. બસ મમ્મીને મનાવવાની હતી. ગમે તેમ તો એ માતા હતી, એને મારાં પ્રત્યે લાગણીઓ હતી, મારાં પ્રત્યે પ્રેમ હતો. હું બધાંને ખુશ કરવા માંગતી હતી. સાથે હું પણ ખુશ રહેવા માંગતી હતી. તો આ વખતેની ટ્રીપ હતી ‘ મિશન મોમ’
***

પ્રકરણ – ૮
મારો પરિવાર

ગુલાબી ઠંડી, ક્ષિતિજ પર હજુ હમણા જ નીકળેલો સૂર્ય કેસરી આભા પાથરી રહ્યો હતો, ઠંડો પવન અને કૂણો તડકો મારાં શરીરને માદક હૂંફ આપી રહ્યો હતો. સવારના સવા સાત વાગ્યા હશે, હું ટેરેસની પાળી પર બેસીને ઊગતા કેસરી સૂર્ય સાથે આંખો મેળવી રહી હતી. વિચારશૂન્ય થઈને કુદરતની કલાને હું માણી રહી હતી. આ જ સૂર્ય હતો જેણે મને ત્રણ વર્ષ પહેલાં જીવન જીવવાની એક આશા આપી હતી. કૂણો તડકો પાથરતો સૂર્ય અત્યારે ઇશ્વર સમાન લાગી રહ્યો હતો.

***

મમ્મી આરોહીબેન, પપ્પા પ્રફૂલભાઈ, ૧૨ વર્ષની નાની બહેન સૃષ્ટિ અને હું અંકિતા. એક મિડલ ક્લાસ સામાન્ય પરિવાર. જેમની ખુશીઓનું કારણ પરિવારનો મેળાવડો જ હતું. જ્યારે પણ અમારો પરિવાર એટલે કે મામા મામી, માસા માસી અને કઝીન્સ ભેગા થતા ત્યારે મોજ કરતા. બસ ખુશીઓનું ઠેકાંણુ એટલે પરિવાર. આ પહેલાં મેં પરિવાર સિવાય બીજા કોઈ સાથે સમય વિતાવ્યો નહોતો. પછી મારી લાઈફમાં ઍન્જિનિયરિંગ આવ્યું, પછી મારી લાઈફમાં વિવાન આવ્યો.

હું ઘણા સમય પછી ઘરે આવી હતી, તો આજે રાતે ભાવિક મામા, અંજુ મામી, ત્રિશા, શિલ્પા માસી, રાજુ માસા અને ચિરાગ આવવાના હતાં. રાતનું બધાંનું જમવાનું અહીં હતું. વહેલા સવારે જ પપ્પાએ મને કહ્યું હતું કે ' તારી મમ્મીએ આ બધું પ્લાન કરી રાખ્યું છે'. ગુરૂવાર હોવા છતાં આજે સનડેની જેમ બધાં ભેગા થવાના હતાં.

સૃષ્ટિ હજુ ઊંઘતી હતી. મને મારી નાની બહેનને હેરાન કરવાનું મન થયું એટલે હું નીચે ગઈ. કાચની બારી છેદીને તડકો ચારે તરફ છંટાઇ ગયો હતો. હું બેડ પર બેસી. મેં સૃષ્ટિએ ઓઢેલું બ્લેંકેટ ખેંચી લીધું અને ગલી પચી કરી. એ ઉંકારા કરીને પડખુ ફરી ગઈ. મેં એનું ફરી પડખુ ફેરવ્યું. એણે ફરી ઉંકારા કર્યા. મેં એને ગળા પાસે ગલી પચી કરી. ફરી એણે ઉંકારા કર્યા અને ' સુવા દે ને.!', એવું બોલી.
' ઉઠ ચાલ., તડકો થયો.', મેં એના શરીરને હલાવતા કહ્યું. એણે મારો હાથ હટાવ્યો.
' ઊંઘવા દે ને, ઊંઘ આવે છે.', એ ઉંકારા કરતા બોલી.
' ચાલ પપ્પા બોલાવે છે. ઊભી થાતો.', મેં મલકાતા મલકાતા એના ગાલ પર મારાં ઠંડા હાથ અડાડ્યા. એણે બ્લેંકેટ ખેંચ્યો અને એ ઓઢી ગઈ. મેં ફરી બ્લેંકેટ ખેંચ્યો અને હું સૃષ્ટિ પર ઢળી ગઈ. એણે ફરી બ્લેંકેટ ખેંચ્યો. મેં પણ ફરી ખેંચ્યો. મેં એના કાનમાં કહ્યું કે ' હું તારા માટે કંઈક લાવી છું.', એ સાંભળતા જ એની બધી ઊંઘ ઊડી ગઈ. એ સફાળી ઊભી થઈ ગઈ.
' શું છે..?',
' ના તું ઊંઘી જા. કંઈ નથી.', હું બેડ પરથી ઊભી થઈ. ક્યુટ સૃષ્ટિ બેડ પરથી ઊતરીને મારી સામે ઊભી રહી ગઈ.
' મારે અત્યારે ને અત્યારે મારી ગીફ્ટ જોવી છે.', સૃષ્ટિએ ઑર્ડર કરતા કહ્યું.
' બસ હો જીદ નહીં. હું કંઈ નથી લાવી.', હું સ્મિત કરતી કરતી દરવાજા તરફ ચાલી.

‘ તારો મોબાઈલ નહીં મળે.’, એણે મારો મોબાઈલ બતાવતા કહ્યું.
‘ રાખ વાંધો નહીં, લોક મારેલ છે.’, મેં સ્માઈલ કરતા કરતા કહ્યું.
‘ હું તોડી નાખીશ.’, એણે મોબાઈલ ફેંકતી હોય એવી રીતે મોબાઈલ બતાવ્યો.
‘ નો પ્રોબ્લેમ, હું નવો લઈ લઈશ. ચાલ હવે આમ મોઢું ધો.’, મેં એની પાસે જઈને કહ્યું.
‘ ના, પેલા મારે મારું ગીફ્ટ જોઈએ.’, એણે જીદ પકડી.
‘ અરે પણ હું કંઈ લાવી જ નથી.’, મેં એને જકડી અને નરમાઇથી કહ્યું.
‘ જા તારી સાથે વાત જ નથી કરવી.’, એણે મારો મોબાઈલ બેડ પર ફેંકીને ચહેરો ફેંરવ્યો.
‘ ઓકે એઝ યુ વિશ.’, હું હસતી હસતી મારો મોબાઈલ લઈને રૂમમાંથી બહાર આવી.
***

પપ્પા ન્યૂઝપેપર વાંચી રહ્યા હતાં. મેં સોફા પર બેસીને ટી. વી શરૂ કર્યુ. મમ્મી શાકભાજી લેવા ગઈ હતી. મમ્મીનો બીહેવીઅર અત્યાર સુધી તો નૉર્મલ રહ્યો હતો. આ વખતે અત્યાર સુધીમાં એણે એક પણ ટોન્ટ નહોતો માર્યો. અલબત જ્યારથી હું આવી ત્યારથી એના ચહેરા પર સ્માઈલ હતી, એ ખુશ દેખાઈ રહી હતી. મને થોડી નવાઇ લાગી રહી હતી. સૃષ્ટિ તૈયાર થઈને મારી બાજુમાં આવીને બેસી ગઈ.

‘ રિમોટ લાવ.’, એણે ચહેરો બગાડતા કહ્યું.
‘ પેલા હું આવી ઓ. કે?’, મેં એને ચીડવતા કહ્યું.
‘ તો શું છે? તું ક્યારની જો છો. લાવ’, મેં રિમોટ સંતાડ્યું.
‘ પપ્પાને પૂછ હમણાં જ શરૂ કર્યુ છે.’, મેં પપ્પા સામુ જોઈને કહ્યું. એ પેપર વાંચવામાં જ મશગુલ રહ્યા.
‘ મારે રિમોટ જોઈએ.’, એણે ટટ્ટાર પગ કરીને કહ્યું.
‘ પપ્પા બધું બેનને જ નહીં? મને કંઈ નહીં.’, સૃષ્ટિએ ઉદાસ ચહેરો કર્યો.
‘ શું છે?’, પપ્પાએ છાપું હટાવતા કહ્યું. ‘ લડવા સિવાય કોઈ ધંધો છે ખરો?’
‘ પપ્પા આને કહોને રિમોટ આપે.’
‘ ના, મારે આ સિરિયલ જોવી છે.’, મેં પપ્પાને કહ્યું.
‘ મારે રિમોટ જોઈએ નહીંતર મને મોબાઈલ લઈ દો.’, સૃષ્ટિએ ચહેરો ફેરવતા કહ્યું.
‘ બેટા રિમોટ આપી દે, નહીંતર ખર્ચો કરાવશે.’, પપ્પાએ હસતા હસતા કહ્યું.
‘ ના હું રિમોટ પણ નથી આપવાની અને બેન ને કંઈ લઈ પણ નથી દેવાનું.’, મેં પણ જીદ કરી.
‘ કિટ્ટા, તમારી સાથે બોલું જ નહીં હવે.’, એ રીસાઈને રૂમમાં ચાલી ગઈ.
‘ તું પણ, કેમ એને હેરાન કરે છો? જા હવે મનાવ.’, પપ્પાએ કહ્યું.
હું રૂમમાં ગઈ. એ બેડ પર મોં ચડાવીને બેસી હતી. ‘ ઓય્ય, નાટક નહીં હો.’, મેં હળવેથી ખીજાતા કહ્યું. પણ મનમાં હું હસી રહી હતી. એ મોં ફેરવી ગઈ. મેં ધીમેથી બેડ નીચેથી મારું બેગ કાઢ્યુ અને એક બોક્સ કાઢ્યું.

મેં એ બોક્સ એના ખોળામાં મુક્યું. એણે મારી સામે જોયું. હું સ્માઈલ કરવા લાગી. એના ચહેરા પર અચાનક જ સ્માઈલ આવી ગઈ. એ ખુશ ખુશ થઈ ગઈ. એ મને ગળે વળગી ગઈ અને ‘ થેંક્યુ’ ‘ થેંક્યુ’ કહેવા લાગી. એણે ગીફ્ટ ઑપન કર્યુ. એ બ્લૅક સિંગલ પીસ ટોપ જોઈને ખુશ થઈ ગઈ. હું પણ એને ભેટી. મેં એને વહાલ કર્યો. બાય દ વે એ મારી નાની બહેન હતી.
***

મમ્મી હજુ આવી નહોતી. હું, પપ્પા અને સૃષ્ટિ ટી. વી જોઈ રહ્યા હતાં. સૃષ્ટિએ મને ટી. વીનું રિમોટ ખુશીથી પકડવા દીધું હતું. પપ્પા મને મારી એક્ઝામ વિશે પૂછી રહ્યા હતાં. મેં એમને પેપર સારા ગયા એવું કહ્યું. અમે અલગ અલગ વાતો કરી રહ્યા હતાં. મેં એમને સોનુને જોવા આવી રહ્યા છે એ વાત કરી. મારી બધી ફ્રેન્ડ્સ પણ ઘરે ગઈ છે. અમે જ્યાં જ્યાં રખડવા ગયા એની વાતો કરી. જ્યારે મેં એમ કહ્યું કે ' અમે ગઈ કાલે પિત્ઝા ખાવા ગયા હતાં' ત્યારે સૃષ્ટિ મારી સામે જોઈ રહી. મેં એને બાજુમાં પડેલા બોક્સ તરફ ઇશારો કર્યો. એ સ્માઈલ કરવા લાગી. પણ ક્યારનો મારાં મનમાં એક સવાલ ઉદ્ભવતો હતો. આખરે મેં એ પપ્પાને પૂછ્યો.

' પપ્પા મમ્મી કંઈક બદલાયેલી લાગે છે.', મેં પપ્પાને પૂછ્યું.
' એ તને સરપ્રાઇઝ આપવાની છે.', પપ્પાએ કહ્યું.
' એટલે?'
' એણે મને કહેવાની ચોખ્ખી ના પાડી છે.'
' પ્લીઝ પપ્પા કહોને.', મેં કણસતા કણસતા કહ્યું.
' ના, બેટા સમજ ને, સોડુ સિરિયસ છે. નહીંતર તને ના પાડું?', પપ્પાએ મારાં માથા પર હાથ મુકતા કહ્યું.
' ઓકે પપ્પા.', મેં પપ્પાના ખભા પર હાથ મુકતા કહ્યું. મને મમ્મીની સરપ્રાઇઝ વિશે બહુ જ ક્યુરિયોસિટી હતી. મમ્મી અને સરપ્રાઇઝ? મારાં માનવામાં નહોતું આવતું. જે પણ બદલાવ હતો એ સારો હતો. એ ખુશ હતી. જેના કારણે હું પણ ખુશ હતી. કોઈ પણ વાત હોય અને હું પપ્પાને પૂછું તો પપ્પા કહી જ દેતા. બટ પપ્પાએ આજે ના કહ્યું, એટલે કંઈક મોટી વાત હોવી જોઈએ. હું તો વાટે હતી મારી સરપ્રાઇઝની. મમ્મીની પહેલી સરપ્રાઇઝની.
***
હું અને સૃષ્ટિ બંને એના રૂમમાં હતાં. એ મને એના પેઇન્ટિંગ્સ બતાવવા લઈ ગઈ હતી. એણે એની ડ્રોઈંગબુક કાઢી અને મને પેઇન્ટિંગ્સ બતાવવા લાગી. મેં અને સૃષ્ટિએ એના પેઇન્ટિંગ્સ જોયા. એ એના પેઇન્ટિંગ્સ બતાવતી વખતે ખૂબ એક્સાઇટેડ હતી. રંગોળી, પનિહારીનું ચિત્ર, કુદરતી દ્રશ્ય એવા અલગ અલગ ચિત્રો એણે દોર્યા હતાં. મારાંથી પૂછાઇ ગયું કે ' મમ્મી પપ્પા લડ્યા હતાં?'
જ્યારે પણ હું ઘરે આવતી ત્યારે આ સવાલ હું મારાં મમ્મી પપ્પાને ન પૂછી શકતી, પણ સૃષ્ટિને તો પુછતી જ. એનો જવાબ કોઈ પક્ષ વિનાનો નિર્દોષ જવાબ હોતો.
' કાલે જ. મમ્મી બહુ રડી હતી.', મને ખબર પડી ગઈ, મમ્મીએ કંઈક નાટક કર્યુ હશે.
' શું બોલતા હતાં. પપ્પા?', મેં વધારે વિગતો જાણવા માટે કહ્યું.
' ખબર નહીં? હું સ્કૂલેથી આવી ત્યારે મમ્મી રડતી હતી. પપ્પા સોફા પર ચૂપચાપ બેઠા હતાં. બપોર પછી પપ્પાએ મમ્મીને મનાવી લીધા. મમ્મી ખુશ થઈ ગયા.', સૃષ્ટિએ જેટલી ખબર હતું એટલું કહ્યું. મને થોડું ટેન્સ ફીલ થયું. ખબર નહીં મમ્મીએ આ વખતે શેની જીદ પકડી હશે? દરેક વખતે તો પપ્પા મને કહેતા પણ આ વખતે પપ્પાએ પણ નહોતું કહ્યું. કંઈક તો બન્યું હતું કાલે, જે પપ્પા મારાંથી છૂપાવી રહ્યા હતાં. મેં ઝઘડા વિશે વધારે પૂછ્યું બટ એને વધારે ખબર નહોતી. સો બીજી એક ક્યુરિયોસિટી પણ હતી કે કાલનો ઝઘડો શાં કારણે થયો હતો?
***

' હા પહોંચી ગઈ બાબા, અને બધું જ બરાબર છે.',

‘ બધાં જ મજામાં છે.’
‘ હા એને ગીફ્ટ બહુ જ ગમ્યું.’
‘ ના મેં એને હજુ કંઈ જ નથી કહ્યું.’
‘ અરે પણ હજુ તો હું અહીં પંદર દિવસ રહેવાની છું, ટાઈમ જ ટાઈમ છે.’
‘ ઓકે, કહી દઈશ બસ.’
‘ ના આ વખતે મમ્મી બહુ જ ખુશ છે. અને હા એમણે મારાં માટે કંઈક સરપ્રાઇઝ રાખી છે.’
‘ ખબર નહીં એ તો. બટ એ બહુ જ એક્સાઇટેડ છે.’
‘ યા આઈ વિલ ટ્રાય માય બેસ્ટ.’
‘ ત્યાં બધાંને કેમ છે?’
‘ અને તન્મયા દીદી?’
‘ એને કહેજે કે મેં બે રાગને ભેગા કરીને એક રાગ બનાવ્યો છે.’
‘ ના, હું એમને ફોન નહીં કરું. તું કહી દેજે ને પ્લીઝ.’
‘ ખાસ તો કંઈ નહીં, બટ આજે ફૅમિલી રિયુનિયન જેવુ છે.’, હું હસી.
‘ મામા અને માસીને ત્યાંથી બધાં આવવાના છે. સો ચીલ ટાઈમ.’
‘ યા આઈ વિલ.’
‘ યુ ટેક કૅર, દિલ્લીમાં ઠંડી બહુ જ હશે.’
‘ અને સ્વેટર પહેરજે, મેં આપ્યુ છે એ.’,
‘ હું આવું પહેરાવવા એમ? ચલ આંખો બંધ કર.’
‘ અરે પણ તું બંધ તો કર.’
‘ ઓકે નાઉ હું જે કહું એ ઇમેજિન કર.’
‘ તુ કોઈ સૂનસાન જગ્યા પર છો. તે એક તંબુ નાખ્યો છે અને તું ત્યાં જ રહે છે. ઠંડી છે. બહુ જ ઠંડી છે. તને બહુ જ ઠંડી લાગી રહી છે. તું એકલો એકલો અકળાઇ રહ્યો છે. વિચારી રહ્યો છે કે શું કરીશ? કઈ રીતે રાત કાઢીશ. એકલતાએ તને હેરાન કરી મુક્યો છે. જેમ જેમ રાત વધતી જાય છે એમ ઠંડી વધતી જાય છે. જાણે તું કોઈની રાહ જોઈ રહ્યો હોય એમ આમથી તેમ આંટા મારી રહ્યો છો.. પણ સમય થંભી ગયો હોય એવું લાગી રહ્યું છે..! ત્યારે જ હું આવું છું. મારાં હાથમાં એક ગરમ સગડી છે. એમતો હું પણ ગરમા ગરમ છું. મને જોઈને જાણે તારી બધી જ ઠંડી ઊડી જાય છે. મેં તો ચોલી પહેરેલી છે જાણે મને ઠંડી લાગતી જ ના હોય.’

‘ હા અને તારી કમર મને દેખાઈ રહી છે, મને લલચાવી રહી છે.’, હું શરમાઇ ગઈ. હવે મેં આંખો બંધ કરી લીધી.
‘ તુ ધીરે ધીરે મારાં તરફ આવી રહી છો. ખબર નહીં તને ઠંડી કેમ નથી લાગી રહી. બટ હું તો ઠંડીથી ઠુંઠવાઇ રહ્યો છું. મને તો આટલી ઠંડીમાં એક સ્વર્ગ મારી પાસે આવી રહ્યું હોય એવું લાગી રહ્યું છે. ધીમે ધીમે આવતા તારા પગલા, બસ મારી પાસે પહોંચવામાં જ છે. બસ, હવે તું મારી સામે જ છો. હું તને સ્પર્શ કર્યા વિના પણ ગરમી મહેસૂસ કરી શકું છું. તારી સામે ઊભા રહીને જ મારી કેટલીક ઠંડી ઊડી રહી છે. તે ગરમ સગડીને નીચે મુકી દીધી. હું તારો એક હાથ પકડું છું. એ ગરમ અને હુંફાળો છે. મારાં ઠંડા હાથ ખૂબ જ હુંફ મહેસૂસ કરી રહ્યા છે. તારી ગરમ અને તીખી આંખો મારી આંખોમાં આગ લગાવી રહી છે. મેં મારો બીજો હાથ તારી કમર પર મુક્યો. ઓહ્હ ગોડ. કોમળ, મુલાયમ, ગરમ કમર. તે

આંખો બંધ કરી લીધી. મેં તને ફેરવી દીધી, તારું બેકલેસ બ્લાઉઝ. મેં તારી ગોરી પીઠ પર ચુંબન કર્યું. મારાં હોઠ પણ ગરમ થઈ ગયા. હું પાછળથી જ તારી ગરમીથી ભરપુર ડોક પાસે મારો ચહેરો લઈ ગયો. મેં તારા વાળ ઊંચા કર્યા. મેં ડોક પર કિસ કરી. તું તારી ડોક હલાવતી રહી. હું ચુંબન પર ચુંબન કરતો ગયો. ઠંડી વધતી ગઈ, મેં ગરમ ચુંબન લેવાનું શરૂ રાખ્યું. મેં તને મારી સામે ફેરવી.. તે આંખો ખોલી.'

' મેં આંખો ખોલી. મારાંમાં જાણે આગ હતી. તું હિમ હતો, હું તને ઓગાળવા ઇચ્છી રહી છું. મને એવું લાગી રહ્યું છે કે જો હું ટુંક સમયમાં ઠંડક નહીં પામું તો બળીને રાખ થઈ જઈશ. તારા ગળા અને પીઠ પરની કિસે મને ઘણી ઠંડક આપી દીધી છે. આગ જેવી બળતી હું ઘણી રાહત મહેસૂસ કરી રહી છું. તારી ઠંડાગાર શીત આંખો મારી ધખતી આંખોને શીતળતા આપી રહી છે. બસ હું એ બધી જ ઠંડકને પામી જવા માંગુ છું.'

' ઠંડી એની ચરમસીમા પર પહોંચી રહી છે. હવે હું આ ઠંડીના બાહોંપાશમાંથી છૂટવા માંગુ છું. બસ હવે હું ઠંડો શીતાગાર છું અને તું ગરમ અગન. બંનેને એકબીજાની જરૂરત છે. બંનેને એકબીજાને પામવાની લચીલી તલપ છે. હું મારો ચહેરો, તારા ચહેરા આગળ ધપાવું છું. તું પણ તારા ચહેરાને મારાં તરફ લાવે છે. મેં મારાં હાથોથી તારી ગરમ ડોક પકડી. તે તારા હાથ મારાં ગળામાં પરોવ્યા. બસ હવે આપણે બંને એકબીજાથી દૂર નથી બસ હું અને તું. ઠંડ અને ગરમી. મારાં હોઠ પર બરફની ક્ષારીને તે તારી આંગળીઓથી દૂર કરી. હવે અંતર નથી. હવે એક થવાની તડપ જ છે, ચાર હોઠ છે. બે ગરમ અને ઠંડા ! બંનેના હોઠ આગળ વધી રહ્યા છે. અંતર પુરૂ. એ હોઠ સ્પર્શવાની તૈયારી જ છે. મારાં ઠંડા હાથ તારી પીઠ પર પગપાળા યાત્રા કરી રહ્યા છે. એને એનો ઇશ્વર મળી ગયો છે. બસ હોઠોને એનો ઇશ્વર મળવાની તૈયારી છે. તે તારા હોઠ મારાં હોઠ પર મુક્યા..! મેં મારાં હોઠ તારા હોઠ પર મુક્યા.'
' તે ગરમી ચાખી. મેં ઠંડી ચાખી. બંને આખી રાત એકબીજામાં ઓગળતા રહ્યા. ઓગળતા રહ્યા... ઓગળતા રહ્યા...'

' અંકુ તું આવી વાતો મારી સાથે ના કર. મારું શરીર પાગલ બનતું જાય છે.'
' તો હું ક્યાં હવે સાજી રહેવા માંગુ છું. બલકે સાજી રહી જ નથી. પાગલ તો થઇ ગઈ છું. તારી પાછળ.'
' તે મનેય પોએટિક વડ્ર્સ બોલતો કરી દીધો છે, એટલે હું કંઈ સાજો તો રહ્યો જ નથી..'
' ક્યારેક તારી વાતો મને મારી નાખશે.'
' ના નહીં મારે, આપણને એકબીજામાં ઓગાળી નાખશે.'
' હા મારે ઓગળવુ છે.'
' મારે પણ.'
***
આજની મમ્મી જેન્યુઇન હતી. એ જ્યારે પણ સારું લગાડવા કંઈ પણ કરતી હોય ત્યારે ખબર પડી જ જતી. પણ આજે એ પહેલાં જેવી મમ્મી હતી. એ મને મારી કૉલેજ વિશે પૂછી રહી હતી, મારાં પેપર કેવા ગયા, મારી બધી ફ્રૅન્ડ્સ શું કરે છે, અમદાવાદમાં શું નવુ ચાલી રહ્યું છે..? એવા બધાં કેઝ્યુઅલ સવાલો પૂછાઇ રહ્યા હતાં. મારાં માટે તો મમ્મી પાસેથી સાંભળવું નવાઈ હતી. આ બીહેવીઅર શામાટે ચૅન્જ થયો છે? શા માટે મમ્મી આટલી સારી રીતે વાતો કરી રહી હતી? આ બધાં સવાલો મારાં મનમાં હતાં જ. મારાં

હૃદયનો એક ખૂણો આ મમ્મી ચાહતો હતો તો બીજી તરફ શંકાઓ પણ ફૂટી રહી હતી. મમ્મીને ખુશ જોઈને મને પણ એમની સાથે અમુક વાતો શેર કરવાનું મન થઈ રહ્યું હતું. મને એવું લાગી રહ્યું હતું કે આ સમયે મમ્મી મને સમજી શકશે. અને આ ટ્રીપમાં મારે મમ્મીને વિવાન વિશે પણ કહેવાનું હતું. એટલે ધીરે ધીરે હિંમત તો ભેગી કરવાની જ હતી.

મેં વિચાર કરી લીધો હતો કે મમ્મીને શું કહું. મેં એમનાથી જે છૂપાવ્યું હતું, એ હવે હું એમને કહેવા માંગતી હતી. મ્યૂઝિક. મ્યૂઝિક ક્લાસીસ. હું મમ્મીને કીચનમાં હૅલ્પ કરી રહી હતી. મમ્મી વાત કરી રહી હતી કે ‘ અમદાવાદ આવવુ છે . ઘણા દિવસોથી અમુક સંબંધીઓને પણ નથી મળ્યા અને અમે ક્યાં રહીએ છીએ એ જોવાઇ પણ જાય . સાથે અમદાવાદ ફરી પણ લેવાય .’ હું મમ્મીની ‘ હા’ માં હા મીલાવી રહી હતી. હું નહોતી ચાહતી કે ઘણા દિવસો પછી આવેલી આ સ્માઈલ પાછી ક્યાંક ખોવાઇ જાય.

‘ મમ્મી હું મ્યૂઝિક શીખી રહી છું.’, મેં સ્માઈલ કરતા કરતા કહ્યું. એ મારાં તરફ ફરી.
‘ મ્યૂઝિક?’, એણે ચહેરો મારાં તરફ ફેરવીને સ્માઈલ સાથે કહ્યું.
‘ હા મમ્મી, કીબોર્ડ અને ગિટાર.’
‘ એટલે તારે મ્યૂઝિશિયન બનવુ છે કે એન્જિનિયર?’, એણે હળવે હળવે હસતા હસતા કહ્યું.
‘ મને એમ થયું કે હું કોઈ ઇન્ટ્રુમેન્ટ શીખું, મજા આવશે. સો મેં ક્લાસ જોઈન કર્યા છે.’
‘ હ્મ્મ્મ, તો શું શીખી?’
‘ હજુ એટલું બધું નથી શીખી, પણ સોંગ્સ વગાડી શકું છું. અમુક નવી ટ્યુન બનાવી શકું છું. હવે અલગ અલગ રાગો શીખી રહી છું.’ મમ્મી મારી તરફ ફરી જોઈ રહી.
‘ જો બેટા મને કોઈ જ પ્રોબ્લેમ નથી કે તું મ્યૂઝિક શીખે કે બીજુ કંઈ. હું બસ ઇચ્છુ છું કે તું તારું ઍન્જિનિયરિંગ સારી રીતે પુરૂ કરે.’
‘ મમ્મી ટ્રસ્ટ મી, હું ઍન્જિનિયરિંગ બહુ જ સારી રીતે પુરું કરીશ. અને તમે જો ઇચ્છશો તો હું માસ્ટર્સ પણ કરીશ. બટ મમ્મી મારાં અમુક શોંખો છે. બસ એ પુરા કરવા છે. અને તમે મને સાથ આપશો તો મને બહુ જ ગમશે.’, મારી વાત સાંભળીને મમ્મીએ મારાં માથા પર હાથ મુક્યો. મને બહુ જ ગમ્યુ. મમ્મીનો મારાં માથા પર હાથ મુકવાનો અર્થ એ હતો કે મ્યૂઝિક માટેની એમની પરમિશન મળી ગઈ હતી. આજે ખરેખર એવું લાગી રહ્યું હતું કે મમ્મી મને સમજી રહી હતી.
‘ થેંક્સ મમ્મી.’, હું મમ્મીને ગળે વળગી ગઈ.
‘ અરે તારા હાથ બગડેલા છે.’, એણે મને યાદ અપાવ્યું.
‘ તો તું મને કંઈક સરપ્રાઇઝ આપવાની છો?’, હવે હું મમ્મી સાથે ખુલીને વાત કરી શકતી હતી.
‘ પપ્પાએ મને કહ્યું.’,
‘ બીજુ શું કહ્યું?’, એ થોડી ટેન્સ થઈ. જાણે પપ્પાએ મને કાલના ઝઘડા વિશે પણ કહી દીધું હોય.
‘ બીજુ કંઈ નહીં, બસ તું મને સરપ્રાઇઝ આપવાની છો.’
‘ હા, એક સરપ્રાઇઝ તો તારા માટે પ્લાન કરી છે.’
‘ કહેને મમ્મી શું છે.’, મેં મમ્મીનો હાથ પકડતા કહ્યું.
‘ અરે તારા હાથ લોટવાળા છે.’, મમ્મીએ ફરી યાદ અપાવ્યું.
‘ હું બહુ જ એક્સાઇટેડ છું, ક્યારે આપીશ સરપ્રાઇઝ.’

‘ આજે રાતે.’
‘ થેંક્સ મમ્મી.’, મેં મમ્મીને સ્માઈલ સાથે કહ્યું.
‘ અરે બેટા તારા માટે તો જીવીએ છીએ. જે ભૂલ અમે કરી એ તારાથી ના થાય.’, એ થોડી ઉદાસ થઈને બોલી. મને સમજાયુ નહીં.
‘ એટલે?’
‘ એટલે કંઈ નહીં. ચાલ જલદીથી લોટ બાંધ તારા પપ્પાને ભૂખ લાગી હશે.’

એ સાંજ સુધી હું વિચારતી રહી કે મમ્મી મને શું સરપ્રાઇઝ આપી શકે. પણ હું કોઈ ગેસ જ ના કરી શકી. હા હું રાતની વાટે હતી. એવી તો કેવી સરપ્રાઇઝ હતી કે જેના લીધે મારી મમ્મીના ચહેરા પર સ્માઈલ આવી ગઈ હતી. જે વાત મને ટૅન્શન અપાવી રહી હતી તે એ પણ હતી કે, એ કઈ સરપ્રાઇઝ હતી કે જેના લીધે મારાં મમ્મી પપ્પાનો ઝઘડો પણ થયો હતો. કારણ કે મેં માની જ લીધું હતું કે ગઈ કાલનો ઝઘડો જે મને સૃષ્ટિ કહી રહી હતી એને મમ્મીના બિહેવિયરલ ચૅન્જ સાથે બહુ જ લેવા દેવા હતાં. બસ અમુક કલાકોની વાર હતી. બસ પન્ના ખુલવાના જ હતાં.
***
રાતનું ડિનર પણ મેં અને મમ્મીએ જ બનાવ્યું હતું. આજે મમ્મી બહુ જ ચૂઝી બની ગઈ હતી. બધી જ વસ્તુને વારંવાર ટેસ્ટ કરી રહી હતી. કંઈક ખામી ના રહી જાય એની ખૂબ જ કાળજી લઈ રહી હતી. કાઠિયાવાડી ઘરમાં આજે પંજાબી જમણ બન્યું હતું. પપ્પા બહારથી મોતીચુરના લાડુ અને કાજુકતરી લઈ આવ્યાં હતાં. મમ્મીએ બનાવેલો અડદીયો પણ પીરસાવાનો હતો. મામા અને માસીના ઘરેથી બધાં આવી ગયા હતાં. મને રસોડામાંથી મમ્મીએ રજા આપી દીધી. હું, ત્રિશા અને ચિરાગ બહાર ગૅલેરીમાં હિંડોળે બેસવા ચાલવા ગયા હતાં. જેથી અમે ખૂલીને વાતો કરી શકીએ.

માસીના ચિરાગનું MBBS ચાલું હતું અને ત્રિશાનું ઍન્જિનિયરિંગનું ફર્સ્ટ યર. પહેલેથી જ અમે કઝીન જ્યારે પણ ભેગા થતા ત્યારે ખૂબ જ ધમાલ કરતા. એમાં પણ હું અને ચિરાગ તો ખાસ. બટ ઍન્જિનિયરિંગના ઍડમિશન પછી મારામાં થોડો ચૅન્જ આવી ગયો હતો અને અમારું મળવાનું ઓછું થઈ ગયું. બટ હવે હું કમ્ફર્ટેબલ ફીલ કરી રહી હતી.

ત્રિશા ટિપિકલ વાત જ કરી રહી હતી. ઇંગ્લિશ ખૂબ જ હાર્ડ લાગે છે. ફર્સ્ટ યરના ઍન્જિનિયરિંગના સ્ટુડન્ટ્સની આ કોમન પ્રોબ્લેમ હોય છે. હું તો એને એ પૂછવા ઇચ્છતી હતી કે કોઈ છોકરો ગમ્યો કે નહીં? બટ મેં ખુદને રોકી લીધી.

‘ મમ્મી સાથે જામી ગયું લાગે છે.’, ચિરાગ બોલ્યો.
‘ ખબર નહીં, આ વખતે મમ્મી ઘણી બદલાયેલી લાગે છે. એ કંઈક સરપ્રાઇઝ આપવાની વાત કરી રહી છે.’
‘ હા થોડા ચેન્જડ તો લાગ્યા. કેવી ચાલે છે કૉલેજ?’, હિંચકતા હિંચકતા ત્રિશાએ પૂછ્યું. મમ્મીએ બહાર હિંડોળે હિંચકવાની ના પાડી હતી. બહાર ઠંડી ઘણી હતી. છતાં અમે અમારી જગ્યાએ આવી ગયા હતાં. સ્વેટરને કારણે ઓછી ઠંડી લાગી રહી હતી બટ ઠંડી તો હતી જ.
‘ બસ મસ્ત ચાલે છે. હમણા મેં મ્યૂઝિક ક્લાસ જોઇન કર્યા છે.’
‘ તે ઍન્જિનિયરિંગ ખોટું જ લીધું છે. તારે આર્ટ્સ લેવાની જ જરૂર હતી. રીયલી !’, ચિરાગ બોલ્યો.

‘ એ તો મને પણ ખબર છે. બટ હવે મેં મૂવઓન કરી લીધું છે. હવે આપણે કંઈ કરી શકીએ એમ નથી.’
‘ એક્ઝેક્ટલી.’
‘ બટ આપણે આ બધું શામાટે લઈને બેઠા છીએ?’, મેં વાતને બદલવા કહ્યું. બંને હસવા લાગ્યા.
‘ તો શેની વાતો કરીએ તારા મેરેજની.’, ત્રિશા હસતા હસતા બોલી.
‘ ઓય્ય. પેલા તો ચિરાગના મેરેજ થશે, પછી મારાં. મને કોઈ ઉતાવળ નથી.’, હું બોલી.
‘ ઓય. મારે આ અરેન્જ મેરેજના ચક્કરમાં હમણા નથી પડવું.’, ચિરાગ બોલ્યો.
‘ ઓય્ય્ય હોય્ય્ય્ય.’, ત્રિશા ગણગણી.
‘ કોઈ શોધી રાખી લાગે છે ભાઈએ.’, હું પણ ત્રિશા સામે જોઈને ગણગણી.
‘ હા એક છોકરી છે, અનેરી..’, ચિરાગ થોડો શરમાયો.
‘ ઓહ્હ્હો. ભાભી શોધી રાખ્યા છે એમને’, અમે થોડા ઊંચા સાદે બોલ્યા.
‘ શ્શ્શ્શ્શ્સ..... ધીમે ધીમે. અંદર ખબરને કોણ બેઠુ છે?’, અમે બધાં હસ્યા.
‘ તારી સાથે સ્ટડી કરે છે?’, મેં પૂછ્યું.
‘ હા મારી ક્લાસમૅટ જ છે.’, એણે અમને મોબાઈલમાં ફોટા બતાવ્યા.
‘ ઓહ્હ... રખડપટ્ટી, ક્યુટ કપલ.’, મેં હસતા હસતા કહ્યું.
‘ આઈ લવ હર લોટ.’, એણે સિરિયસ થઈને કહ્યું.
‘ આઈ કેન અન્ડરસ્ટેન્ડ. મને વિશ્વાસ છે તું મમ્મી પપ્પાને મનાવી લઈશ..!’,
‘ યાર બહુ જ ડર લાગે છે. કઈ રીતે કહું.’, અત્યારે તો ચિરાગ જેવી જ હાલત મારી પણ હતી. એને શું સલાહ આપુ? પણ આપણે ઇન્ડિયન્સ પોતાને ભલે હેન્ડ્લ ના કરી શકીએ બટ બીજાની પ્રોબ્લેમ સૉલ્વ કરવામાં તો ટેલેન્ટેડ છીએ.

‘ અને ત્રિશા તે?’, મેં ત્રિશા સામે જોઈને પૂછ્યું.
‘ હું શુ?’, એણે સામે પૂછ્યું.
‘ કોઈ છોકરો ગમ્યો છે?’
‘ ના હજુ તો કોઈ નથી ગમ્યુ. બટ બહુ જ બબાલ ચાલે છે. હું ક્લાસમાં એક છોકરી સાથે જગડી છું.’, એણે ખૂબ સિરિયસથી કહ્યું.
‘ આ તો શરૂઆત છે. એટલે આદત પાડી લે. આવું બધું સિરિયસલી નહીં લેવાનુ.’
‘ બટ ખબર નહીં એને શું પ્રોબ્લેમ છે? જ્યારે પણ હું કોઈ સવાલનો જવાબ સરને આપુ. એટલે એ પાછળથી કોઈ કમેન્ટ કરે જ. એટલે અહીં આવતા પહેલાં મેં એને બરાબરની લીધી.’
‘ બરાબરની એટલે? બોક્સીંગ તો નથી કરીને?’, મેં હસતા હસતા પૂછ્યું. અમે ત્રણેય હસ્યા.
‘ ના હવે બોલાચાલી. સાલી ગાળો પણ બોલે છે. હવે કંઈ બોલે એટલે વાત છે એની.’, ત્રિશા થોડી ગુસ્સામાં બોલી રહી હતી.
‘ અરે શાંત શાંત.’, મેં ત્રિશાના ખભા પર હાથ મુકતા કહ્યું.
‘ તો તને કોઈ મળ્યું કે નહીં, ‘ મમ્મી ગર્લ....’, ચિરાગે એ સવાલ પૂછ્યો જેનો જવાબ હું આપવા નહોતી માંગતી, ત્રિશા સામે તો નહીં જ.
‘ ટાઈમ જ ક્યાં......’, મેં સાચી વાત છૂપાવવા કહ્યું.
‘ તુ જલદી મેરેજ કર હવે, તો તારા મેરેજમાં ડાન્સ કરીએ.’, ત્રિશા બોલી.

‘ પણ મારે તો બેન્ડબાજા ના ફતવા કરવાના જ નથી. લગભગતો કોર્ટમાં જ પતાવવું પડશે. કદાચ માની લો મારાં મમ્મી પપ્પા માની જાય તો પણ અનેરી...? એના મમ્મી પપ્પા ? કદાચ ના પણ માને...’
‘ હા, મારાં અને તારા મમ્મીમાં કંઈ એટલે કંઈ જ ફરક નથી.’
‘ બંને બહેન છે ને.’, ચિરગ બોલ્યો અને અમે હસ્યા.
‘ આપણે ફરવા જવુ છે ક્યાંય? ઓનલી ફ્રેન્ડ્સ.’, ત્રિશા બોલી.
‘ ક્યાં?’, મેં પૂછ્યું
‘ ખબર નહીં, પ્લાન કરીએ..’,
‘ ગીરનાર? અનેરી પણ આવશે.’, ચિરાગે એક્સાઇટેડ થતા કહ્યું
‘ યા, બટ થોડા દિવસો પછી. ઘરે આવ્યાં છીએ તો ઘરે ટાઈમ વિતાવીએ ને.’, મેં કહ્યું. હું મમ્મી સાથે વધુને વધુ સમય વિતાવવા ઇચ્છતી હતી જેથી હું એ લોકોને વિવાન વિશે કહેવાની હિંમત ભેગી કરી શકું.

‘ ત્રિશા, અંકિતા. અંદર આવો.’, અંદરથી અંજુમામીએ બૂમ મારી. અમે ત્રણેય અંદર ગયા. સાત વાગી ચુક્યા હતાં. અંદર બધાં તૈયાર થઈને બેઠા હતાં. જાણે ક્યાંક બહાર જવાનું હોય. કદાચ બહાર જવાનો પ્લાન મમ્મીની સરપ્રાઇઝનો જ હીસ્સો હોય. અમે ત્રણેય અંદર આવ્યાં એટલે મમ્મીએ મને કહ્યું કે ‘ તું તૈયાર થઈ જા.’
મેં કોઈ વધારે સવાલ ના કર્યા. હું અને ત્રિશા ઉપર ગયા અને મેં વિવાને ગીફ્ટમાં આપેલો પર્પલ પંજાબી ડ્રેસ પહેર્યો. ત્રિશાએ મને એક મસ્ત હેઇર સ્ટાઇલ લઈ દીધી. ઉપર વીસ મિનિટ સુધી મેં અને ત્રિશાએ જાત જાતના નખરા કર્યા. થોડી વાર પછી અંજુમામી રૂમમાં બોલાવવા આવ્યાં.

‘ ચાલો હવે કેટલી વાર. અંકુ જલદી કરો..’, એમનો ટોન એવો હતો કે નીચે કંઈ બહુ જ ઇમ્પોર્ટન્ટ વસ્તુ હતી. હું પણ મમ્મીની સરપ્રાઇઝ માટે ખૂબ જ એક્સાઇટેડ હતી. હું અને ત્રિશા બંને રૂમની બહાર નીકળ્યા અને નીચે ઉતર્યા.

નીચે મેં જોયું એ થોડી વાર માટે ના સમજાયુ. પણ ધીરે ધીરે બધો જ ખયાલ આવવા લાગ્યો. મમ્મી મને રસોડા તરફ દોરી ગઈ.
એણે મને હાથમાં પાણીના ગ્લાસની પ્લેટ આપી દીધી. શું આ જ હતી મમ્મીની સરપ્રાઇઝ? એના ચહેરા પર હજુ એ જ સ્માઈલ હતી.

‘ છોકરો કોમ્પ્યુટર ઍન્જિનિયર છે.’, મમ્મી મારાં કાન પાસે આવીને ગણગણી. હું થોડીવાર માટે હતાંશ થઈ ગઈ. બેજાન થઈ ગઈ.
‘ કેવી લાગી સરપ્રાઇઝ?’, મમ્મીના શબ્દો પર મારું ધ્યાન જ ના ગયું. મને ચક્કર જેવુ આવી રહ્યું હતું.

મમ્મીએ મને બહાર જવા માટે કહ્યું. હું નીચા ચહેરે, ખોટી સ્માઈલ સાથે હોલમાં ગઈ. બહાર બધાં સાથે સોફા પર એક યંગ છોકરો મારી જ ઉંમરનો, એની સાથે બે વ્યકિત. એ છોકરાના પેરેન્ટ્સ બેઠા હતાં. મેં ત્રણેયને પાણી આપ્યુ. પછી હું પપ્પાને પાણી આપવા માટે ગઈ. મેં પપ્પા સામે આંખો મીલાવી.

હું એમને મનમાં જ કહી રહી હતી કે ‘ પપ્પા એક વાર મમ્મીને સમજાવવી તો હતી.’

અને જાણે એ એમ કહી રહ્યા હતાં કે ‘ મેં એને બહુ જ સમજાવી., પણ એની જીદ.’ પપ્પાને પાણી આપીને હું મામાને પાણી આપવા માટે ગઈ.
‘ અહીં બેસ બેટા..’, ભાવિક મામાએ મને એમની પાસે બેસાડી.
‘ આ છે મારાં ફ્રેન્ડ કેદારભાઈ, આ છે ડિમ્પલબેન અને એમનો છોકરો વિશ્વાસ, કમ્પ્યૂટર ઍન્જિનિયર છે.’, મામાએ બધાંનું ઇન્ટ્રોડક્શન આપ્યુ. મેં કોઈ જ ઇન્ટ્રસ્ટ વિના નમસ્તે કર્યુ. હવે મને બધો ખયાલ આવી ગયો હતો. મમ્મીની સરપ્રાઇઝ તો મને ખબર પડી જ ગઈ હતી. મમ્મીની ખુશીઓનું કારણ, ગઈ કાલનો ઝઘડો.. બધું જ મને યાદ આવી રહ્યું હતું. હું પાણીની પ્લેટ લઈને રસોડામાં ગઈ. મમ્મી નાસ્તાની પ્લેટ ભરી રહી હતી. હું ગુસ્સે હતી. મમ્મીથી બરાબર ગુસ્સે હતી.

‘ મમ્મી…! તને મારી લાઈફના ડિસિઝન્સ લેવાનો કોઈ હક્ક નથી.’, મેં ગુસ્સામાં જ ધીમેથી કહ્યું. મમ્મીની સ્માઈલ એક જ ક્ષણમાં ગાયબ થઈ ગઈ. ટેમ્પરરી બદલાવ ચાલ્યો ગયો.
‘ તુ મારી દીકરી છો. તારું ભલું વિચારવાનો અમને પૂરેપૂરો અધિકાર છે.’
‘ હું આ છોકરા સાથે જિંદગીમાં પણ મેરેજ નહીં કરું.’, મેં દાંત પીસીને ધીમેથી કહ્યું.
‘ બેટા એ કમ્પ્યુટર ઍન્જિનિયર છે.’
‘ મમ્મી એકવાર તો મને પૂછ, મને શું ગમે છે?’, હું રડવા જેવી થઈ ગઈ હતી
‘ તમે મને તમારી છોકરી નઇ તમારી પ્રોપર્ટી બનાવી રાખી છે. મમ્મી હું રોબોટ નથી કે તમે કમાન્ડ આપો એમ જ કરું.. મારી પણ પસંદ ના પસંદ છે.’. એ કંઈ ના બોલી. એણે મને નાસ્તાની પ્લેટ પકડાવી દીધી.

‘ મેરેજ તો ત્યાંજ થશે જ્યા હું ચાહીશ.’, મને ચક્કર આવવા લાગ્યા. બધું જ ફરવા લાગ્યું. થોડીજ સેકન્ડોમાં મારાં હાથમાંથી નાસ્તાની ડીશ પડી ગઈ. બસ પછીનું મને એ દિવસનું કંઈ યાદ નથી. જ્યારે મારી આંખો ખુલી ત્યારે હું મારાં રૂમના બેડ પર હતી. મારી સામે મમ્મી હજુ પણ એ ક્રોધિત નજરથી તાકી રહી હતી.
***

પ્રકરણ – ૯
નિશા અને હું

ભૂતકાળ એક ઝેરીલો સાપ છે, એ જ્યાં સુધી કુંડલી મારીને સૂતો હોય ત્યાં સુધી કોઈ વાંધો નથી હોતો. પરંતુ જ્યારે એને ભૂલથી પણ છેંછડવામાં આવે ત્યારે એ જીવલેણ બની જતો હોય છે. ભૂતકાળની ચાલ હંમેશા ધીમી હોય છે, એની ચાલ સીધી નથી હોતી, વાંકોચૂકો ચાલતો ચાલતો આપણી પાસે પહોંચે છે. એની ચાલની આપણને ખબર પણ ના પડે. એ અચાનક જ તરાપ મારતો હોય છે.

જો આપણા મનમાં ભૂતકાળની આકાંક્ષાઓ અને ઇચ્છાઓ હોય તો એ ક્યારેય આપણને છોડી શકતો નથી અને આપણે એને. ભૂતકાળ ઇચ્છતો હોય છે કે આપણે એની ઇચ્છા કરીએ. રિગ્રેટ્સ એ ભૂતકાળનો ખોરાક છે. જ્યાં સુધી આપણે ભૂતકાળનું પેટ ભરતા રહીએ ત્યાં સુધી એ આપણો પીછો ના જ છોડી શકે. ભૂતકાળ એવો કાળો જેરી નાગ છે, જે ગમે ત્યારે વર્તમાનને ડંખી શકે.
***
વીસ દિવસ વીતી ગયા હતાં. મેં અને મમ્મીએ એકબીજા સાથે કોઈ વાત નહોતી કરી. મમ્મીની સરપ્રાઇઝે મને ખરેખર સરપ્રાઇઝ્ડ કરી દીધી હતી. જે પણ શબ્દો એ બોલી હતી એ ખૂબ જ કડવા હતાં. ' નાટકબાજ', ' નકટી, મોઢું કાળું કરીને આવી છો.', આનાથી પણ કેટલાય ખરાબ શબ્દો એ દિવસે મને સાંભળવા મળ્યા હતાં. પપ્પાએ મને બધી જ વાતો કરી. મમ્મી પપ્પાનો એ દિવસનો ઝઘડો પણ આ જ કારણથી થયો હતો. પપ્પાએ મમ્મીને જે કહ્યું તે મને કહી રહ્યા હતાં, ' મે તારી મમ્મીને ઉતાવળ ના કરવા કહ્યું હતું. પરંતુ એ મારું ના જ માની. મેં મારાં ફ્રેન્ડ્ ધર્મેશભાઈના અમેરિકા મેડીકલનું સ્ટડી કરી રહેલા છોકરાનું કહ્યું. પરંતુ એણે ચોખી ના પાડી દીધી. એને તો છોકરો ઍન્જિનિયર જ જોઈએ છે. એણે જીદ પકડી કે એક વાર બસ આ છોકરો તને જોઈ લે. જો આવું નહીં થાય તો એને જીવવામાં કોઈ રસ નથી. તારા મામાનો પણ ઘણો સાથ હતો. એ જ આ છોકરો શોધીને લાવ્યા હતાં.' પપ્પાએ મને બધી વાત કહી.

' પણ પપ્પા હું આ માટે હજુ તૈયાર નથી.',
' કોઈ વાંધો નહીં બેટા., તું કહે ત્યારે.', પરંતુ હું પપ્પાને કેવી રીતે કહું કે હું કોઈને પ્રેમ કરું છું. મારાંમાં પપ્પાના રીએક્શન ફેસ કરવાની હિંમત નહોતી. બટ મમ્મીને ફેસ કરવાની હિંમત હું ભેગી કરી ચુકી હતી. પહેલી વાર હું સ્વાર્થી કામ કરવાની હતી. હું મમ્મી પપ્પાના ઝઘડાનો લાભ લેવાની હતી.
***
કાશ વિચાર વાંચી શકવાનું મશીન હોતુ, તો હું મમ્મીના વિચારો વાંચી શકતી હોત કે એમના મનમાં શું ચાલતુ હતું.
મારે અમદાવાદ આવવાના બે દિવસ જ બાકી રહ્યા હતાં. હવે મારે એને કહેવુ જ પડે એમ હતું. મેં વિવાનને પ્રોમિસ કર્યુ હતું. હિંમત કરવાની જ હતી. સાહસ કરવાનું જ હતું.

એ દિવસે સૃષ્ટિનો બર્થ ડે હતો. મમ્મી હજુ મારી સાથે નહોતી બોલતી. હું પણ એની

સાથે ઓછી જ વાતો કરી રહી હતી. પરંતુ કહેવાનો સમય આવી ગયો હતો. એ દિવસે પપ્પા બહાર ગયા હતાં. સૃષ્ટિ એની બહેનપણીના ઘરે ગઈ હતી. મમ્મી અને હું બંને ઘરમાં એકલા જ હતાં. આનાથી સારો મોકો મળે એમ નહોતો. મમ્મી ટી. વી જોઈ રહી હતી. હું મમ્મીની બાજુમાં બેસી ગઈ. મને વિવાને કહેલી બધી જ વાતો યાદ હતી. મારે મમ્મીને ગુસ્સે નહોતા કરવાના, મારે મમ્મીને પ્રેમથી સમજાવવાના હતાં. મારે એમને પ્રેમ કરવાનો હતો.

***

' મમ્મી સૉરી, મેં જે કર્યુ એ બરાબર નથી કર્યુ..', મેં મમ્મીના હાથ પર હાથ મુકતા કહ્યું. એમણે કોઈ જ રીએક્શન ના આપ્યા.

' સમજને મમ્મી...! હું હજુ આ રીતે મેરેજ કરવા રેડી નથી..!', એમણે અક્કડાઇથી મારી સામે જોયું.

' તને શું લાગે છે, અમે તારા દુશ્મન છીએ?', એમણે ખૂબ જ ગુસ્સાથી કહ્યું.

' પ્લીઝ મમ્મી ગુસ્સે ન થા.! અને મને એવું નથી લાગતું બટ મારાં પણ કોઈ સપના છે, મારી પણ કોઈ પસંદ છે, એ તો સમજ.', મેં નરમાઇથી સમજાવતા કહ્યું.

' હું બધું જ સમજુ છું. એટલે જ તારા માટે આ છોકરો શોધ્યો છે. જે અમારાં પર વીતી એ તારા પર ના વીતે એ માટે જ આ બધું કરીએ છીએ.'

' મમ્મી હું સમજુ છું. તમે મારી કૅર કરો છો. બટ મને પણ એ છોકરો પસંદ પડવો જોઈએ ને. હું એને જાણતી પણ નથી..'

' વિશ્વાસ કંપ્યુટર ઍન્જિનિયર છે, દેખાવડો છે, પૈસે ટકે એ લોકો સુખી છે, સારું કમાય છે. એનાથી વધારે તારે શું જોઈએ છે?'

' પ્રેમ. એ મને પ્રેમ નહીં આપી શકે. ન તો હું એને સ્વીકારી શકીશ.', મેં થોડું ગંભીર થઈને નરમાઇથી કહ્યું.

' તુ કહેવા શું માંગે છે?', એ મારી સામે આંખો કાઢીને જોઈ રહી.

' મમ્મી, આ મારાં માટે ખૂબ અઘરૂ છે. બટ હવે કહેવુ જ પડશે. મમ્મી તું મારી ઉંમરની હશે ત્યારે કદાચ તે પણ કોઈને પ્રેમ કર્યો હશે, તને પણ કોઈ ગમ્યુ હશે. કદાચ પરિસ્થિતીઓએ તને સાથ નહીં આપ્યો હોય. બટ એ ઉંમરે તને પણ કોઈના તરફ લાગણીઓ હશે. ', મમ્મી ખુન્નસથી મારાં સામે જોઈ રહી. મારી ધડકનો તેજ હતી. થોડોક ડર અને થોડીક ઠંડીને કારણે મારું શરીર કાંપી રહ્યું હતું.

' આ ઉંમર જ પ્રેમની ઉંમર છે, હું નથી જાણતી કે અત્યારે તને કેવુ ફીલ થતું હશે. બટ તમે લોકો તો આ ઉંમરમાંથી પસાર થયા છો, તમને તો ખબર હશે, આ ઉંમરે કેવી લાગણીઓ હોય છે, કેવુ પાગલપન હોય છે.'

' કામની વાત પર આવ.', એણે ઉજ્જડાઇથી કહ્યું.

' મમ્મી હું વાતને ગોળગોળ નથી ફેરવતી. માત્ર એક વાર મારી વાતનો વિચાર તો કર. મને ખબર છે મારે તારી સાથે આવી રીતે વાત ના કરવી જોઈએ, બટ શું તે તારી યુવાનીમાં પપ્પા સિવાય કોઈને પ્રેમ નહોતો કર્યો? એક વાર વિચાર કર. ત્યારે કેવી ફીલંગ્સ હતી.', એ મોં ફેરવીને સાંભળતી રહી.

' કોણ છે એ?', એણે એસ્પ્રેશનલેસ થઈને પૂછ્યું.

' મમ્મી એ પણ કોમ્પ્યુટર ઍન્જિનિયર છે, મારો ક્લાસમૅટ છે. હું એને પ્રેમ કરું છું અને એ મને. બસ આનાથી વધારે શું કહું?'

‘ તો તે કાળા કામો તો કર્યા જ. નહીં?’, એણે ગુસ્સામાં કહ્યું.
‘ મમ્મી જો પ્રેમને કાળુ કામ કહેવાય તો હા મેં કાળુ કામ કર્યુ છે, અને તે પણ એક સમયે કર્યુ જ હશે.’, હું થોડી કઠોર થઈને બોલી. બટ ફરી મને વિવાનના શબ્દો યાદ આવ્યાં. ‘ પ્રેમથી સમજાવજે.’

‘ મમ્મી માત્ર જ્ઞાતિનો ડિફરન્સ છે. એના પપ્પા બીલ્ડર છે. એ ઍન્જિનિયર છે. એ લોકો પણ રાજકોટના વતની છે. ઘણા વર્ષોથી અમદાવાદ રહે છે.’, મેં મમ્મીને ફરી પ્રેમથી સમજાવવાનું શરૂ કર્યુ.
‘ શું નામ છે?’, આખરે મમ્મીએ પૂછ્યું.
‘ વિવાન શાહ. એ લોકો રાજકોટના જ છે. એના પેરેન્ટ્સ અખિલેશ અંકલ અને ભાવના આંટી ખૂબ જ પ્રેમાળ છે અને ફોરવર્ડ માઇન્ડેડ પણ’, મેં થોડી વધારે વિગતો કહી.
‘ વિવાન ઍન્જિનિયરિંગમાં છે?’, અચાનક એણે રસ બતાવતા પૂછ્યું.
‘ હા મમ્મી. મારો ક્લાસમૅટ છે.’
‘ અને એના પપ્પા બિલ્ડર?’
‘ હા, અખિલેશ અંકલ અમદાવાદના જાણીતા બિલ્ડર છે અને સિવિલ ઍન્જિનિયર પણ.’ હું બોલતા બોલતા અંદરો અંદર હરખાઇ રહી હતી.
‘ ક્યારથી ચાલે છે આ બધું?’, એણે પૂછ્યું.
‘ મમ્મી એણે મને નવરાત્રિ પર પ્રપોઝ કર્યુ હતું.’
‘ એના ઘરવાળા આપણા વિશે જાણે છે?’, મમ્મીના આ સવાલો વાજબી હતાં. અને મને જવાબો આપવા પણ ગમી રહ્યા હતાં.
‘ હા, એકવાર હું એમના ઘરે ગઈ હતી. ભાવના આંટીને મેં આપણા ઘર વિશે કહ્યું હતું. અને એમને કોઈ પ્રોબ્લેમ નથી.’
‘ જો અંકુ, મારી ઇચ્છા છે કે તું કોઈ ઍન્જિનિયર સાથે મેરેજ કર. મને જ્ઞાતિથી કોઇ ફરક પડતો નથી. પરંતુ તારા પપ્પા, એને ઘણો ફરક પડે છે. એટલે તું વિચારી જો. મારી આ બાબતે કોઈ ના નથી.’, હું હરખઘેલી થઈ ગઈ. અચાનક મમ્મીની હા સાંભળીને મારાંમાં ખુશીઓ સમાતી નહોતી. એ સમયે મને કશુંજ નહોતું સુજી રહ્યું. બસ મમ્મીની અચાનક હાં મારાં માટે બધી જ ખુશીઓનું કારણ બની ગઈ હતી. વાત હતી પપ્પાની તો ‘ મને વિશ્વાસ હતો કે હું પપ્પાને મનાવી લઈશ….!’ ખરેખર મમ્મીએ મને સરપ્રાઇઝ આપી હતી.

‘ મમ્મી આઈ લવ યુ.’, એણે નાની સ્માઈલ આપી. હું ખુશ હતી. મને વિશ્વાસ નહોતો થઈ રહ્યો કે મમ્મી આટલી સરળતાથી માની જશે.
‘ બટ. અમારે એ લોકોને મળવું પડશે.’,
‘ ચોક્કસ મમ્મી, એ લોકોને કોઈ પ્રોબ્લેમ નહીં હોય..’,
‘ એ લોકોને કોઇ પ્રોબ્લેમ ના હોઈ શકે. પરંતુ તારા પપ્પાને જ્ઞાતિનો પ્રોબ્લેમ હશે. એટલે હમણા તું એને કંઈ ના કહે એજ સારું રહેશે.’, મમ્મી મારાં માટે સપોર્ટિવ બની રહી હતી.
‘ ઓકે મમ્મી. તું જેમ ઇચ્છે.’
‘ અમે આવતા અઠવાડીયે અમદાવાદ આવીશું ત્યારે એ લોકોને મળીશુ અને હું જ તારા પપ્પાને વાત કરીશ. એમ પણ એમણે મારી જીદ દર વખતે પૂરી કરી છે.’, એ થોડું

હંસી. હું મમ્મીને ગળે વળગી ગઈ. મેં એમને કેટલીય વાર થેંક્સ કહ્યું. આખરે મમ્મી મને સમજતી થઈ હતી. મારી વાતોએ એમના દિલમાં ક્યાંક તો પ્રકાશ ફેલાવ્યો હતો. બસ હવે પપ્પા માની જાય એટલે વિવાન અને હું એક થઈ જઈએ, એ વાત મારાંમાં રોમાંચ ઉત્પન્ન કરી રહી હતી. મારાં મનમાં વિવાન વિવાન એવી ડંકા વાગી રહ્યા હતાં.
' થેંક્સ મમ્મી.', હું ફરી મમ્મીને ગળે મળી.
' પણ યાદ રાખજે તારા પપ્પાને ના કહેતી, એમને હું કહીશ. અમે આવતા અઠવાડીયે આવીશુ.', એમણે મને થોડા ગંભીર થતા કહ્યું.
' નો પ્રોબ્લેમ.', મેં ખુશ થઈને કહ્યું.
મમ્મી આટલી સરળતાથી માની ગઈ એનું મને આશ્ચર્ય પણ હતું અને અપાર ખુશી પણ.
***
એ દિવસે ફરી એકવાર હું ખુશ હતી. મારી લાઈફની મોમેન્ટ્સ સાઇનવેવ જેવી હતી. ક્યારેક ખુશીઓ ઉપર હોય તો ક્યારેક નીચે માઇનસમાં હોય. આજ જીવનનો વેવ છે. મને અત્યારે બીજી કોઈ જ પરવાહ નહોતી બસ હું મારાં હેપ્પી ફેમિલી સાથે હતી. અમે સૃષ્ટિનો બર્થ ડે સેલિબ્રેટ કર્યો. એ દિવસે અમે લોકો બહાર ડિનર કરવા ગયા. મેં સારો સમય વિતાવ્યો હતો. ઘરે છેલ્લો દિવસ સારો રહ્યો હતો. પપ્પા પણ વિચારતા થઈ ગયા હતાં કે અચાનક માં- દીકરી બંને આમ બોલતા થઈ ગયા? બીજે દિવસે હું અમાદાવાદ આવવા નીકળી. મેં હજુ વિવાનને આ વાત નહોતી કરી. હું એને ખુશખબર આપીને સરપ્રાઇઝ કરવા માંગતી હતી. તો મિશનમોમ વોઝ ક્વાઇટ સકસેસફૂલ. બટ દિલના એક ખૂણામાં શંકા હતી. બિકોઝ લાઈફ ઇઝ અનપ્રિડિક્ટેબલ.
***
સાંજનો સુંદર સમય હતો. થોડીક ઠંડી હતી. સૂર્ય આથમવાની તૈયારીમાં હતો. વિવાનનું માથુ મારાં ખોળામાં હતું. મારાં ઠંડા હાથ એના માથાને મસાજ આપી રહ્યા હતાં. એ મને જોઈ રહ્યો હતો, હું એને જોઈ રહી હતી. અમે ગાંધીનગરના સેક્ટર- ૨૬ ના ગાર્ડનમાં હતાં. ગાંધીનગરનું કુદરતી વાતાવરણ મનને ખૂબજ શાંતિ આપી રહ્યું હતું. વી યુઝ્ડ ટુ ગો ધેર. જ્યારે પણ કોઈ સ્પેશિયલ વાત હોય, અને એ દિવસે પણ સ્પેશિયલ વાત જ હતી.

વિવાન દિલ્લીથી બે દિવસ પહેલાં જ આવ્યો હતો. એણે પાર્ટિસિપેટ કર્યુ હતું. પરંતુ કોઈ સારો રેંક નહોતો મળ્યો. એ પણ સમજતો હતો કે હજુ ઘણું શીખવાનું હતું. પણ એ કહી રહ્યો હતો કે સરકીટ વિશે ઘણું જાણવા મળ્યું. એ સર્કિટ સ્ટ્રેટેજી વિશે જણાવી રહ્યો હતો અને હું સમજ્યા વિના સાંભળી રહી હતી. વિવાનનો સાથ જ મારાં માટે બધી સમજણ હતી.

વિવાને બહુ ઇનસિસ્ટ કર્યુ ત્યારે હું એને કહેવા તૈયાર થઈ ગઈ. એને પણ ખયાલ તો હશે જ કે મમ્મીએ હા પાડી દીધી હશે. કારણ કે હું આટલી ખુશ હતી. બટ છતાં વાતોને છૂપાવીને કહેવાની પણ એક મજા હોય છે.
' સરપ્રાઇઝ એ છે કે મમ્મીને આપણા રિલેશનથી ખાસ કોઈ પ્રોબ્લેમ નથી.', મેં વિવાનની દાઢી પર હાથ ફેરવતા કહ્યું. એ ઊભો થઈ ગયો, અને મારાં હાથ એણે જકડી લીધા.

‘ મેં તને કહ્યું હતું. આઈ ન્યુ ઇટ, મને ખબર જ હતી.’, એ ખૂબ ખુશ હતો.
‘ યા, યુ વેર રાઇટ.’
‘ થેંક ગોડ.’
‘ હા, હવે તો બસ પપ્પાને મનાવવાના છે.’
‘ એ પણ માની જશે.’
‘ પણ મમ્મી માની ગઈ એની મને બહુ ખુશી છે.’, હું એક્સાઇટેડ હતી અને ખૂબ જ ખુશ.
‘ તો કુછ મીઠા તો બનતા હૈ.’, એણે મારી આંખોમાં આંખો નાખીને કહ્યું.
‘ નો વે.’,
‘ અરે આજે તો ખુશીનો દિવસ છે.’, એ મારી બાજુમાં બેસી ગયો અને હું એની બાહોંમાં.
‘ નો વે, અહીં નહીં.’,
‘ ધિઝ ઇઝ આવર પ્લેસ.’, એણે મારો ચહેરો એના ચહેરા તરફ ફેરવ્યો. મેં પણ વધારે રેઝિસ્ટ ના કર્યું. અમે બંનેએ મીઠુ મોં કર્યું. એક્ચ્યુઅલી મીઠા હોંઠ.

‘ વિવુ હું તને આટલો પ્રેમ શા માટે કરું છું?’, હું કંઈક અલગ વાતે જ ચડી.
‘ મને પણ ખબર નથી કે હું તને આટલો પ્રેમ શા માટે કરું છું. બસ એટલી ખબર છે, હું તારા વિના રહી શકું એમ નથી. તું જ તારી ફિલોસોફી નથી કહેતી હોતી ? પ્રેમ કરવા માટે કોઈ કારણ થોડું જોઈએ. એ તો થઈ જાય..! દિલ્લીમાં હતો ત્યારે પણ એકેય દિવસ એવો નથી ગયો કે મેં તને યાદ ના કરી હોય.’

‘ યા મેં પણ. હું પણ પાગલ બની ગઈ છું, વિવુ. રોટલી વણતાં, શાક સુધારતાં, પાણી પીતાં, ટીવી જોતાં, ચાલતાં, સૂતાં, હસતાં, રોતાં, ઊઠતાં બેઠતાં, તારાથી દૂર અને તારી સાથે હોવ ત્યારે પણ તારા જ વિચારો આવતા હોય છે.’, મેં હસતા હસતા કહ્યું.
‘ આઈ એમ સિરિયસ અંકુ.’, એણે થોડું ગંભીરતાથી કહ્યું.
‘ સો આઈ, આ પાગલપન નથી તો શું છે. પ્રેમ એટલે બીજું કંઈ નહીં, આગનો દરિયો જ. જેમાં બળીને ઠંડક મહેસૂસ કરવાની હોય. બસ હું તારા પ્રેમની આગમાં બળી રહી છું વિવુ.’
‘ અંકુ તું મારાં જીવનની સ્પીડ છો. અને તને તો ખબર છે, હું સ્પીડ વિના નહીં જીવી શકું.’ અમે એકબીજાને ગળે મળી ગયા. મારી આંખો પણ થોડીક ભીની થઈ ગઈ. હું વિવાનના પ્રેમમાં પાગલ બની ગઈ હતી. એટલી પાગલ કે વિવાન સિવાય મારાં માટે બીજુ કંઈજ મુલ્યવાન નહોતું. અમે ઘણી મીનીટો સુધી હગ કર્યુ.
‘ પ્રોમિસ મી વિવાન, આપણે મેરેજ પછી પણ આવી જ રીતે રહેશું. કદાચ આપણે ઝઘડ્યા હોય તો પણ તું સવારે ઘરેથી નીકળતા પહેલાં મારી સામે સ્માઈલ કરીશ અને મને કપાળ પર કિસ કરીશ. નો મૅટર ગમે તે થયું હોય. ચાહે આપણે જગડ્યા હોઈએ કે કોઈ બીજી સેડ ઘટના ઘટી હોય. અને તું રાત્રે આવે ત્યારે મને હગ કરીને આઈ લવ યુ કહીશ.’
‘ પ્રોમિસ માય બેબી. આઈ વિલ ઑલવેઝ લવ યુ. આઈ વિલ ઑલવેઝ બી વિથ યુ. આઈ વિલ ઑલવેઝ ટ્રાય ટુ મેક યુ હેપ્પી.’, એણે ગંભીરતાથી ચહેરા પર સ્મિત લાવીન કહ્યું.
‘ અને આપણે જ્યારે પણ સાથે જમીએ ત્યારે પહેલો કોળીયો એકબીજાને ખવરાવીશુ.’

' ના એ નહીં બની શકે. પહેલો કોળિયો નહીં, બધાં કોળિયા તારે જ ખવરાવવા પડશે.', એણે મને ગાલે પપ્પી લેતા કહ્યું.
' અને તારે મને.', મેં પણ એક નાની પપ્પી લઈ લીધી. મેં વિવાનના હાથ કસીને પકડી રાખ્યા. એણે મને એની બાહોપાશમાં લઈ લીધી. ફરી અમેં મીઠુ મોં કર્યુ.
***
ઑલમોસ્ટ એક વીક વીતી ચૂક્યુ હતું. મમ્મી પપ્પા બે દિવસ પછી આવવાના હતાં. મ્યૂઝિક ક્લાસ થોડા દિવસો માટે બંધ હતાં. કૉલેજ શરૂ થઈ ગઈ હતી. બટ હજુ કૃપા કે સોનુ નહોતા આવ્યાં. નિશા આવી ગઈ હતી. બટ અમારાં બંને વચ્ચે બહુ સારું નહોતું બનતું. રૂમમાં કોઇ નહોતું એટલે કામ પુરતી વાતો કરવી પડતી. એ વાતો કરતી ત્યારે મને થોડુંક સારું લાગતું. અમે બંને કૉલેજ સાથે જ જતા અને સાથે જ આવતા. વિવાન હમણા કૉલેજ નહોતો આવતો, એની પ્રેક્ટિસ ચાલું હતી. એટલે હું અને નિશા બંને કૉલેજથી એક સાથે જ જતા આવતા.

એ દિવસે પણ કૉલેજના રૂટીન પ્રમાણે અમે ઘરે જઈ રહ્યા હતાં. બંને ચુપચાપ. કોઈનામાં પહેલ કરીને વાત કરવાની હિંમત નહોતી. કદાચ મારાંમાં પણ ઇગો હતો અથવા તો ડર હતો. અને જ્યાં સુધી હું જેવુ માનું છું, એ ઇગો જ છે જે ડર પેદા કરતો હોય છે. અમે કૉલેજના ગેટની બહાર નીકળ્યા. હું આગળ ચાલી રહી હતી. નિશા મારી પાછળ મને ફોલો કરી રહી હતી. અમે રોડ ક્રોસ કરી રહ્યા હતાં. ત્યારે જ અચાનક મારી સામે આવી રહેલો પથ્થર જોયો. હું કંઈ જજ કરું એ પહેલાં મારાં માઇન્ડે માથુ સાઇડમાં કરવાનો આદેશ આપી દીધો. એક સ્કૂટી પેપ પ્લસ પર પાછળ બેસેલી એક છોકરીએ પથ્થર ફેંક્યો હતો. એના મોં પર દુપ્પટો હતો. લકીલી હું બચી ગઈ હતી. પણ એ જ ક્ષણે મને કંઈક સૂજ્યું. મેં પાછળ જોયું. આ બધું દસેક સેકન્ડમાં બન્યું હતું કે મને વિચારવાનો ટાઈમ પણ નહોતો મળ્યો. નિશાના માથા પરથી લોહી વહી રહ્યું હતું. એ નીચે પડી ગઈ હતી. પથ્થરે નિશાને ખાસી ઇજા કરી હતી. ત્યાં જ એક પ્રચંડ અવાજ આવ્યો. એ સ્કૂટીનું એક બીજી બાઈક સાથે એક્સિડેન્ટ થયું હતું. બટ મારાં માટે એ કોણ હતું એ જોવા જવાનો સમય નહોતો. નિશા બેભાન થઈ ગઈ હતી. થોડી જ વારમાં અમારી આસપાસ લોકોનું ટોળુ વળી ગયું. મેં ૧૦૮ ને કૉલ કરવાને બદલે ઓટો ઊભી રખાવી અને નજીકના ગુલબાઇ ટેકરા પાસેની એક હોસ્પિટલમાં લઈ ગઈ. ડૉક્ટરે તરત જ નિશાને સંભાળી. એણે કહ્યું કે ' ખાસ્સુ વાગ્યું છે, કપાળમાં નાનો ખાડો પડી ગયો છે. ટાંકા લેવા પડશે.' મેં પણ કહ્યું કે ' તમારે જે કરવું હોય તે કરો પણ નિશાને હોશમાં લાવો.'

ડૉક્ટરે માથામાંથી વહેતુ લોહી બંધ કર્યુ, એમણે નિશાને એક ઇંજેક્શન આપ્યુ. કોટનથી લોહીલુહાણ કપાળ સાફ કર્યુ...! મેં નિશાનો હાથ પકડી રાખ્યો હતો. ડૉક્ટરે જ્યારે નેણ પાસે ટાંકા લીધા ત્યારે ઇંજેક્શનના કારણે એને તો નહોતું દુખી રહ્યું પરંતુ મારાંમાં એ જોવાની તાકત નહોતી. હું મારી નિશાને કંઈ જ થવા દેવા નહોતી માંગતી. કોઈકનો નિશાનો હું હતી અને મારાં કારણે ભોગ નિશા બની હતી. મારી ફ્રૅન્ડ મારાં કારણે પીડાઇ રહી હતી. ડૉક્ટરે કહ્યું કે ' કોઈ ચિંતા કરવાની જરૂર નથી, ત્રણ ચાર કલાકમાં હોંશ આવી જશે.', પણ હું ચિંતા કઈ રીતે ના કરું? હું નિશાના બેડ પાસે જ એનો હાથ પકડીને બેસી રહી. મેં વિવાનને કૉલ કરીને જણાવ્યું કે નિશાનું એક્સિડેન્ટ થયું છે. એણે પણ મને એક ચોંકાવનારી વાત કહી. ' ફેન્સીનું પણ એક્સિડેન્ટ થયું છે.

હું ત્યાંજ છું. એલ.ડી. પાસે ક્યાંક એની ફ્રેન્ડનું સ્કૂટર કોઈક બાઈક સાથે ટકરાણું.', મેં વધારે કંઈ પૂછ્યું નહીં. મને ખયાલ આવી ચુક્યો હતો. પથ્થર મારવા વાળુ કોણ હતું એના વિશે હવે મને કોઈ શંકા નહોતી. બસ સવાલ હતો શામાટે? ખરેખર તો સવાલ વિશ્વાસનો હતો. મેં શા માટે ફેન્સી પર વિશ્વાસ કર્યો હતો? હું નિશા પાસે પાંચ કલાક સુધી બેસી રહી. મેં ડૉક્ટરને ત્રણ વાર બોલવ્યા હતાં. બટ એમનો દર વખતે એક જ જવાબ હતો. ' વેઇટ કરો, હોશ આવી જશે.', પાંચ કલાક પછી એને કંઈક ફીલ થયું હોય એવું લાગ્યું, એનો એક હાથે એના કપાળ તરફ પહોંચ્યો. એના દુખાવાને હું માત્ર કલ્પી જ શકતી હતી. મેં એનો હાથ થોભાવી દીધો. મેં ઇશ્વરનો ખૂબ ખૂબ આભાર માન્યો.

એણે મારી સામે જોયું. મેં એના હાથ ભીંસીને પકડેલા હતાં. મારી ભૂલને કારણે મેં એને એકવાર તો દૂર કરી દીધી હતી. હવે હું નહોતી ઇચ્છતી કે એ ફરી મારાંથી દૂર થાય.
' એમ તને કંઈ નહીં થવા દવ, મારી વ્હાલી.', મેં એની આંખોમાં જોઈને મુસ્કાઇને કહ્યું મેં એના માથામાં હાથ ફેરવ્યો. મારી આંખોમાં આંસુઓ હતાં.
' આઈ એમ સૉરી અંકુ. મેં તને ન કહેવાનું કહ્યું.', એ રડી પડી. ખરેખર દુખમાં જ ફ્રૅન્ડ યાદ આવે, દુખમાં જ ફ્રૅન્ડ કામ આવે અને દુખમાં જ ફ્રૅન્ડ હસાવે.
' હેય હેય, ઇટ્સ ઓકે. તું રડમાં. એવરીથિંગ ઇઝ ઑલરાઇટ.', મેં નિશાના આંસુ લુંછતાં કહ્યું
' સૉરી અંકુ, હું ગુસ્સામાં ન બોલવાનું બોલી ગઈ હતી. મને ખબર છે તને વિશ્વાસ નહીં આવે બટ. ઝઘડાની શરૂઆત પેલીએ જ કરી હતી. એણે જ મારાં પર કીચડ ઉછાળ્યું હતું અને કહ્યું હતું કે કેમ તારો બોયફ્રૅન્ડ ચોરાઇ ગયો ને? એટલે જ મેં એને એક લાફો મારી દીધો અને તે એનો પક્ષ લીધો એટલે મને તારા પર ગુસ્સો આવ્યો હતો. મારાંથી ન બોલવાનું બોલાઇ ગયું હતું. સૉરી અંકુ. આઈ એમ સો સૉરી.. ટ્રસ્ટ મી, આ જ સાચુ છે.', નિશાએ રડતાં રડતાં જ કહ્યું. એ આટલા દુખાવા છતાં, આટલું બધું બોલી. એણે એનું હૈયુ ખોલી નાખ્યું હતું. એના આંસુઓ રોકાઇ નહોતા રહ્યા.
' હેય, ઇટ્સ ઓકે. તું પહેલાં આ વાત નહોતી કરી શકતી ગાંડી?', મેં એને નરમાઇથી કહ્યું
' પછી તો તને ખબર છે, આપણા બંને વચ્ચે જે બન્યું... આઈ એમ સેલ્ફીશ.', એ હજુ રડતી રડતી બોલી રહી હતી. એણે મારી આંખો પણ ભીની કરી દીધી હતી.
' હેય, આવું ના બોલ. મારી કોઈ જ ફ્રૅન્ડ સ્વાર્થી નથી. અમુક માણસોને મેં ઓળખવામાં ભૂલ કરી છે. કેવુક દુખે છે.?', મેં ટોપીક બદલવા કહ્યું
' થોડું થોડું. સૉરી અંકુ ટ્રસ્ટ મી. ફેન્સીએ જે કહ્યું એ જ મારાં મગજમાં ચાલી રહ્યું હતું, એટલે જ મારાંથી ' બોય ફ્રૅન્ડ ચોર' વાળુ બોલાઇ ગયું. ' સૉરી યાર, ટ્રસ્ટ મી હું સાચુ બોલું છું.', એણે ફરી એ જ વાત કરી.
' મને તો તું આવું બોલી એ જ દિવસે ખબર હતી કે તું આવું બોલી જ ના શકે. તારી ડીક્શનરીમાં આવા શબ્દો જ નથી. આઈ કમ્લીટલી ટ્રસ્ટ યુ. ફર્ગેટ પાસ્ટ, આપણે પહેલાં જેવા જ ફ્રૅન્ડ્સ છીએ.', મેં એના હાથને મસળતા કહ્યું
' થેંક્સ અંકુ થેંક્સ. મેં બહુ મોટી ભૂલ કરી છે. મને માફ કરી દે.', એ રડતી રહી.
' માફ તો તારે મને કરવાનું છે ગાંડી. લવ યુ ડીઅર.', હું એના બેડમાં જ એને ગળે વળગી ગઈ. અમે બે કલાક પછી ક્લિનીકમાંથી ડીસ્ચાર્જ લીધો. અમે ઘરે પહોંચ્યા. હું

એ બાબતે ખુશ નહોતી કે નિશાને વાગ્યું હતું, એને ઘણું દુખી રહ્યું હતું. બટ એ છતાં આજે હું બહુ જ ખુશ હતી. મારી બેસ્ટ ફ્રેન્ડ મને પાછી મળી ગઈ હતી. મારી ફ્રેન્ડે એનું હૈયુ ખાલી કરી નાખ્યું હતું. ડૉક્ટરે એને આરામ કરવાનું કહ્યું હતું. પણ એ સૂતી નહીં. છેલ્લા કેટલાક મહિનાથી અમે નહોતાં બોલ્યાં, એટલે કેટલીય વાતો ભેગી થઈ હતી. મેં એને બધી જ વાતો કરી. વિવાનની, ઘરની, ઘરે શું બન્યું. એ બધી જ વાત જે એક ફ્રૅન્ડ એની બેસ્ટ ફ્રૅન્ડ સાથે શેર કરે. એ જે બોલી રહી હતી એના પર હવે મને પૂરેપૂરો વિશ્વાસ હતો. એક્સીડેન્ટની ઘટના પછી અમુક રહસ્યો ખુલી ગયા હતાં. મને ખબર પડી ગઈ હતી કે કોણ પોતાનો શૈતાની ચહેરો છૂપાવીને સારું દેખાવાના પ્રયત્નો કરી રહ્યું હતું. હું મનમાં જ ફેન્સી વિશે વિચારી રહી હતી.' પરંતુ હાલ આ વાતને મેં દાબી રાખવાનું જ નક્કી કર્યુ હતું. હું બધી જ વાત વિવાનને કરવાની હતી બટ એકવાર મમ્મી પપ્પા અહીં આવી જાય પછી. એકવાર બંને ફેમિલી એકબીજાને મળી લે પછી. બટ મનમાં એક જ વસ્તુ ચાલી રહી હતી. ' તને નહીં છોડુ ફેન્સી. તને નહીં છોડું.'
***

બે દિવસ વીતી ગયા હતાં આજે બપોરે મમ્મી પપ્પા અમદાવાદ આવવાના હતાં. નિશાને હવે સારું હતું. દુખાવો ઓછો થઈ ગયો હતો. બટ ટાંકા હજુ રૂજાયા નહોતા. ડૉક્ટરે આપેલી પેઇન કીલર ઘણું કામ કરી રહી હતી. બટ હજુ એ થોડી પેઇનમાં હતી. એને હજુ મારી સાથે જે કર્યુ એનો અફસોસ હતો. એમ પણ દિલના દર્દમાં પેરાસિટામોલ કામ ના આવે . દિલના દર્દની પેઇનકીલર એટલે પ્રેમ ...! મારી બેસ્ટ ફ્રૅન્ડની પેરાસિટામોલ હું જ હતી.

અગાઉથી બધું જ પ્લાન હતું. મમ્મી પપ્પાને સાંજે વિવાનના ઘરે લઈ જવાના હતાં અને રાતનું ડિનર પણ એમના ઘરે જ હતું. મેં મમ્મીને પૂછ્યું હતું કે પપ્પાને કહ્યું કે નહીં? મમ્મીએ પપ્પાને વાત કરી હતી કે ' મેં એક છોકરો પસંદ કર્યો છે. બસ આપણી જ્ઞાતિનો નથી, એ તમને કહેતા ડરતી હતી, એટલે તમને ના કહી શકી. મને કોઈ પ્રોબ્લેમ નથી. જો તમે કહો તો અમદાવાદ જઈએ ત્યારે છોકરાના ઘરે જતા આવીએ.', મમ્મીએ આવું કહ્યું અને પપ્પા વધારે દલીલ કર્યા વિના માની ગયા હતાં. પપ્પા સાથે મેં તો વાત નહોતી કરી બટ મમ્મીએ મને ફોન પર વાત કરી હતી. મમ્મી પપ્પા અગિયાર વાગ્યે અમારી રૂમ પર આવ્યાં. મેં વિવાનને કૉલ કર્યો કે ' મમ્મી પપ્પા આવી ગયા છે.' એ ફેન્સીના ઘરે હતો. મને જરાય ન ગમ્યુ પરંતુ મને એ પણ વિચાર આવ્યો કે હજુ વિવાન ફેન્સીની હરકતો જાણતો નથી. ફેન્સીના હાથમાં વાગ્યું હતું. એને પણ ગાલ પાસે થોડું વાગ્યું હતું, અને ચહેરા પર ઘણી જગ્યાએ ઉજરડા પડ્યા હતાં. એના ગોઠણ છોલાઇ ગયા હતાં, એવું ડીસ્ક્રીપ્શન મને વિવાને આપ્યુ હતું. પરંતુ જે વાત મને નહોતી ગમતી તે એ હતી કે વિવાન એની સારસંભાળ પણ લઈ રહ્યો હતો. હું ફેન્સી વિશે સાંભળીને જ વિચારી રહી હતી કે ' ફેન્સીનો ચહેરો કેવો ફેન્સી બની ગયો હશે. ફેન્સી આ જ લાયક હતી.'

કૃપા અને સોનુ સવારમાં જ આવી ગયા હતાં. બટ એમને હજુ ખબર નહોતી કે હું અને નિશા બોલતા થઈ ગયા છીએ. અમે લોકો એને સરપ્રાઇઝ આપવા માંગતા હતાં. સરપ્રાઇઝની સીઝન ચાલી રહી હતી. પેલા મમ્મીએ મને એક ભયાનક સરપ્રાઇઝ આપી, પછી એ જ મમ્મીએ મને ' હા' કહીને સરપ્રાઇઝ આપી. મેં વિવાનને સરપ્રાઇઝ આપી. નિશાએ મને એનું દિલ ખાલી કરીને સરપ્રાઇઝ આપી. ફેન્સીએ એનો અજાણતા

જ નકાબ હટાવીને સરપ્રાઇઝ આપી. અને હવે હું અને નિશા સોનુ અને કૃપાને સરપ્રાઇઝ આપવાના હતાં.

જ્યારે મેં મમ્મી પપ્પાને નિશાનું ઇન્ટ્રોડક્શન એની કમરમાં હાથ નાખીને આપ્યુ ત્યારે કૃપા અને સોનુના મોં ફાટ્યા રહ્યા. એ ખુશ ખુશ થઈ ગયા. મેં સોનુ અને કૃપાનું પણ ઇન્ટ્રોડ્ક્શન કરાવ્યું. મમ્મી પપ્પા અમે બનાવેલું જમ્યા. હું પપ્પાને ફેસ કરવામાં થોડી ગભરાઇ રહી હતી. બટ પપ્પાએ સામેથી કહ્યું કે ' બેટા મને કહેવાયને કે તને કોઈ પસંદ છે તો હું એક વાર વિચાર તો કરત.', મેં પણ પપ્પાને સૉરી કહ્યું અને કહ્યું કે ' હું થોડી ડરી રહી હતી.' એમની વાત પરથી લાગ્યું કે પપ્પાને પણ કોઈ ઇનકાર નહોતો. મેં વિવાનને થોડી જ વારમાં આ વાત વૉટ્સએપ કરી દીધી. હવે હું ઘણું પૉઝિટિવ ફીલ કરી રહી હતી. બસ હવે અમુક જ કલાકો હતી, હું વિચારતી હતી કે, ' એક વાર બંને પરિવાર મળી જાય અને બંને તરફથી મ્યુચુઅલ હા આવી જાય એટલે બધું જ ઓકે થઈ જશે.' હું બંને ફેમિલીની મીટિંગ બાબતે ઘણી એક્સાઇટેડ હતી. મમ્મી પપ્પાની મંજૂરી તો લગભગ મળી ગઈ હતી. વિવાનના ઘરેથી પણ બધાં રાજી હતાં. બસ હવે એ લોકોને એકબીજા સાથે મેળાવવાના હતાં. મમ્મી પપ્પા જમીને અમારાં અમુક રિલેટિવને ત્યાં મળવા જવા ઇચ્છતા હતાં. હું જવા નહોતી માંગતી. એ લોકો નહેરૂનગર આમારાં એક રીલેટિવને મળવા ગયા. જતા પહેલાં મેં એમને બે વાર કહ્યું કે ' સાડા છ પહેલાં આવી જજો.', એમણે ખુશી ખુશી ' હા' કહી.

મમ્મી પપ્પા ગયાં એટલે કૃપા અને સોનુ અમારી સામે જ જોઈ રહ્યા હતાં. એમને આશ્ચર્ય થઈ રહ્યું હતું કે અમે બંને ફરી એકબીજા સાથે બોલતા કઈ રીતે થઈ ગયા. મેં એને નિશાના ઍક્સિડેન્ટની વાત કરી. પછી મારી અને નિશાની જે વાત થઈ એ વાત કહી. ફરી અમારી ટોળી ખુશખુશાલ થઈ ગઈ. આજનો દિવસ મારી જિંદગીનો ફરી એક ખૂબ જ ખુશીઓ ભર્યો દિવસ હતો. અત્યાર સુધી તો હતો જ.

મેં નિશાને પણ એક પ્રોમિસ કરવા કહ્યું ' નિશા ચાહે કંઈ પણ થઈ જાય, આપણા બંને વચ્ચે કંઈ પણ થાય બટ એકબીજા ને પૂરેપૂરી રીતે સાંભળ્યા વિના કોઈ જ નિર્ણય નહીં લઈએ. ચાહે કંઈ પણ થાય, આપડી ફ્રેન્ડશીપ આપણે તૂટવા નહીં દઈએ. આપણે એકબીજા વિશે કોઈનું સાંભળેલું નહીં માનીએ. આપણે એકબીજા વિશે શું વિચારીએ છીએ એ જ માનીશુ.', નિશાએ મને પ્રોમિસ કર્યુ, સાથે સોનુ, કૃપા અને મેં પણ.
અમે ચારેય લોકો ગળે મળ્યા. એ હગ્સ બધીજ ચિંતાઓ દૂર કરનારી હતી. અમારી અતૂટ ફ્રૅન્ડશીપ આ હગ્સ પર જ ટકી હતી. અમે ચારેય ફ્રૅન્ડ્સ એકબીજાને અતુટ પ્રેમ કરતા હતાં અને નિશા તો મારી જાન હતી. એણે ફરી મારાં જીવનમાં આવીને જાન અને રંગો ભરી દીધા હતાં. મારી બેસ્ટ ફ્રૅન્ડ્સ હેપ્પી હતી, વિવાન મારી સાથે હતો અને મારાં મમ્મી પપ્પા પણ ખુશ હતાં. આનાથી વધારે મારે શું જોઈતું હતું...?
***

બટ ભૂતકાળનો શિકાર વર્તમાન જ હોય છે. ભૂતકાળના ડંખ ભલભલાને રાડો પડાવી દેતા હોય છે. ભૂતકાળે ભાગ્યે જ કોઈને છોડ્યા છે. ભૂતકાળ સમજદારને ખુશીઓ અપાવી શકે અને એજ ભૂતકાળ બધી જ ખુશીઓ છીનવી પણ શકે. મારો ભૂતકાળ નહીં પણ બીજી કોઈ વ્યક્તિનો ભૂતકાળ. એ ભૂતકાળ તરાપ મારીને બેઠો હતો, એ રાહ જોઈને બેઠો હતો કે ક્યારે મોકો મળે અને લાવણ્ય અને ખુશીઓ ભર્યા વર્તમાનને

એ ડંખે. એને રાહ જ હતી કે શાંતિ અને ઉમંગ ભર્યા વર્તમાનને એ વેરવિખેર કરી નાખે. એ જ ભૂતકાળ જે કદી કોઈને ભુલાતો નથી. એ જ ભૂતકાળ જેણે આજ સુધી કોઈને છોડ્યા નથી.

***

પ્રકરણ – ૧૦
વર્તમાન અને ભૂતકાળ

દરેકને પોતાના સિક્રેટ્સ હોય છે. રહસ્ય એ બીજું કંઈ નહીં પણ સત્ય પરનો પરદો જ છે, જ્યારે રહસ્ય કૃત્રિમ રીતે બનાવવામાં આવે ત્યારે તેને અસત્ય પરનું આવરણ પણ કહી શકાય. રહસ્ય ક્યારેક ચોંકાવનારું હોય, ક્યારેક વિસ્મિત કરનારું, ક્યારેક શાંતિ કે હાંશકારો આપનારું. ક્યારેક દુખી કરનારું, ક્યારેક હર્ષની સિમાઓ પર પહોંચાડનારું, ક્યારેક હ્રદયને શોકથી ભરનારું, ક્યારેક વિશ્વાસોના તાંતાણા બાંધનારું તો ક્યારેક વિશ્વાસને એક જાટકે તોડનારું.

રહસ્યને હંમેશા ભૂતકાળ સાથે લેવા દેવા હોય છે. રહસ્યને હંમેશા વર્તમાનની લજ્જા હોય છે. રહસ્યને એનો ભૂતકાળ ખૂબ પ્રિય હોય છે. એટલો પ્રિય કે રહસ્ય એનો ભૂતકાળ ઉદઘોષિત કરવામાં ખૂબ વનરેબલ ફીલ કરે. એ રહસ્ય જ છે જેની પાછળ આપણી દોટ છે. બ્રહ્માંડ રહસ્ય છે, મૃત્યુ પછીની ઘટના રહસ્ય છે ઇશ્વર પણ રહસ્ય છે. આપણે બધાં એક જ રસ્તે ચાલી રહ્યા છીએ, લજ્જીત રહસ્યને જાણવાના રસ્તે.
***
પેટમાં રહેલું પાણી ઉછાળા મારી રહ્યું હતું. શરીરમાં જીણી ધ્રુજારી હતી. એક્સાઇટમેન્ટ સાથે ડર પણ હતો. મનમાં વિચારોનું ઘોડાપૂર હતું. શું થશે? શું વાતો થશે? મમ્મી પપ્પાનો કેવો રિસ્પોન્સ હશે? વિવાનનું ફેમિલી મમ્મી પપ્પા સાથે કેવો બિહેવ કરશે? આ બધાં જ વિચારો મને દરેક પળે ફોલી રહ્યા હતાં, અકળાવી રહ્યા હતાં. અમે લોકો અમારી રૂમેથી વિવાનના ઘરે જવા નીકળી ગયા હતાં. મમ્મી- પપ્પા, હું અને નિશા. સુષ્ટિ સ્કૂલના કારણે રાજકોટ મામાના ઘરે જ રોકાણી હતી. હું ખૂબ જ ખુશ અને રોમાંચિત હતી. નિશા મને સતત કહી રહી હતી કે એવરીથિંગ વિલ બી ઑલરાઇટ. અને મને નિશાના વાક્ય પર પૂરેપૂરો ભરોસો પણ હતો.

અમે લોકો વિવાનના ઘરે બસ પહોંચવામાં જ હતાં. મેં વિવાનને મૅસેજ કરી દીધો કે અમે ' બસ પાંચ મિનિટમાં આવીએ છીએ .' વિવાનના ઘરનો દરવાજો આવી ગયો. અમે ઓટોમાંથી નીચે ઉતર્યા. વિવાનનું ફેમિલી અમારી સામે જ સ્વાગત માટે ઊભું હતું. વિવાન, ભાવના આંટી, વિશાખા, તનુદીદી, દિપેશજીજુ, રિંકુ, ફેન્સી અને મોન્ટુ. ફેન્સીના હાથ પર પાટો બાંધેલો હતો. ચહેરા પર સ્ક્રેચીસ અને ડ્રેસીંગ કરેલું હતું છતાં એ વિવાનના ઘરે આવી પહોંચી હતી. ઓબ્વિઅસલી મને થોડો ગુસ્સો આવ્યો હતો. નિશાને પણ ગુસ્સો આવ્યો હતો, પરંતુ આ ગુસ્સાનો ટાઇમ નહોતો. અમે લોકો ડોર પાસે ગયા. બધાંએ એકબીજાનું અભિવાદન કર્યુ. એકબીજાના ગળે મળ્યા.

' પપ્પા?', મેં વિવાનના પપ્પા દેખાયા નહીં એટલે વિવાનને ધીમેથી પૂછ્યું.
' સૉરી, એમને અચાનક કંઈક કામ આવી ગયું, એ અડધા પોણા કલાકમાં આવી જશે. ચિંતા કરમાં.', વિવાને મને સાંત્વના આપી. હું ખૂબ જ નર્વસ હતી. વિવાનના પપ્પા નહોતા. પપ્પા અને મમ્મી કેવુ ફીલ કરી રહ્યા હશે ? એની મને ચિંતા થઈ રહી હતી. અમે લોકો અંદર ગયા. મેં અને નિશાએ ફેન્સીની સામે ઘૂરી ઘૂરીને જોયું. એને ખયાલ આવી ગયો હતો કે નિશાએ મને જે કહ્યું હશે એના પર મને વિશ્વાસ આવી ગયો હતો.

એ અમારી સામે જોઈને હંસી. મને એ સમયે ખૂબ જ ડર લાગ્યો હતો. ક્યાંક ફેન્સીએ કંઈક પ્લાન તો નહોતું કર્યું ને? મને કંઈક ખરાબ થવાનું હોય એવી ફિલિંગ થવા લાગી. ‘ ઇટ્સ ઓકે. આપણે એને જોઈ લઈશું.’, નિશાએ જાણે મારાં વિચાર વાંચી લીધા હોય એમ સાંત્વના આપતા કહ્યું. અમે લોકો આગળ વધ્યા.

ભાવના આંટીએ બધાંને બેસવા કહ્યું. અમે બધાં જ બેઠા. મમ્મી મોટુ ઘર જોઈને અંજાઇ ગઈ હોય એવું લાગી રહ્યું હતું. પપ્પા એમના ઑલવેઝ શાંત સ્વભાવને કારણે ચુપચાપ બેઠા હતાં. દિપેશજીજુ પપ્પા સાથે કોઈને કોઈ વાત કાઢીને અજાણ્યા પણુ દૂર કરવાની કોશિષ કરી રહ્યા હતાં. ભાવનાઆંટી થોડી વારમાં એક પ્લેટમાં ગુલાબજાંબુ અને બીજો ઘણો નાસ્તો લઈ આવ્યાં. મમ્મી પપ્પાએ પહેલાં તો ફોર્માલીટી માટે ના પાડી. બટ પછી એમણે નાસ્તો ચાખ્યો. ભાવનાઆંટીના બોલકા સ્વભાવને લીધે એમને મમ્મી સાથે બહુ જલદી જ જામી ગયું. વિવાન દિપેશજીજુ પાસે શાંતિથી બેઠો હતો, અને બને એટલું સોફિસ્ટિકેટેડ સિરિયસ દેખાવાનો પ્રયાસ કરી રહ્યો હતો. દિપેશજીજુ અને પપ્પા શેરબજાર અને બેંકિંગની વાતે ચડ્યા હતાં. દિપેશજીજુ મોસ્ટ ઑફ પપ્પાની ‘ હા’ માં ‘ હા’ જ મીલાવી રહ્યા હતાં. એમ લાગી રહ્યું હતું કે દિપેશજીજુને શેરબજારમાં વધારે ટપ્પો નહોતો પડતો. પરંતુ આ પપ્પાના ફેવરીટ ટોપીક્સમાંનો એક હતો. એટલે એમણે એ ચાલું જ રાખ્યો હતો. હું, નિશા, તનુદીદી, વિશાખા અને રિંકુ એક મોટા સોફા પર બેઠા હતાં. ફેન્સી થોડી જ વારમાં એના ઘરે ચાલી ગઈ હતી. અમે લોકો મ્યૂઝિકની વાતો કરી રહ્યા હતાં. મમ્મી ભાવના આંટી સાથે રસોડામાં હતી. પપ્પા દિપેશ સાથે બેંક અને શેરબજારની વાતો કરવામાં વ્યસ્ત હતાં. પપ્પાએ હાથમાં આજનું ન્યૂઝ પેપર પકડી લીધું હતું. વિવાનને મોકો મળતા જ એ મારી સામે નજર નાખી લેતો હતો. હું થોડું મુસ્કુરાતી હતી. એ સમયે હું ખૂબ જ ખુશ હતી. મમ્મી પપ્પા બંને જ ખુશ હતાં. વિવાનના ફેમિલી સાથે એ લોકો કમ્ફર્ટેબલ હતાં. દિપેશે પપ્પાને કહ્યું કે ‘ વિવાનના પપ્પા બહાર ગયા છે થોડી વારમાં આવી જશે.’, લગભગ સાત વાગી ચુક્યા હતાં. તનું દીદીએ મને કહ્યું કે ‘ ડિનર રેડી જ છે, બસ પપ્પા આવે એની જ રાહ જોઈએ છીએ’, અખિલેશ અંકલની રાહ જોવાઇ રહી હતી.

ભાવનાઆંટી મમ્મીને રસોડા દર્શન કરાવીને ફરી ડ્રોઇંગ હોલમાં લઈ આવ્યાં હતાં. અમે લોકો મ્યૂઝિક પરથી ‘ ઍન્જિનિયરિંગ પછી શું?’ ના ટોપિક પર આવી ગયા હતાં. પપ્પા અને દિપેશજીજુ હોસ્પીટલની વાતે ચડ્યા હતાં. ક્યારેક ક્યારેક વિવાન પણ અમુક વાતોમાં પોતાનો સૂર પુરાવતો હતો. હું એની નર્વસનેસ મહેસૂસ કરી શકતી હતી. એ છતાં એ પપ્પા સાથે ઇન્ટરેક્શન કરી રહ્યો હતો. હું ખુશ હતી, એ મારાં માટે આ બધું કરી રહ્યો હતો. મમ્મી અને ભાવનાબહેન પપ્પાની બાજુના સોફા પર હતાં. એ લોકો કિચન અને નવી રેસીપીની જ વાતો કરી રહ્યા હતાં. તનુદીદીએ ભાવનાઆંટીને કટાક્ષમાં કહ્યું કે ‘ કિચન સિવાય બીજી વાતો પણ કરી શકાય..!’, એ સાંભળીને બધાં હસ્યા. એમણે ટોપીક ચૅન્જ કરીને રાજકોટની વાતો શરૂ કરી. બંને રાજકોટની યાદો વાગોળવામાં મશગુલ થઈ ગયા હતાં. અમારાં વચ્ચે મારી અને નિશાની વાતો પણ નીકળી હતી, ‘ મીસન્ડરસ્ટેન્ડિંગ’ કહીને મેં બધાંને સમજાવવાનો પ્રયત્ન કર્યો. ભાવના આંટી ફરી થોડો નાસ્તો લઈ આવ્યાં. આ વખતે વડોદરાનો લીલો ચેવડો હતો. એમણે એ ખાવા માટે મમ્મીને ખૂબ જ ઇનસીસ્ટ કર્યું. મમ્મીએ છેલ્લે બે ચમચી ચેવડો ખાધો. પપ્પાએ પણ એ ચેવડો ચાખ્યો. હું મમ્મી પપ્પાને જોઈને ખૂબ જ ખુશ હતી. ખાસ તો

મમ્મી, જે રીતે એ ભાવનાઆંટી સાથે હળી મળીને વાતો કરી રહી હતી, મને અલગ જ ખુશી મળી રહી હતી. મમ્મીના આ રૂપને હું પહેલી વાર જોઈ રહી હતી.

થોડી વાર પછી વિવાનના મોબાઈલમાં રીંગ વાગી. એણે કૉલ રીસિવ કર્યો અને ' ઓકે' કહ્યું. કૉલ રાખીને એણે બધાંને કહ્યું કે પપ્પા આવી રહ્યા છે. બધાંએ પોતપોતાની વાતો સંકેલી લીધી. પપ્પા અચાનક ઊભા થયા, દિપેશે પપ્પાને રસ્તો ચીંધ્યો. એ બાથરૂમ તરફ ગયા. એ જ સમયે ફેન્સી પણ ત્યાં ટપકી પડી. મને એ જરાંય ના ગમ્યુ. એ પણ ડિનરમાં શામેલ થવાની હતી.

દરવાજો ખુલો જ હતો. કારનો અવાજ આવ્યો એટલે બધાંની નજર દરવાજા સામે ગઈ. થોડી વારમાં અખિલેશઅંકલ અંદર આવ્યાં. એમણે અમારાં બધાં સામે જોયું. અમે લોકો જ્યાં બેઠા હતાં ત્યાં એ આવ્યાં.

મમ્મી ઊભી થઈ. એમણે અખિલેશઅંકલને સ્મિત સાથે જય જીનેન્દ્ર કર્યું. મમ્મી ખૂબ જ ખુશ લાગી રહી હતી. અખિલેશ અંકલ મમ્મી સામે જોઈ રહ્યા. એમણે કોઈ જવાબ ના આપ્યો. એમનો ચહેરો કોઈ ખુશીના ભાવ વાળો નહોતો. એમના ચહેરા પર આશ્ચર્ય હતું. એ આશ્ચર્ય જેનું કારણ અમને ખબર નહોતું. પપ્પા આવ્યાં, એમણે અખિલેશ અંકલ સામે જોયું. અચાનક જ પપ્પાનો ચહેરો થોડો બદલ્યો. ચહેરો તંગ બનવા લાગ્યો. એમનો ચહેરો ગુસ્સાથી રંગાવા લાગ્યો. મને ખબર નહોતી પડી રહી કે શું બની રહ્યું હતું. મમ્મી પપ્પા અને અખિલેશ અંકલ ત્રણેય ઊભા હતાં. એવું લાગી રહ્યું હતું કે બધું ફ્રીઝ થઈ ગયું હોય. વાતાવરણ એકદમ અચાનક શાંત થઈ ગયું. મમ્મી પપ્પા અને અખિલેશ અંકલ એકબીજા સાથે એ રીતે જોઈ રહ્યા હતાં કે જાણે એ લોકો એકબીજાને ઓળખતા હોય, બધાં જ ઊભા થઈ ગયા. મેં વિવાન સામે જોયું. એને પણ ખબર નહોતી કે શું બની રહ્યું હતું. ત્રણ જ લોકો હતાં જે જાણતા હતાં કે શું બની રહ્યું હતું. મમ્મી, પપ્પા અને અખિલેશ અંકલ. અખિલેશ અંકલનો ચહેરો એક્સ્પ્રેશનલેસ હતો, પપ્પા મમ્મીને ગુસ્સાથી જોઈ રહ્યા હતાં. અને મમ્મીનો ચહેરો એવો હતો કે જાણે એમણે કંઈક ગુનો કર્યો હોય. એક મિનિટની શાંતિ પછી, અચાનક એક પ્રચંડ અવાજ આવ્યો.

મારાં પપ્પાએ મારી મમ્મીને એક તમાચો મારી દીધો હતો. ' તને આ બધી ખબર હતી, તને ખબર હતી આપણે કોના ઘરે જઈ રહ્યા છીએ.', પપ્પા મમ્મી સામે જોઈને ગુસ્સામાં બોલ્યા. એમનો ચહેરો લાલ ઘુમ હતો. મેં પપ્પાને પહેલી વાર આટલા ગુસ્સામાં જોયા હતાં. હું ખૂબ જ ડરી ગઈ હતી. અમારાંમાંથી કોઈને ખયાલ પણ નહોતો કે શું બની રહ્યું હતું. નિશાએ મારાં હાથ ભીંસી રાખ્યા હતાં. મમ્મી કંઈજ નહોતી બોલી રહી. એનો ચહેરો જમીનને તાકેલો હતો. બસ મને આવુંજ કંઈક થવાનો ડર હતો. મારી લાઈફમાં દર વખતે ખુશી પછી તરત દુખોનું પૂર આવતુ જ રહ્યું હતું. આ વખતે એ પૂર બધું રગદોળી નાખવાનું હતું.

' જવાબ દે...', પપ્પાએ એક પ્રચંડ અવાજ કાઢ્યો. મમ્મી કંઈ ના બોલી.
' હું કહું છું જવાબ દે મને...', પપ્પાએ ફરી એક રાડ પાડી. હું પપ્પા પાસે દોડી ગઈ અને પપ્પાને પૂછ્યું કે ' શું થયું પપ્પા?' એમણે મારી સામે સુદ્ધા ના જોયું. મેં મારાં પપ્પાને આટલા કઠોર ક્યારેય નહોતા જોયા. કંઈક મૅટર હતી જે મમ્મી, પપ્પા અને

અખિલેશ અંકલ વચ્ચે જ હતી. હવે મારી મમ્મીની આંખોમાંથી આંસુ આવવાના શરૂ થઈ ગયા હતાં. એ હેબતાઇ ગઈ હતી. એને ખબર નહોતી કે શું બોલવુ. પપ્પાએ મમ્મીનું બાવડું પકડ્યું.
' ચાલ અંકુ.', એમણે ત્રાડ પાડી. બધાં હાંફળા ફાંફળા થઈ ગયા. અખિલેશ અંકલ એમના એમ જ ઊભા રહ્યા. બધાં પુછવા લાગ્યા ' શું થયું શું થયું?', બટ પપ્પા મમ્મીને ખેંચીને બહાર તરફ લઈ જઈ રહ્યા હતાં.
' ગેટ લોસ્ટ એન્ડ નેવર કમબેક હીઅર.', અંદરથી અખિલેશ અંકલનો મોટો અવાજ આવ્યો. મેં ઘરમાં જોયું. અખિલેશ અંકલ પણ ગુસ્સામાં હતાં.

હું પણ પપ્પા પાછળ દોડી. મમ્મી રડી રહી હતી. ' પ્રફૂલ સૉરી, મને માફ કરી દો.', એ કરગરી રહી હતી. એવી તે શું મૅટર હતી કે મમ્મી માફી માંગી રહી હતી. અત્યાર સુધી મમ્મીની જીદ મેં જોઈ હતી. આજે મેં પપ્પાનો ગુસ્સો પણ જોઈ લીધો. ઘરની બહાર નીકળતા પહેલાં મેં બધાં સામે લાચાર નજર નાખી. એ બધાં અખિલેશ અંકલને પૂછી રહ્યા હતાં કે ' શું થયું?', વિવાન મારી સામે જોઈ રહ્યો. મારી નજર ફેન્સી સામે ગઈ. એ મારી સામે જોઈને મુસ્કુરાણી. આ બધું બન્યું એનાથી સૌથી વધારે ખુશ ફેન્સી જ હતી. એ એના ચહેરા પર દેખાઈ રહ્યું હતું. હું પપ્પાની પાછળ પાછળ બહાર આવી ગઈ, અને મારી પાછળ નિશા. મારાં મનમાં સતત ચિંતા અને ભય હતો, વિચારો માટે કોઈ જગ્યા નહોતી. બસ એક જ પ્રશ્ન હતો, ' અંદર શું બન્યું હતું?' બહાર આવીને પપ્પાએ તરત ઓટો વાળાને ઊભો રાખ્યો. પપ્પાએ મમ્મીને બેસવા રાડ પાડી. અને પાછા ફરીને અમારી સામે જોયું.

' તમારે આવવાનું છે?', પપ્પાએ મારી સામે જોઈને કહ્યું. આ શું બની રહ્યું હતું? હું રડી રહી હતી. અમે લોકો ઓટોમાં બેસી ગયા. મેં પપ્પાને ડરતા ડરતા અને રડતાં જ પૂછ્યું ' શું થયું પપ્પા?'
એમણે ગુસ્સામાં જ જવાબ આપ્યો, ' એ તારી મમ્મીને પુછ. એણે શું છૂપાવ્યું? અને શામાટે?' મમ્મીને આ રીતે રડતાં મેં ક્યારેય નહોતી જોઈ. એ ધ્રૂસકે ધ્રૂસકે રડી રહી હતી. પપ્પાએ ઓટો વાળાને ગુલબાઇ ટેકરા લેવાનું કહ્યું. ઓટો એ તરફ ચાલી રહી હતી. મમ્મીનો કોઈ જવાબ નહોતો.
' મમ્મી કંઈક તો બોલ શું થયું?', મેં મમ્મી સામે કરગરીને પૂછ્યું. એનું રડવાનું શરૂ જ રહ્યું જાણે કોઈ મોટી ભૂલ કરી હોય. પપ્પા એના ગુસ્સામાં અડગ રહ્યા. અમે લોકો રૂમ પર પહોંચ્યા પણ ન મમ્મી કંઈ બોલી કે ન પપ્પા. નિશા મને સાંત્વના આપી રહી હતી કે, ' બધું બરાબર થઈ જશે.' બટ હું એને કહી રહી હતી કે, ' મને કંઈ ખબર જ નથી કે શું થઈ રહ્યું છે ? તો કઈ રીતે બધું બરાબર થશે.?'
મમ્મી પપ્પાએ રૂમની અંદર એન્ટર થતા જ સામાન ઊઠાવ્યો. સોનુ અને કૃપા આશ્ચર્યમાં જ રહ્યા કે, ' શું થયું?'
' અમે જઈએ છીએ.', પપ્પા લગેજ ઊઠાવતા બોલ્યા. મમ્મી કંઈ જ નહોતી બોલી રહી. મારે એવું કંઈક કરવું હતું કે પપ્પાનો ગુસ્સો શાંત થાય અને મમ્મીને હું એકાંતમાં પૂછી શકું કે ' મમ્મી આ બધું શામાટે બન્યું?'
' પપ્પા હું પણ આવું છું.', મેં કહ્યું અને તરત જ કૉલેજ બેગમાં બે જોડી કપડા ભર્યા અને હું પણ તૈયાર થઈ ગઈ. મમ્મી પપ્પા નીચે ઉતર્યા. મેં નિશા, સોનુ અને કૃપા સામે જોયું અને હું પણ નીચે ઉતરી. એ સમયે મારું માથુ ફાટી રહ્યું હતું. મારી સાથે જ

શામાટે આવું બનતું હતું કે એક પળ માટે મારી ખુશીઓનો પાર ના હોય અને બીજી જ પળે કોઈ પ્રોબ્લેમ આવી ચડે. એક પ્રોબ્લેમ સૉલ્વ થાય અને બીજી તૈયાર જ હોય. અને આ એવી પ્રોબ્લેમ હતી જેના મૂળિયાં ક્યાં હતાં એનો હજુ મને ખયાલ સુદ્ધાં નહોતો. પણ એટલી ખબર હતી કે આ બધી ભૂતકાળની રમત હતી. વર્તમાન તો આ રમતનું મૈદાન હતું. જ્યાં ત્રણ પ્યાદા હતાં. મમ્મી, પપ્પા અને અખિલેશ અંકલ.
***
ઘરે પહોંચ્યા ત્યારથી જ ઝઘડા શરૂ થઈ ગયાં. પપ્પાએ મને ‘ વચ્ચે ન આવવાની ’ વોર્નિંગ આપી દીધી હતી. મેં મામાને ફોન કરીને બોલાવી લીધા. બે દિવસ સુધી ઝઘડો ચાલતો રહ્યો. મામા અને મમ્મીએ ઘણી વાતો કરી, મામાએ પપ્પાને સમજાવ્યા અને એમણે પણ ઘણું ડિસ્કસ કર્યું. હવે મને ખયાલ આવી રહ્યો હતો કે આ બધું થવાનું કારણ શું હતું. મમ્મીનો ભૂતકાળ જ મમ્મીની સામે આવ્યો હતો. કદાચ મમ્મી હજુ એના ભૂતકાળને એકવાર જોવા ઇચ્છતી હતી. જે વાતો મેં મામા, મમ્મી અને પપ્પા વચ્ચે થઈ રહી હતી એ મેં સાંભળી. એમાં પપ્પા મમ્મી પર સૌથી વધારે ગુસ્સે હતાં.

‘ ભૂલ એક વાર થાય , બીજી વાર થાય એને ભૂલ ન કહેવાય , એને ઇચ્છા કહેવાય .’ , પપ્પા વારંવાર આ જ બબડી રહ્યા હતાં. મામા હતાં એટલે મમ્મીને ખુલાસો આપવાની તાકાત આવી ગઈ હતી. એ ઝગડતી વખતે રડતાં રડતાં બોલી રહી હતી. ‘ પ્રફૂલ. મારાં મનમાં કોઈ જ ખરાબ વિચારો નથી. હું બસ ઇચ્છતી હતી કે અંકુ એની પસંદ હોય ત્યાં જાય. ’

‘ પપ્પાએ પણ તર્ક આપ્યો કે અત્યાર સુધી એમ કહેતી હતી કે અંકુ મેરેજ ત્યાં જ કરશે જ્યાં હું ઇચ્છીશ અને અચાનક આ કરુંણા?’, પપ્પાની આ વાત મને ગળે ઉતરી હતી.
‘ પ્રફૂલ જ્યારે મને ખબર પડી ત્યારે મને વિચાર આવ્યો કે નવી શરૂઆત કરીએ. જે હું નથી મેળવી શકી એ અંકુ મેળવે.. એ એનો પ્રેમ મેળવે.’
‘ એનો પ્રેમ કે તારો પ્રેમ?’, આ સાંભળીને મને શોક લાગ્યો હતો. રૂમમાં સન્નાટો છવાઇ ગયો હતો. પપ્પા ઑલમોસ્ટ ચિલ્લાઇને બોલ્યા હતાં. એમના ચહેરા પર ગુસ્સો ઉભરાતો હતો. મામાએ મને રૂમમાં ચાલ્યા જવા કહ્યું હતું અને પપ્પાને સમજાવ્યા કે છોકરાઓ સામે આવી વાતો ના કરાય.

બીજે દિવસે મામા મમ્મી- પપ્પાને એમના ઘરે લઈ ગયા. એક આખો દિવસ મમ્મી પપ્પા એમના ઘરે જ રહ્યા. આવ્યાં ત્યારે ઝઘડો પૂરો થઈ ગયો હોય એવું લાગી રહ્યું હતું. બટ પહેલાં જેવુ હવે વાતાવરણ નહોતું. મમ્મી અને પપ્પાનું એકબીજાનું બોલવાનું જાણે બંધ જ થઈ ગયું હતું. આખુ ઘર સુમસામ થઈ ગયું હતું. મેં નક્કી કર્યુ હતું કે જ્યાં સુધી હું પૂરેપૂરી વાત ના જાણી લવ ત્યાં સુધી હું અહીંથી અમદાવાદ નહીં જાવ. મમ્મી મારી સાથે પણ ઓછું જ બોલતી. મારી પણ પુછવાની હિંમત નહોતી. મારે કોઈના ઘાવ તાજા નહોતા કરવા.

પપ્પાએ પણ મને ચોખ્ખુ જ કહી દીધું હતું, ‘ મને તું એ છોકરા સાથે રિલેશન રાખ એમાં કોઈ પ્રોબ્લેમ નથી, બટ હું તારો સાથ નહીં આપુ. તારે જે કરવું હોય તે કર.’, આ સાંભળીને હું બે દિવસ સુધી રડી. મારાંમાં લડવાની બધી જ તાકાત હવે પૂરી થઈ ગઈ હતી. હવે હું થાકી ગઈ હતી. પ્રોબ્લેમ ઉપર પ્રોબ્લેમ. પ્રોબ્લેમ ઉપર પ્રોબ્લેમ. ક્યાં સુધી હું બધી પ્રોબ્લેમ સૉલ્વ કરત. મેં મારો ફોન સ્વીચ ઑફ જ રાખ્યો. હું વિચારી નહોતી

શકતી કે મારે વિવાનને કઈ રીતે છોડવો.? એક તરફ વિવાન હતો અને એક તરફ પપ્પા. પણ મારે મમ્મીનો ભૂતકાળતો જાણવાનો જ હતો. એ ભૂતકાળ જેણે મારાં વર્તમાનને રગદોળ્યું હતું. એ ભૂતકાળ જેણે ખુશીઓથી ખીલખીલાતા દરેકના ચહેરા પર પોતાના કાંટાળા શસ્ત્રોથી ઉજરડા પાડ્યા હતાં.

***

' મમ્મી સેઇડ '

***

તે સાચુ કહ્યું હતું, દરેકે કોઈને કોઈ વાર તો પ્રેમ કર્યો જ હોય છે. દરેક વ્યક્તિ એકવાર તો લાગણીઓના પૂરમાં તણાયુ જ હોય છે. હું પણ તણાઈ હતી. પરંતુ ન તો મને સમંદરે પૂરેપૂરી સ્વીકારી ન તો નદીના કિનારાએ.

હું અગિયાર સાયન્સમાં હતી જ્યારે મને અખિલેશ સાથે પ્રેમ થયો હતો. એણે જ મને પૂછ્યું હતું. એ સમય આજ જેવો નહોતો. રસ્તા પર એક છોકરા છોકરીને મળતા પહેલાં પણ વિચાર કરવો પડતો. અને આ તો પાછું રાજકોટ. એ સમય જ અલગ હતો, મારી જિંદગીનો સૌથી સુંદર સમય. મને ખબર છે, તારા સામે મારે આવી વાતો ના કરવી જોઈએ. પરંતુ એમ માનજે કે આજે હું તારી મમ્મી નથી, ફ્રૅન્ડ છું. અગિયારમાં ધોરણમાં થયેલો પ્રેમ ધીરે ધીરે પ્રગાઢ બનતો ગયો. અગિયારમું પત્યુ, બારમું પત્યુ. મારે સારા ટકા આવ્યાં હતાં. પરંતુ એ સમયે છોકરીઓને વધારે ભણાવવામાં નહોતી આવતી. હું આખા કુટુંબમાં પહેલી છોકરી હતી જે બાર ધોરણ સુધી ભણી હતી. પરંતુ બાર પછી પપ્પાએ ભણવાની ના પાડી. ઘરની આર્થિક સ્થિતી પણ ઠીક હતી. મારે ઍન્જિનિયરિંગ કરવું હતું. મારે ઍન્જિનિયર બનવું હતું. પરંતુ મારી એ ઇચ્છા પૂરી ના થઈ.

અમારો રિલેશન ચાલતો રહ્યો. અખિલેશે સિવિલ ઍન્જિનિયરિંગમાં ઍડમિશન લીધું. અમે બંને એકબીજાના ગાઢ પ્રેમમાં હતાં. ત્યારે અમને લાગતું હતું કે અમે એકબીજા વિના નહીં રહી શકીએ. પરંતુ જે ઘાવ સમય આપે છે, એ ઘાવ સમય જ રૂજવે છે. જ્યારે અખિલેશ થર્ડ યરમાં હતો ત્યારે મારાં ઘરેથી મારી સગાઈની વાત શરૂ થઈ. મને છોકરા જોવા આવવા લાગ્યા. હું અને અખિલેશ બંને ખૂબ જ ચિંતામાં હતાં. નહોતી મારાંમાં હિંમત કે હું પપ્પાને કહું કે નહોતી અખિલેશમાં કે એ એના પપ્પાને કહે. ન કહેવાય અને ન સહેવાય એવી સ્થિતીમાં અમે હતાં. હું છોકરા રીજેક્ટ કરતી ગઈ. હવે મેં અખિલેશને ફોર્સ કરવાનું શરૂ કર્યુ કે ' તુ ઘરે કહે.', એણે મને કહ્યું કે તું પહેલાં કહે. અમને ડર હતો, કે એક કહે અને બીજાના ઘરે તૈયાર નહીં થાય તો? પરંતુ કહેવાનો સમયતો આવી ગયો' તો.

મેં જ શરૂઆત કરી. એક દિવસ હિંમત કરીને મેં પપ્પાને કહ્યું. આ સાંભળીને પપ્પાનો ગુસ્સો સાતમાં આસમાને હતો. તારા મામાએ તો મારાં પર હાથ પણ ઉપાડી લીધો હતો. એ દિવસે હું ખૂબ રડી હતી. મારું ઘરથી આવવા જવાનું બંધ થઈ ગયું હતું. હું રોજ એક ખુણામાં બેસીને રડતી રહેતી. અખિલેશને ભૂલી શકવાની મારાંમાં તાકાત નહોતી. મારું વર્તન પૂરેપૂરું બદલાઇ ચુક્યુ હતું. ધીરે ધીરે ઘરમાં બધું નૉર્મલ થવા લાગ્યું. મારી સગાઈ તારા પપ્પા સાથે નક્કી કરવામાં આવી. પરંતુ હું અખિલેશને ભૂલી નહોતી. મારી સગાઈ થઈ ગઈ. હવે ઘરમાંથી હું બહાર જઇ શકતી હતી. સગાઈ થઈ

ગઈ હોવા છતાં પણ હું અખિલેશને મળતી. અત્યારે મને લાગે છે કે હું કેટલી મુર્ખ હતી. પરંતુ આ જ તો યુવાનીની નાદાની હોય છે. તમને તમે જે પણ કરો એ બધું જ સાચુ લાગતું હોય છે. આ સમય દરમ્યાન અખિલેશે એકવાર એના ઘરે મારાં વિશે કહ્યું હતું. પરંતુ એને એ દિવસે એના પપ્પાનો માર ખાવો પડ્યો. એના પપ્પાએ કહ્યું કે ' તુ ઍન્જિનિયર છે, એટલે તારા લગ્ન પણ ઍન્જિનિયર છોકરી સાથે જ થશે, ઍન્જિનિયર નહીં મળે તો ગ્રેજ્યુએટ કરેલી છોકરી સાથે થશે, અને આપણી જ્ઞાતિની છોકરી સાથે જ થશે.' બધાં દરવાજા બંધ થઈ ચુક્યા હતાં. અમારાં પાસે બે જ રસ્તા હતાં, કાંતો એકબીજાને ભૂલી જઈએ અને કાંતો એકબીજા સાથે ભાગીને લગ્ન કરી લઈએ. બંનેમાંથી એકેય શક્ય નહોતું. અમારાં બંનેમાંથી કોઈ એકબીજાના પરિવારને છોડવા નહોતું માંગતુ. અમે હકીકતો અને પરિસ્થિતીઓને સ્વીકારવા તૈયાર નહોતા. મારી સગાઈ અને આ રિલેશનને વધુ એક વર્ષ વીતી ગયું. અખિલેશની ફાયનલ એક્ઝામ્સ પૂરી થઈ ચૂકી હતી. રિઝલ્ટ્સ આવવાના હતાં. હવે અમારાં બંને સામે પ્રશ્ન હતો કે ' હવે શુ?'

એ દિવસ અમે ગાર્ડનમાં બેઠા હતાં. બંને એજ ચર્ચામાં હતાં કે હવે શું કરવું? એ દિવસ કદાચ અમે કઠણ કાળજે લવ મેરેજ કરવાનો ફેંસલો પણ લઈ લેત. પરંતુ વારેવારે અમારી સામે અમારો પરિવાર આવી જતો હતો. તારા પપ્પા, જેની સાથે મારી સગાઈ થઈ હતી, એ યાદ આવી જતા હતાં. કે એણે અમારું શું બગાડ્યુ હતું, એ કારણ વિના આ બધાંમાં ફસાઈ રહ્યા હતાં. નિર્ણય લેવો ખૂબ અઘરો હતો, અમે સતત ચાર કલાક એક ને એક જ વાત કરી. પરંતુ કંઈ નક્કી ના કરી શક્યા.

પરંતુ જ્યારે તમે નિર્ણય ના લઈ શકો, સમયે આપેલ નિર્ણય લેવાનો સમય પૂરો થઈ જાય ત્યારે સમય જ નિર્ણય લઈ લેતો હોય છે. હું અને અખિલેશ ગાર્ડનમાં બેઠા હતાં ત્યારે જ તારા પપ્પા અમને જોઈ ગયા. એ સમયે મને થોડીક ખુશી થઈ કે આ સગાઈ તુટી જશે, પરંતુ તારા પપ્પાના ગુસ્સાનો ડર પણ લાગ્યો. તારા પપ્પા ત્યાં આવ્યાં. એમણે મારી સામે જોયું. પહેલેથી જ એમનો સ્વભાવ ખૂબ જ શાંત હતો. પરંતુ જ્યારે પણ એમને ગુસ્સો આવે છે, ત્યારે એ કોઈના કાબુમાં નથી રહેતા. અખિલેશ એમને સમજાવવા ગયો. પરંતુ એમણે એમને ધક્કો મારીને પાછળ ખસેડી દીધો.

' આ બધું શું છે?', તારા પપ્પાએ મને પૂછ્યું. મારી પાસે જવાબ આપવાની હિંમત નહોતી. અખિલેશ ફરી સમજાવવા માટે આગળ આવ્યો. તારા પપ્પાએ અખિલેશને એક તમાચો મારી દીધો. અખિલેશને પણ ગુસ્સો આવી ગયો. હું કરગરતી રહી કે ' બંને ઝઘડોમાં . ' પણ સાંભળવા વાળુ કોઈ નહોતું. એ બંને એકબીજા સાથે હાથાપાયી પર આવી ચુક્યા હતાં. થોડાક લોકો ભેગા થઈ ગયા હતાં. પરંતુ એ લોકો તો ઝઘડાને રોકવાને બદલે જોઈને આનંદ લઈ રહ્યા હતાં. અચાનક તારા પપ્પાના હાથમાં એક પથ્થર આવી ગયો. એમણે ગુસ્સામાં જ અખિલેશના માથા પર એ મારી દીધો. અખિલેશનો ચહેરો થોડી જ સેકન્ડોમાં લોહી લુહાણ થઈ ગયો હતો. હું અખિલેશને ઊભો કરવા આગળ વધી. પરંતુ તારા પપ્પાએ મારો હાથ ખેંચીને ન જવા દીધી. એ મને મારી ઇચ્છા વિરૂદ્ધ ત્યાંથી ઘરે લઈ આવ્યાં. ગાર્ડનમાં જે બન્યું હતું એ બધું જ તારા પપ્પાએ મારાં પપ્પાને કહ્યું. એ દિવસે મારાં ગાલ પર પપ્પાનો પહેલી વાર તમાચો પડ્યો હતો. તારા મામાએ પણ મને એ દિવસે ઘણી મારી હતી. પપ્પા અને ભાઈ, તારા પપ્પા

અને એના ઘરવાળાને મનાવવામાં સફળ રહ્યા હતાં. આ સગાઈ ના તૂટી. અખિલેશે મારી બહેનપણી સાથે કહેડાવ્યું કે, ‘ આપણે બંનેએ હવે અહીં જ થોભી જવુ જોઈએ. આપણે બંનેએ એકબીજાને ભૂલી જવા જોઈએ. હવે આપણે એકબીજાને ક્યારેય નહીં મળીએ.’ હવે મારી પાસે અખિલેશને ભૂલવા સિવાય કોઈ જ રસ્તો નહોતો. બે જ મહિનામાં મારાં લગ્ન ગોઠવાઈ ગયા. છ મહિના સુધી હું મારાં ઘરના કોઈ સભ્યો સાથે વ્યવસ્થિત વાત પણ નહોતી કરતી. પરંતુ સમય બધાં ઘાવ ભરી જ દેતો હોય છે. ધીરે ધીરે બધું શાંત પડવા લાગ્યું. હું અખિલેશને ભૂલી પણ ગઈ.

પરંતુ બે વર્ષ પછી ફરી કંઈક બન્યું. ત્યારે તું હજુ નહોતી આવી. તારા પપ્પાને હું એક સ્ત્રી સાથે એમની બાઈક પર જોઈ ગઈ. એ દિવસે ઘરમાં મોટો ઝઘડો થયો. ફરી મને અખિલેશ યાદ આવી ગયો. મેં તારા મામાને બોલાવ્યા. તારા પપ્પાએ આ વાત ઘર સુધી ન પહોંચવા દીધી. એ પછી તારા પપ્પા મારાં પ્રત્યે જે રીતે કઠોર વર્તન કરતા હતાં એ બંધ થઈ ગયું. હવે હું જિદ્દી બની ગઈ. મને મારી વાત મનાવડાવતા આવડી ગયું. ધીરે ધીરે અમે એકબીજાને સમજવા લાગ્યા. એકબીજા સાથે બેસીને વાતો કરવા લાગ્યા. ધીરે ધીરે અમે એકબીજાને સ્વીકારવા લાગ્યા. પરંતુ મારું જીદ્દી પણુ એમનું એમ જ રહ્યું.

ધીરે ધીરે બધું જ ભૂલાઈ ગયું. પછી તું આવી. પરંતુ હું ઇચ્છતી હતી કે તું ઍન્જિનિયરિંગ કરે. જે હું ના મેળવી શકી એ તું મેળવે. મેં તને ઍન્જિનિયરિંગ એટલે જ લેવડાવ્યું. પરંતુ જ્યારે એ દિવસે તે અખિલેશનું નામ લીધું ત્યારે મને આ નામે ફરી એની યાદ અપાવી દીધી. જ્યારે તે એમના વિશે કહ્યું ત્યારે હું સ્યોર થઈ ગઈ કે વિવાનના પપ્પા એ જ અખિલેશ છે. ખબર નહીં, મારાંમાં ૨૦ વર્ષની આરોહી જાગી ચુકી હતી, જે ફરી એકવાર ભૂલ કરવાની હતી. મને ડર હતો કે જો હું પ્રફૂલને કહીશ તો એ ક્યારેય નહીં માને. મારે પણ વિવાનના પપ્પાને જોવા હતાં. મને ખબર હતી અમે બંને બધું ભૂલીને આગળ નીકળી ગયા હતાં. એ જ આશાએ હું તારા પપ્પાને નહોતી કહેવા માંગતી. મને એમ હતું કે તારા પપ્પા પણ ભૂલીને આગળ વધી ચુક્યા હશે. પરંતુ મેં તારા પપ્પા સાથે છૂપાવીને ભૂલ કરી. મને માફ કરી દે અંકુ, મને માફ કરી દે, મને માફ કરી દે.

***

મમ્મી બોલતા બોલતા રડી પડી. બધું જ હવે આછા પાણીની જેમ પારદર્શક થઈ ગયું હતું. અત્યાર સુધીના બધાં જ સવાલોના જવાબ મળી ચુક્યા હતાં. મમ્મીની જીદ, એમનો ઍન્જિનિયરિંગ તરફનો ચસકો, પપ્પાનું મમ્મીની જીદ સામે માની જવુ. પરંતુ હવે મારે જે કરવાનું હતું એ સૌપ્રથમ વિવાનને મળવાનું હતું. મેં એની સાથે બે દિવસથી વાત નહોતી કરી. હું વિચારી શકતી હતી, એની હાલત પણ કેવી હશે? હું એને જે બન્યું એના કારણો કહેવા માંગતી હતી. ખબર નહીં આ બધું જાણ્યા પછી મારાંમાં ડર જેવુ પેદા થયું હતું કે કંઈ થશે તો નહીં ને? બે દિવસ વિતી ચુક્યા હતાં એટલે મને અંદાજ તો હતો જ કે વિવાનને પણ કંઈક ખબર તો પડી જ હશે. પરંતુ એ છતાં હું એને મળીને વાત કરવા માંગતી હતી. હું એ જ દિવસે રાજકોટથી નીકળી ગઈ. બીજે દિવસે હું અને વિવાન મળ્યા. વિવાનને મેં મમ્મીની વાત કહી. એના ઘરમાં પણ બધું ડીસ્કસ થયું હતું. પરંતુ ખાસ કોઈ ઝઘડા નહોતા. બટ હા એના પપ્પા હવે તૈયાર નહોતા. આઈ વોઝ ફિલિંગ ટેન્સ્ડ. અખિલેશ અંકલે પણ સેમ જ કહ્યું હતું, ‘ હું આ રિલેશનની વિરૂદ્ધ નથી.

બટ મને એના ફૅમિલી સાથે મેળ નહીં પડે. તારે જે કરવું હોય તે કર.', બટ અમે કોઈની નાખુશીની સાબીતીમાં કંઈ જ નહોતા કરવા માંગતા. અચાનક જે ધાર્યુ નહોતું એ થયું હતું. પરંતુ મને હાંશકારો હતો કે વિવાન મારી સાથે હતો. મારું માથુ સખત દુખી રહ્યું હતું. શું કરવું એનો કોઈ જ ખયાલ નહોતો. જેવી સિચ્યુએશન મમ્મીની હતી એવી જ સિચ્યુએશન મારી હતી. લવ મેરેજ કરવા, અથવા એકબીજાને ભૂલી જવા. પરંતુ અત્યારના સમય પ્રમાણે ત્રીજો રસ્તો પણ હતો. બંનેના મમ્મી- પપ્પાને મનાવવા. હું મારી મમ્મીની જેમ ગીવ અપ નહોતી કરી દેવાની. અમે એ દિવસે નક્કી કર્યુ. રહેશુ તો બધાંની સાથે, અને બધાંને ખુશ કરીને. પરંતુ સિચ્યુએશન્સ અમારી વિરુદ્ધ હતી.

' ટ્રસ્ટ મી અંકુ. એવરીથિંગ વિલ બી ફાઇન. આપણે બધાંજ સાથે હોઈશુ અને ખુશ પણ.', એણે મને ગાલ પર પપ્પી ભરીને હસીને કહ્યું. વિવાનની આ જ આદત મને ખૂબ ગમતી હતી. નો મૅટર, ગમે તેટલું ટૅન્શન હોય પરંતુ એ મને ખુશ કરતો. મારી ચિંતાઓ દૂર કરવા માટે જે કરવું પડે એ કરતો. એની આંખોમાં પણ હું ચિંતાઓ જોઈ શકતી હતી. બટ એ છતાં એ મને ચિંતામુક્ત કરવાના પ્રયત્નો કરી રહ્યો હતો.

' અને વાત છે મમ્મી પપ્પાની તો એ લોકો પણ નવી શરૂઆત કરશે, અને આપણે બધાં એક પરિવાર હોઈશુ.', એણે એની આંખો જુકાવીને કહ્યું. મેં પણ એના કપાળ પર કિસ કરી. અમે રાતે નવ વાગે જુદા પડ્યા. જુદા પડતી વખતે મેં વિવાનને પાંચ મિનિટ સુધી હગ કર્યુ. હું વિવાનથી છુંટ્ટી પડવા જ નહોતી માંગતી. વી સેઇડ લવ યુ ટુ ઇચ અધર. એન્ડ એણે એ જ સ્ટાઇલમાં એની બાઇક ચલાવી મુકી. ઝુમ્મ્મ.

***

વન યર લેટર

***

સોનુની સગાઈ થઈ ચુકી હતી. કૃપાનું બ્રૅક- અપ થઈ ગયું હતું. નિશા એન્ડ આઈ વેર બીકેમ બેસ્ટ ફ્રૅન્ડ્સ અગેઇન. ઘરે લગભગ બધું નૉર્મલ થઈ ચુક્યું હતું, બટ સ્ટીલ બંનેના પપ્પા તૈયાર નહોતા. અમે અમારાં ઘરનાને ખૂબ સમજાવ્યા. મેં પપ્પાને ખૂબજ સમજાવવાની કોશિષ કરી હતી, બટ પપ્પા માનવા તૈયાર નહોતા. બટ એમણે મને બાંધી પણ નહોતી રાખી. એમણે છૂટ પણ આપી હતી, તારે જે કરવું હોય તે કર. હું તારી લાઈફના ડિસિઝન્સ નહીં લઉં. બટ આ કહેતી વખતે એ ખુશ તો નહોતાં જ. હું એમને ખુશ જોવા માંગતી હતી. મારાં પપ્પા મારી લાઈફના હીરો હતાં. અત્યાર સુધી એમણે મારી બધી જ વીશ પૂરી કરી હતી. ભલે એક વર્ષ વીતી ચુક્યુ હતું બટ મને હજુ વિશ્વાસ હતો કે અમે એમને મનાવી લઈશુ. વિવાનના પપ્પા ઑલમોસ્ટ માની ચુક્યા હતાં. એમની બસ એક જ જીદ હતી, મારાં પપ્પા એમને સૉરી કહે. થોડું ટફ હતું, બટ પૉસિબલ તો હજુ જ. વી વેર ટ્રાઇંગ હાર્ડ. સાથે ફાયનલ એક્ઝામ્સ પણ આવી ચુકી હતી. એટલે એના પર પણ કોન્સન્ટ્રેટ કરવાનું હતું. એટલે મેં અને વિવાને નક્કી કર્યુ હતું કે આ એક્ઝામ્સ પતે એટલે બંને એકબીજાના મમ્મી પપ્પાને મળીએ અને એમને મનાવવાની ટ્રાય કરીએ. સો વી વેર અબાઉટ ટુ કોન્સન્ટ્રેટ ઓન એક્ઝામ્સ.

બીજી તરફ એક વર્ષ વીતી ગયું હોવા છતાં ફેન્સીએ અત્યાર સુધી વિવાનને કંઈ જ નહોતું કહ્યું. મને ફેન્સીની આ હરકત વિષે કહેવાનો ખાસ ઇન્ટરેસ્ટ પણ નહોતો. મારી

પાસે એનાથી ઇમ્પોર્ટન્ટ ઘણા કામ હતાં. બટ હું ફેન્સીને અન્ડરએસ્ટીમૅટ કરી રહી હતી. કદાચ આ મારી સૌથી મોટી ભૂલ હતી. મેં ફેન્સી સાથે વાત કરવાનું બંધ કરી દીધું હતું. એ જ્યારે જ્યારે વિવાન સાથે જતી ત્યારે ત્યારે મને ગુસ્સો આવતો પરંતુ હું વિવાનને કહી નહોતી શકતી. હું સંકોચ અનુભવતી.. મારી ફિલોસોફી મને જ ક્યારેક ટોન્ટ મારતી. શું આ મેચ્યોર લવ હતો? એકબીજાથી કંઈ છૂપાવવું અને એકબીજાને કંઈક કહેવા માટે સંકોચ અનુભવવો? પરંતુ હું આ સવાલને બને ત્યાં સુધી ઇગ્નોર કરતી, એક કહીને કે ‘ મારાંમાં એને કહેવાની હિંમત નથી.’

***

રહસ્યો પરના પરદા ઊઠે ત્યારે બવંડર ઉભુ થાય જ. એ જ બવંડરનો સામનો અમે કરી રહ્યા હતાં. પરંતુ બવંડર પછી એક નવી શરૂઆત કરવાની હોય છે. એ શરૂઆત માટે ખૂબ શક્તિ જોઈએ. રહસ્યોને સહન કરવા ખૂબ જ અઘરા હોય છે. એનાથી વધારે અઘરું એનો સ્વીકાર કરવો. પરંતુ એ હિંમત પણ અપાવતા હોય છે. હિંમત જીવન બદલવાની. હિંમત નવી શરૂઆતની. પરંતુ જીવન અનપ્રિડેક્ટેબલ છે. મારી સ્ટોરી પણ અનપ્રિડેક્ટેબલ છે. એટલે એવી જ એક ઘટના હજુ બનવાની હતી. જે મારાં આંસુઓથી તકિયાને પલાળવાની હતી. જે મારી લાઈફની સૌથી સેડેસ્ટ મૉમેન્ટ મને આપવાની હતી.

***

પ્રકરણ – ૧૧

રોમેન્ટિક એક્ઝામ્સ

આદત, હું વિવાનની આદતી બની ચુકી હતી. અમારો રિલેશન શરીરથી ક્યાંય આગળ વધી ચુક્યો હતો. એ વિવાન જ હતો જે મારી ધકડનો વધારી શકતો. એને કૉલ કરતા પહેલાં મારી ધડકનો પહેલાં દિવસની જેમ જ બે વર્ષ પછી પણ વધી જ જતી. એની પાસે કોઈક એવી વસ્તુ તો દર વખતે હોતી જ, કે જે મને સરપ્રાઇઝ કરતી. એટલે જ એને કૉલ કરતા પહેલાં કે કૉલ રીસિવ કરતા પહેલાં અંદર તેજ ધડકનોના વંટોળો ઊભા થતા. એ વિવુ જ હતો જે મારાં માટે બન્યો હતો. એનો ચહેરો મને હંમેશા સુકૂન આપતો, એની પ્રેઝન્સમાં હું સેફ ફીલ કરતી. પહેલાં જ દિવસથી એણે મને એક્સાઇટમેન્ટની અનુભૂતિઓ કરાવી હતી. વિવુએ મને હિંમત અપાવી હતી. એણે જ મને જીવતા શીખવાડ્યુ હતું. એણે જ મને હસતા શીખવાડ્યુ હતું. એણે જ મને પ્રેમ કરતા શીખવાડ્યું હતું. ક્યારેક હું વિચાર કરતી કે વિવાન ના હોત તો મારી લાઈફ કેવી સુકી ભટ્ટ અને વેરાન હોત.

મને ચારે તરફ સંગીત સંભળાતુ. ક્યારેક હું નિશાને બાહોમાં લઈને નાચતી. જાણે હું પાગલ હોવ. ક્યારેક હું ગાતી જાણે મારું ખસકી ગયું હોય. હું સપનાઓ જોતી, મને ઠંડી હવાઓ વિવાનની યાદ અપાવતી. મને કાળો તડકો પણ વિવાનની યાદ અપાવતો. વરસાદ વિવાનના ગરમ શ્વાસોની યાદ અપાવતો. મારાં બદનમાં ઝણઝણાટી ઉપડી જતી. મને આ જિંદગી સૂરમય લાગતી. વિવાનની પાછળ બેસીને કરેલી લોંગ રાઇડ્સ મારી જિંદગીના હસીન પળોની સ્મૃતિ છે. એની માંસલ બાહોં, એનો શિલ્પી ચહેરો, એની સ્ટડ સ્ટાઇલ, એની મારી સામે જોઈને સ્માઈલ કરવાની નઝાકત, એની મારાં માટે કોઈ પણ સાથે લડી લેવાની હિંમત, મારો હાથ પકડેલો એનો હાથ, મારાં ખોળામાં એનો ચહેરો, એના હોઠનો મારાં કાન પાસેનો સ્પર્શ, મારી ગરદન પાસેના એના ગરમ શ્વાસો, એની સાથેથી છૂટી પડતી વખતે અચાનક લેવાઇ જતી પપ્પી, એના હોઠોનું મારાં હોઠોમાં ડૂબી જવુ, એની પ્રેમ ભરી અને કૅરિંગ મારાં કપાળ પરની કિસ, કિસ કર્યા પછી એનું મારી આંખોમાં જોવુ, મારું એની ઉંડી આંખોમાં જોવુ, મારી અને એની આંખો અને સ્મિતની ભાષા. મિનિટો સુધી અમારું બંનેનું એકબીજાની આંખોમાં જોઈ રહેવુ. આ બધી મેમોરેબલ મોમેન્ટ્સ એ મારી લાઈફની સમરી છે. આ મારી લાઈફની બેસ્ટ મોમેન્ટ્સ છે. જેમાં માત્ર હું હતી અને વિવુ હતું. મારો વિવુ...! માય ડિયર વિવુ...!

એક્ઝામ્સ ચાલી રહી હતી. પહેલી વાર એક્ઝામ્સ પહેલાં જ વાઇવા લેવાઇ ગયા હતાં. સબમિશનમાં મેં વિવાનના ઘણા અસાઇનમેન્ટ્સ લખ્યા હતાં. જેના કારણે નિશાએ મને ચીડવી ચીડવીને હેરાન કરી નાખી હતી. ચાર પેપરમાંથી બે પેપર પુરા થઈ ચુક્યા હતાં. બે પેપર બાકી હતાં. હવે પછીના પેપર વચ્ચે બે દિવસની રજા હતી. બધાં જ વાંચવામાં ડૂબી ગયા હતાં. મ્યૂઝિક ક્લાસમાં મેં ઘણા દિવસથી જવાનું પણ બંધ કરી દીધું હતું. ઇનરઆર્ટમાંથી ધર્મેશ સરનો આજે જ મૅસેજ આવ્યો હતો. પૂછતાં હતાં કે, ' કેમ નથી આવતી.' મેં જવાબ આપ્યો હતો કે, ' એક્ઝામ ચાલે છે.', થોડી ટિપિકલ વાતો કરીને અમે લોકોએ કૉલ કટ કર્યો. ધર્મેશ સર ક્યારેક મારી સાથે ફ્લર્ટ પણ કરતા. બટ હું એને વધારે ઇમ્પોર્ટન્સ ના આપતી. હું આ વાતને નેચરલ ગણતી અને કન્ઝીડર જ ના કરતી. પહેલાં બે પેપર તો ઓસમ જ ગયા હતાં. વિવાન પણ કહી રહ્યો હતો કે એ પાસ તો થઈ જ જશે. રૂમમાં એક્ઝામ્સનો માહોલ પૂરેપૂરો જામ્યો હતો. પૂરેપૂરો એટલે પૂરેપૂરો.

***

વો રાતે, હાઉ કેન આઈ ફરગેટ. વો સબમિશન કે દિન. ધોઝ આર ક્રેઝી મેમરીઝ. હું જ્યારે

પણ એ દિવસો યાદ કરૂ છું, ત્યારે વિચારૂ છું, અમે કેવા પાગલ હતાં. હું કેવી પાગલ હતી. એ દિવસે એડવાન્સ કોમ્પ્યુટર નેટવર્કનું સબમિશન હતું. આ કોમ્પ્યુટર અને આઈ. ટીનો કોમન સબજેક્ટ હતો. આઈ. ટી કમ્પ્યૂટરના ડિપાર્ટમેન્ટ બાજુ બાજુમાં જ હતાં એટલે હું, નિશા, સોનુ અને કૃપા સાથે જ બેસેલા હતાં. મેં મારાં અસાઇનમેન્ટ્સ લખી નાખ્યા હતાં. નિશા, સોનુ અને કૃપા તો એમ પણ બધું છેલ્લે જ કરતા. લખવાનું છેલ્લે, વાંચવાનું પણ એક્ઝામ ટાઈમ પર જ એટલે એ લોકોને ઘણા અસાઇનમેન્ટ્સ લખવાના હતાં. એટલે એ લોકો કોપી કરી રહ્યા હતાં. હું પણ વિવાન માટે કોપી કરી હતી. એનો ટર્ન લાસ્ટમાં જ આવતો એટલે એ એની પ્રેક્ટિસને કારણે લેઇટ આવવાનો હતો. બટ સબમિશન વખતે તો એન્જીનીયર્સ કોપી કરવા જ લાગેલા હોય છે. આખુ સેમેસ્ટર ખાલી પડેલા ક્લાસ સબમિશન વખતે ભરાઇ જતા હોય છે. પેરેગ્રાફના પેરેગ્રાફ ગપચાવીને ૫૦ પેજનું અસાઇનમેન્ટ ૧૫ પેજમાં જ પૂરું કરી નાખતા. કદાચ પંદર પણ વધી ગયા. એમાં પણ કેટલાક ભણેશ્રી અને ભણેશ્રીઓ હોય ને, પેલા હું પણ એમાંની એક જ હતી. બટ વિવાને બગાડી દીધી., કદાચ સુધારી દીધી. અમારાં ક્લાસમાં પણ એવા આડા ફાટવા કેટલાક સ્ટુડન્ટ્સ હતાં જ. છોકરીઓમાં દીક્ષા. એનરોલમેન્ટ નંબરમાં પણ નં ૧, સાત સેમેસ્ટર સુધી રેંકમાં પણ નં ૧, બટ મિડસેમમાં એને રૅડિયો સરના પેપરમાં બ્લોક આવ્યો હતો. એટલે જ એ મિડસેમ પછી હાર્ડવર્ક કરી રહી હતી. મિડસેમ પછી મેં એને ગપ્પા મારતા જોઈ નહોતી. ઓન્લી રીડિંગ. અનિલ, એ પણ ભણેશ્રી. ક્યારેક ક્યારેક તો મને એમ લાગતું કે આ બંનેએ મેરેજ કરી લેવા જોઈએ. એ બંને એકબીજા માટે જ બન્યા હતાં. આખો ક્લાસ બંનેને સાયન્ટિસ્ટ કપલ તરીકે ઓળખવા લાગ્યો હતો. એ લોકોનું એક અસાઇનમેન્ટ્સ ૭૦ પેજીસથી નાનું ન હોય. ક્લાસમાં અસાઇનમેન્ટ્સ પહેલું લખવા વાળા લોકોમાં એ બંને જ હતાં. પછી શરૂ થાય કોપી ફ્લો. એમાં પણ જો એક ભૂલ થાય તો એ ભૂલ આખા ક્લાસના અસાઇનમેન્ટમાં હોય. એ ભૂલ સિવાયની બીજી પોતાની ભુલો તો અલગ. એને જ તો કહેવાય " નો બ્રેઇન" કોપી. મન ક્યાંય સપના અને ગપ્પાઓમાં ડૂબ્યું હોય બટ પેન સટાસટ કાગળ પર ચાલતી હોય. આંખો એનું કામ એ રીતે કરતી હોય જાણે એની પાસે મલ્ટી ટાસ્કીંગનું વરદાન હોય. ફ્રેન્ડ્સ સાથે વાતો કરતી જાય, આજુ બાજુ જોતી જાય, બીજાના અસાઇનમેન્ટ્સમાં લખેલું જોતી જાય અને હાથને આદેશ પણ આપતી જાય કે શબ્દોના વળાંકો કેવા લેવા છે.
મનોજ પટેલ એટલે A.D.C.N ના સર. પચાસેક વર્ષની ઉંમર, માથા પર ટાલ, ધોળી દાઢી, બ્રાઉન ચહેરો, હંમેશા ફોર્મલ કપડા, ખડુસ સ્વભાવ, સ્ટ્રીક્ટ અબાઉટ ડીસીપ્લીન, સ્ટ્રીક્ટ અબાઉટ સબજેક્ટ અને છેલ્લે ડિપાર્ટમેન્ટ H.O.D. એ દિવસે આઈ. ટીના H.O.D. કોઈ કારણના લીધે એબસન્ટ હતાં. એટલે બંને ડિપાર્ટમેન્ટનું સબમિશન આજે રૅડિયો સર લેવાના હતાં. મનોજ સરનું નામ અમારાં ક્લાસે રૅડિયો સર પાડ્યું હતું, કારણ કે કોમ્યુનિકેશનના લેક્ચર એ રીતે ડિલિવર કરતા જાણે રૅડિયો. એવો રૅડિયો કે જે એકવાર શરૂ થાય એટલે એક કલાક સુધી બંધ જ ના થાય. ક્યારેક કોમ્યુનિકેશનના ગીતો એક કલાક કરતા વધુ પણ ચાલી જતા. સ્ટુડન્ટ્સ માટે તો એ હાલરડા જેવા હતાં. લેક્ચર શરૂ થાય અને સ્ટુડન્ટ્સ ગહન નીંદ્રામાં પોઢી જાય. પરંતુ બે લોકો તો જાગતા જ હોય, અનિલ અને દીક્ષા. મિસ્ટર સાયન્ટિસ્ટ અને મિસ સાયન્ટિસ્ટ.
એ દિવસે એ સરના સબ્જેક્ટનું સબમિશન હતું. બધાં જ સ્ટુડન્ટ્સ લખવાની સાથે ગપ્પાઓમાં મશગુલ થઈ ગયા હતાં. અમુક યાદો સાચવવા માટે ફોટોગ્રાફી કરતા હતાં, કારણ કે આ અમારી છેલ્લી એક્ઝામ હતી. તો અમારી જેવા વાતોના વડા બનાવીને મોજ લઈ રહ્યા હતાં. રૅડિયો સર ક્લાસમાં આવ્યાં અને કહ્યું કે " ૧ થી ૪ નંબર સબમિશન માટે આવી જાય. અને

આઈ. ટીના પણ." આઈ. ટીના સ્ટુડન્ટ નંબર ૧ અને ૨ તો ઠીક, બટ નંબર ૨ અને નંબર ૩ ની હાલત તો જોવા જેવી હોય. દીક્ષા અને અનિલની ફાઇલ મહાભારતના બે ગ્રંથ ભેગા કરો એટલી જાડી હોય, ૨ અને ૩ નંબર કેદાર અને અંકુરની ફાઇલ ૫૦ પેજની બુક જેટલી પાતળી હોય. બધાં સરો ચલાવી પણ લેતા, માત્ર રૅડિયો સર સિવાય. એ છતાં આ વખતે પણ એમની ફાઇલ મસ્ત પાતળી પરમાર જેવી હતી. એ ચારેય લોકો સરની પાછળ તરત જ બહાર નીકળીને લેબ તરફ ગયા. લેબનો દરવાજો બંધ થયો. ક્લાસમાં બધાં જ લોકો પોતપોતાના ટર્નની તૈયારીમાં લાગી ગયા. બધાંને ખબર હતી કે એ લોકો બહાર નીકળશે એટલે આખો ક્લાસ એમનું ઇન્ટરવ્યું લેવા ચારેતરફ ઘેરી વળશે. સવાલ એક જ હશે. " શું પૂછ્યું...? શું પૂછ્યું....?"

૧ થી ૪ નંબર પછીના ૪ સ્ટુડન્ટ તૈયાર થઈ ગયા. મારો 25 મો નંબર હતો, નિશાનો ૩૧મો હતો. સોનુ અને કૃપાનું સબમિશન પણ આગળ પાછળ હતું. ૧ થી ૪ નંબર અંદર ગયા એટલે તરત જ મેં વિવાનને મૅસેજ કર્યો કે, ' સબમિશન શરૂ થઈ ગયું છે.'

બે મિનિટ પણ નહીં થઈ હોય ત્યાં તો દીક્ષા ક્લાસ તરફ આવતી દેખાણી. ક્લાસના કેટલાક સ્ટુડન્ટ્સ એની તરફ ગયા. એ ઘણી સિરિયસ અને ટેન્સ્ડ હતી, એના ચહેરા પરથી લાગી રહ્યું હતું કે એ કંઈક ભૂલી ગઈ હતી. એ ક્લાસમાં આવી અને બોર્ડ પાસે બધાંની વચ્ચે ઊભી રહી અને હાથ ઊંચા કરીને શાંત રહેવાનો ઇશારો કર્યો અને પછી કહ્યું ' સરે બધાં કમ્પ્યૂટર સ્ટુડન્ટ્સને લેબમાં બોલાવ્યા છે.' મારાં મોબાઈલમાં વિવાનનો મૅસેજ આવ્યો, ' રૅડિયો સર ઠીક તો છે ને? દુખાવો શરૂ થયો કે નહીં?' બધાં દીક્ષાને પુછવા લાગ્યા ' કેમ..? કેમ?' બટ દીક્ષા કંઈ બોલી નહીં. એ તરત જ લેબમાં ચાલતી થઈ ગઈ. એના ચહેરા પરથી લાગી રહ્યું હતું કે કંઈક સિરિયસ બન્યું હતું અને વિવાનના મૅસેજ પરથી લાગી રહ્યું હતું કે આ હરકતમાં વિવાન પણ શામેલ હતો. એટલે કે આખી B4 બેચ શામેલ હતી. દીક્ષા ગઈ કે તરત જ રૅડિયો સર અંદર આવ્યાં. એમનો એક હાથ એમના બમ્પ પર હતો, એ એમના બમ્પ પર માલિશ કરી રહ્યા હતાં. એ સીધા એ તરફ ગયા જે તરફ B4 ના છોકરાઓ બેઠા હતાં. B4 ગેંગના મેઇન એવા વિશ્વરાજ અને પ્રદિપ તરફ રૅડિયો સર ગયા અને કંઈજ બોલ્યા વિના બંનેના કપડા ખેંચીને ઢસડવા લાગ્યા.

આખો ક્લાસ શોકમાં હતો. શું થઈ રહ્યું હતું..? સરને આટલા ગુસ્સામાં કોઈએ ક્યારેય નહોતા જોયા. સરે બંનેને બેંચ પરથી ખેંચીને લાતો મારવાનું શરૂ કર્યુ હતું. સરનું શક્તિ પ્રદર્શન જોરદાર હતું. વિશ્વરાજ અને પ્રદિપ બંને સરને માર ખાતા ખાતા જ પૂછી રહ્યા હતાં કે ' સર અમે શું કર્યુ? અમને શામાટે મારો છો? મારી વાત સાંભળો.' બટ સરનો ગુસ્સો એમ શાંત થાય એમ નહોતો. સરનો એક જમણો હાથ એમના જમણા બમ્પ પર હતો. એકતરફ અમે લોકો ખૂબ સિરિયસ અને શોક્ડ હતાં અને બીજી તરફ અમને સરનો બમ્પ પરનો હાથ જોઈને હસવુ આવી રહ્યું હતું. સરે હાથ હટાવ્યો એટલે બમ્પની જગ્યાએ ક્રીમ પેન્ટ પર નાના બ્લડના ધબ્બા દેખાણા.

નક્કી કોઈએ એવા પરાક્રમ કર્યા હતાં, જે આજ સુધી કોઈએ નહોતા કર્યા. આખા ક્લાસમાં સન્નાટો છવાઇ ગયો હતો. સરે બંનેને ઊભા કરીને બે બે તમાચા માર્યા. સર હાંફળા ફાંફળા અને પાગલ જેવા થઈ ગયા હતાં. ફરી વાર સર જ્યારે વિશ્વરાજ પર હાથ ઉપાડવા ગયા ત્યારે વિશ્વરાજે સરનો હાથ રોકી લીધો. ક્લાસમાં સન્નાટો. પ્રદિપની આંખોમાં આંસુ અને વિશ્વરાજની આંખોમાં ક્રોધ, સહન ન કરી લેવાની ભાવના અને હિંમત.

' સર હવે તમારો હાથ મને ટચ પણ થયો' તો આજે જ તમારાં હાથમાં તમારો સસ્પેન્શન લેટર હશે.', વિશ્વરાજ ગુસ્સામાં બોલ્યો. આખો ક્લાસ જસ્ટ હક્કા બક્કા થઈને સાંભળી રહ્યો હતો.

સરે પ્રદિપની બોચી પકડી અને ફરી એક તમાચો ચોડી દીધો. વિશ્વરાજ જોઈ રહ્યો.
‘ મારે દસ મિનિટમાં એ દરેક છોકરાના નામ જોઈએ, જેણે આ કર્યુ છે. નહીંતર આખો ક્લાસ ડીટેઇન થશે.’, સરે વિશ્વરાજ સામે જોઈને કહ્યું. મને પેટમાં ફાળ પડી. કદાચ વિવાન પણ આ કરતુતમાં સામેલ હતો. આખા ક્લાસમાં સન્નાટો. સર એ જ મોમેન્ટ ગુસ્સામાં ક્લાસની બહાર નીકળી ગયા. એમનો જમણો હાથ એમના બમ્પને હજુ મસાજ આપી રહ્યો હતો. એમનું પેન્ટ પાછળથી લોહીના ધબ્બાવાળું થઈ ગયું હતું.
આખા ક્લાસમાં ‘ શું પૂછ્યું? એ સવાલને બદલે શું થયું?’ પૂછાવા લાગ્યો. આખો ક્લાસ વિશ્વરાજ અને પ્રદિપ તરફ જોવા લાગ્યો. બધાંની નજરમાં તો એવું લાગી રહ્યું હતું કે બધાં વિશ્વરાજ અને પ્રદિપને ગંભીર ગુનેગાર તરિકે જોવા લાગ્યા હતાં. બટ B4 બેચ વિશ્વરાજ અને પ્રદિપની સાથે હતી. B4 ના છોકરાઓ ઊભા થયા, એ લોકો વિશ્વરાજ અને પ્રદિપને સાંત્વના આપવા લાગ્યા.
‘F**K you M****R FU**ER, Son of a Bitch.’, પ્રદિપ આખા ક્લાસની સામે બોલ્યો. એનો ગુસ્સો ટોચ પર હતો.
‘ હવે જો એની શું હાલત થાય છે. ઇનોસન્ટને મારે છે. આજે એને સસ્પેન્ડ ના કરાવુ તો હું પણ ગોહિલવાડનો દરબાર નહીં.’, વિશ્વરાજ એના ઊંચા અવાજમાં બોલ્યો.
વાતાવરણ ખૂબ જ સિરિયસ થઈ ગયું હતું. વિશ્વરાજ જે કોન્ફીડન્સથી બોલ્યો હતો એના પરથી એવું લાગી રહ્યું હતું કે આજે ખરેખર રૅડિયો સરનો રૅડિયો બંધ થઈ જવાનો હતો. બટ મને જે ડર હતો તે એ હતો કે વિવાન તો આ બધાંમાં નહીં સંડોવાયો હોય ને…?
આખા ક્લાસનો એક જ ક્વેશ્ચન હતો. ‘ શું થયું હતું ? ’
વિશ્વરાજ ફોન પર કોઈ સાથે વાતો કરવા લાગ્યો. પ્રદિપ બેંચ પર બેસીને B4 વાળા છોકરાઓ સાથે કંઈક ચર્ચામાં ઉતરી ગયો. ક્લાસના છોકરા છોકરીઓ પ્રદિપને ઘેરી વળ્યા હતાં. મેં નિશા, સોનુ અને કૃપાને વિવાનના મૅસેજ વિશે કહ્યું. એ લોકોને પણ આશ્ચર્ય થયું. નિશાએ મને વિવાનને કૉલ કરવાનું કહ્યું. મેં વિવાનને કૉલ કર્યો બટ એણે રીસિવ ના કર્યો. હું ઘણી ટેન્સમાં હતી. મેં વિવાનને જે બન્યું એનો વોટ્સેપ પર શોર્ટ મૅસેજ છોડી દીધો.
ત્યાંજ અંકુર અને કેદાર બંને અંદર આવ્યાં. એની પાછળ જ દીક્ષા અને અનિલ પણ આવ્યાં. આખો ક્લાસ એમને ઘેરી વળ્યો. ‘ શું થયું? શું થયું?’, બધાંનો એક જ સવાલ હતો.
‘ કોઈએ સરની ચેઇરમાં ટાંચણીઓ મુકી હતી. સર જેવા બેઠા એવા જ ઊભા થઈ ગયા. સીટની નીચે જોયું તો અંદર ટાંચણીઓ હતી.’, અંકુર બોલ્યો. અમે લોકો પણ બધું જાણવા એની આસપાસ ઊભા હતાં.
‘ એવું પણ બની શકે કે ટાચણીઓ ભૂલથી ચેઇર પર પડી ગઈ હોય.’, કોઈ બોલ્યુ.
‘ સરે એ જ સમયે ચેઇરને કાતરથી ફાડીને જોઈ. ટાંચણીઓ ૯૦ અંશના ખુણે હતી. એટલે ભૂલથી પડી ગઈ હશે એ ભૂલી જ જાવ. એ વિચારો કે સરનો ગુસ્સો હવે શું કરશે?’ બધાંએ B4 ની બેચ સામે જોયું. B4 ના બધાં જ છોકરાઓ ગુસ્સે થયા હોય એવી રીતે આખા ક્લાસ સામે જોવા લાગ્યા.
‘ તમારાં લીધે આખો ક્લાસ ડીટેઇન થશે.’, અનિલ બોલ્યો.
‘ ઓય્ય… તારે માર નથી ખાવો ને? તને કોણે કહ્યું કે અમે લોકોએ જ આ કામ કર્યુ છે. બે લાફા પડશે તો બોલતાંય નય આવડે.’, વિશ્વરાજ એના કાઠિયાવાડી લહેકામાં બોલ્યો.
‘ અમને ખબર છે, આ B4 સિવાય કોઈ ના કરી શકે.’, દીક્ષા બોલી.
‘B4 સિવાય કોઈ ના કરી શકે એમ? તું તારી જાતને સમજે છે શું?’, પ્રદિપ આક્રમક થતા બોલ્યો. બીજા છોકરાવે એને રોકી લીધો.

‘ હું મારી જાતને કંઈ નથી સમજતી. સાલા લફંગાઓ.’, દીક્ષા ધીમેથી બોલી.
‘ હવે એક શબ્દ પણ ના બોલતી.’, વિશ્વરાજ બોલ્યો.
‘ અને બધાં જ આપણુ ફેસબુક ગ્રૂપ ઑપન કરો. હવે આના સિવાય કોઈ ઇલાજ જ નથી.’, વિશ્વરાજે એનો મોબાઈલ કાઢતા કહ્યું. લોકોને કંઈ સમજ ના પડી. ઑલમોસ્ટ બધાં સ્ટુડન્ટ્સે પોતાના મોબાઈલમાં ફેસબુક ઑપન કર્યુ.
બે મિનિટ પછી કૉલેજના ફેસબુક ગ્રૂપમાં જે પોસ્ટ થયું એનાથી આખા ક્લાસના મોં પહોળા થઈ ગયા. જે વિડીયો પોસ્ટ થયો હતો એ શોકિંગ હતો. આખો ક્લાસ વિડીયો જોવામાં મશગુલ થઈ ગયો હતો.
‘ ફેટ એસ, આસ હોલ ઊભી રહે.’, હજુ તો અમે અડધો વિડીયો પણ નહોતો જોયો ત્યાં તો વિશ્વરાજનો અવાજ પાછળથી આવ્યો. દીક્ષા એનું બૅગ લઈને ક્લાસની બહાર ભાગતી થઈ ગઈ હતી.
આખા ક્લાસે વિડીયોમાં ક્લીઅર જોયું હતું, કઈ રીતે દીક્ષાએ ચેઇરનું કવર ફાડ્યું હતું, અંદર ટાચણીઓ રાખી હતી અને ફરીથી એને સોંય દોરાથી સીવી લીધું હતું. આ વિડીયો જેણે પણ કેપ્ચર કર્યો હતો, એણે ખૂબ જ સારું કામ કર્યુ હતું. હવે મને મારાં વિવાન પર ગર્વ થઈ રહ્યો હતો કે તે આમાં કોઈને કોઈ રીતે શામેલ હતો. જો આજે આ વિડીયો ના હોત તો આખા ક્લાસે ડીટેઇન થવાનો વારો આવત અને વાંક B4 બેચના દરેક છોકરાઓ પર આવત.
‘ અમે લોકો આવારા હોઈ શકીએ, તોફાની હોઈ શકીએ, બટ ગુંડાઓ નથી. અમારે કે. ટી.ઓ આવે એનો મતલબ એ નથી કે અમે સરને હેટ કરીએ છીએ. નો ડાઉટ સરના લેક્ચરમાં અમે પણ ઉંઘીએ છીએ બટ એનો મીનિંગ એ નથી કે અમે આવા બધાં કામો કરીએ.’, વિશ્વરાજે બધાં સામે મોટા અવાજે કહ્યું.
બધાં જ શોકમાં હતાં. એ સાથે જ બધાં આ ઇનસિડેન્ટને કારણે સરની હાલત જોઈને હસતા હતાં. અમુક હદ સુધી બધાં જ વિચારતા હતાં કે રૅડિયો સર આ ડિઝર્વ કરતા હતાં. બટ કદાચ થોડું વધી ગયું હતું? થોડી જ વારમાં કોમ્પ્યુટર ડિપાર્ટમેન્ટ સરો અને મેડમોથી ઉભરાઇ ગયો. થોડી જ વારમાં પ્રિન્સિપાલ પણ આવી ગયા. કોમ્પ્યુટરના બધાં જ છોકરાઓને લેબમાં બોલાવવામાં આવ્યાં. લેબમાં પાંચ ડિપાર્ટમેન્ટના H.O.D હતાં અને પ્રિન્સિપાલ હતાં.
સર કંઈ પૂછે એ પહેલાં જ B4 નો દરેક બોય્ઝ અને ક્લાસના બીજા અમુક બોય્ઝ નક્કી કર્યા એ પ્રમાણે મોબાઈલ લઈને સરની સામે ઊભા રહી ગયા. વિશ્વરાજે રૅડિયો સરને મોબાઈલ આપ્યો. રૅડિયો સર નમીને ઊભા હતાં. દુખતું તો હોય જ ને. પાંચ પાંચ ટાંચણીઓ બમ્પમાં ખુંચેડી દીધી હતી. એમનું પેન્ટ ચૅન્જ થઈ ગયું હતું. કદાચ જમણા બમ્પ પર પટ્ટી લાગી ગઈ હતી.
બધાં જ સરે ખૂબ જ ધ્યાનથી વિડીયો જોયો. પછી ક્લાસમાં નજર નાખી.
‘ ક્યાં છે દીક્ષા?’, સરે ત્રાડ પાડી.
‘ સર એ ભાગી ગઈ.’, ક્લાસમાંથી કોઈ બોલ્યુ.
‘ સૉરી વિશ્વરાજ.’, રૅડિયો સર બોલ્યા. ફરી એમનો હાથ એમના બમ્પ પાસે ચાલ્યો ગયો.
‘ સાહેબ બિસ્તરાં પોટલાં બાંધી લ્યો.’, વિશ્વરાજે કહ્યું અને એ બધાં છોકરા તરફ પાછો આવી ગયો.
પ્રિન્સિપાલ વિચારમાં પડી ગયા કે ‘ આ છોકરો શું બોલી ગયો?’ પ્રિન્સિપાલે સરને પૂછ્યું. સર પ્રિન્સિપાલને સાઇડમાં લઈ ગયા અને કંઈક વાત કરી. સરને ખબર હતી આખો ક્લાસ વિશ્વરાજની ફેવરમાં હતો. સરે જે રીતે પ્રદિપ અને વિશ્વરાજને માર્યા હતાં એ બધાંએ જોયું હતું. સર અને પ્રિન્સિપાલ પાસે એક જ રસ્તો હતો બંનેને મનાવવાનો.

એ દિવસે સબમિશન બંધ રહ્યું. સાંજે સમાચાર મળ્યા કે દીક્ષાને ત્રણ વર્ષ માટે કૉલેજમાંથી સસ્પેન્ડ કરવામાં આવી હતી. દીક્ષાએ જે જવાબ આપ્યો એ એક્ઝામ્સને રિલેટેડ હતો. એણે કારણ આપ્યુ કે, ‘ મિડસેમમાં એના બધાં જ સવાલો સાચા હોવા છતાં, એને બ્લોક આપવામાં આવ્યો હતો’ રૅડિયો સરે દીક્ષા પર પોલીસ કેસ કર્યો. વિશ્વરાજ અને પ્રદિપે પણ રૅડિયો સર પર પોલીસ કેસ કર્યો. રૅડિયો સરે બંનેની ખૂબ માફી માંગી બટ એ લોકો ન માન્યા એટલે ન જ માન્યા. બહુ મનાવ્યા પછી બંનેએ પોલીસ કેસ પાછો ખેંચી લીધો. બટ રૅડિયો સરને પણ એક વર્ષ માટે સસપેન્ડ કરવામાં આવ્યાં. એમનું ટ્રાન્સફર થઈ ગયું. બીજા દિવસના બધાં રિજનલ ન્યૂઝ પેપરની હેડલાઇન L.D કૉલેજ હતી. બીજે દિવસે મને વિવાને આખી સ્ટોરી કહી.
એ દિવસે B4 નો વિશ્વરાજ અને એની ગર્લફ્રૅન્ડ બંને લેબમાં બેઠા હતાં. બંને પાર્ટ વચ્ચે પાર્ટીશન હતું એટલે બેઠા બેઠા કોઈ બીજા પાર્ટમાં ના જોઈ શકતુ. વહેલી સવાર હતી એટલે લેબમાં કોઈ નહોતું. બટ દીક્ષાને ખબર નહોતી કે બીજી બાજુ વિશ્વરાજ અને એની ગર્લફ્રૅન્ડ લેબમાં અસાઇનમેન્ટ લખી રહ્યા હતાં. વિશ્વરાજ ઊભો થયો અને દીક્ષાને ચેઇરની સાથે ચેડા કરતા જોઈ ગયો. તરત જ એણે એના નોકીયાના ૪૧ મેગા પિક્સલ વાળા ફોનમાં બધું જ રેકોર્ડ કરી લીધું. બધું જ ક્રીસ્ટલ ક્લિઅર હતું. વિશ્વરાજે B4 ના અમુક છોકરાઓને જ આ વિડીયો સેન્ડ કર્યો હતો. એમાનો એક ફ્રૅન્ડ વિવાન પણ હતો. એ લોકોએ સરને કહ્યું નહોતું કારણ કે એ લોકો પણ સરની હાલત જોવા ઇચ્છતા હતાં. સાથે દીક્ષાનું અભિમાન તોડવા પણ ઇચ્છતા હતાં.
આ ઇન્સિડેન્ટ હું જ્યારે પણ યાદ કરું છું મારું હસવાનું રોકી શકતી નથી. ખાસ કરીને જ્યારે રૅડિયો સરનો બમ્પ પર મુકેલો હાથ યાદ આવે છે. એ પછી જ્યાં સુધી અમે ચાર રૂમ પાર્ટનરો સાથે હતાં, ત્યાં સુધી કોઈ દિવસ એવો નહોતો કે આ ઇનસીડન્ટ અમે યાદ ના કર્યો હોય. ઇટ ઇઝ અ લાફીંગ ઇનસેન મેમરી…!
***
બટ ધોઝ નાઇટ્સ, એક્ઝામ નાઇટ્સ આર મેમોરેબલ. એ બધાંનું કસકસાવીને ચોપડી પકડી લેવી. એ કોઈક ને કોઈક બહાનું કાઢીને વાતો કરવી. ચોપડી મૂકવાનું કોઈકને કોઈક બહાનું શોધવુ. પહેલાં તો હું અગાઉથી જ વાંચવાનું શરૂ કરી દેતી અને એક્ઝામ ટાઈમ પર જસ્ટ રીવીઝન કરતી. બટ હવે, હું નિશાની ટોળીમાં સામેલ થઇ ગઈ હતી. એક્ઝામ ટાઈમ પર રીડિંગ એટલે એક્ઝામ ટાઈમ પર જ. એમ પણ આ વખતે પેપરો વચ્ચે મીનીમમ બે દિવસની રજા આવતી હતી.
પરંતુ એ યાદોને કઈ રીતે ભૂલી શકાય જે યાદો સહજ બની ગઈ હતી. ત્રીજુ પેપર એટલે ADCN નું પેપર. રૅડિયો સરનું પેપર. જે દિવસે બીજુ પેપર પૂરું થયું એ દિવસે અમે સાંજ સુધી ફુલ્લી આરામ કર્યો હતો. પેપર આપીને આવ્યાં એટલે બધાંએ જમીને ઊંઘવાનું જ નક્કી કર્યુ હતું. નિશાએ તો મને વોર્નિંગ આપી દીધી હતી કે, ‘ જ્યાં સુધી મારી ઊંઘ ના ઉડે ત્યાં સુધી કોઈ મને ઊઠાડતું નહીં.’, બટ હું અને સોનુ તો પાંચ વાગે જ જાગી ગયા હતાં. વાંચવાનું તો કોને મન થાય? બટ એક્ઝામ્સ ચાલતી હતી એટલે વાંચવું પડતું હતું. મેં અને સોનુએ ચ્હા બનાવી. બટ અમે લોકો વાંચીએ અને નિશા અને કૃપા ઉંઘે? પૉસિબલ જ નથી ને? મેં સોનુને કહ્યું ‘ તું કૃપાને જગાડ અને હું નિશાને’
નિશા ચાદર ખેંચીને સૂતી હતી. હું ધીરેથી એની ચાદરમાં ઘૂસી ગઈ. મેં એને કમરમાં ગલીપચી કરવાની શરૂ કરી. એ કણસી.
‘ અંકુ ઊંઘવા દેને…!’, ઉંકારા કરતા જ એ બોલી.
‘ ચાલ રાતના દસ વાગી ગયા છે.’, મેં જુઠ્ઠુ કહ્યું.

‘ કાલે રજા જ છે, સૂવા દે.’, એના ચહેરા પર ઓશીકું ઢાકતા બોલી. મેં એને ફરી ગલીપચી કરવાનું શરૂ કર્યું. કાનમાં સાવરણીની સળી લઈને હલાવવા લાગી. એને ઊંઘમાંથી જગાડવાના પૂરેપૂરા પ્રયત્નો મેં કર્યા. બસ આ જ મજા હતી એ દિવસોની. ખુશીઓ આપણી અંદર જ છે, બસ એ આપણે ભૂલી ગયા છીએ. પરંતુ ક્યારેક આપણે એ ખુશીઓ ઢાંકી દેવા ઇચ્છતા હોઈએ છીએ. મેં ખૂબજ ગલીપચી કર્યા પછી નિશાના ચહેરા પર ઊંઘમાં જ સ્માઈલ આવી ગઈ. મેં ચાદર ખેંચી લીધી. મેં એને સુતા સુતા જ બાહોંમાં જકડતા કહ્યું ‘ ચાલ ઊઠ હવે.’
‘ વિવાન સાથે પણ આમ જ કરતી હોઈશ ને.’, એણે મને ચીડવતા કહ્યું.
‘ ચાલ ઊભી થા, મારે તારો બકવાસ નથી સાંભળવો.’, મેં હસતા હસતા કહ્યું અને હું ઊભી થઈ.
‘ બોલ બોલ હવે, શું થયું?’,
‘ ચાલને હવે લવારી કરતી.’, એ ઊભી થઈ. હું એને ખેંચીને કીચનમાં મોં ધોવરાવવા લઈ ગઈ.
‘ જવાબ તો આપ.’, એણે ફરી હસતા હસતા કહ્યું.
‘ વાંચવાનું બહુ બાકી છે, આ જવાબ આપીશ તો તું કાલે પેપરમાં જવાબ નહીં લખી શકે.’, મેં કહ્યું. સોનુ પણ કૃપાને જગાડીને લઇ આવી. અમે ચેવડો અને ચાનો નાસ્તો કર્યો.
‘ પાછળના ચેપ્ટર્સ થોડા ટફ છે.’, સોનુ બોલી.
‘ અઘરૂ કંઈ નથી. બસ આપણને લાગે છે.’, નિશા હસતા હસતા બોલી.
‘ બસ બસ હો મેડમ. બહુ ફિલોસોફી જાડવાની જરૂર નથી.’, હું નિશાની બોચી પકડીને બોલી.
‘ મુક દુખે છે.’, એણે ચીસ પાડી.
‘ નાટક બાજ.’, કૃપા બબડી.
‘ તર્પણ જેટલી તો નથી જ.’, નિશા બોલી અને અમે હસ્યા.
‘ એનું તો નામ જ ના લે, એટલો ગુસ્સો આવે છે ને.’, કૃપા હસતા હસતા બોલી.
‘ બસ બસ ખમ્મા માડી, ખમ્મા.’, મેં કૃપાની પીઠ થપથપાવતા કહ્યું.
‘ એને હેરાન કરવો છે?’, નિશા બોલી.
‘ કઈ રીતે?’, કૃપાએ આશ્ચર્યથી પૂછ્યું.
‘ તુ ખાલી બોલ. હેરાન કરવો છે એને?’, નિશાએ ખૂબ કોન્ફીડન્સથી પૂછ્યું.
‘ હાસ્તો, એ તો આપડો ધંધો છે.’, કૃપા બોલી અને અમે બધાં હસ્યા.
‘ એને મૅસેજ કર. આઈ વોન્ટ મીટ યુ . કમ એટ કૉલેજ . ’, નિશાએ કૃપાને કહ્યું.
‘ પણ.’,
‘ પણ ને બણ, હું કહું એટલું કરને. હવે આપણે લોકો બહુ દિવસ સાથે નથી રહેવાના. ખબર નહીં પોતપોતાની લાઈફ ક્યાં લઈ જાય?’, નિશાએ એક્સાઇટેડ થતા કહ્યું. કૃપાએ મૅસેજ કર્યો. સામેથી મૅસેજ આવ્યો, ‘ કેમ ? ’
‘ લખ, એક વાત કહેવી છે . ’, નિશાએ કૃપાને મૅસેજ ટાઇપ કરતા કહ્યું.
‘ ઓકે, વીસ મિનિટમાં આવું છું . ’ તર્પણનો મૅસેજ આવ્યો.
‘ એણે તને હેરાન કરી છે, હવે એનો ટાઈમ પણ આપણે બગાડીએને.’, નિશા સ્માઈલ કરતા કરતા બોલી.
‘ એનો ટાઈમ બગાડવામાં, આપણો ટાઈમ વેસ્ટ થશે. વાંચવાનું ઘણું બાકી છે હો.’, સોનુ બોલી. હું સોનુ સાથે એગ્રી હતી.
‘ અરે આપણે આ ઘર બહાર એક પગલું પણ મુકવાનું નથી.’, નિશાએ ક્લીઅર કરતા કહ્યું.
‘ તો?’, બધાંએ પૂછ્યું.
‘ બસ એક મૅસેજ કરવાનો છે.’, નિશા બોલી.

‘ શું?’, મેં પૂછ્યું.
‘ એ તો એ કૉલેજ આવી જાય એટલે કહું.’, નિશાએ સસ્પેન્સ જાળવવા કહ્યું. અમે લોકો નાસ્તો કરીને ઊભા થયા. બધાંએ પોતપોતાની બુક પકડી. અમે લોકોએ વાંચવાનું શરૂ કર્યુ.
‘ હું આવી ગયો છુ, તું ક્યાં છો?’, વીસ મિનિટ પછી કૃપાને તર્પણનો મૅસેજ આવ્યો.
‘ લખ, હું વીસ મિનિટમાં આવું છું. ’, નિશાએ કહ્યું. કૃપાએ મૅસેજ સેન્ડ કર્યો.
‘ વહેલા આવજે, મારે ઘણું વાંચવાનું છે.’, તર્પણનો મૅસેજ આવ્યો. અમે ફરી રીડિંગ શરૂ કર્યુ. અડધો કલાક વીતી ચુક્યો હતો.
‘ કેટલી વાર લાગશે?’, તર્પણનો મૅસેજ આવ્યો. કૃપાએ નિશાને મૅસેજ વંચાવ્યો.
‘ લખ હવે, ફક યુ, મધર ફકર. ગો ટુ હેલ.’, નિશા બોલી.
‘ ઓચ્ચ, આવી ગાળો લખવાની છે?’, કૃપા બોલી.
‘ એણે તારું એક વર્ષ બગાડ્યુ. તને એનો એક કલાક બગાડવાનો હક તો છે જે. લાવ મોબાઈલ.’, નિશા હસતા હસતા બોલી. એણે કૃપાના હાથમાંથી મોબાઈલ લઈ લીધો અને પોતેજ ટાઇપ કરવા લાગી. મૅસેજ સેન્ડ કર્યો અને વૉટ્સએપ પર તર્પણને બ્લોક કરી દીધો અને મોબાઈલ સ્વીચઑફ કરી દીધો.
‘ હવે જો એની હાલત થાય.’, નિશા બબડી. અમે ફરી વાંચવામાં લાગી ગયા. થોડી થોડી વારે કોઈને કોઈ વાતો કરવાનું બહાનું શોધી લેતુ. ખબર નહીં એક્ઝામ ટાઈમ પર રીડિંગ સમયે જ એટલી વાતો કેમ યાદ આવતી હશે. એટલા વિચારો આવે કે તમે બોલ્યા વિના રહી જ ના શકો. એક તરફ એવું થાય કે ઘણું વાંચવાનું બાકી છે, અને બીજી તરફ એમ થાય કે ચાલને થોડી વાતો કરી લઈએ.
રાત પડી એટલે અમે વાંચવાની જગ્યા બદલી લીધી હતી. હું અને કૃપા બહારના રૂમમાં વાંચતા હતાં અને સોનુ અને નિશા અંદરના રૂમમાં. હું અને નિશા રીડિંગ ટાઈમ પર અલગ હોઈએ એ જ બરાબર હતું કારણ કે, જો હું નિશાની બાજુમાં હોવ તો કોઈક ને કોઈક વાત તો મારાં મોંમાંથી નીકળી જ જાય. પછી ખબર નહીં અમે વાતો વાતોમાં ક્યાં નીકળી જઈએ. વાંચવાનું રહી જાય એક તરફ અને અમે ક્યાંક અલગ દુનિયામાં જ ચાલ્યા જઈએ. એટલે જ રીડિંગ ટાઇમે અમે અલગ જ ઠીક હતાં.
રાતનો એક વાગી ચુક્યો હતો. વાંચી વાંચીને હું બોર થઈ ગઈ હતી. ખબર નહીં ક્યા બોર, ‘ ચણીયા બોર કે કાશીના બોર.’. પણ હું બોર થઈ ગઈ હતી. ફોરોઝનની થોથા જેવી બુક યાદ રાખવી બહુ ટફ હતી, નિશા અલગ અલગ બોય્ઝના ડિસ્ક્રીપ્શનને બુકના કોઈક ટોપિક સાથે એવી રીતે રિલેટ કરી દેતી કે યાદ ખૂબ સહેલાઈથી રહી જતુ. એટલે હું નિશા પાસે ગઈ. મને CSMA નો ટોપીક આવડતો હતો, બટ મારે તો ટાઈમ પાસ કરવો હતો. મેં કૃપાને કહ્યું ‘ ચાલ નિશા પાસે CSMA સમજવા જઈએ.’ નિશા એના ડીપ રીડિંગમાં ડૂબેલી હતી. મારે તો ઘણું રીડિંગ થઈ ચુક્યું હતું બટ એ હજુ ફીફ્થ ચેપ્ટર પર જ હતી. અમે લોકો નિશા પાસે જઈને બેઠાં.
‘ નિશા જો ને CSMA, નથી સમજાતુ. સમજાવ ને.’, મેં નાટક કરતા કહ્યું. બટ બેસ્ટ ફ્રૅન્ડ તમારી ભીની આંખો પાછળના દર્દને પણ સમજી શકે અને એ જ ફ્રૅન્ડ ભીની આંખો પાછળની ખુશીને પણ સમજી શકે.
‘ ઉલ્લુ કોને બનાવે છે? બોલને ટાઈમ પાસ કરવા આવી છો.’, નિશા સ્માઈલ કરીને બોલી. હું આંખ મારીને હસી. સોનુ પણ અમારી પાસે આવીને બેસી ગઈ.
‘ ના યાર સચ્ચી, આ ટોપીકમાં કંઈ ટપ્પો જ નથી પડતો.’, કૃપા બોલી.
‘ સાચુ બોલે છે કૃપા?’, નિશા બોલી.

‘ હા યાર.’, કૃપાએ કહ્યું. મને ખબર પડી ગઈ હતી. નિશા કૃપાની ખેંચવાની હતી. નિશાએ એક્સપ્લેનેશન શરૂ કર્યું.
‘ જો CSMA એટલે કેરીઅર સેન્સ મલ્ટીપલ એક્સસેસ. બરાબર? જ્યારે મલ્ટીપલ નોડ એક ચૅનલને એકસાથે એક્સેસ કરે, તો ત્યારે કોલીઝન પૉસિબલ છે. એટલે કોલીઝન ડિટેક્શન અને અવોઇડન્સ માટે આ મેથડનો યુઝ થાય છે. Ex. તર્પણ એ કોમ્યુનિકેશન ચૅનલ છે. તું ઘણા બધાં નોડમાંની એક નોડ છો. હવે તર્પણનો યુઝ કરવા માટે એટલે કે કોમ્યુનિકેશન ચૅનલનો યુઝ કરવા માટે ઘણા બધાં નોડ પ્રયત્ન કરતા હશે. તું તર્પણનો યુઝ કરવા માટે એની સાથે લાઇન મારીને રિક્વેસ્ટ મોકલતી હોઈશ. એ તારી સામે જોઈને પૉઝિટિવ કે નૅગેટિવ એકનોલેજમેન્ટ મોકલતો હશે. એટલે કે તું કેરીઅર પર સેન્સ કરતી હોઈશ કે કોમ્યુનિકેશન ચૅનલ ફ્રી છે કે ઓક્યુપાઇડ ? જો નૅગેટિવ એકનોલેજમેન્ટ મળે તો તારો તર્પણયો કોઈ બીજી ફૂલજડીઓ સાથે આતીશબાજી કરતો હોય. બટ ક્યારેક જેમ તારી સાથે થયું. ફૂલજડી પૂરી થઈ, એટલે તર્પણ નામની કોમ્યુનિકેશન ચૅનલ ફ્રી થઈ.’
‘ તને તર્પણ સિવાય કોઈ બીજુ મળ્યું નહીં? મારે નથી સમજવુ.’, કૃપા ફરિયાદ કરતા બોલી.
‘ ના હવે તો સમજવુ જ પડશે. કોમ્યુનિકેશન ચૅનલ ફ્રી થઈ એટલે તને પૉઝિટિવ એકનોલેજમેન્ટ મળ્યું. એટલે તારો ચાન્સ લાગી ગયો.’, અમે બધાં હસવા લાગ્યા. નિશા સતત હસી રહી હતી. નિશાની આ હટકે સ્ટાઇલથી અમને ટેકનીકલ ટર્મને યાદ રાખવામાં ખૂબ જ ઇઝી પડતું.
‘ બટ પછી તારી સાથે થયું, એ હતું કોલીઝન. ક્યારેક એવું બને કે કોમ્યુનિકેશન ચૅનલ બીઝી હોય. જેમ તર્પણ તારી સાથે કોમ્યુનિકેશન કરવામાં બીઝી હતો, એ છતાં કોઈ બીજો નોડ, એટલે કે બીજી ફૂલજડી કોમ્યુનિકેશન માટે રિક્વેસ્ટ મોકલે. જ્યારે કોમ્યુનિકેશનની શરૂઆત થાય ત્યારે એની બીજા નોડને ખબર ના હોય, એ ખબર પડતા વાર લાગે એને કહેવાય પ્રોપોગેશન ડીલે. એ ડીલે દરમ્યાન બીજા નોડની કોમ્યુનિકેશન રિક્વેસ્ટ પણ એક્સેપ્ટ થઈ જાય. એવું જ તારી સાથે થયું. તર્પણ નામની કોમ્યુનિકેશન ચૅનલનો તું અને બીજી એક છોકરી એટલે કે બે નોડ એક સાથે એક જ ચૅનલનો ઉપયોગ કરી રહ્યા હતાં. કોમ્યુનિકેશન ચૅનલનું કામ તો કોમ્યુનિકેશન કરાવવાનુ...! એને તો મજા આવે...! તર્પણ મજા લઈ રહ્યો હતો. બટ જ્યાં સુધીમાં કોમ્યુનિકેશન પ્રોપોગેટ થાય ત્યાં સુધીમાં તો મોડુ થઈ ગયું હોય છે. એક સમય એવો આવે કે બંને કોમ્યુનિકેશન મિક્સ થઈ જાય અને કોલીઝન થાય. એટલે કોમ્યુનિકેશન ફેઇલ થઈ જાય. જેને કદાચ આપણે બ્રૅક અપ કહીએ. બસ તારી સાથે આવું જ બન્યું છે. તર્પણ નામની એક કોમ્યુનિકેશન ચેનલે બે કોમ્યુનિકેશન ચાલું રાખ્યા. જ્યારે તને ખબર પડી કે બીજુ કોમ્યુનિકેશન સાયમનટેનીઅસલી ચાલું છે ત્યારે મોડુ થઈ ચુક્યુ હતું, અડધો કોમ્યુનિકેશન તો થઈ ચુક્યો હતો. પછી થયું જોરદાર કોલીઝન. હાહાહા.’, નિશા જોરજોરથી હસવા લાગી. અમે બધાં પણ હસ્યા. કૃપાનો ચહેરો થોડો પડી ગયો.
‘ તે જે કર્યુ તે બરાબર જ કર્યુ છે, તે એજ લાયક હતો.’, નિશાએ કૃપાના ખભા પર હાથ મુકીને કહ્યું.
‘ યા, સન ઑફ અ બીચ.’, કૃપા બોલી.
‘ મદર ફકર.’, નિશાએ ગાળ બોલીને કોમ્યુનિકેશનની બુક હવામાં ઊંચી કરી. હોલીવુડના મૂવી જોઈ જોઈને નિશા પણ ગાળો બોલતી થઈ ગઈ હતી. અમે બધાં જોરજોરથી હસ્યા. ચેવડા અને પુરીનો નાસ્તો કર્યો. થોડાક ગપ્પા માર્યા. બોરિંગ રીડિંગમાંથી બહાર નીકળવા અલક મલકની વાતો કરી અને ફ્રેશ થયા. ઑલમોસ્ટ રાતના બે વાગી ચુક્યા હતાં. ફરી અમે વાંચવા લાગ્યા. એ દિવસે હું તો બુક વાંચતા વાંચતા જ ઉંઘી ગઈ.

***

ADCN ના પેપરને બે દિવસ આડે હતાં. રાતે મોડે સુધી વાંચ્યુ હતું એટલે સવારે મોડું જ ઊઠાણું. મોબાઈલમાં વિવાનનો મૅસેજ આવ્યો હતો. ' કૉલ મી વેન યુ વેક અપ.', સવારના અગિયાર વાગી ચુક્યા હતાં. મેં બ્રશ કરીને વિવાનને કૉલ કર્યો.

' વોટ માય વિવુ બેબી ઇઝ ડુઇંગ?', એણે કૉલ રીસિવ કર્યો એટલે મેં કાલાઘેલા અવાજે કહ્યું.

' યોર બેબી ઇઝ ઇન લીટલ ટ્રબલ.', વિવાન થોડો સિરિયસ થઈને બોલ્યો.

' હવે તો પ્રોબ્લેમ્સથી ટેવાઈ ગઈ છું, જલદી કે શું થયું?', હું થોડી ટેન્સ થઈ.

' ઇટ્સ આવર કૉલ.'

' બટ શું થયું?'

' સવારે પપ્પા એમના કોઈ NRI ફ્રૅન્ડ્સ સાથે વાત કરી રહ્યા હતાં. વાત એમની છોકરીની મારી સાથે સગાઈની હતી. ફ્રેન્સી સવારમાં બ્રૅકફાસ્ટમાં કંઈક બનાવ્યું હતું એ આપવા આવી હતી. મેં પપ્પાને ફોન પૂરો થયો એટલે તરત જ ગુસ્સામાં કહ્યું, કે ' હું મેરેજ કરીશ તો અંકિતા સાથે. તમારે મારી ચિંતા કરવાની કોઈ જરૂર નથી. મારે કોઈ NRI સાથે મેરેજ નથી કરવા.'

'NRI સાથે નહીં તો આ ફ્રેન્સી પણ સારી છોકરી છે. તને પસંદ પણ કરે છે.', પપ્પા ઊંચા અવાજે બોલ્યા.

' ગો ટુ હેલ ડેડ.', હું મારો ગુસ્સો ઠાલવતા પપ્પા સામે થઈ ગયો.

પપ્પાએ ગુસ્સામાં આવીને મને એક તમાચો મારી દીધો. બટ એના પછી જે થયું એ આના કરતા પણ સિરિયસ છે. ખબર નહીં તારા પપ્પાનો નંબર એમની પાસે ક્યાંથી આવી ગયો હશે? એમણે એમની સાથે ખૂબ જ રૂડલી વાત કરી. પપ્પાએ સ્પીકર ઓન રાખ્યું હતું એટલે હું પણ સાંભળી શકતો હતો.', હું ખૂબજ પેશન્ટલી વિવાનને સિરિયસલી સાંભળતી રહી.

' શું વાત થઈ? મારાં પપ્પા શું બોલ્યા?', મેં આતુરતાથી અકળાઇને પૂછ્યું.

' મારાં પપ્પાએ તારા પપ્પાને બેડ વર્ડઝ કહ્યું, તારી છોકરીને સંભાળ. એક વાર તો મારી લાઈફ બરબાદ કરી નાખી. હવે બીજી વાર મારાં છોકરાની લાઈફ બરબાદ કરવા નહીં દઉં. પપ્પા ગુસ્સામાં હતાં એટલે ખૂબ ગાળો બોલી રહ્યા હતાં. પછી તારા પપ્પાએ પણ શરૂ કર્યું. એક વાર મારી પત્નીને છીનવવાનો હતો, હવે મારી છોકરીને, આ બધી તમારી ચાલ છે, રમત છે. હવે તો હું પણ જોઉં છું. તારો છોકરો મારી છોકરીને કઈ રીતે મેળવે છે? બંને વચ્ચે ખૂબ રાડારાડી ચાલી. ગાળા ગાળી ચાલી. ગુસ્સામાં એક ને એક વાક્યો જ રીપિટ થયા. અંકુ સિચ્યુએશન ઇઝ ગેટિંગ વર્સ. વી હેવ ટુ ડુ સમથિંગ.', મારી આંખમાં આ સાંભળીને આંસુ હતાં.

' વિવુ, વી વિલ સૉલ્વ ઇટ. નોટ ટુમોરો ઓર ધ ડે આફ્ટર ટુમોરો. બટ ટુડે.', મેં વિવાનને હિંમત આપતા કહ્યું.

' બટ હાઉ, આઈ ડૉન્ટ નો વોટ ટુ ડુ.', વિવાનના અવાજ પરથી લાગી રહ્યું હતું કે એની આંખોમાં આંસુ હતાં.

' હેય હેય વિવુ, ડૉન્ટ ક્રાય. લીસન ટુ મી. આપણે આમ તો ગીવ અપ નહીં જ કરી દઈએ. અને યાદ કર તે જ મને કહ્યું હતું, આપણે પ્રેમથી કામ કરવાનું છે. બધાંને પ્રેમથી મનાવવાના છે. એટલે પહેલાં તું તારા પપ્પાને સૉરી કહી દે. આપણે એક્ઝામ પછી નહીં, આજે જ આપણા મમ્મી પપ્પાને મનાવીશુ.'

' બટ કઈ રીતે? આઈ ડૉન્ટ નો.', વિવાન ખૂબ નીરાશાથી બોલ્યો.

' વિવાન, એમ કહે તું મને પ્રેમ કરે છે?'

' મોર ધેન માય સેલ્ફ.'

' તુ મારાં વિના રહી શકીશ?'

‘ નેવર.’
‘ હું પણ તને એટલો જ પ્રેમ કરું છું. આપણે બંને માનીએ છીએ કે આપણે બધાંને ખુશ રાખીને જ આ રિલેશન રાખવો છે. તો આપડી પાસે હવે છેલ્લો ચાન્સ છે. ચાલ એ યુઝ કરી લઈએ. બંને એકબીજાના પપ્પાને મળીએ. તું મારાં પપ્પાને મળ. હું તારા પપ્પાને. બંને એકલા મળીએ. તું એકલો મારાં પપ્પાને મળ અને હું તારા પપ્પાને. મને ખબર નથી કે હું તારા પપ્પાને મળીને શું કહીશ. કદાચ તને પણ ખબર નહીં હોય. મારે કોઈ પ્લાન પણ નથી બનાવવો. બસ એકવાર એમને મળીએ અને કહીએ કે આપણે બંને એકબીજાને કેટલો પ્રેમ કરીએ છીએ. જે દિલમાં આવે એ કહીએ. કોઈ લોજીક નહીં, બસ લવ. ચાલ એમને સમજાવીએ કે ચાહવુ અને પામવુ અલગ છે. વિવાન આપણી પાસે પ્રેમ સિવાય કોઈ રસ્તો નથી. લવ સિવાય કોઈ કેડી નથી. ચાલ એકવાર આ લવનો ઉપયોગ કરીએ.’, મેં વિવાનને ખૂબ નરમાઇથી સમજાવતા કહ્યું.
‘ ઓકે, હું પપ્પાને સૉરી કહું છું. પણ એ લોકો નહીં માને તો?’
‘ એવું બનશે જ નહીં.’
‘ બટ કદાચ એવું બન્યું તો?’, વિવાને ટેન્સ થતા પૂછ્યું.
‘ એવું ત્યારે જ બનશે, જો આપણે એકબીજાને પ્રેમ નહીં કરતા હોઈએ. આ માત્ર ઍટ્રેક્શન હશે.’, મેં થોડું કઠોર થઈને કહ્યું.
‘ આઈ લવ યુ અંકુ, યુ નો.’
‘ આઈ લવ યુ ટુ, અને એ લોકો નહીં માને તો આજ પછી આપણે બંને એકબીજા સાથે ક્યારેય વાતો નહીં કરીએ. ધેટ્સ ઇટ. ચાહવું અને પામવું અલગ છે. આપણે એકબીજાને પ્રેમ કરીએ છીએ. પ્રેમમાં પામવાની જરૂર નથી. ’, મેં અલ્ટીમૅટ ડીસીઝન લેતા કહ્યું.
‘ વી વિલ ડુ ઇટ .’
‘ પેપર પરમ દિવસ છે, એટલે આપણી પાસે આજનો દિવસ છે, તું રાજકોટ નીકળ અને આજે હું તારા પપ્પાને મળીશ.’, મેં કહ્યું.
‘ લવ યુ અંકુ.’, એણે ફરી ભીના અવાજે કહ્યું.
‘ લવ યુ ટુ માય વિવુ, લવ યુ ટુ. ચાલ હવે આંસુ પોંછ અને સ્માઈલ કર.’, મેં એના ચહેરા પર સ્મિત લાવવા કહ્યું. પહેલીવાર વિવાન આટલો ઢીલો થયો હતો. પહેલીવાર એની આંખોમાં આંસુ આવ્યાં હતાં. મને વિશ્વાસ હતો કે વિવાન કરી શકશે. સાથે ડર પણ હતો કે મારાં પપ્પા એમની જીદ નહીં છોડે તો?
‘ લુંછાઇ ગયા, બોલ હવે.’, વિવાન બોલ્યો.
‘ સ્માઈલ? સ્માઈલ તો કર.’,
‘ બસ?’, એ ધીમેથી બોલ્યો.
‘ ના મોટી સ્માઈલ.’, મેં એનો જ ડાયલોગ માર્યો. એ હસી પડ્યો.
‘ હવે બરાબર, સો લેટ્સ સ્ટાર્ટ. તું રાજકોટ નીકળ. હું તારા ઘરે જાવ છું.’, મેં કહ્યું.
‘ ઓકે. લવ યુ અંકુ.’
‘ લવ યુ બેબી..’, મેં કહ્યું અને કૉલ કટ કર્યો.
***

I was now relaxed. I gave everything to god. I told him, ‘Do whatever you want. I am doing this last time…! I will do it with love, I will do it with my full strength. I will do it with joy. No matter what happens I will do it with soft heart with full of heart.’

મેં તનું દીદીને કૉલ કર્યો. એ ક્લિનીક પર હતાં. મેં એમને બધી વાત કરી. મેં એમને પપ્પા સાથેની મીટિંગ ફિક્સ કરવા કહ્યું. એમણે પપ્પાને ખૂબ જ સમજાવ્યા અને એક વાર મને મળવા માટે ઇનસીસ્ટ કર્યુ. અખિલેશ અંકલ તનુદીદીની કોઈ વાત ન ટાળતા, આ વખતે પણ એમણે ન ટાળી. એમણે મને મળવા માટે ટાઈમ આપ્યો. મારે બે વાગે વિવાનના ઘરે જ મળવાનું હતું. વિવાન રાજકોટ જવા માટે નીકળી ચુક્યો હતો. મેં મમ્મીને ફોન કરીને કહી દીધું હતું કે વિવાન આવી રહ્યો છે. મેં પપ્પાને ખૂબ જ રીક્વેસ્ટ કરી. એ કોઈ રીતે માનવા તૈયાર નહોતા. છેલ્લે મેં એમને કહ્યું ' પપ્પા વિવાન ત્યાં આવી રહ્યો છે, જો તમને ઠીક લાગે તો એને મળજો, એક વાર તમારી દીકરીનું માનજો. નહીંતર ઘરનો દરવાજો બંધ કરી દેજો.' મેં બધું જ ઇશ્વર પર છોડી દીધું હતું. મેં બધું અમારાં પ્રેમ પર છોડી દીધું હતું. મને ' હા કે ના' ની કોઈ પડી નહોતી. બસ મને એટલી ખબર હતી કે, ' હું વિવાનને હૈયા ફાટ પ્રેમ કરું છું.'
હું એક્ઝેક્ટ બે વાગે વિવાનના ઘરે પહોંચી ગઈ. ભાવના આંટી ક્યાંક બહાર ગયા હતાં. તનું દીદી મારાં કારણે ક્લિનીકેથી વહેલા આવી ગયા હતાં. અખિલેશ અંકલ ગંભીર ચહેરો કરીને ટી. વી જોઈ રહ્યા હતાં. એમના ખોળામાં મોંટુ હતો, એ એના શરીર પર હાથ ફેરવી રહ્યા હતાં. તનું દીદીએ મને બેસાડી. અખિલેશ અંકલ મને જોયા વિના ટી. વી તરફ જોતા રહ્યા.
' પપ્પા, અંકિતા તમને મળવા આવી છે.', તનું દીદી બોલ્યા. અખિલેશ અંકલે મારી સામે જોયું.
' બોલો શું કામ હતું?', એ એમના ગંભીર ચહેરે મારી સામે જોઈને બોલ્યા. આજે મને કોઈ ડર નહોતો. ડર શેનો.? પ્રેમ ગુમાવવાનો ડર? પ્રેમતો આપણી અંદર હોય છે. પ્રેમ થોડો ગુમાવી શકાય.
' તનું દીદી હું અંકલ સાથે એકાંતમાં વાત કરી શકું?', મેં તનું દીદીને રીકવેસ્ટ કરી.
' સ્યોર સ્યોર, હું ઉપર.', તનું દીદીની વાત કાપતા મેં કહ્યું ' અમે જ ઉપર ચાલ્યા જઈએ.' હું સીડીઓ ચડી. મારી પાછળ પાછળ અખિલેશ અંકલ પણ ચડ્યા. મેં તનું દીદીનો આર્ટીસ્ટિક રૂમ ખોલ્યો. એ અંદર આવ્યાં. મોન્ટુ પણ અંદર આવી ગયો. મેં બે ચેઇર ગોઠવી દીધી. અમે બંને બેસ્યા. સાચુ કહું? એ સમયે મને સ્હેજેય ખયાલ નહોતો કે હું શું બોલુ. આઈ વોઝ ફિલિંગ લાઈક બ્લેંક.
' બોલો.', અમે બંને ચુપચાપ હતાં, શરૂઆત એમણે કરી હતી. પહેલો જ વિચાર મને આવ્યો, તે એ હતો કે આ બધી સમસ્યાઓનું કારણ ઇગો છે. સીડ ઓર રૂટ ઑફ એવરી પ્રોબ્લેમ ઇઝ ઇગો. એવરી મીન્સ એવરી પ્રોબ્લેમ. અખિલેશ અંકલ પહેલાં બોલ્યા હતાં એટલે એમણે ઇગો ભાંગવાની શરૂઆત કરી હતી. હવે મને થોડોક આઈડીયા આવી ગયો હતો કે શું બોલુ?
' પપ્પા, સૉરી હવેથી હું તમને પપ્પા જ કહીશ. આઈ ડૉન્ટ નો તમારાં મનમાં શુ ચાલે છે? હું જાણવા પણ નથી માંગતી. સાચુ કહું તો હું તમને અહીં સમજાવવા પણ નથી આવી. આજે સવારે જે બન્યું એના પછી મેં અને વિવાને નક્કી કર્યુ કે એવો રિલેશન શું કામનો જે પ્રોબ્લેમ્સ જ ઊભી કરે. વી હેવ ટુ બી હેપ્પી. વી આર હીઅર ટુ બી હેપ્પી. બટ જો કોઈ રિલેશનને કારણે હેપ્પીનેસ ના મળતી હોય તો એ હેપ્પીનેસ શું કામની? ઓબવીઅસલી અત્યારે તો આ રિલેશનને કારણે ઘણા બધાંને હર્ટ થઈ રહ્યું છે. આજે મેં અને વિવાને નક્કી કર્યુ, છેલ્લી વાર એકબીજાના પપ્પાને મળીએ. કંઈજ સમજાવવાનું નહીં. બસ કહેવાનું કે અમે એકબીજાને કેટલો પ્રેમ કરીએ છીએ. એકબીજાના ફેમેલીને કેટલો પ્રેમ કરીએ છીએ. કારણ કે અમે જો અમારું જ વિચારતા હોત તો અમે અહીં આવ્યાં જ ના હોત. અમે ક્યારનાંય કોર્ટ મેરેજ કરી નાખ્યા હોત. ', પપ્પા ધ્યાનથી સાંભળવા લાગ્યા. પરંતુ એમના ચહેરા પર સ્માઈલનું કોઈ નીશાન પણ નહોતું.
' અમે એકબીજાને લવ કરીએ છીએ, બટ આ ફૅમિલીને પણ પ્રેમ કરી છીએ. અમે તમને પ્રેમ

કરીએ છીએ. અમે મમ્મીને પ્રેમ કરીએ છીએ. હું આ ઘરના દરેક સભ્યને પ્રેમ કરું છું. આ અબોલ પ્રાણી. હું આ મોન્ટુને પણ પ્રેમ કરું છું. તમે જ વિચારો જો મારું બ્રૅક અપ થશે તો કોની કોની સાથે થશે. લોકોનું એક વ્યકિત સાથે બ્રૅક અપ થાય તો ભાંગી પડે છે. મારું તો આ ઘરના દરેક સભ્ય સાથે બ્રૅકઅપ થશે. હું આ કહેવા ખાતર નથી કહેતી. હું જે જાણુ છું, એજ માનું છું. એટલે એ જ બોલું છું.' હું આગળ બોલતા પહેલાં થોભી.
' તુ આ ફૅમિલીને પ્રેમ કરે છે. પરંતુ શું તારા પપ્પા આ ફેમેલીને થોડો પણ પ્રેમ કરે છે? એને પૂછ્યું છે એને મારાં પ્રત્યે કેટલી નફરત છે?', પપ્પાએ ખૂબ જ ગંભીર રહેતા કહ્યું. મેં જવાબ વિચારવાની કોશીષ કરી. બટ બીજી જ ક્ષણે મેં વિચાર્યુ, ' હું અહીં સમજાવવા નથી આવી. હું પ્રેમ વહેંચવા આવી છું.'
' પપ્પા, પ્લીઝ તમે એમ નહીં માનતા કે હું તમને ઓફેન્ડ કરું છું. એમ માનજો કે હું તમારી દીકરી વિશાખા છું. મારાં પપ્પા તમને નફરત કરે છે એનું કોઈ કારણ છે. મારે એ કારણોમાં જઈને કેઓઝ પેદા નથી કરવા. બટ તમે જ વિચારો જે મારાં પપ્પા સાથે બન્યું હતું એ અત્યારે તમારી સાથે બને તો? અત્યારે પરિસ્થિતીઓ બદલાઇ ગઈ છે. તમે સેટલ છો, મારાં મમ્મી પપ્પા સેટલ છે. બધાં જ પોતપોતાની દુનિયામાં ખુશ છે. ભલે મારાં પપ્પા એના પાસ્ટને ભુલ્યા ના હોય. બટ નફરત જિંદગીભર તો નહીં જ રહે? આપણે લોકો પ્રેમથી ટેવાયેલા છીએ. નફરત થી નહીં. આપણી નસોમાં પ્રેમ વહે છે. નફરત નહીં. પ્રેમને કારણે આ દુનિયાનું સર્જન થયું છે. નફરતને કારણે નહીં. તો શા માટે આપણે નફરતને એક ખૂણામાં બેસાડી રાખીએ. હું જ્યાં સુધી માનું છું, ત્યાં સુધી બધી પ્રોબ્લેમ્સનું કારણ ઇગો જ છે. એ ઇગો જ છે, જે બધાંને અલગ કરવા માંગે છે. પરંતુ હું દ્રઢપણે માનું છું, એ ઇગો તમારાંમાં નથી. અત્યારે જ્યારે તમે મારી સાથે વાત શરૂ કરી એના પરથી જ મને લાગ્યું કે તમારામાં ઇગો નથી. બાકી ગુસ્સે થયેલો માણસ કોઈ દિવસ પહેલાં બોલે જ નહીં. તમે જ વિચારો, જો તમારામાં ઇગો હોય તો આવો સુંદર કલાત્મક રૂમ આ બંગલામાં બની શકે? તમે આ બનવા દો? ઇગો હોય એના ઘરમાં કલા કોઈ દિવસ પગ પણ મુકી ના શકે. તમે તનુદીદીને એનું ગમતુ કામ કરવાની છૂટ આપી, વિશાખાને એની જિંદગી જીવવાની છૂટ આપી, વિવાનના રેસિંગના શોંખ પાછળ પણ તમને કોઈ વાંધો નથી. શું આ ઇગો હોય ત્યાં શક્ય છે?'
પપ્પા, પાસ્ટમાં જે બન્યું એ ભુલો નહીં તો કંઈ નહીં, બટ શું આપણે પ્રેઝન્ટને એક્સેપ્ટ ના કરી શકીએ?', મેં પપ્પાના હાથ પર હાથ મુકીને પૂછ્યું. એ કંઈ ના બોલ્યા.
' ભૂલ મારાં પપ્પાની છે, એ વર્તમાનને સ્વીકારી નથી શક્યા. ઇગો એમનામાં છે. અને મને વિશ્વાસ છે, વિવાન મારાં પપ્પાની એ નફરતને ભગાવી મુકશે. એ તમારાં પ્રત્યેના પ્રેમના છોડને રોપીને આવશે. બટ તમારાં અને મારાં હાથમાં શુ છે? આપણા હાથમાં બે જ વસ્તુ છે, નફરત અને પ્રેમ. સીધી ભાષામાં કહું તો, નફરત કરીને આપણે બે માણસને દુખી કરવા છે કે પછી પ્રેમ કરીને કોઈકના ચહેરા પર સ્માઈલ લાવવી છે? તમે તો બાપ છો, તમને તો ખબર હશે, જ્યારે દીકરી ઘરેથી વિદાય લેતી હોય ત્યારે કેવુ ફીલ થતું હશે. હું બધું છોડીને તમારાં ઘરે આવવા માંગુ છું. તમને બધાંને પ્રેમ કરવા માંગુ છું, તમારાં બધાંના ચહેરા પર સ્માઈલ લાવવા માંગુ છું. તમને બધાંને ખુશ જોવા માંગુ છું, અને સાથે હું વિવાનની સાથે રહેવા માંગુ છું. હું વિવાનનો હાથ પકડીને એની દરેક સુખ અને દુખની પળોમાં સાથ આપવા માંગુ છું. મને વિશ્વાસ છે, આ ઘરમાં બધાંને પ્રેમ કરવાનો અધિકાર છે. હું મને આ ઘરથી અલગ નથી માનતી. મને વિશ્વાસ છે, મને પણ આ ઘરનો પ્રેમ મળશે.'
જે પ્રેમ મારી મમ્મી નથી મેળવી શકી. એ હું મેળવીશ.', આ વાક્ય સાંભળીને પપ્પાએ મારી સામે જોયું. એમની આંખોમાં દર્દ હતું. જાણે એમની સામે એમની જુવાનીના દ્રશ્યો તાજા થઈ

ગયા હોય. એમની આંખો ચમકવા લાગી હતી.
‘ પપ્પા વિવાન તમારો દી કરો છે. હું તમારાં ભૂતકાળની દીકરી છું. જે ભૂતકાળ વર્તમાન ના બની શક્યો એનો તમારાં પાસે એક મોકો છે. આઈ લવ વિવાન. આઈ લવ વિવાન મોર ધેન એનીવન. મોર ધેન એની વન...!’, મારી આંખો ભીની થઈ ગઈ. પપ્પા મારી સામે જોતા રહ્યા.
‘ પપ્પા શા માટે આપણે ઇગોને જીતવા દઈએ? આપણો સ્વભાવ પ્રેમ છે. એકવાર તો યાદ કરો એ પીડા કે જ્યારે તમારાં ઘરેથી તમને મારાં મમ્મી સાથે મેરેજ કરવાની ના પાડવામાં આવી હતી. બસ એ પીડામાંથી જ અત્યારે હું અને વિવાન પસાર થઈ રહ્યા છીએ. શું તમે નથી ઇચ્છતા કે અમારાં દિલમાં ટાઢક વળે ? શું તમે નથી ઇચ્છતા કે તમાર દિલને ટાઢક મળે?’, પપ્પાની આંખો ભીની થઈ ચુકી હતી. મારી આંખોમાંથી આંસુઓ ગાલ પર આવી ચુક્યા હતાં.
‘ નાની હતી ત્યારે મારે ઢીંગલી જોઈતી હતી, એ પપ્પાએ લઈ દીધી. સ્કૂલે જવા માટે બાર્બીડોલ બેગ લેવું હતું એ લઈ દીધું, થોડીક મોટી થઈ તો ઇચ્છાઓ પણ મોટી થઈ. સ્કૂલે જવા માટે સાઇકલ જોઈતી હતી, પપ્પાએ એ ખ્વાહિશ પણ પૂરી કરી, બારમાં ધોરણમાં હતી ત્યારે સ્કૂલે સાઇકલ લઈને જતા મોડુ થતું તો પપ્પાએ સ્કૂટર ખરીદી લીધું. એમણે મારી દરેક ઇચ્છાઓ પૂરી કરી છે. જ્યારે મેં એમને કહ્યું કે હું કોઈ છોકરાને પ્રેમ કરું છું તો એમણે કોઈ જ આનાકાની ના કરી. એ એમ જ માનતા કે એમની દીકરી ખુશ તો એ ખુશ. મને જેટલો સ્નેહ મારાં પપ્પા પાસેથી મળ્યો એટલો મમ્મી પાસેથી નથી મળ્યો. વર્ષો પછી મને મારી મમ્મીનો પ્રેમ મળ્યો છે. મને મારી સાચી મમ્મી મળી છે. રહસ્યો વિનાની મમ્મી મળી છે. હું મારી મમ્મીને પ્રેમ કરું છું. વિવાન પણ તમને એટલો જ પ્રેમ કરે છે. બટ સવાલ એ છે કે શું તમે ભૂતકાળને રીપિટ કરવા માંગો છો.? એક વાર તો યાદ કરો તમારો પાગલ પ્રેમ. શું તમે તમારાં પપ્પાએ જે કર્યું હતું એ કરવા માંગો છો?’, મારાંથી હવે બોલવાનું ભારે થઈ ગયું હતું. હું ભારે હૈયે બોલી રહી હતી.
‘ એક વડીલ સામે આટલું બોલવું મને શોભતું પણ નથી. બટ મારે આજે મારું દિલ ખાલી કરી નાખવુ છે. પપ્પા એક સવાલ પૂછવો છે, શું તમે મારાં મમ્મીને પ્રેમ કર્યો હતો? ખરેખર એવો પ્રેમ કર્યો હતો જેણે તમારી ધડકનો વધારી દીધી હોય? શું તમે એવો પ્રેમ કર્યો હતો જેણે તમને તમારી લાઈફના હસીન દિવસો દેખાડ્યા હોય? શું તમે એવો પ્રેમ કર્યો હતો કે ક્યારેક માત્ર એકબીજાની આંખોમાં જોઈ રહેવું જ ગમે? શું તમે એવો પ્રેમ કર્યો હતો કે તમને એવું લાગ્યું હોય કે પ્રેમ સિવાય આ દુનિયામાં કંઈ છે જ નહીં? મેં તો વિવાનને એવો પ્રેમ કર્યો છે. મેં તમારાં દીકરાને એવો પ્રેમ કર્યો છે. બસ મારે એ પ્રેમને નિભાવવો છે. મારે તમારાં બધાની લાઈફમાં નવા રંગો પૂરવા છે.’ ત્યાંજ પપ્પા બોલ્યા. એમની આંખોમાં આંસુ હતાં. એમનો અવાજ પણ ભારે હતો.
‘ હા મે પ્રેમ કર્યો છે. મારી ધડકનો પણ વધી હતી, અમે પણ વડલા નીચે બેસીને કલાકો કાઢ્યા છે.’, પપ્પાના આંસુ ગાલ પર આવી ગયા.
‘ તો પપ્પા ચાલો નફરત છોડીને પ્રેમ અપનાવીએ. ચાલો એકબીજાને સ્વીકારીએ. શું તમે મને આ ઘરની દીકરી તરીકે અપનાવશો? શું તમે મને વિવાનની પત્ની તરીકે સ્વીકારશો? શું તમે મને આ ઘરની સુખ દુખની ભાગીદાર બનાવશો?’, મેં ઘૂંટણ પર બેસીને પપ્પા પાસે માંગણી કરી. એમણે મને ઊભી કરીને એમના ગળે લગાવી લીધી. આઈ વોઝ ક્રાઇંગ. આઈ વોન્ટેડ ટુ ક્રાય. મારે રડવું હતું. જોરજોરથી રડવું હતું. અને હું રડી રહી હતી. પપ્પાની આંખોમાં પણ આંસુ હતાં.
‘ છાની રહી જા બેટા, છાની રહી જા.’, પપ્પા મારાં માથામાં હાથ ફેરવતા ફેરવતા કહી રહ્યા હતાં. બટ હું એટલી આનંદીત હતી કે મારી આંખોના આંસુ બંધ નહોતા થતા. હું આટલી ખુશ

ક્યારેય નહોતી. હું પપ્પાને વારંવાર ' થેંક્યુ અને આઈ લવ યુ પપ્પા' કહેતી રહી. હું રડી રહી હતી. ક્રાઇંગ લાઈક અ મેડ, આઈ વોઝ મેડ. આઈ વોઝ મેડ ઇન લવ વિથ માય વિવાન. આઈ વોઝ મેડ ઇન લવ વિથ માય વિવુ.
***
મારું રડવાનું સાંભળીને તનું દીદી ઉપર આવી ગયા. પપ્પાને અને મને ગળે મળેલા જોઈને એ પણ અમને વીંટાઇ ગયા. એમણે મને છાની રાખી. હું તનું દીદીને ગળે વળગી પડી. કાશ વિવાન એ સમયે ત્યાં હોત હું એને કસીને બાહોંમાં લેવા માંગતી હતી. એને મારી એવી બાહોંમાં ભીંસી લેવા માંગતી હતી કે એ ક્યારેય એમાંથી બહાર ના નીકળી શકે. અમે લોકો નીચે ઉતર્યા. હું થોડી રિલેક્સ થઈ. મેં પપ્પાને ફરી થેંક્યુ કહ્યું. એમણે મારાં માથા પર હાથ મુકીને આશીર્વાદ આપ્યા. હું પણ એમને પગે લાગી. પપ્પાએ મને કહ્યું કે એ હમણા જ મારાં પપ્પાને કૉલ કરશે અને એમને સૉરી કહેશે. મેં પપ્પાને ના પાડી અને કહ્યું કે ' જો એ ખરેખર મને પ્રેમ કરતા હશે તો એ હા જ પાડશે. એમને પણ એમનો ઇગો સાઇડમાં મુકવો પડશે. એમને પણ એમની નફરતને બાળવી પડશે. એમને પણ પ્રેમમાં ડૂબવું પડશે.' તનું દીદીએ સાંભળીને મને જકડી લીધી. હું ખૂબ ખુશ હતી, મેં વિવાને ખુશખબર આપી. એ બસ રાજકોટ પહોંચવાનો જ હતો. એની આંખોમાં પણ સાંભળીને આંસુ આવી ગયા. અમે એક સ્ટેપ પાર કરી લીધું હતું. હવે વિવાનનો વારો હતો. મેં વિવાનને ચિંતા ન કરવા કહ્યું, બસ જે મનમાં હોય એ કહી દેવા કહ્યું. મેં એને કહ્યું હતું કે ' ઘરે પહોંચે એટલે એ મને કૉલ કરે', મેં એને એનો ચાલું ફોન ખિસ્સામાં જ રાખવા કહ્યું હતું. હું વિવાનની પપ્પા સાથેની બધી વાતો સાંભળવા માંગતી હતી. અમે બંનેએ એકબીજાને આઈ લવ યુ કહ્યું અને વિવાને કૉલ કટ કર્યો.
***
' બેસ બેટા, એ બાથરૂમમાં છે. હમણાં આવશે.', મમ્મી બોલ્યા. વિવાને મેં કહ્યા પ્રમાણે મને કૉલ કરીને ફોન એના ખિસ્સામાં મુકી દીધો હતો.
' સૃષ્ટિ નથી?', વિવાન બોલ્યો. મમ્મીએ ' સૃષ્ટિ……..', એવી લાંબી બૂમ મારી.
' હા મમ્મી.' સૃષ્ટિ રૂમની બહાર આવીને બોલી હોય એવું લાગ્યું.
' અહીં આવ.', વિવાન બોલ્યો.
' લે આ તારા માટે.', વિવાને સૃષ્ટિને કંઈક આપ્યુ.
' ટી શર્ટ? વાવ..! થેંક્સ.', વિવાને આપેલું ગીફ્ટ જોઈને સૃષ્ટિ બોલી. ખોંખારાના અવાજ પરથી લાગ્યું કે પપ્પા આવ્યાં.
' ચાલો સૃષ્ટિ હોમવર્ક કરવાનું બાકી છે. રૂમમાં.', મમ્મી બોલી.
***
' મમ્મી, પપ્પા. મારે તમારાં બંને સાથે વાત કરવી છે.', વિવાન ખૂબજ સોફ્ટ અવાજે બોલ્યો.
' પહેલાં હું એક વાત ક્લીઅર કરી દઉં. આરોહીની જીદને લીધે તને સાંભળી રહ્યો છું, અને તારે મમ્મી પપ્પા કહેવાની જરૂર નથી. અંકલ આંટી સુધી ચાલશે.', પપ્પાએ ખૂબ જ ગંભીરતાથી કહ્યું. હું ફીલ કરી શકતી હતી, વિવાન કેટલું હાર્ડ ફીલ રહ્યો હશે, કેટલું નર્વસ ફીલ કરી રહ્યો હશે.
' અંકલ આંટી, પ્લીઝ મને તમારો થોડોક ટાઈમ આપો. હું તમને બધું પહેલેથી કહેવા માંગુ છું. જો તમે મને થોડો ટાઈમ આપો તો અને તો જ. પહેલાં હું અને અંકિતા વિચારતા હતાં કે તમને કન્વીન્સ કરીશું. બટ હવે અમે એ માંડી વાળ્યુ છે. હું તમને એ કહેવા આવ્યો છું કે હું અંકિતા પ્રત્યે કેવુ ફીલ કરું છું. અમે ડિસાઇડ કર્યુ છે, કે જો બંનેના પેરેન્ટ્સને એક નાની પ્રોબ્લેમ પણ ના હોય તો જ અમે આગળ વધીશુ. અધરવાઇઝ અમે બંનેને ક્યારેય નહીં મળીએ. ક્યારેય

નહીં.' વિવાન ભલે ત્યાં એકલો હતો, બટ મને એવું લાગી રહ્યું હતું કે હું પણ વિવાનની સાથે હોવ. હું એની બાજુમાં બેસી હોવ. આટલું સાંભળ્યા પછી મમ્મીએ ડોકુ હલાવ્યું હશે. પપ્પાનો કોઈ રીસ્પોન્સ નહોતો. પપ્પા પહાડ જેવા કઠોર બની ગયા હતાં. હું ખૂબ નર્વસ હતી. પથ્થરમાં રૂપાંતરિત થઈ ગયેલ કઠોર પપ્પાને વિવાન કઈ રીતે પીગળાવી શકશે? ફરી વિવાને બોલવાનું શરૂ કર્યુ. આટલો સિરિયસ મેં વિવાનને એક જ વાર જોયો હતો, જ્યારે મમ્મી પપ્પા વિવાનના ઘરે આવ્યાં હતાં.
' આજે હું જે કહીશ એ કદાચ અંકિતાને પણ નહીં ખબર હોય. અંકિતા મારી લાઈફમાં આવી એ પહેલાંની વાત છે. મને એના એક મહિના પહેલાં સ્ટ્રોક અટેક આવ્યો હતો. ડૉક્ટરે કહ્યું મને કાર્ડીઓ વાસ્ક્યુલર ડીસિસ છે. એ સમયે હું રોજના ત્રણ ડનહીલ સિગારેટના પેકેટ પી જતો હતો. હું એવું માનતો હતો કે પપ્પા જે કમાય છે એ મારાં માટે જ કમાય છે ને. ડૉક્ટરના કહેવા છતાં મેં સિગારેટ પીવાનું શરૂ જ રાખ્યું હતું. બાઈકનો તો પહેલેથી જ શોખ છે, પરંતુ મોડી રાતે રેસ લગાવીને અમુક વાર લોકોને પણ હેરાન કરવા, રૂડ બીહેવીઅર, અને હા ક્યારેક આલ્કોહોલ પણ. કૉલેજના લેક્ચર્સ તો મેં ખૂબ જ ઓછા અટેન્ડ કર્યા છે. હજુ પણ હું ખૂબ ઓછા જ અટેન્ડ કરું છું. એક્ઝામમાં પણ હું ખૂબ જ કૅરલેસ હતો. મને એક્ઝામના દિવસે જ ખબર પડતી કે ક્યુ પેપર છે. પરંતુ મને એ ક્લિઅરલી યાદ છે. કમ્પ્યુટર ગ્રાફિક્સનું પેપર હતું. કંઈ વાંચ્યુ તો હતું જ નહીં. એટલે પ્રશ્ન શું કહેવા માંગે છે એ પણ ખબર નહોતી. મારી આગળ વ્હાઇટ ડ્રેસ પહેરેલી એક છોકરી બેસેલી હતી. હું પાછળથી એને જોઈ રહ્યો હતો, પેપર લખવામાં પૂરેપૂરી ડુબેલી હતી. મેં એક્સપેક્ટ કર્યું કે એ મને પેપર લખવામાં હૅલ્પ કરશે. એટલામાં એ થોડી હલી અને એની સપ્લીમેન્ટ્રી નીચે પડી ગઈ. પેન આપવાના બહાને મેં એને સીસકારો કર્યો. બટ એણે મને ઇગ્નોર કર્યો. મેં ફરી સીસકારો કર્યો. એ સહન ના કરી શકી. એણે મારી સામે જોયું. બધું જ વ્હાઇટ મેંચિંગ માત્ર કપાળ વચ્ચેની નાની બીંદી જ કાળી, આંખોમાંનું કાજળ કાળું અને એના વાળ કાળા. થોડીવાર માટે હું મંત્રમુગ્ધ થઈ ગયો. એણે સુપરવાઇઝરને બોલાવીને કહ્યું કે હું એને ડિસ્ટર્બ કરું છું. મને સુપર વાઇઝરે બહાર નીકળી જવા કહ્યું. મને થોડું ના ગમ્યું, મેં એક ચીઠ્ઠી એને આપી. એમા લખ્યુ કે, તારી સપ્લીમેન્ટ્રી નીચે પડી ગઈ છે. હું એને એવું ફીલ કરાવવા માંગતો હતો કે હું એને હૅલ્પ કરવા માંગતો હતો. એ છોકરીએ પણ થોડું ઓવર રિએક્ટ તો કર્યુ જ હતું.
કૉલેજમાંથી બહાર નીકળતી વખતે મેં ફરી એને જોઈ. એ જ ખૂબસૂરતી, એ જ વ્હાઇટ ડ્રેસ, વ્હાઇટ મેચિંગ અને સૌથી સુંદર કપાળ વચ્ચેની કાળી બીંદી, આંખોમાંનું કાળું કાજળ અને લહેરાતી કાળી જુલ્ફો. મેં એની સામે જોયું પરંતુ થોડું ગુસ્સાથી. એના ઓવર રિએક્શનને કારણે મને પણ થોડો ગુસ્સે હતો. એ એની રહસ્યમય આંખોથી મને જોતી રહી.
હું પાગલ નથી થઈ ગયો કે એ જ છોકરીના પપ્પાને મારી લવ સ્ટોરી સંભળાવું છું. બટ અંકિતાને હું કઈ નજરથી જોઉં છું, મને અંકિતા કેવી ખૂબસૂરત દેખાય છે, એ નજર હું તમને આપવા માંગુ છું. પ્લીઝ સમજવાની ટ્રાય કરજો.
રોજની ત્રીસ ત્રીસ સિગારેટ ચુસી જતા છોકરા પર એ છોકરીએ કેવો પડઘો પાડ્યો કે એ દિવસે મેં એક પણ સિગારેટ ના પીધી. મને આખો દિવસ અંદર અંદર એવું લાગ્યું કરતુ હતું કે એનો કૉલ આવશે. સૉરી કહેવા તો એનો કૉલ આવશે જ. મને વિશ્વાસ હતો એ ગમે ત્યાંથી મારો મોબાઈલ નંબર શોધશે, કારણ કે એની આંખમાં મેં એક દર્દ જોયું હતું, એની આંખમાં મેં પીડા જોઈ હતી, એની આંખમાં મેં કૅર જોઈ હતી.
પછી એ દિવસે અમારાં બંનેની ફર્સ્ટ મીટિંગ થઈ. અમારાં બંનેનો એ સૌથી મેમોરેબલ ડે છે. અમે બંનેને એકબીજા સાથે પ્રેમ થયો. અમે બંનેએ એકબીજાની વાતો શેર કરી અને સમજી.

બટ અત્યારે જો હું જોઉં છું તો મારાંમાં કેટલો બદલાવ આવી ગયો છે. મારી અંકુ સાથે ફ્રૅન્ડશીપ થઈ એ દિવસ પછી એણે કહ્યું એટલે મેં સિગારેટ છોડી દીધી. એણે કહ્યું નથી છતાં મેં અઢી વર્ષથી ડ્રીંક નથી કર્યુ. મારો બીહેવીઅર અને નેચર ઘણો સોફ્ટ થઈ ગયો છે. અંકુએ મને ઘણો બદલી નાખ્યો છે. તમારી દીકરીએ મને ઘણો બદલી નાખ્યો છે. ', એક તરફ વિવાન બોલી રહ્યો હતો અને બીજી તરફ મારી આંખોમાંથી દડદડ આંસુઓ પડી રહ્યા હતાં. હું જસ્ટ એમ્યુઝ્ડ હતી. આટલો પ્રેમ કોઈ કઈ રીતે કરી શકે?
' કમ ટુ ધ પોઇંટ.', પપ્પા એના કઠોર અવાજથી બોલ્યા.
' અંકલ આપણે બધાં જાણીએ છીએ. એક વર્ષ પહેલાં જે થયું એ બરાબર નથી થયું. બટ એ પાસ્ટ છે. પાસ્ટનો ભાર લઈને કેટલા દિવસ જીવી શકાય? એને સ્વીકારીશુ તો આપણે વર્તમાનમાં ખુશ રહીશુ?', વિવાને કદાચ ભૂલથી લોજીક આપી દીધી.
' એ પાસ્ટ છે, બટ આ પ્રેઝન્ટ છે.', પપ્પા ઉજ્જડાઇથી બોલ્યા. મને તો એ પણ આશ્ચર્ય હતું કે પપ્પા આટલા કઠોર કઈ રીતે થઈ શકે. પપ્પાને આટલો ઇગો કઈ રીતે આવી શકે?
' અંકલ પ્લીઝ ટ્રાય ટુ અન્ડરસ્ટેન્ડ મી. હું અહીં કોઈને કન્વિન્સ કરવા નથી આવ્યો. નથી હું કોઈ દલીલ કરવા આવ્યો. હું જસ્ટ મારું હાર્ટ ખોલવા આવ્યો છું. આંટી ઓનેસ્ટલી કહેજો. તમને અંકુના સમ છે. તમને મારાં પપ્પા પ્રત્યે હજુ કોઈ ફિલીંગ્સ છે?', વિવાને એક એવો સવાલ પૂછ્યો હતો જાણે બળતા ઉપર ઘી હોમાયું હોય. હું ખરાબ પરિસ્થિતિઓ એક્સપેક્ટ કરી રહી હતી.
' ના બેટા. હું મારાં પાસ્ટને ક્યારનીય ભૂલી ચુકી છું. પ્રફૂલ, મારી સામે જુઓ. હું તમને પ્રેમ કરું છું. મારાં મનમાં હવે તમારાં સિવાય કોઈ કઈ રીતે આવી શકે. એ હું વિચારી પણ નથી શકતી. તમને તો ખબર છે, હું અંકુના ફેવરમાં છું. કારણ કે આપણે એની ચોઇસ એને જ આપવી જોઈએ. એની લાઈફના ડિસિઝન્સ આપણે કઈ રીતે લઈ શકીએ.'
' તુ હવે એના ડિસિઝન્સની વાત કરે છે, પહેલાં તો તું જ એને જલદી પરણાવવા માંગતી હતી. શું આ પાસ્ટ ઇફ્ફેક્ટ નથી?', પપ્પાએ ફરી ગુસ્સામાં નક્કોર તર્ક રજુ કર્યો.
' હું આંધળી હતી પ્રફૂલ. હું જડ બની ગઈ હતી. મારી જડતાએ બધાંની સ્થિતીસ્થાપકતા છીનવી લીધી હતી. એ જ ભૂતકાળ જેને તમે વખોડી રહ્યા છો એણે મને ફરી ઋજુ બનાવી છે. મને સમજણ આપી છે. તમે જ કહો હું પહેલાં જેવી જડ લાગુ છું?', મમ્મીની વાતમાં ખરેખર સમજણ અને સચ્ચાઇ હોય એવું લાગ્યું. પપ્પા કંઈ ન બોલ્યા.
' અંકલ મારાં પપ્પા તો આ બધું ક્યારનુંય ભૂલી ચુક્યા છે. એ તો તમને સૉરી કહેવા પણ રેડી છે. અંકલ અકુ મારી લાઈફનો એવો પાર્ટ છે. જેના વિના હું નહીં રહી શકું. એના આવ્યાં પછી હું જીવતા શીખ્યો છું. મને વિશ્વાસ છે, આપણે બધાં ખૂબ ખુશ રહેશુ. બધાં રાજી છે. બસ તમે હા કહો. આપણે એક એવું ફૅમિલી હશું જ્યાં હંમેશા ખુશીઓનો વરસાદ હશે.', વિવાન ફરી એજ વીનવણી કરતા બોલ્યો.
' એક વાત કહું?', પપ્પા બોલ્યા.
' ગેટ લોસ્ટ.', પપ્પાએ વિવાનને ધીક્કારતા કહ્યું. આઈ વોઝ અબાઉટ ટુ ક્રાય. મારાં હાર્ટ પર કોઈકે જોરથી પથ્થર માર્યો હોય એવું લાગ્યું. હું કદાચ બે ભાન થઈ જાત. બટ તરત જ મને વિચાર આવ્યો વિવાનની શું હાલત હશે.
' ડુ વોટેવર યુ વોન્ટ, અંકુ એ ઘરમાં ક્યારેય નહીં આવે.', ફરી પપ્પા એના ગુસ્સાના વશમાં આવીને બોલ્યા. કાશ હું ત્યાં હોતે તો હું પપ્પાને સમજાવી શકત. વિવાનના ખભા પર હાથ મુકી શકત અને કહેત કે, ' વિવુ, આપણે કરી બતાવીશુ.' બટ હું ત્યાં નહોતી.
' અંકલ પ્લીઝ, અંકુ ઇઝ માય લાઈફ. હું તમારાં પગે પડુ છું.', વિવાન ભાંગી પડ્યો. એના

રડતાં રડતાં બોલાતો અવાજ આજે પણ હું સાંભળી શકું છું.
‘ પ્રફુલ એકવાર સાંભળો તો ખરા.’, મમ્મી મોટા અવાજે નરમાઇથી બોલ્યા.
‘ મેં વિચારી લીધું છે, અંકુ ત્યાં નહીં જાય છે એટલે નહીં જાય. તમે જઈ શકો છો.’, પપ્પા ઉજ્જડતાથી બોલ્યા. મારાં ભાગે રડવા સિવાય કંઈ નહોતું. અમે નક્કી કર્યુ હતું જો બંનેના પપ્પામાંથી કોઈ એક પણ નહીં માને તો અમે ફરી ક્યારેય નહીં મળીએ. બટ કહેવુ સહેલું હોય છે, સહેવુ ખૂબ અઘરું હોય છે.
‘ પ્લીઝ અંકલ, મારી લાઈફ વિખેરાઇ જશે. હું અંકુ વિના નહીં જીવી શકું. હું એને પ્રેમ કરું છું.’, વિવાન લિટરલી રડી રહ્યો હતો. એની સાથે હું પણ વીંછદંશી પીડાથી પીડાઇ રહી હતી. મમ્મી વિવાનને સાંત્વના આપવાના પ્રયાસ કરી રહી હોય એવું લાગી રહ્યું હતું.
‘ ટાઇમ્સ અપ, મારે જવાનું છે. નાઉ ગેટ લોસ્ટ.’, પપ્પા ચિલ્લાયા.
‘ અંકલ પ્લીઝ. પ્લીઝ. પ્લીઝ અંકલ. એકવાર તો સમજો. હું અંકુને પ્રેમ કરું છું.’, વિવાન કરગર્યો.
‘ ગેટ લોસ્ટ’, પપ્પાનો પ્રચંડ અવાજ આવ્યો.
અચાનક ફોન કટ થઈ ગયો. આઈ વોઝ નાઉ બ્લાઇંડ. ફોનમાંથી અવાજ આવતો બંધ થઈ ગયો અને મારી અકળામણો વધી ગઈ. હું સતત રડી રહી હતી. મેં વિવાનને કૉલ લગાવ્યો બટ એણે કટ કરી નાખ્યો. હું એવા દર્દથી પીડાઇ રહી હતી જેની દવા વિવાન હતો. હું જાણવા માંગતી હતી કે ત્યાં શું બની રહ્યું હતું. મેં પહેલીવાર એ દિવસે થોડોક થાક મહેસૂસ કર્યો. મેં મારી એકાંત રૂમનો ખુણો પકડી લીધો હતો. હું બસ ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગી હતી. મારાં હોઠ પર એક જ નામ હતું. ‘ વિવાન... વિવાન....’, હું લીટરલી રડતી રડતી બૂમો પાડી રહી હતી. ‘ વિવાન.... વિવાન... લવ યુ... વિવાન....’, મારી આંખોએ ધારો વહેતી કરી હતી. એટલું દર્દ મેં અત્યાર સુધી ક્યારેય ફીલ નહોતું કર્યુ. રડતાં રડતાં મને ખબર નહોતી હું શું કરી રહી હતી. મેં બાજુમાં પડેલા કપ રકાબીનો ઘા કર્યો, એ તોડી નાખ્યા, કાચની બરણીનો પણ મેં ઘા કર્યો. જ્યારે હૃદય તુટે ત્યારે એ ખૂબ સ્વાર્થી થઈ જતુ હોય છે, કદાચ એ પણ કહેતુ હોય છે ‘ હું તૂટું છું, તો તમે શાને સાજા રહો.’, મેં ઓશીકાને ફાડી નાખ્યા. ગાદલાને ફાડીને રૂમમાં ચારે તરફ રૂ ફેંક્યુ. હું મારાં કાબૂમાં નહોતી. ગુસ્સો, દર્દ, પાગલપન, પ્રેમ, નફરત બધું એકસમયે બહાર નીકળી રહ્યું હતું. મેં મારાં હાથ દિવાલ સાથે ભટકાવ્યા. મારું માથુ દિવાલ સાથે ભટકાવ્યું. હું બસ વિવાન સાથે વાત કરવા ચાહતી હતી. બટ એ મારો કૉલ રીસિવ નહોતો કરતો. મને ખબર હતી. અમે હવે ક્યારેય નહોતા મળવાના. થોડીવાર માટે મેં સુસાઇડ કરવાનું વિચાર્યુ. બટ ફરી વિવાન યાદ આવ્યો. ‘ આપણે બંને પહેલો કોળિયો એકબીજાને ખવરાવીશું. ચાહે ગમે તે બન્યું હોય.’ હું સતત રડી રહી હતી.
ફરી મારાં ગળે ડૂમો ભરાઇ આવ્યો. ફરી મેં વિવાન નામની બૂમ પાડી. નિશા, સોનુ અને કૃપા બહારથી બારણું ખખડાવવા લાગ્યા અને પૂછવા લાગ્યા ‘ શું થયું?’, બટ હું એકલી રહેવા માંગતી હતી. મેં રૂમની બધી જ વસ્તુઓ તોડી નાખી હતી. ગાદલા, કપ, બૉટલ, પોસ્ટર્સ. બુક્સના તો ચીથડે ચીથડા કરી નાખ્યા હતાં. મારે બસ રડવું હતું, રડવું હતું અને રડવું હતું.
‘ ઍન્જિનિયરિંગ આ તારા કામ છે. આઈ હેટ યુ.’, હું બુકને ફાડતા ફાડતા બબડી રહી હતી. મારાં મનમાં જો એક વિચાર હતો તો એ હતો કે, ‘ વિવાનની શું હાલત હશે.’ મને એ સમયે વિવાન સિવાય કોઈની નહોતી પડી. બીજી તરફ નિશા લોકો દરવાજો ખોલવાનું કહી રહ્યા હતાં. બટ મારે વિવાન સિવાય કોઇ સાથે નહોતું રહેવુ. મારે વિવાનને બાહોંમાં લેવો હતો. મારે વિવાનના હોઠને ચૂમાચૂમ કરવા હતાં. મારે એના વાળને વીખી નાખવા હતાં. મારે એને એવી બાહોપાશમાં લેવો હતો કે જેથી એને કોઈ મારી પાસેથી છોડાવી ના શકે. બટ એ રૂમમાં કોઈ

હતું તો એ હતું નીર્જન એકાંત અને દર્દ. ખબર નહીં કેટલી મિનિટ મારી આ હાલત રહી હશે. બટ જ્યારે મારાં આંસુઓ ખાલી થયા, આંખોએ આંસુ ઉલેચવાનું બંધ કર્યુ, ગળાએ રડવા સાથ ના આપ્યો, હૃદય હીબકા લઈને થાકી ગયું, શરીરમાં જરાંય તાકાત ના રહી ત્યારે હું રૂમની વચ્ચે ટૂંટિયુ વળીને પડી ગઈ. ધ્રૂસકા લેતી. વિવાનને પળે પળે યાદ કરતી, દર્દ ભરેલા હૃદય યુક્ત અંકિતા. જેની પાસે જીવવાનું કોઈ કારણ નહોતું.
એક ખુણામાં પડેલો ફોન વાગી રહ્યો હતો, પણ એ ફોનની કોને પડી હતી. હવે મારી પાસે એ ફોન ઉપાડવાનું કોઈ કારણ નહોતું. એક.. બે... ત્રણ... રીંગ વાગી, ફરી એક આશા જાગી કદાચ વિવાનનો ફોન હોય તો. અચાનક મારાંમાં તાકાત આવી ગઈ હું ગાંડાની જેમ ઊભી થઈ અને ફોન પાસે પહોંચી. નિશા કૉલ કરી રહી હતી. મેં ફોન કટ કરી નાખ્યો અને બાજુમાં મુકી દીધો. હું વિવાન સિવાય કંઈ જ નહોતી વિચારી રહી. નિશા કૉલ કરી રહી હતી, પણ મેં ધ્યાન જ ના આપ્યુ. મારાં માટે વિવાન સિવાય હવે કંઈ એક્ઝિસ્ટ જ નહોતું. થોડી વારમાં એના કૉલ બંધ થઈ ગયા. થોડી વાર પછી ફરી મારો મોબાઈલ વાગવાનું શરૂ થયું. મેં મોબાઈલ સામે નજર નાખી. પપ્પાનો કૉલ હતો. પપ્પા પર મને એવો ગુસ્સો હતો જાણે હું એમને સળગાવી દવ. હું એમને એ કહેવા માંગતી હતી કે ‘ કોઈને તમારાં જેવા પપ્પા ના મળે...’ મેં કૉલ રીસિવ કર્યો.
‘ તમારાં માટે અંકિતા મરી ગઈ છે.’, મેં કૉલ રીસિવ કરીને કહ્યું
***
‘ બેટા, મને માફ કરી દે... આઈ એમ સૉરી બેટા હું આંધળો થઈ ગયો હતો.’, પપ્પા રડી રહ્યા હતાં. વોટ? પપ્પા રડી રહ્યા હતાં? મને કંઈ સમજાણુ નહીં.
‘ પપ્પા વિવાન ક્યાં છે? એને કંઈ થયું તો નથી ને?’, મેં રડતાં રડતાં પૂછ્યું
‘ બેટા મને માફ કરી દે.’, મમ્મી પપ્પાને છાના રહેવાનું કહી રહ્યા હતાં એ હું સાંભળી રહી હતી બટ મારે વિવાન વિશે સાંભળવુ હતું.
‘ પપ્પા શું થયું? જલદી કહો.’, મેં ધ્રૂસકા લેતા લેતા જ કહ્યું
‘ જીવી લે બેટા તારી જિંદગી. જીવીલે, બસ મને માફ કરી દે. હું તને નફરત નથી કરતો. આઈ લવ યુ.’, પપ્પા રડતાં રડતાં બોલ્યા. મમ્મી પાછળથી ‘ છાના રહી જાવ..’ એવું બોલી.
***
‘ અંકુ આપણો પ્રેમ જીવશે, હું અને તું જીવીશું. તારો વ્હાઇડ ડ્રેસ, કાળી બીંદી, કાજળ કરેલી આંખો અને લહેરાતી ઝુલ્ફો સાથે હું રમી શકીશ. આઈ લવ યુ અંકુ, આઈ લવ યુ.’, વિવાન રડતો રડતો બોલ્યો. અચાનક આ સાંભળીને મારું મગજ ચાસકા લેવા માંડ્યુ. એ સમયે એટલી ખુશી થઈ કે જો તલભાર પણ વધુ ખુશી આવશે તો મારું હાર્ટ ખુશીને કારણે ફાટી જશે. અચાનક આટલો ચૅન્જ મારાંથી જીલ્યો નહોતો જીલાતો. વિવાને પપ્પાને મનાવી લીધા હતાં. પણ શું કહીને? થોડી વાર પછી આ સવાલ થવા લાગ્યો.
‘ આઈ લવ યુ વિવાન. કમ હીઅર એન્ડ હગ મી. પ્લીઝ.’, ફરી મારી આંખે આંસુઓનો કૂવો ખોદી નાખ્યો હતો. આ વખતે હું ખુશીઓથી રડવા લાગી.
‘ પપ્પા માની ગયા, અંકુ. પપ્પા માની ગયા.’, વિવાન ધ્રૂસકા લેતા લેતા બોલ્યો. વિવાને એવું તે શું કહ્યું હતું કે પપ્પા રડવા લાગ્યા હતાં. એવું તે શું કહ્યું હતું? કે પથ્થર જેવા પપ્પા પીગળી ગયા હતાં.
‘ આઈ નો વિવુ. આઈ નો. પ્લીઝ જલદીથી અહીં આવી જા. હવે હું તારાથી દૂર નહીં રહી શકું. પ્લીઝ કમ.’, હું વિવાનને જકડી લેવા ડેસ્પરેટ બની ગઈ હતી.
‘ હું પણ અંકુ, આવું છું. લવ યુ અંકુ. આઈ જસ્ટ લવ યુ.’, વિવાને કહ્યું

‘ લવ યુ ટુ વિવુ.’, એણે ફોન કટ કર્યો ત્યારે પણ પપ્પાનો રડવાનો અવાજ આવી રહ્યો હતો. હું બસ એ જાણવા માંગતી હતી કે વિવાને પપ્પાને શું કહ્યું હતું કે પપ્પા માની ગયા હતાં. ટાઈમ ઇઝ નોનસેન્સ. પહેલાં હૈયા ફાટ રડાવે અને પછી એટલી ખુશીઓ આપે કે તમે જીરવી ના શકો. એન્ડ ધીઝ સાયકલ ગોઝ ઓન.

***

થોડી જ વારમાં શું શું થઈ ગયું હતું . મારી ખુશી ટોચ પર હતી . હવે મને અને વિવુને કોઈ અલગ કરી શકે એમ નહોતું . મેં રૂમનો દરવાજો ખોલ્યો . બહાર નિશા , સોનુ અને કૃપા ત્રણેય ચિંતાતુર ચહેરે બેઠા હતાં . જેવી હું બહાર નીકળી એવી નિશાએ મને ગળે લગાડી લીધી . એણે મને જકડી લીધી .

‘તને કંઈ થયું તો નથી .? બધું બરાબર તો છે ? શું થયું ?’, એની જીભેથી સવાલો લપસવા લાગ્યા . એની આંખો પણ ભરાયેલી હતી . એ સમયે મને ખબર પડી કે નિશા મને કેટલો પ્રેમ કરતી હતી . મારી સાથે એ પણ રડી હતી . આવી ફ્રૅન્ડ ભાગ્યે જ કોઈને મળતી હોય છે . લાખોમાંની હું એક છું જેને આવી ફ્રૅન્ડ મળી છે . કૃપા અને સોનુ પણ મને ગળે વળગી પડ્યા . એ લોકોએ રૂમમાં નજર નાખી . મારી નજર પણ રૂમમાં ગઈ . મને પણ આશ્ચર્ય થયું કે ‘મેં રૂમની આવી હાલત કરી હતી ?’ ચારે તરફ કાચ , રૂ , કાગળ , કપડા , ફાટેલા પોસ્ટર્સ અને પાણી . પણ એ લોકો મને સલામત જોઈને ખુશ હતાં . એ પાગલની જેમ મારી કૅર કરી રહ્યા હતાં . એન્ડ ધીઝ ઇઝ ફ્રૅન્ડશીપ . જ્યાં ફ્રૅન્ડને જેવો હોય એવો જ એક્સપેટ કરવામાં આવે . નિશાએ મારાં આંસુઓ લૂછ્યાં . આઈ ટુ વાઇપ્ડ હર ટીઅર્સ .

નિશાએ મને મારાં બેડ પર બેસાડી , અને કહ્યું , ‘હવે બોલ શું થયું ?’, મેં એના ગાલ પર હાથ મુક્યો અને એની આંખોમાં જોઈને કહ્યું . ‘પપ્પા માની ગયા .’, મારી આંખો ફરી ભીની થઇ ગઈ .

‘વાઉ .... ઓહ માય ગોડ થેંક્યુ ... થેંક્યુ સો મચ ભગવાન .’, એ મને ગળે ભેટી પડી . મારાં કરતા વધારે એણે ઇશ્વરનો આભાર માન્યો . સોનુ અને કૃપા મને વળગી પડ્યા . એ લોકોની આંખો પણ ભરાઇ આવી . મેં એમને થોડીક વાત કરી . બટ પૂરી તો હું પણ ના કહી શકી . મારી ખુશીઓનો કોઈ છેડો નહોતો . એ દિવસે રૂમમાં મ્યૂઝિક શરૂ કરીને અમે નાચ્યા . મેં અને નિશાએ કપલ ડાન્સ કર્યો . પાગલની જેમ અમે જુમ્યા . હું ખુશીઓના અનંતમાં આસમાને હતી . મને મારો વિવાન મળી ચુક્યો હતો . હું જેટલું હસી રહી હતી , એટલું જ ખુશીઓના કારણે રડી રહી હતી . આ આંસુનું પણ જબરું છે . ખુશીઓમાં પણ આવે અને દુખમાં પણ આવે . રોકી તો તમે ના જ શકો . બસ હવે મારે કંઈ જ નહોતું જોઈતુ . હું વિવાનને મળવાની પળે પળ ગણતી રહી . એ આવે એટલે તરત જ હું એને મળવાની હતી . બસ અમુક કલાકો જ કાઢવાની હતી . મારી સામેથી વિવાનનો ચહેરો દૂર નહોતો થઈ રહ્યો . બસ થોડાક કલાકો માટે જ અમે બંને એકબીજાથી દૂર હતાં . એ ટાઈમ ખૂબ ધીમો હતો , પહેલી વાર હું વિવાનને મળવા ગઈ ત્યારે એના માટે વેઇટ કરતી એ વખતે ધીમો હતો એટલો ધીમો . એટલો ધીમો કે મને ઘડીયાળના સેકન્ડ કાંટાનો અવાજ સંભળાતો હતો .

***

વેઇટ વોઝ અબાઉટ ટુ ઓવર. વિવાન નહેરૂનગર ઉતરવાનો હતો. હું અને નિશા એની વાટ જોઈ રહ્યા હતાં. ખબર નહીં વિવાને પપ્પાને શું કહ્યું હતું બટ અમે સફળ રહ્યા હતાં. અમારાં બંનેના પ્રેમની તાકાત જ હતી જેના કારણે આ બધું પૉસિબલ થયું હતું. મારું મન વિવાનમય

થઈ ગયું હતું. મને થોડી થોડી વારે એ પપ્પા સાથે વાત કરી રહ્યો હતો એ યાદ આવી રહ્યું હતું. જ્યારે પણ મને ' પપ્પા હું તમારે પગે પડુ... પ્લીઝ', એ યાદ આવતુ ત્યારે હું રડવાનું રોકી ના શકતી. મને વિશ્વાસ હતો વિવાન સિવાય આટલો પ્રેમ મને કોઈ ના કરી શકે. વિવાનનો મૅસેજ આવ્યો હતો કે એ ' શીવરંજની પહોંચી ગયો છે બસ થોડી વારમાં એ આવી જશે.' ધર્મેશ સરનો મૅસેજ પણ આવ્યો હતો, એ દિવસે રાતે કોઈ પ્લેનો પ્રીમીયર શો હતો એમની પાસે એક્સ્ટ્રા પાસીસ હતાં. મેં એમને એક્ઝામનું કહીને ના પાડી. એમણે મને ખૂબ જ ઇનસીસ્ટ કર્યુ. બટ મારે વિવાન સિવાય આજનો દિવસ કોઈની સાથે નહોતો વિતાવવો. હું એને મારી બાહોંમાં જકડી લેવા માંગતી હતી.

***

એની આંખો ભીની હતી, એની તડપ હું મહેસૂસ કરી શકતી હતી, દૂરથી પણ હું એના હાથ ધ્રૂજતા જોઈ શકતી હતી. એના હોઠ મારું નામ બોલવા ધ્રૂજી રહ્યા હતાં. એનું કૉલેજ બેગ એના હાથમાંથી પડી ગયું. અમને બંનેને એકબીજાની આંખો સિવાય કંઈજ નહોતું દેખાતુ. ઇટવોઝ હાર્ટ થ્રોબીંગ મોમેન્ટ. હી વોઝ જસ્ટ વન હૅન્ડ અવે. એની આંખોમાંથી આંસુઓ એના ગાલ પર આવ્યાં. મારી સાથે પણ એવું જ બન્યું. નિશાએ પાછળથી મને વિવાન તરફ જવા સહેજ ધક્કો માર્યો. વિવાનના હાથ સૌપ્રથમ મારાં ગાલ પર પડ્યા. એણે મારાં ગાલ પર આવેલા આંસુઓ પોછ્યાં. પછી એની આંગળીઓ મારી તરબતર આંખો પાસે પહોંચી, એણે મારી આંખોના આંસુને લુછ્યાં. મેં પણ એના આંસુને લુછ્યાં. એણે મારો હાથ ચુમી લીધો. અમે બંને રડતાં રડતાં એકબીજાને ભેટી પડ્યાં. બંનેના હોઠ પર એકબીજાના નામ હતાં. ' વિવુ...... અંકુ..... વિવુ..... અકું....' હું સૌથી વધારે જો સેફ ફીલ કરતી હતી તો અત્યારે વિવાન સાથે. હું ઇચ્છતી હતી કે આમ જ વિવાનને મારી બાહોંમાં જકડી રાખુ. એ મારી પીઠને થાબડી રહ્યો હતો. હું એના મસ્ક્યુલાઇન બદનમાં ઓગળી ગઈ હતી. અમે બંને એકબીજામાં ડૂબી ગયા હતાં. એ પળે આંસુઓ રોકી શકાય એમ નહોતા. એ પળને હું મારી લાઈફની સૌથી રોમેન્ટિક મોમેન્ટ માનું છું.

' અંકુ, યુ આર નોટ ઇન માય હાર્ટ. યુ આર માય હાર્ટ. તારા ધડક્યા વિના હું નહીં જીવી શકું. વીધાઉટ યુ નથિંગ ઇઝ પૉસિબલ ફોર મી.', એણે મારી ભીની આંખોમાં ભીની આંખોથી જોઈને કહ્યું. એણે ફરી મને ગળે લગાડી લીધી.

' વિવુ. આઈ એમ યુ.', અમે બંને ફરી ભેટી પડ્યા. મારો ચહેરો એના ખભા પર અને એનો ચહેરો મારાં ખભા પર. અમે કેટલીય ઘડીઓ સુધી એકબીજાને હગ કરતા રહ્યા.

થોડી વાર પછી નિશાનો હાથ મારાં ખભા પર પડ્યો. હું અને વિવાન એકબીજાને હગ કરીને છૂટાં પડ્યા. મેં નિશા સામે જોયું. અમને આટલા ખુશ જોઈને એની આંખો પણ ભીની થઇ ગઈ હતી. આઈ હગ્ડ હર ટુ. આસપાસના લોકો અમારી સામે જોઈ રહ્યા હતાં. મને મારો પ્રેમ અને મારી બેસ્ટ ફ્રૅન્ડ બંને મળી ગયા હતાં.

***

' એ દિવસથી વધારે ખુશ હું ક્યારેય નહોતી. કદાચે ખુશ થઈશ કે નહીં એ વિશે પણ હવે તો ડાઉટ છે.' ભીની આંખે ડુસકા લેતા લેતા અંકિતાએ કૃતિને કહ્યું. કૃતિએ અંકિતાના ખભા પર હાથ મુક્યો અને એના આંસુ લૂછ્યાં. કૃતિની આંખો પણ અંકિતાની સ્ટોરી સાંભળીને ભરાઇ આવી હતી. ઑલમોસ્ટ સૂર્ય ઉગવાની તૈયારી કરી રહ્યો હતો. બટ કૃતિ હજુ તૃપ્ત નહોતી થઈ. એ ક્યુરીઅસ હતી કે પછી શું થયું? અત્યારે વિવાન ક્યાં છે? અત્યારે નિશા ક્યાં છે? વિવાન અને અંકિતા વચ્ચે શું થયું આ બધી વાતો એને જાણવી હતી. એટલે એણે ફરી અંકિતાને આગળની સ્ટોરી કહેવા કહ્યું. કૃતિ ફરી કૉફી બનાવી લાવી. ફરી પ્રેમની દાસ્તાન શરૂ થઈ.

***

એક્ઝામને એક દિવસ બાકી હતો. જો બીજા દિવસે અમે ના વાંચત તો ફાઇનલમાં ફેઇલ થવામાં કોઈ જ ડાઉટ નહોતો. સોનુ અને કૃપા વાંચવાની વાતો કરીને બધો માહોલ બગાડવા નહોતા માંગતા. બટ બીજા દિવસે અમે જાગ્યા ત્યારે કૃપા અને સોનુએ યાદ અપાવ્યું કે, ' આવતીકાલે એક્ઝામ્સ છે અને આપણી પાસે બુક્સ નથી', મેં જ બધી બુક્સનો કચરો કરી નાખ્યો હતો. હું નહોતી ઇચ્છતી કે મારાં લીધે કોઈને કે. ટી આવે. અમે જાગીને તરત જ ગાંધીરોડ ગયા. ત્યાંથી બુક્સ લઇ આવ્યાં. મેં વિવાનને પણ વાંચવાનું કહ્યું હતું. છેલ્લા બે પેપર માટે જે પણ બુક્સ જોઈતી હતી એ અમે ખરીદી. થોડોક પણ ટાઈમ વેસ્ટ કર્યા વિના અમે ચારેય વાંચવામાં મશગુલ થઈ ગયા. મેં બધાંને જે ટોપીક્સમાં મને સમજ પડતી હતી એ બધાં જ ટોપીક્સ સમજાવ્યા. રૂમનું વાતારણ એકદમ સિરિયસ બની ગયું હતું. હવે લાગી રહ્યું હતું કે એક્ઝામ્સ છે. કલાકો વીતતી ગઈ, પન્ના ફરતા ગયા. કોઈએ બુકમાંથી માથુ ઊંચું કરીને જોવાનું પણ ના વિચાર્યુ. એ દિવસે ન તો બપોરે ભૂખ લાગી ન રાતે. બસ વાંચવુ વાંચવુ અને વાંચવુ. રૅડિયો સરના પેપરમાં અમે ફેઇલ થવા તો નહોતા જ માંગતા.

***

બીજે દિવસે રૅડિયો સરનું પેપર સારું ગયું. લગભગ અમે જે જે વાંચ્યુ હતું એ જ પુછાયુ હતું. વિવાનને મેં અમુક ટોપીક્સ ગોખી નાખવા કહ્યું હતું અને એ જ ટોપિક્સ પૂછાયાં. પાસ તો એ પણ થઈ જશે એવું એણે કહ્યું હતું. બસ હવે એક પેપર બાકી રહ્યું હતું. આ પેપરમાં પણ એક દિવસની રજા હતી. મેં અને વિવાને પહેલાં જ નક્કી કર્યુ હતું એ પ્રમાણે એક્ઝામ્સ વખતે વાતો નહીં કરીએ. એક્ઝામ્સમાં પૂરેપૂરા એફોર્ટ્સ લગાવીશુ. એટલે અમે લોકોએ છેલ્લા પેપર માટે તનતોડ મહેનત કરી. લાસ્ટ પેપર પણ કમ્પ્યુટર આઈ. ટીને સેમ જ હતું આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ. એટલે અમે લોકો એકબીજાને સમજાવી શક્યા. યાદ રાખવામાં સરળતા રહી. નિશાની હટકે એક્સપ્લેનેશન સ્ટાઇલ તો હતી જ.

***

ઍન્જિનિયરિંગના લાસ્ટ ડેને હું મેમોરેબલ બનાવવા માંગતી હતી. આ એક્ઝામે જ મારી વિવાન સાથે મુલાકાત કરાવી હતી. એ દિવસને હું કઇ રીતે ભૂલી શકું જે દિવસે મેં વિવાન સાથે પહેલો દિવસ વિતાવ્યો હતો. વિવાને આપેલી ચીઠ્ઠી. એનો મારાં પરનો ગુસ્સો, મારી અકળામણો, એનો નંબર શોધવાની કવાયતો અને ફાયનલી અમારી મીટિંગ. એ દિવસે મેં વિવાનને ડેડીકેટ કરવા માટે વ્હાઇટ ડ્રેસ પહેર્યો હતો. વ્હાઇટ તો એમ પણ મારો ફેવરીટ કલર હતો. હું એવી જ તૈયાર થઈ હતી જેવી હું વિવાનને પહેલીવાર એક્ઝામમાં મળી હતી. વ્હાઇટ ડ્રેસ સાથે મેં બધું જ વ્હાઇટ મેચીંગ કર્યુ હતું. સેન્ડલ્સ, બ્રેસલેટ, વોચ, વોલેટ અને ચશ્માની વ્હાઇટ ફ્રેમ. કંઈ કાળુ હતું તો એ હતું મારી આંખોનું કાજળ અને મારાં કપાળ વચ્ચેની નાની કાળી બીંદી. જે વિવાનને ખૂબ જ પસંદ હતું. નિશા, કૃપા અને સોનુ પણ કંઈ ઓછા તૈયાર નહોતા થયા. સોનુ કૃપાને તર્પણનું નામ લઈને ચીડવી રહી હતી અને કૃપા સોનુને મિસ મીકેનીલ કહીને હેરાન કરી રહી હતી. ફરક કંઈ હતો તો એ હતો કે, અમારી ઉંમર બે વર્ષ વધી ગઈ હતી, બટ નખરા તો એવાને એવાજ હતાં. અમે લોકો કૉલેજ જવા નીકળ્યા.

' તુ મારાંથી કદી કંઈ નહીં છૂપાવી શકે.', મેં નિશાની સામે કતરાઇને જોયું.

' શું?', એણે આંખો પહોળી કરીને સ્માઈલ કરતા કહ્યું.

' એ પણ મારે જ કહેવુ પડશે?', મેં મીંઠુ મીંઠુ હસતા કહ્યું.

' ઓય્ય અમને તો કહો શું ચાલે છે?', સોનુ બોલી.

' આને જ પુછ ને.', મેં નિશા તરફ ઇશારો કરતા કહ્યું.

' સૉરી, લે બસ? થઈ ગઈ શાંતિ?', એણે મને હાથમાં ચીટ પકડાવતા કહ્યું.
' તુ પાસ થઈ જઈશ, ડૉન્ટ ટેક અ લોડ.', મેં નિશાના ખભા પર હાથ મુકતા કહ્યું.
' હા હું તો થઈ જઈશ. તમે કોઈ ટોપિક્સ ભૂલી ના જતા. ભુલો તો મારુ એક્સપ્લેનેશન યાદ કરજો.', નિશાએ હસતા હસતા કહ્યું.
' તુ તારું એક્સપ્લેનેશન ભૂલી ના જતી. મને તો ખબર જ નથી પડતી કે તું અમને સમજાવે છે બટ તું લખી કેમ નથી શકતી.', લાઈફમાં પણ એવું જ નથી હોતુ? બેડ સિચ્યુએશન્સમાં પણ આવું જ નથી હોતુ? આપણે લોકોને સમજાવી શકતા હોઈએ બટ એ જ સિચ્યુએશનમાં આપણે હોઈએ ત્યારે આપણે એ સિચ્યુએશનને હૅન્ડલ ના કરી શકીએ.
' ખબર નહીં યાર પેપર હાથમાં આવે ને બધું ભૂલી જવાય છે.', નિશા મોં બગાડતા બોલી.
' આ વખતે ભુલાય એટલે મને યાદ કરજે. યાદ આવી જશે.', મેં નિશાને કહ્યું
' હેહેહે… બસ બસ…', નિશા બોલી, અમે બધાં હસ્યા.
' બસ અહીંથી ગયા પછી કોઈ ભૂલી ન જતા. ક્યારેક યાદ કરતા રહેજો.', કૃપા થોડી સેન્ટી થઈને બોલી.
' અરે યાર બધાં અહીં જ હોઈશું અમદાવાદમાં, જોબ પણ સાથે જ શોધીશું.', સોનુ બોલી.
' તારે તો મિસ્ટર મિકેનિકલ સાથે નહીં રહેવાનું હોય?', કૃપા સોનુને ચીડવતા બોલી અને પછી રસ્તામાં જ બંને એકબીજાને ભેટી પડ્યા.
' અરે એમ થોડા ભૂલી જઈએ. અમદાવાદમાં હશુ તો મળીશું જ.', નિશા બોલી. અમારી કૉલેજ આવી ગઈ હતી. અમે સીટિંગ અરેન્જમેન્ટ જોયું. બધાંનો નંબર અલગ અલગ જગ્યાએ હતો. મેં બધાંને કહ્યું કે, હું વિવાન સાથે જવાની છું એટલે મારી રાહ ન જુએ. વિવાન મને મમ્મી પપ્પા સાથે થયેલી વાતો કહેવાનો હતો. હું પણ આતુર હતી કે વિવાને પપ્પાને કેવી રીતે મનાવ્યા. અમે બધાંએ એકબીજાને બેસ્ટ ઑફ લક કહ્યું. અમે ઍન્જિનિયરિંગની લાસ્ટ એક્ઝામનું લાસ્ટ પેપર આપવા છૂટાં પડ્યા. આ લાસ્ટ એક્ઝામ અને લાસ્ટ ડે બધાંને અલગ કરી નાખવાનો હતો. અમે બધાં ફ્રૅન્ડ્સ એકબીજાને આ એક્ઝામ પછી બહુ મિસ કરવાના હતાં. બટ જો કોઈ હૅલ્પકરવાનું હતું તો એ હતી મેમરીઝ. ખાટી, મીઠી, કડવી, તુરી મેમરીઝ.
***
આપણે મૂવી જોવા જઈએ ત્યારે ત્રણ ત્રણ કલાક એક સીટ પર બેઠા રહી શકીએ. બટ એક્ઝામ્સની અઢી કલાક ખૂબ લાંબી પડી જતી હોય છે, ખાસ કરીને ત્યારે જ્યારે તમને પેપરમાં ખૂબ જ ઓછું આવડતુ હોય. આ પેપર એક્ઝામનું ટફેસ્ટ પેપર હતું. હું ૭૦ માંથી ૫૦ નું માંડ લખી શકી હતી. પેપર ખૂબ જ લેન્થી હતું. પેપર ટફ પણ હતું અને ટાઈમ પણ ઘટ્યો. બટ કોઈ અફસોસ નહોતો. એક્ઝામ પૂરી થઈ ગઈ હતી. પેપર ભલે બકવાસ ગયા હોય બટ જ્યારે પેપર પુરા થાય ત્યારે અજબની શાંતિ થતી હોય છે. બસ એ જ શાંતિ અને આઝાદીનો એક્સપિરિયન્સ બધાં કરી રહ્યા હતાં. ફાઇનલી એક્ઝામ્સ વેર ઓવર. બટ નોટ લાસ્ટ ડે.
***
હું અને વિવાન સાયન્સ સીટીના ગાર્ડનમાં એકબીજાની બાજુમાં સુતા હતાં. અમે એકબીજાનો હાથ પકડ્યો હતો. ફરી હું સુંદર પળોને માણી રહી હતી. અમે પેપરની વાતો બાઈક પર જ કરી હતી. એનું પેપર ઠીક ગયું હતું બટ એ કહેતો હતો કે પાસ તો થઈ જ જશે. બાઈક પર હતી ત્યારે મેં નિશા સાથે પણ વાત કરી હતી. એ પણ કહી રહી હતી કે ‘ પાસ થઈ જાય એટલું તો લખ્યુ છે ’ , સો કૃપા અને સોનુ. મને થોડો અફસોસ થયો કે મેં એની ચીટ ફેંકાવી દીધી હતી. ખરેખર સાચુ ખોટું કોણ જુએ છે? ટ્રુથ એન્ડ ફોલ્સ ઇઝ ઑલસો રિલેટિવ. અમે વિચારી રહ્યા હતાં કે રાતે બધાં જ ફ્રૅન્ડ્સ ભેગા થઈને ડિનર માટે જઈએ. પંતગમાં જવાનો બધાંનો પ્લાન

હતો. બટ બધાં પહેલાં હું વિવાન સાથે થોડોક સમય રહેવા માંગતી હતી.
' તે મને કેમ નહોતું કહ્યું કે તને કાર્ડિયો વેસ્ક્યુલર હતો.', મેં વિવાનની સાથે મીઠો ઝઘડો શરૂ કરતા કહ્યું.
' કારણ કે હું તને કારણ વિનાનું ટૅન્શન આપવા નહોતો માંગતો.', એ હળવા અવાજે બોલ્યો. અમે ગાર્ડનના જે વૃક્ષ નીચે સુતા હતાં ત્યાં બેઠા થયા અને થડના ટેકે બેસ્યા. વિવાને મારી કમરમાં હાથ નાખ્યો અને મેં એના ખભા પર માથુ મુક્યું.
' તુ આજે બહુ જ બ્યુટીફૂલ લાગે છે.', એણે મારાં માથામાં હાથ ફેરવતા કહ્યું.
' મને ખબર છે, એટલે જ મેં આજે આ કપડા પહેર્યા છે. મેં જ્યારે તને પહેલીવાર જોયો હતો ત્યારે પણ આજ કલરના કપડા પહેર્યા હતાં.'
' તારા આ કપડાએ પણ મને ખૂબ જ હૅલ્પ કરી છે. તારા પપ્પાને સમજાવવામાં.', વિવાને કહ્યું.
' મને વિશ્વાસ હતો કે તું પપ્પાને મનાવી લઈશ. બટ જ્યારે તારો કૉલ કટ થઈ ગયો ત્યારે હું ખૂબ ડરી ગઈ હતી. મારી રૂમ પાર્ટનરોને પૂછજે મારી હાલત કેવી થઈ ગઈ હતી. થોડી વાર તો સુસાઇડના વિચારો પણ આવ્યાં હતાં. બટ તે જ મને બચાવી છે વિવાન.', હું વિવાનના હાથ મસળતી મસળતી બોલી.
' મારી પણ હાલત કંઈક એવી જ હતી.',
' તો તે શું કહ્યું પપ્પાને? કઈ રીતે સમજાવ્યા? એ બહુ ગુસ્સામાં લાગી રહ્યા હતાં.', મેં વિવાનને પૂછ્યું.
' હા એ ગુસ્સામાં હતાં, ખાસ કરીને મારાં પપ્પા પર.', વિવાને કહ્યું.
' પછી?'
' પછીનું તો હું નહીં કહું.', વિવાન હસતા હસતા બોલ્યો. એણે મારો હાથ ચુમ્યો.
' વિવાન...', મેં એને આંખો બતાવીને ચહેરો ત્રાંસો કર્યો.
' એ હું તને આપણા મેરેજ પછીના પહેલાં દિવસે કહીશ.', એણે મારાં ગાલો પર હાથ મુકીને, આંખોમાં આંખો નાખીને કહ્યું. હુ એને ‘ ના’ ના કહી શકી.
' ઓકે હું આપણા મેરેજ સુધી વેઇટ કરીશ.', મેં હળવેથી કહ્યું. એના હોઠ મારાં હોઠ સાથે દોડપકડ રમવા માંડ્યા. દોડપકડની રમત ઘણી ચાલી. અમે બંને અમારી લાઈફની બેસ્ટ અને રોમેન્ટિક મોમેન્ટ્સને એન્જોય કરી રહ્યા હતાં. વિવાન સાથેની એ પહેલી એક્ઝામ અને વિવાન સાથેની એ છેલ્લી એક્ઝામ હું ક્યારેય ભૂલી શકું એમ નથી. એ હતી રોમેન્ટિક એક્ઝામ્સ.. મારી લાઈફની રોમેન્ટિક એક્ઝામ્સ..
‘ વિવાન હવે હું તારાથી કંઈ છૂપાવવા નથી માંગતી.’, મેં વિવાન સામે પ્રેમાળ નજરે જોયું.
‘ તે મારાંથી કંઈ છૂપાવ્યું પણ છે?’, વિવાને સ્મિત કરતા કરતા પૂછ્યું.
‘ હા, અમુક વાતો મેં ઘણા સમયથી તારાથી છૂપાવી છે. હું પરફેક્ટ ટાઈમનો વેઇટ કરતી હતી. કદાચ એ સમય આવી ગયો છે.’, મેં એની આંખોમાં આંખો પરોવીને કહ્યું.
‘ હા, બોલ.’, એણે મારો હાથ ચુમતા ચુમતા કહ્યું.
‘ યાદ છે જે દિવસે તે મને પ્રપોઝ કર્યુ હતું?’,
‘ એ દિવસ તને લાગે છે હું ભૂલી શકું? તારા ભીના વાળ, તારી હુંફાળી ગરમ ડોક. ઝરમર ઝરમર વરસાદ અને પછી નિશાનો થયેલો ઝઘડો.’, એણે મારી આંખોમાં જોઈને કહ્યું. એની આંખો ટોક્સીકેટેડ હતી. અને હું નશો કરી રહી હતી. ત્યાંજ નશામાં ભંગ પડ્યો.
બંનેના મોબાઈલમાં એકસાથે મૅસેજની ટોન વાગી. બંનેએ પોતપોતાનો મોબાઈલ ચેક કર્યો. વૉટ્સએપમાં ફેન્સીનો મૅસેજ હતો. ‘ યાદ કીયા ઔર શૈતાન હાજીર’, હું મનમાં જ બબડી. મૅસેજ સાથે એક ઇમેજ હતી. હું એ જોઈને ગભરાઇ ગઈ. વિવાને મૅસેજ જોઈને મારી સામે

જોયું. અચાનક વિવાનના ચહેરા પરના ભાવો બદલાણા.
' વિવાન આ સાચું નથી.', હુ અચાનક ટૅન્શનમાં આવી ગઈ, હું થોડી હડબડાઇને બોલી.
‘ તે જ એકવાર કહ્યું હતું, જે દેખાય એ જ સાચુ હોય છે.’, વિવાન ઊભો થઈ ગયો. એણે મને એનો મોબાઈલ મારી સામે કરીને ફેન્સીએ સેન્ડ કરેલી ઇમેજ બતાવી.
ધર્મેશસર મારાં ગાલ પર કિસ કરી રહ્યા હતાં અને હું હસી રહી હતી.
***

પ્રકરણ – ૧૨

વેરવિખેર

એક વર્ષ પહેલાં

એક જૂની કહેવત છે, Sometimes what we see may not be truth and sometimes we can't see what is truth. સત્યને જોવા માટે હંમેશા વિવેકી આંખો જોઈએ. મારાં અને વિવાનના મોબાઈલમાં આવેલ ઇમેજની સ્ટોરી હું મ્યૂઝિક ક્લાસમાં જતી એ વખતની છે. ખરેખર તો એ કોઈ સ્ટોરી છે જ નહીં. બટ જ્યારે વિવાનની સામે આ ઇમેજ આવી ત્યારે મને નાની વાત ખૂબ મોટી દુર્ઘટના લાગી.
દરેકને પોતાના સત્યો હોય છે, પરંતુ આ સત્ય બનાવવામાં આવ્યું હતું. આ સત્ય ફેન્સીએ બનાવ્યું હતું.
***
મને ઇનરઆર્ટમાં ખૂબ જ ફાવી ગયું હતું. ત્યાં જે પણ ટીચર્સ આવતા એમની સાથે મને ખૂબ જ મજા પડતી. ત્યાં હું બધાંની માનીતી થઈ ગઈ હતી. ત્યાં કોઈને કોઈ સેલિબ્રિટીઝ આવતા રહેતા. ક્યારેક તો મને એમની સાથે પર્સનલી વાતો કરવા અને એમની સામે ઇન્ટ્રુમેન્ટ વગાડવાનો મોકો મળતો. હું ખૂબ જ સારું ફીલ કરતી હતી. ઇનરઆર્ટમાં હતી ત્યારે ઘણા સારા વ્યક્તિઓ સાથે મુલાકાત થઈ. ત્યાંનું એન્વાયર્નમેન્ટ એવું ઑપન હતું કે હું વધારે ને વધારે બ્રોડ માઇન્ડેડ બનતી ગઈ.
ધર્મેશ સર ત્યાંના સર નહોતા, એ અમદાવાદમાં કોઈ મ્યૂઝિક ક્લાસ ચલાવતા. એમની એજ પણ મારાંથી ચારેક વર્ષ જ વધારે હશે. જ્યારે પણ કોઈ ગેસ્ટ મ્યૂઝિક સેલિબ્રિટી આવવાની હોય ત્યારે એ અહીં આવતા. ઘણીવાર એ સ્ટુડન્ટ્સ સાથે બેસીને શીખતા, નવા રાગો વગાડતા અને અમે બધાં એ સાંભળતા. મારું ધર્મેશસર સાથે ઇન્ટ્રોડક્શન ફેન્સીએ જ કરાવેલુ. ધીરે ધીરે ધર્મેશસર સાથેની ફ્રૅન્ડશીપ સ્ટ્રોંગ બનતી ગઈ. અમે લોકો ક્યારેક ક્યારેક ઇનરઆર્ટમાંથી છૂટીને નાસ્તો કરતા, સાથે ગપ્પા લડાવતા. હું એકલી ક્યારેય એમની સાથે ના જતી. જો ફેન્સી સાથે હોય તો જ અમે લોકો આજુબાજુમાં નાસ્તો કરવા જતા. મેં વિવાનને પણ ધર્મેશસર વિશે વાત કરેલી જ. હું વિવાનને રોજે રોજ ક્લાસ અને રૂમનો રીપોર્ટ ફોન પર આપતી જ. બટ હું એટલી ડીટેઇલમાં તો નહોતી જ જતી. ધર્મેશસરનો મારી પ્રત્યેનો બિહેવીઅર ખૂબ જ સોફ્ટ હતો. એ મને લગભગ બધી જ બાબતે હૅલ્પ કરતા. કોઈ નવા રાગ શીખવાથી માંડીને કોઈ નવા ઇન્ટ્રુમેન્ટની ઇનફોર્મેશન મેળવવી હોય તો હું એમની જ હૅલ્પ લેતી. મારાં અને એમના વિચારો પણ ઘણા મળી આવતા. બટ આ એક કોઈન્સીડન્ટ જ હતો. એના સિવાય મને એમના તરફ કોઈ જ અટ્રેક્શન નહોતું.
એ દિવસે ફેન્સી પાસે પ્લેના એક્સ્ટ્રા પાસીસ હતાં. એનો મૅસેજ આવ્યો ' વોન્ટ ટુ કમ ફોર " મિઝરેબલ લાઈફ " ' એણે મને ખૂબ જ ઇનસીસ્ટ કર્યુ હતું. પ્લે પણ ખૂબ ફેમસ હતું. એમ પણ ફેન્સી ઉપર મને ઓછો જ વિશ્વાસ હતો. બટ જ્યારે ધર્મેશસરે ઇનસીસ્ટ કર્યુ ત્યારે હું ' ના' ના કહી શકી. પ્લે ખૂબ જ સરસ હતું. દસ વાગ્યે તો પ્લે પતી ગયું. પછી અમે બધાં ગેસ્ટ્સ અને ફ્રૅન્ડ્સને મળ્યા. બધાં ફ્રૅન્ડ્સ પૃથ્વી કાફે પર ભેગા થયા હતાં. મને પ્લે બહુ જ ગમ્યું હતું એટલે મારો મૂડ ખૂબ જ સારો હતો. બટ ફેન્સી ખબર નહીં શા માટે ટેન્સ હતી? એ કાફેની બહાર નીકળીને સિગારેટ ફૂંકી રહી હતી. થોડી વાર પછી એ અંદર આવી. તૃષ્ણાએ કહ્યું કે ' ચાલો ડમ્બ સેઇડ અસ રમીએ'. બધાં મોજ કરવા માંગતો હતાં. એટલે કોઈએ ' ના ' માટે

ડોકુ ના હલાવ્યું. હું પણ પળોને માણી લેવા માટે રાજી થઈ ગઈ. અચાનક ફેન્સીના ચહેરા પરના એક્સપ્રેશન્સતો બદલાઇ જ ગયા હતાં, બટ એ મને ત્યારે ના સમજાયુ. મારી એક તરફ ધર્મેશ સર બેઠા હતાં અને બીજી બાજુ ફેન્સી. કોઈ કોકની બોટલ લઈ આવ્યું. બધાં રાઉન્ડમાં ગોઠવાઇ ગયા અને ગેમને શરૂ કરવા માટે તૃષ્ણાએ બોટલ ફેરવી.
એક પછી એક બોટલનું મોં બધાંની બાજુ આવતું. થોડો ડર પણ હતો કે કોઈ ડેરિંગમાં એવી વસ્તુ ના કરાવે કે જે ટફ હોય. બોટલ ધીમી પડવા લાગી. મારી સામે બેસેલી તૃષ્ણા, બોટલ ખૂબ ધીમી પડી ગઈ હતી, પછી દિશા, વહિદા, આદિ, રશિદા, બટ બોટલ રશિદાની ડાબી બાજુમાં બેસેલા ધર્મેશસર સામે મોં રાખીને થોભી ગઈ. બધાંએ ચીંચીયારી બોલાવી. ધર્મેશસરનો કુલ એટીટ્યુડ ખોવાઇ ગયો.
' ટ્રુથ કે ડેર?', ફેન્સીએ પૂછ્યું.
' ડેર.', ધર્મેશ સર બોલ્યા.
' ઓહ્હ્હ', બધાં બોલ્યા.
' તો બોલો, સર પાસે શું કરાવીશુ?', રાઉન્ડમાં બેસેલ આદિ બોલ્યો.
' કોઈને લાફો મારવાનું કહીએ.', રશિદા બોલી. બટ ધર્મેશસરનો ચહેરા પર કંઈ ફરક પડ્યો નહોતો. એમના ચહેરા પર તો જાણે એવી સ્માઈલ હતી કે જાણે એમને મજા આવવાની હોય.
' અરે આપણે લોકો તો લવના માણસો, લાફો મારીને હિંસા તો ના જ કરાય.', તૃષ્ણા હસતા હસતા બોલી.
' તો?', તૃષ્ણાની બાજુમાં બેસેલી વહિદા બોલી.
' લાફો મારવા કરતા સર કોઈને કિસ કરે તો કેમ રહેશે?', તૃષ્ણા બોલી.
' ઓહ્હો.. વન્ડરફૂલ આઈડીયા !', ફેન્સી એક્સાઇટમેન્ટમાં બોલી.
' નો નો નો.. આઈ કાન્ટ ડુ ધીઝ.', સર ઊભા થઈને બોલ્યા. અમે બધાં ઊભા થઈ ગયા જાણે પહેલાં જ દાવમાં ગેમ પૂરી થઈ ગઈ હોય. હું પણ સરની જે હાલત થવાની હતી એ જોવા માટે એક્સાઇટેડ હતી.
' પણ સર તમારે કોઈ સ્ટ્રેન્જને કિસ નથી કરવાની અને ગાલ પર કિસ કરવાની. આટલી છૂટ બસ.', તૃષ્ણા બોલી.
' તો કોને કિસ કરવાની છે?', ધર્મેશસર વિચાર કરતા બોલ્યા.
' તમારી જ એક સોર્ટ ઑફ સ્ટુડન્ટ.', તૃષ્ણાએ મારી સામે જોઈને કહ્યું. મેં તરત જ ધર્મેશ સર સામે જોયું.
' આઈ કાન્ટ ડુ ધિઝ', મેં તરત જ સર સામે જોઈને કહ્યું.
' વિચારી લો સર. તમને કોઈ ઉપનામ મળી જશે, ફટ્ટુ...! કે કોઈ એનાથી પણ ભયંકર. મનાવો ઠાકોરજીને મનાવો.', તૃષ્ણા મારી સામે જોઈને બોલી. ધર્મેશ સરે મારી સામે જોયું.
' અંકિતા, ચીલ, ધીઝ ઇઝ જસ્ટ જોક. તારી ના સાંભળીને હું આ નહીં જ કરું.', ધર્મેશસરે મારાં ખભા પર હાથ મુકીને કહ્યું. મને ધર્મેશસરનો ઉદાસ ચહેરો જોઈને થોડી દયા આવી. મેં વિચાર્યુ કે માત્ર એક ટચની જ વાત છે ને. એમ પણ ફિલીંગ્સ વિનાના ટચનું કોઈ મુલ્ય નથી હોતુ.
' ડૉન્ટ ટેક ઇટ ડિફરન્ટલી, ધીઝ ઇઝ જસ્ટ ટચ.', મેં ધર્મેશસર સામે જોઈને કહ્યું. બધાં લોકો ચીસો પાડવા લાગ્યા.
હું મૂર્તિની જેમ સીધ્ધી ટટ્ટાર ઊભી રહી ગઈ. મારાં ચહેરા પર કોઈ એક્સપ્રેશન્સ નહોતા. ધર્મેશસર મારી નજીક આવ્યાં અને એમણે એમના હોઠોને મારાં ગાલ સાથે સ્પર્શાવ્યા. એક જ ક્ષણે મારે સામે લાઈટના ફ્લૅશ પડ્યા. કોઈએ ધર્મેશસરને પાછળથી ધીમો ધક્કો માર્યો.

એમણે એ પડે નહીં એ માટે મને જકડી લીધી. હજુ એમના હોઠ મારાં ગાલ પર જ હતાં અને મને હસવુ આવી ગયું. એ દરમ્યાન ફરી કેમેરાના ફ્લૅશની લાઈટ થઈ. મોમેન્ટ વોઝ ઓવર. સરે મને સૉરી કહ્યું. ગેમ ફરી શરૂ થઈ. ત્યારે મને આ બધું જ કેઝ્યુઅલ લાગ્યું હતું. આ કેઝ્યુઅલ જ હતું. બટ કોઈએ આ ઘટનાને કોમ્પ્લીકેટેડ બનાવી દીધી હતી. મેં ફેન્સી સામે જોયું, એ મીઠુ મીઠુ હસી રહી હતી. બટ ત્યારે મને એ નહોતું સમજાણુ. પછી તો ગેમ ઘણી લાંબી ચાલી. બોટલ મારી સામે આવીને એક પણ વાર થોભી નહીં, જે એક રીતે સારું હતું. બટ જે ફ્લૅશ લાઈટ થઈ હતી, એ મારાં જીવનમાં અંધારૂ લાવવાની હતી.
***
‘ ટ્રાય ટુ અન્ડરસ્ટેન્ડમી વિવાન ધીઝ વોઝ જોક. તું ફેન્સીને જ પૂછી જો. એ ત્યાં જ હતી.’, મેં વિવાનને સમજાવતા કહ્યું.
‘ આઈ ડૉન્ટ કૅર ફેન્સી ત્યાં હતી કે નહીં, બટ તે મને કહ્યું શા માટે નહીં. કદાચ એ દિવસે ફેન્સી ત્યાં ના હોત તો?’, વિવાન ગુસ્સામાં બોલ્યો. મેં એને બહુ ઓછી વાર ગુસ્સામાં જોયો હતો. ધીઝ વોઝ સેકન્ડ ટાઈમ.
‘ વિવાન ટ્રસ્ટ મી. ઇટ ઇઝ નથિંગ લાઈક ધેટ.’, મેં વિવાનને સમજાવતા કહ્યું. વિવાને મને એનો મોબાઈલ દેખાડ્યો. એમાં વૉટ્સએપ પર આવેલી અલગ અલગ ઇમેજીસ હતી. ધર્મેશ સર મને ગાલ પર કિસ કરી રહ્યા હતાં એ ઇમેજ. એના સિવાય એ મારો હાથ પકડીને ગિટાર શીખવાડી રહ્યા હતાં એ ઇમેજ. નાસ્તો કરતી વખતે એમની ચમચીથી મને ભેળ ખવરાવી રહ્યા હતાં એ ઇમેજ.
‘ અંકુ ભૂલ એકવાર થાય. કોઈન્સિડન્ટ એક વાર હોય અંકુ. યુ ડીડ બ્રૅક માય ટ્રસ્ટ. મેં તારા માટે શું નથી કર્યુ.’, વિવાનની આંખો ભીની થવા લાગી. એની આંખો ભીની થતી જોઈને મારી આંખોમાં પણ આંસુ આવી ગયા.
‘ વિવાન આ બધું ફેન્સી.’, હું બોલવા ગઈ ત્યાંજ હાથ આડો કરીને મને વિવાને રોકી લીધી.
‘ ડૉન્ટ સે અ વર્ડ અબાઉટ ફેન્સી, જો એ ના હોત તો મને આજે આ કંઈ ખબર જ ના પડી હોત.’, વિવાને કહ્યું.
‘ વિવાન ડૉન્ટ યુ ટ્રસ્ટ મી? આપણે સાથે રહેવા માટે શું શું નથી કર્યુ. અને એક પળમાં બધું વિખેરાઇ જશે?’, મારી આંખોના ખુણા ભીંજવતા હું બોલી.
‘ મારે સમય જોઈએ છે. લીવ મી. હું બધું ફેન્સી પાસેથી જાણીને જ તારી સાથે વાત કરીશ. તારે આવવુ હોય તો ચાલ તને ડ્રોપ કરતો જાવ.’, વિવાન બહારની તરફ ચાલતો થયો. વિવાન એક જ ક્ષણમાં બદલાઇ ગયો હતો.
‘ વિવાન ટ્રસ્ટમી આ બધું ફેન્સીને કારણે જ થયું છે. એણે જ આ ફોટા ખેંચ્યા છે. શી લવ્સ યુ, એટલે જ એ આપણુ બ્રૅક અપ કરાવવા માંગે છે.’, હું વિવાન પાછળ ઉતાવળે ચાલતા ચાલતા બોલી.
‘ એટલીસ્ટ એ મારાંથી કંઈ છૂપાવતી તો નથી.’, વિવાન ગુસ્સામાં જ બોલ્યો.
‘ વિવાન અત્યાર સુધી મેં તને ક્યારેય તારી ફ્રૅન્ડ્સ વિશે પૂછ્યું છે? તું કોની સાથે ફરે છે? કોની સાથે રહે છે?’, મારાંથી મનના કોઈ ખુણામાં પડેલી ભડાંસ બહાર નીકળી ગઈ. બટ મારી આંખો ભીની જ હતી.
‘ અંકુ હવે તો એમ લાગે છે, વિશ્વાસ તો તને પણ નથી મારાં પર. ફેન્સી સાચું કહે છે. તું મને હૅન્ડલ નહીં કરી શકે, મારી ટેવોને હૅન્ડલ નહીં કરી શકે.’, વિવાને પાર્કિંગમાંથી એની બાઈક બહાર કાઢી.
‘ વિવાન મારો મતલબ એવો નથી. ટ્રસ્ટ મી. આઈ ડીડન્ટ મીન ઇટ.’, મારી આંખોમાં આંસુ

આવી ગયા હતાં.
' સીટ.', એણે ગુસ્સાથી મને બેસવાનું કહ્યું.
' ડેમ ઇટ.', બાજુની બાઈકનું સ્ટેન્ડ વાગતા એ બોલ્યો હું પૂછું કે વાગ્યું તો નથી ને? એ પહેલાં જ એણે બાઈક ચલાવી મુકી. એને મેં આટલો ગુસ્સામાં ક્યારેય નહોતો જોયો. બાઈક ટોપ સ્પીડ પર જઈ રહી હતી.
હું એને કહેવા ઇચ્છતી હતી કે પ્લીઝ ધીમી ચલાવ બટ હું કહી ના શકી. હું મુંગી બેસી રહી. બાઈક ટ્રાફીકમાં પણ ટોપ સ્પીડ પર જઈ રહી હતી. મને એની બાઈક પર બેસી હતી એનાથી ડર નહોતો લાગતો. બટ મને વિવાન જે સ્પીડમાં અવિશ્વાસ તરફ જઈ રહ્યો હતો એનાથી ડર લાગી રહ્યો હતો. થોડી જ વારમાં એણે મને મારી સોસાયટી બહાર ઉતારી દીધી.
' વિવાન પ્લીઝ મારી વાત તો સાંભળ.', મેં ઉતરીને રડતાં રડતાં કહ્યું.
' જ્યારે કહેવાનું હતું ત્યારે તે ના કહ્યું, હવે શું સાંભળુ?', એણે આટલું કહીને ગુસ્સામાં જ બાઈક ભગાવી મુકી.
' વિવાન.....', મેં રડતાં રડતાં જ પાછળથી બૂમ મારી.
***
નિશા સિવાય મારી વાત કોણ સાંભળવાવાળું હોય? આખરે તો હું એ ફ્રેન્ડ પાસે જ જતી, જેના કારણે મારાં ચહેરા પર સ્માઈલ આવતી. હેપ્પીનેસ હોય કે સેડનેસ એ મારી બધી જ મોમેન્ટ્સની વીટનેસ રહી છે. મેં એને જે બન્યું હતું એ કહ્યું. એણે જ મારી આંખોના આંસુઓ પોછ્યા. ઇટ વોઝ ગુડ, ' આઈ હેડ નિશા !' જો એ ના હોત તો ખબર નહીં હું કોને મારી વાત સંભળાવત. એણે મને શાંત રહેવા કહ્યું, એ એટલી મેચ્યોર લાગી રહી હતી કે જાણે એને વર્ષોનો અનુભવ હોય. અનુભવ તો હતો જ ચોક્કસપણે.
બે કલાક વીતી ચુક્યા હતાં, નિશાએ વિવાનને કૉલ કર્યો, નિશાએ વિવાનને મળવા માટે મનાવ્યો, સાંજે છ વાગે કૉલેજના કેમ્પ્સમાં મળવાનું નક્કી થયું.
' ઓય્ય બધું ઠીક થઈ જશે.', નિશાએ મારો ચહેરો એની છાતી સરસો ભીંસતા કહ્યું.
' નિશા, મારાં અને ધર્મેશ સર વચ્ચે કંઈજ નથી. આ બધું ફેન્સી....', હું બોલતા બોલતા ડુસકા ભરવા લાગી.
' મને ખબર છે બકા, મને ખબર છે, ફેન્સી ઇઝ અ બીચ.', નિશાએ પણ એનો ગુસ્સો કાઢતા કહ્યું.
' તારે વિવાનને ફેન્સી અને નિશા વિશે જે થયું એ પહેલાં જ કહી દેવાની જરૂર હતી.', કૃપાએ મારાં ખભા પર હાથ મુકતા કહ્યું, હું કંઈ ના બોલી.
' કૃપા સાચુ કહે છે, તે આ છૂપાવીને એક ભૂલ તો કરી જ છે.', નિશાએ પણ કહ્યું.
' મેં નક્કી કર્યુ છે, હું વિવાનને નહીં મનાવુ.', મેં સ્ટ્રોંગ થતા કહ્યું.
' કેમ?', સોનુ અને નિશા બંને સાથે બોલ્યા. એ લોકોની આંખો પહોળી થઈ ગઈ.
' બસ જો એ મને લવ કરતો હશે તો એને મારાં પર ટ્રસ્ટ હશે જ. બેટર છે કે આ રિલેશન ટુકડે ટુકડે જીવવા કરતા મરી જાય.', મેં દિવાલના એક ખૂણામાં નજર ખોડતા કહ્યું, મારાં આંસુ સુકાઇ ગયા.
' તુ શું બોલી રહી છો એનું તને ભાન છે? ફેન્સી આ જ ચાહે છે.', નિશાએ મારાં પર હળવો ગુસ્સો કર્યો.
' ટ્રસ્ટ !', હું એ જ દશામાં બોલી.
' ડૉન્ટ ગીવ અપ અંકુ.', નિશાએ મારી આંખોમાં જોઈને કહ્યું.
' કદાચ હું વિવાનને ડીઝર્વ નથી કરતી.', મેં નિશાની આંખોમાં જોઈને જ કહ્યું.

' એ તું વિવાનને કહેજે. મારી સામે આવી વાત કરમાં. જો વિવાને તને કંઈ પણ કહ્યું તો ફેન્સીની ખેર નથી.', નિશા ગુસ્સામાં બોલી. આખા રૂમમાં શાંતિ છવાઇ ગઈ. કૃપા અને સોનુ તો ચુપ જ હતાં, એ પછી મારાં અને નિશા વચ્ચે પણ કોઈ વાત ના થઈ.
***
હું અને નિશા કૉલેજના કેમ્પસમાં બેઠા હતાં. હું ઇગોને પાળીને બેઠી હતી. નિશાએ જ વિવાનને કૉલ કર્યો હતો. થોડી જ ક્ષણોમાં મારાં અને વિવાન વચ્ચે જાણે ઘણું બધું ડિસ્ટન્સ બની ગયું હોય એવું લાગી રહ્યું હતું, જાણે હું વિવાનને ઓળખતી જ ના હોવ. જાણે અમે બંને અજાણ્યા વ્યક્તિ હોઈએ, બંને વચ્ચે ડિસકનેક્શન થઈ ગયું હોય, એવું લાગી રહ્યું હતું.
' વિવાન આવી રહ્યો છે.', નિશાએ મને કહ્યું. મેં મારો ચહેરો ના ફેરવ્યો.
' નિશા તું આ રિલેશન રાખવા માંગતી હોય તો પ્લીઝ તારો ઇગો સાઇડમાં મુકી દે. આ ઇગો જ બધું વેરવિખેર કરે છે.', નિશાએ મને ખૂબ પ્રેમથી કહ્યું.
' ઇગો એણે પણ સાઇડમાં મૂકવો પડશે.', મેં નિશા સામે આંખો ફાડીને કહ્યું. હું ભયંકર ગુસ્સામાં હતી.
' અને એના માટે શરૂઆત તારે જ કરવી પડશે.', નિશાએ કહ્યું.
વિવાનની બાઈક અમારી સામે આવીને ઊભી રહી ગઈ. જીન્સ અને ટી શર્ટ પહેરેલ ફેન્સી પાછળથી નીચે ઉતરી. એના ચહેરા પર છૂપાયેલી ખુશી હતી જે હું અને નિશા બંને જોઈ શકતા હતાં. વિવાને બાઈકનું સ્ટેન્ડ લગાવ્યું. ઘણા દિવસો પછી એ પોતાનો એટીટ્યુડ દેખાડી રહ્યો હોય એવું લાગી રહ્યું હતું. એના ચહેરા પર સ્માઈલ જેવું તો મને ક્યાંય ના દેખાયું એ લોકો અમારી સામે આવીને બેસ્યા.
અમારી સામે બેસ્યા હોવા છતાં મારી અને વિવાન વચ્ચે ખૂબ જ વધારે ડિસ્ટન્સ હતું એવું મને લાગી રહ્યું હતું.
' વિવાન મારે તને અમુક વાતો કહેવી છે જે ખરેખર તો તને અંકુએ કહેવી જોઈતી હતી.', નિશા બોલી. ફેન્સી નિશાની સામે આંખો ફાડીને જોતી રહી.
' એણે તને કહેવાની પરમિશન તો આપી છે ને?', વિવાન મારી સામે જોઈને કટાક્ષમાં બોલ્યા. એની આંખો લાલઘુમ હતી. એ જોઈને મારું આખુ શરીર ધ્રૂજવા લાગ્યું. માણસમાં આટલો અવિશ્વાસ કઈ રીતે આવી શકે, જે માણસ તમને અખુટ પ્રેમ કરતો હતો, એ માણસ અમુક કલાકોમાં કઈ રીતે આટલો બદલાઇ જઈ શકે?
' વિવાન ધીઝ ઇઝ નોટ ઓનલી અબાઉટ અંકુ. આ આપણા ચારેય વિશે છે.', નિશા બોલી.
' ઓહ્હ, આઈ એમ ક્યુરિઅસ.', વિવાન બોલ્યો, ફેન્સીના ચહેરા પર વીકેડ સ્માઈલ આવી. નિશાના ચહેરા પર હું ચોખ્ખો ગુસ્સો જોઈ રહી હતી.
' વિવાન તને યાદ છે? નવરાત્રિમાં મારાં અને ફેન્સી વચ્ચે બબાલ થઈ હતી?', નિશાએ વિવાન સામે જોઈને કહ્યું. વિવાન જસ્ટ સાંભળતો રહ્યો.
' એ દિવસે ઝઘડાની શરૂઆત તારી આ ફ્રેન્ડે જ કરી હતી.', નિશાએ ફેન્સી સામે જોઈને કહ્યું.
' એ તો હું પહેલાં પણ સાંભળી ચુક્યો છું, કંઈક નવુ કહે.', વિવાન ગુસ્સામાં બોલ્યો.
' મને ખબર છે તું વિશ્વાસ તો નહીં કરે, એ દિવસે ફેન્સી એવું બોલી હતી કે ' મારો બોયફ્રેન્ડ ચોરાઇ ગયો.' એ જ દિવસે તે અંકુને પ્રપોઝ કર્યુ હતું. એણે જાણી જોઈને મારાં પર કીચડ ઉછાળ્યું જેથી મારો એની સાથે ઝઘડો થાય. ફેન્સી તારા કોન્ફિડેન્ટને સલામ. તું જેવુ ઇચ્છતી હતી એવું જ થયું, તે મારાં અને અંકુ વચ્ચે ઝઘડો કરાવ્યો. પછી તે અંકુ સાથેની તારી ફ્રેન્ડશીપ મજબૂત બનાવી.
હું પણ પાગલ હતી કે મેં અંકુને આટલી આગળ વધવા દીધી, એ ખબર હોવા છતાં કે તું આ

દુનિયાની સૌથી મોટી હલકટ છોકરી છે. દિવસો જતા ગયા, વિવાન તું અને અંકુ ખૂબજ નજીક આવતા ગયા. તમારાં બંનેના ઘરેથી પણ લગભગ બધાં માની જ ગયા હતાં. તારા તો ગુસ્સાનો કોઈ પાર નહીં રહ્યો હોય, નહીં ફેન્સી ? ગુસ્સામાં ને ગુસ્સામાં જ તે એ દિવસે અંકુને મારવા માટે પથ્થર ફેંક્યો.', ફેન્સી અને વિવાન બંને સાંભળતા રહ્યા. ફેન્સીના ચહેરા પર ગુસ્સો ચોખ્ખો જોઈ શકાતો હતો. એનો ગોરો ચહેરો લાલ ઘુમ થઈ રહ્યો હતો.
' પરંતુ ક્યારેક સ્ટોરી આપણે નહીં, કોઈક બીજું લખતું હોય છે. એ પથ્થર મને વાગ્યો. મારી અંકુએ એનો મારાં પ્રત્યેનો પ્રેમ ઠલવી દીધો. હું પણ મારી અંદર દબાવી રાખેલું રોકી ના શકી. મેં એને આપડી બંને વચ્ચેના ઝઘડા વિશે કહ્યું. ઇશ્વર કોઈને નથી છોડતો ફેન્સી, તે પથ્થર માર્યો એની થોડી જ ક્ષણોમાં તને પણ સજા મળી ગઈ. તારા સ્કૂટરનું એક્સિડેન્ટ પણ અમારાંથી થોડે દૂર જ થયું હતું એ મારે તને કહેવાની જરૂર નથી. યુ નો વોટ ફેન્સી? મારાં જેટલું તને કોઈ ઓળખતુ નથી.' નિશાએ એનો ગુસ્સો કાબુમાં કરતા કહ્યું. નિશા વિવાન કંઈ બોલે એ માટે થોભી.
' વાહ વાહ વાહ... પરફેક્ટ !', વિવાન તાળીઓ પાડતા બોલ્યો.
' સેલ્યુટ નિશા, ગ્રાન્ડ સેલ્યુટ. તારે તો લેખક બનવુ જોઈએ.', વિવાન હસતા હસતા બોલ્યો.
' થોડાક ડાયલોગ અલગ હતાં બટ સ્ટોરી, ફેન્સી તે કહી એ જ છે. નિશા ફેન્સીએ મને સેમ સ્ટોરી થોડી વાર પહેલાં સંભળાવી છે. અંકુ જો તે ફેન્સીને તારા પ્લાન વિશે ના કહ્યું હોત તો કદાચ આ સ્ટોરી પણ મને ફેન્સી પાસેથી ના સાંભળવા મળત. અંકુ ખરેખર તું માસ્ટર માઇન્ડ છે.', વિવાન જે રીતે બોલ્યો હતો ત્યાર પછી મેં મારાં ગુસ્સાને ખૂબ જ દબાવીને કાબુમાં રાખ્યો હતો, મેં મારી મુઠ્ઠીઓ વાળી લીધી હતી. ફેન્સી બધું જ પ્રીપેરેશન કરીને આવી હતી.
' મેં ફેન્સીને મારો પ્લાન કહ્યો? કદાચ પ્લાન હોય તો પણ હું શા માટે કહું? આપણા બંને વચ્ચે ઝઘડો ઊભો કરવા?', હું વિવાનના અસમજણ ભર્યા વાક્ય સામે બોલી. મેં બોલવાનું શરૂ રાખ્યું.
' તો તો હું ફેન્સીને એમ પૂછીશ કે એ ઇમેજીસ મેં ધર્મેશસર સાથે મારી મરજીથી ખેંચાવી હતી તો એ " હા" જ કહેશે. એટલે મારે એ સવાલ પુછવાની જરૂર નથી. કારણ કે એણે તને બધાં જવાબો આપી જ દીધા હશે. એણે તને બધી સ્ટોરી સંભળાવી જ દીધી હશે.', મેં ગુસ્સામાં વિવાનની આંખોમાં આંખો મેળવીને કહ્યું.
' આ સ્ટોરી બનત જ નહીં, જો તારો કંઈ છૂપાવવાનો ઇરાદો ના હોત. ખબર નહીં, આ ઇમેજીસ તો હું જોઈ શકું એવી છે, કોને ખબર એવી ઇમેજીસ પણ હોય જે બતાવી ના શકાય એવી પણ હોય.', વિવાન એની લાલ આંખોથી મારી સામે ગુસ્સામાં બોલ્યો. જે બોલ્યો હતો, એ પછી હું મારો ગુસ્સો કાબુ રાખી શકું એમ નહોતી. ફેન્સીએ મારી સામે જોઈને હલકી સ્માઈલ કરી રહી હતી. વિવાન જે બોલ્યો હતો એ મારાંથી પચ્યુ નહોતું. ફેન્સીએ ખબર નહીં વિવાનને શું શું કહ્યું હતું.
હું એજ ક્ષણે ઊભી થઈ, ' સટાક...', મારો હાથ ફેન્સીના ગાલ પર પહોંચી ગયો. બે મોમેન્ટ સુધી સન્નાટો છવાઇ ગયો. તરત જ ' સટાક...', બીજો અવાજ આવ્યો. આ વખતે ગાલ મારો હતો, હાથ વિવાનનો હતો. મારી આંખોમાંથી આંસુની ધાર થવા લાગી હતી.
' ડૉન્ટ ટચ હર.', વિવાને મને ધક્કો મારતા કહ્યું.
' ડૉન્ટ ટચ હર.', નિશાએ પણ આંખો બતાવતા વિવાનને કહ્યું.
' તો વિવાન આ સ્ટોરી પણ સાંભળ જે તને ફેન્સીએ કદાચ નહીં કહી હોય. યસ આઈ ફક્ડ ધર્મેશસર. વધુ રોમાંચિત સ્ટોરી સાંભળવી હોય તો આ માસ્ટર માઇન્ડ ફેન્સીને પૂછજે. એને પણ બહુજ મજા આવી હશે, વિવાન વી હેડ થ્રીસમ.', મેં મારો બધો જ ગુસ્સો નીચોવતા કહ્યું.

મેં વિવાનને રડતાં રડતાં કહ્યું. હું મારાં કાબુમાં નહોતી.
‘ હજુ સાંભળવું હોય તો સાંભળ, આજ સુધી મને એમ લાગતું હતું કે વી આર ઇન લવ. ના વિવાન યુ નેવર લવ્ડ મી. યુ નેવર ટ્રસ્ટેડ મી. તે તો એના પર ટ્રસ્ટ કર્યો જે આપણને બંનેને એક ક્ષણ પણ ભેગા જોવા નથી ઇચ્છતી. ડેમ ઇટ, મેં તને પાગલની જેમ પ્રેમ કર્યો. ખરેખર હું પાગલ જ હતી, કે મેં તને પ્રેમ કર્યો. ’, મેં રડતાં રડતાં જ કહ્યું. વિવાન સાંભળતો રહ્યો, એણે ફેન્સી સામે જોયું. ફેન્સીએ કોઈ એક્સપ્રેશન ના આપ્યા.
‘ મોજ કર ફેન્સી, તને જે જોઈતુ હતું એ તો તને મળી ગયું. એન્જોય.’, મેં ફેન્સી સામે જોઈને કહ્યું. એણે મારાં પર હાથ ઊઠાવ્યો, મેં એનું કાંડુ પકડીને પાછળ ધકેલી દીધી. મેં મારાં આંસુ રોકી લીધા હતાં.
‘ ટ્રૂથ ઇઝ ઑલવેઝ બીટર, યુ બીચ.’, મેં ફેન્સી સામે જોઈને કહ્યું.
‘ એન્ડ યુ બાસ્ટર્ડ પ્લીઝ નેવર કૉલ મી. ગેટ લોસ્ટ ફ્રોમ માય લાઈફ.’, હું વિવાન પર ગુસ્સો કરતા બોલી, વિવાને ફરી મારાં તરફ હાથ ઉઠાવ્યો. નિશાએ વચ્ચે આવીને એને રોકી લીધો. હું વિવાનની આંખમાં ગુસ્સાથી જ જોઈ રહી.
‘ હવે આખી જિંદગી આની ટ્રૂ સ્ટોરીઓ સાંભળતો રહેજે.’, મેં વિવાન સામે જોઈને કહ્યું. એ મારી સામે જ જોતો રહ્યો. હવે બોલવા જેવુ કંઈ નહોતું રહ્યું. મેં નિશાનો હાથ પકડ્યો અને અમે બંને ચાલતા થઈ ગયા. નો ડાઉટ હું ન બોલવાનું બોલી હતી, મેં મનમાં આવ્યું હતું એ બધું જ કહ્યું હતું. મારે એવો રિલેશન નહોતો જોઈતો જ્યાં ટ્રસ્ટ ના હોય, એન્ડ નાઉ ટ્રસ્ટ વોઝ શેટર્ડ. તૂટી ગયેલા અરીસાના ટુકડાને જોડવાથી હતો એવો અરીસો ના બની શકે.
જેમ જેમ અમે અમારી રૂમ તરફ ચાલતા ગયા, એમ એમ મારી આંખોમાંથી વધારે ને વધારે આંસુઓ ઊભરતા ગયા. નિશા મને એના ખભાનો ટેકો આપતી રહી.
***
સવાર પડી ચુકી હતી. રડી રડીને અંકિતાની આંખો સોજી ગઈ હતી, અંકિતાની સાથે કૃતિ પણ રડી હતી. કૃતિએ અંકિતાને પાણી આપ્યુ.
‘ વિવાન સાથે પછી ક્યારેય વાત ના થઈ?’, કૃતિએ પાણી પી રહેલી અંકિતાને પૂછ્યું.
‘ એ દિવસે જે બન્યું હતું એ પણ મારી લાઈફમાં પહેલી વાર જ બન્યું હતું. એ દિવસે જ એનો કૉલ આવ્યો હતો બટ મેં રીસિવ ના કર્યો. એના પછી ન તો મેં કૉલ કર્યો ન તો એણે.’, અંકિતા થોડી સ્ટ્રૉંગ થઈને બોલી.
‘ બટ, એક વાર એની વાત તો સાંભળવી હતી તારે.’, કૃતિ બોલી.
‘ વિવાન મારો પહેલો અને છેલ્લો લવ હતો. હું નહોતી ચાહતી કે અમારો રિલેશન આ રીતે આગળ વધે, એટલે જ મેં વિચાર્યુ કે બેટર છે કે એ મારાંથી દૂર જ રહે.’, અંકિતાએ આંસુ લૂછતાં લૂછતાં કહ્યું.
‘ તે ભૂલ કરી છે અંકુ, અને ફેન્સી?’, કૃતિએ પૂછ્યું.
‘ ફેન્સી, એને જે જોઈતુ હતું એ મળી ગયું. ગઈ રાતે એનો જ મૅસેજ આવ્યો હતો, જ્યારે તે મને લેપટોપ બંધ કરવાનું કહ્યું, ત્યારે હું એની સાથે જ ચૅટ કરી રહી હતી. એણે હજુ મારો પીછો નથી છોડ્યો. એના જેવી ક્રૂર છોકરી મેં અત્યાર સુધી નથી જોઈ. વિવાન અને ફેન્સીની ત્રણ દિવસ પછી એન્ગેજમેન્ટ છે.’, આ કહેતા કહેતા અંકિતા ફરી રડી પડી. કૃતિએ એને બાહોમાં ભરી લીધી.
‘ હેય હેય, હવે તારે રડવાની જરૂર નથી.’, કૃતિ બોલી.
‘ તો શું કરું ? મારાં અને વિવાનનો બ્રૅકઅપનો બધો પ્લાન ધર્મેશસર અને ફેન્સી બંનેનો હતો.’, અંકિતા ડુસકા ભરતા ભરતા બોલી.

‘ વોટ?’, કૃતિ અશ્ચર્યચકિત થઈને બોલી.
‘ ફેન્સીનો આ બહુ પહેલાંનો પ્લાન હતો, ધર્મેશસરને તો મારાં પ્રત્યે ક્રશ હતો જ. એટલે ફેન્સી અને ધર્મેશસરે જ બધો પ્લાન બનાવ્યો હતો. ’,
‘ અંકુ હવે રડવાનો નહીં, રડાવવાનો ટાઈમ છે. સાચું કહું છું.’, કૃતિ ઊંચી થઈ.
‘ હાઉ. વિવાન ઇઝ નો મોર ઇન માય લાઈફ, હવે તો એ મને ભૂલી પણ ચુક્યો હશે.’,
‘ મારી સામે જો, તું એને ભૂલી છો? તો એ તને ભૂલી શકે? અંકુ મને એટલી ખબર પડે છે, પ્રેમની આગ બંને તરફ લાગતી હોય છે.’, કૃતિએ આંખોમાં આંખો નાખીને કહ્યું.
‘ કૃતિ, એ એન્ગેજમેન્ટ કરી રહ્યો છે.’,
‘ કદાચ એ તને ભૂલવા માટે જ કરી રહ્યો છે.’, કૃતિએ અંકુના હાથ પકડી લીધા.
‘ વિવાનને બધું કહેવાનો સમય આવી ગયો છે અંકુ.’, કૃતિ અંકિતાના હાથ ભીંસીને બોલી.
‘ પણ એ વિશ્વાસ નહીં કરે. હું એકવાર ટ્રાય કરી ચુકી છું.’, અંકિતા ઉદાસ થઈને બોલી.
‘ બટ, એ ફેન્સીના શબ્દો પર તો વિશ્વાસ કરશે, એ બીજા કોઈ પર તો વિશ્વાસ કરશે ને?’, કૃતિ એવી રીતે બોલી જાણે એના મનમાં ઘણું બધું ચાલી રહ્યું હોય.
‘ આઈ ડૉન્ટ નો વોટ ટુ ડુ.’, અંકિતા ઉદાસ લહેકે બોલી.
‘ તે ઘરે આ બધું કહ્યું છે?’, કૃતિએ પૂછ્યું.
‘ ના, હજુ મને ખબર નથી પડી કે હું કઈ રીતે કહું. મમ્મી પપ્પાનો વિવાન પરનો ટ્રસ્ટ, એક ક્ષણમાં ભાંગી પડશે. પપ્પાની નફરતનો કોઈ પાર નહીં રહે. મેં કહેવાની ટ્રાય કરી પણ હું ના કહી શકી.’, અંકુ ડુસકા ભરતા ભરતા બોલી.
‘ સંડે, હજુ ત્રણ દિવસની વાર છે અંકુ. આજે હજુ થર્સડે થયો છે, આપણે હજુ એને મનાવી શકીએ. ક્યારેક કોઈનો અંધવિશ્વાસ ભાંગવો જરૂરી હોય છે. આપણે કંઈક કરવું જોઈએ.’, કૃતિ બોલી.
‘ એનો કોઈ મતલબ નથી. વિવાન ડઝન્ટ લવ મી એનીમોર.’, અંકિતા બોલી.
‘ એણે તને કૉન્ટેક્ટ નથી કર્યો, તો તે પણ ટ્રાય નથી કરી અંકુ. આ ઇગો બહુ મોટુ નુકસાન કરશે. હજુ ફેન્સીનો સાચો ચહેરો દેખાડવાનો ટાઈમ છે.’, કૃતિ થોડી જોશમાં આવીને બોલી.
‘ પણ કઈ રીતે? ઇટ ઇઝ ઇમ્પોસિબલ.’, અંકિતા બોલી.
‘ ઇફ આઈ એમ નોટ રોંગ, વિવાન સ્ટીલ લવ્સ યુ. બટ આ વખતે કંઈક એવું કરવું પડશે જે એના ગળે ઉતરે. પ્રેમમાં પૂરાવાની જરૂર ના હોય, બટ પરિસ્થિતીઓને જરૂર હોય.’, કૃતિની અડધી વાત અંકિતાને ખબર ના પડી.
‘ એટલે?’
‘ તુ વિવાનને લવ કરે છે?’, કૃતિએ અંકિતાને એકાએક પ્રશ્ન પૂછી લીધો.
‘ હા, મોર ધેન એનીવન.’, અંકિતાએ ખૂબજ પ્રેમથી કહ્યું.
‘ એના માટે કંઈ પણ કરી શકીશ?’
‘ જો મને વિવાન મળતો હોય તો હા’, અંકિતાએ કહ્યું.
‘ ધેન આઈ હેવ અ પ્લાન, ફેન્સી યુ આર ગોના ક્રાય અ લોટ.’, કૃતિ જાણે ફેન્સીને પર્સનલી જાણતી હોય એમ બબડી.
‘ પણ આપણે શું કરીશું?’, અંકિતાએ પૂછ્યું. આંખોમાં ઊંઘ હતી છતાં કૃતિએ એનો આછો પાકો પ્લાન અંકિતાને સંભળાવ્યો. અંકિતાના ચહેરા પર આછી સ્માઈલ આવી.
‘ તો ભેગા કર નિશા, કૃપા અને સોનુ ને, ટેક રેસ્ટ એન્ડ ગેટ રેડી ફોર એક્શન.’, કૃતિએ ઊભા થતા કહ્યું.
‘ આ કામ કરશે?’, અંકિતાએ થોડુંક સિરિયસ થઈને પૂછ્યું.

‘ જો તું વિવાનને પ્રેમ કરતી હોઈશ તો.’, કૃતિએ અંકિતાના બાવડા પકડતા કહ્યું.
‘ થેંક્સ કૃતિ.’, અંકિતાએ કૃતિને ગળે મળતા કહ્યું.
‘ ઓચ્ચ્ય થેંક્સ વાળ, એમ સમજ કે હું નિશાની પ્રોક્સી પુરાવુ છું.’, કૃતિ ફરી અંકિતાને ભેટી પડી.
‘ યુ બીચ આઈ એમ કમિંગ ફોર યુ.’, અંકિતા ફેન્સીને યાદ કરીને ગુસ્સામાં બોલી.
***

પ્રકરણ – ૧૩

“ વિવુ ”

૭૦, ૮૦, ૯૦, ૧૦૦, ૧૧૦..... વિવાનની બાઈકનું સ્પીડોમીટર એની ટોચ પર હતું. વિવાનની લાલ આંખોમાંથી ગુસ્સો ઊભરાતો હતો, એના હાથ એ ગુસ્સાને બહાર કાઢવા એક્સલરેટર દાબી રહ્યા હતાં. S.P Ring Road ના સુમસામ રોડ પર સવારના વહેલા છ વાગે વિવાનની બાઈક વાયુવેગે જઈ રહી હતી, આજે એને કોઈ પકડી શકે એમ નહોતું. એની આંખ સામે વ્હાઇડ ડ્રેસ હતો, એની આંખ સામે અંકિતાના કપાળ વચ્ચેની કાળી બીંદી હતી, એની આંખ સામે રેશમી ઝુલ્ફો વચ્ચે છૂપાયેલો અંકિતાનો ખુશી ભર્યો ચહેરો હતો, જે વિવાનને ચીરી રહ્યો હતો, એની આગ જરતી આંખોમાંથી આંસુઓ ફેલાઇ રહ્યા હતાં, બટ એના ચહેરા પર જરા પણ ઉદાસી નહોતી, માત્ર ગુસ્સો, કાળો ગુસ્સો. એ આંસુઓનું ગુસ્સાની ગરમીના કારણે બાષ્પીભવન થઈ રહ્યું હતું. વિવાનના સજ્જડતાથી ભીડેલા હોઠ જાણે કેટ કેટલું દબાવીને બેઠા હોય એવું લાગી રહ્યું હતું. એનું આખુ શરીર જાણે અકડાઇ ગયું હતું, વિવાન એની બાઈકને નહોતો સંભાળી રહ્યો, બટ એવું લાગી રહ્યું હતું કે આજે એની ટોપ સ્પીડ પર જતી બાઈક વિવાનને સંભાળી રહી હોય ! એની બાઈક પણ એની ડાર્લિંગ જ હતી ને. એની બાઈક પણ એને કેટલો પ્રેમ કરતી હતી, પોતાના પર ગુસ્સો ઉતરી રહ્યો છે એ જાણવા છતાં જાણે બાઈક વિવાનને સંભાળી રહી હોય. બ્લૅક જેકેટ, સ્પોટ્ર્સ વેર અને બ્લૅક હેલ્મેટમાં જાણે વિવાન હેલીકોપ્ટર રાઇડ કરી રહ્યો હોય એવું લાગી રહ્યું હતું. બટ એ બાઈક વિવાન નહીં, વિવાનનો ગુસ્સો ચલાવી રહ્યો હતો.

‘ ઝુમ્મ્મ ઝુમ્મ.....’, વિવાનને એક બાઇકે ઓવર ટેક કર્યો.

વિવાનના કાને બીજી બાઈકનો પ્રચંડ અવાજ પડ્યો. એની લાલ આંખોએ વધારે આગ ઓકી. વિવાને ગુસ્સામાં પેટ્રોલ ટાંકી પર એક મુક્કો માર્યો, બાઇકે નીસાસો નાખ્યો. વિવાને તરત જ હાથ એક્સલરેટર પર મુક્યો, આગળ જતી બાઈકને ચેઝ કરવા પૂરેપૂરૂ એક્સલરેટર આપ્યુ. વિવાનની અત્યાર સુધીની આ ટોપ સ્પીડ હતી. ૧૩૦ જાણે બાઈક હવામાં ઊડી રહી હોય. ચાર પાંચ સેકન્ડમાં જ એણે બીજી બાઈકને પાછળ રાખી દીધી. બટ વિવાનને કંઈ ફરક નહોતો પડી રહ્યો. નહોતો એને ડર કે નહોતી એને કોઈ ખુશી એની આંખોમાં હતો માત્ર અને માત્ર ગુસ્સો. એ આંખો સામે વ્હાઇડ ડ્રેસમાં ઉભેલી અંકિતા અને એના કપાળ વચ્ચેની કાળી બીંદી. જ્યારથી અંકિતા એની લાઇફમાંથી ગઈ હતી, ત્યારથી વિવાન ફિલિંગલેસ થઈ ગયો હતો, એને જસ્ટ એક જ ફિલિંગ આવતી એ માત્ર અકારણ ગુસ્સાની.

૧૩૦ પર જઈ રહેલી બાઈક સામે જ્યારે કંઈક આવી જાય ત્યારે શું થાય? વિવાનને થોડે દૂર અચાનક રસ્તા વચ્ચે વ્હાઇડ ડ્રેસમાં ઉભેલી અંકિતા દેખાણી, અંકિતા પાછળ હતી વીનિંગ લાઇન. ટોપ સ્પીડ પર જતી બાઈકને વિવાને તરત જ હૅન્ડલ ટર્ન કરાવીને ડીસબ્રૅક મારી. વિવાન સિવાય કોઈ પણ હોત તો બાઈક ક્યારનીય પટકાઇ ગઈ હોત. વિવાને બાઈકને ૩૦૦ મીટર સુધી ડ્રીફ્ટ કરાવીને સંભાળી હતી. બીજા બાઈકરોએ વિવાનની બાઈકના ટાયરમાંથી સ્પાર્ક થતા જોયા, એમના મોં માંથી ‘ ઓહ્હ્હ’ નીકળી ગયું. બાઈક એક્ઝેક્ટ વીનિંગ લાઇન પર આવીને થોભી ગઈ.

વિવાન હાંફતો હાંફતો બાઈક પર જ બેઠો રહ્યો. એણે હેલ્મેટ ઊતાર્યુ. પોતાના જેકેટમાંથી ડનહીલ સિગારેટનું પેકેટ કાઢ્યું અને એક સિગારેટ પોતાના મોંમાં મુકી. સિગારેટ નું ફીલ્ટર કાઢીને એણે સિગારેટ સળગાવી અને એજ જડતા ભર્યા ચહેરે આંખો બંધ રાખી એક જ દમ લગાવીને સિગારેટને ચુસી ગયો. ત્યાંજ એના બીજા બાઈકર્સ ફ્રૅન્ડ્સ ત્યાં પહોંચી ગયા.

‘ વિવાન ધીઝ ઇઝ મેડનેસ.’, જેકીએ વિવાન પાસે આવીને કહ્યું. વિવાને ગુસ્સાથી જેકી સામે જોયું. એણે ફરી એક સિગારેટ પેકેટમાંથી કાઢી.
‘ આઈ એમ મેડ.’, એ જડ ચહેરે બોલ્યો.
‘ આવી રીતે રહીશ તો વધારે જીવી નહીં શકે યાર.’, જેકીએ વિવાનના ખભા પર હાથ મુકતા કહ્યું.
વિવાને સિગારેટ નું ફિલ્ટર કાઢ્યું અને લાઈટરથી સિગારેટ સળગાવી. એણે એક લાંબો દમ માર્યો અને ધુંવાડો ખુલ્લા આકાશમાં છોડી દીધો.
‘ તને ખબર છે? આ ફિલ્ટર વિનાની સિગારેટ એટલે પ્યોર નિકોટિન. એક સિગારેટ માણસની લાઈફમાંથી એક કલાક ઓછી કરી નાખે છે. નિકોટિન સીધુ અંદર જાય છે. જ્યાં એને પહોંચવાનું હોય ત્યાંજ જ જાય છે.’, વિવાન એજ એક્સપ્રેશનમાં બોલ્યો. એણે એના હાથના ઇશારા કરીને કહ્યું.
‘ વિવાન કેટલા દિવસ આમ રહીશ. લાઈફ ઇઝ વેરી લોંગ.’, વીક્કીની ગર્લ ફ્રેન્ડ શીલા બોલી.
‘ એટલે જ તો ટૂંકી કરી રહ્યો છું.’, વિવાન થોડું હસીને બોલ્યો. એણે ત્રીજી સિગારેટ કાઢી અને સળગાવી.
‘ શા માટે આ પીવે છે વિવુ?’, શીલાએ વિવાનના મોં માંથી સિગારેટ લઈને કહ્યું.
‘ ડૉન્ટ કૉલ મી વિવુ.’, વિવાન પ્રંચડ ગુસ્સામાં બોલ્યો. શીલા હેબતાઇ ગઈ, થોડી ડરી ગઈ. વિવાને શીલાના હાથમાંથી સિગારેટ છીનવી લીધી. સળગાવીને ફરી એ એક જ દમમાં આખી સિગારેટ ચુસી ગયો.
‘ સૉરી શીલા.’, ધૂમાડો ઉડાવતા વિવાને શીલાને કહ્યું. શીલા કંઈ ના બોલી. જેકી, વીક્કી અને આર્થર ત્રણેયે વિવાનના ખભા પર હાથ મુક્યો.
‘ બડી મુવ ઓન.’, આર્થર બોલ્યો.
‘ કેટલી એવી મેમરીઝ છે જે હું ભુંસી નાખ્ું એ જ મારાં માટે સારું છે. આ એક સિગારેટ મને દસ મિનિટ માટે બધું ભૂલાવામાં મદદ કરે છે.’, વિવાન બધાંને સિગારેટ બતાવતા બોલ્યો.
‘ આમને આમ પીધે રાખીશ તો એક દિવસ તું જ ભુંસાઇ જઈશ બ્રો.’, વીક્કીએ વિવાનો ખભો થપથપાવતા કહ્યું.
‘ હુ કેર્સ?’, વિવાને ફરી સિગારેટ સળગાવી.
‘ એટલો બધો પસતાવો થતો હોય તો, એને મળીને સૉરી કેમ નથી કહી દેતો.?’, પાછળથી સેન્ડી બોલી.
‘ આઈ થીંક વી શુડ ગો. હું બપોરે ક્લબ પર મળીશ.’, વિવાને સેન્ડીના સવાલને નજર અંદાજ કરતા કહ્યું. એણે બાઈક સ્ટાર્ટ કરી.
‘ બાય દ વે, યુ વોન. લેટ્સ સેલીબ્રેટ ટુડે. યુ આર ગોઇંગ ફોર ઇન્ડિયા.’, જેકી બોલ્યો.
‘ સ્યોર.’, વિવાને બધાં સાથે હાઇ ફાઇ કર્યું.
‘ બાય.’, કહીને એણે બાઈકને તરત જ ભગાવી મુકી.
‘ લવ ઑલવેઝ કીલ્સ સમથિંગ.’, આર્થર બોલ્યો.
***
‘ મોમ, આઈ એમ સો હેપ્પી.’, ફેન્સીએ એના યંગ મમ્મીને બથ ભરીને કહ્યું.
‘ યા, વી નો બેટા.’, ફેન્સીના મમ્મી દર્શનાબહેને ફેન્સીના માથા પર હાથ ફેરવતા કહ્યું. ફેન્સી ખૂબ જ ખુશ હતી. સગાઈના આડા ત્રણ દિવસ જ રહ્યા હતાં. વર્ષોની મહેનતનું પરિણામ એને હવે મળવાનું હતું. બટ એ પ્રેમમાં એટલી અંધ બની ચુકી હતી કે એને વિવાન જોઈતો હતો કે વિવાનની બૉડી એની ખબર નહોતી રહી. ચોક્કસપણે વિવાન બદલાઈ ચુક્યો હતો. ફેન્સી

વિવાનને ખુશ કરવા કેટકેટલા નખરા કરતી. બટ વિવાનના ચહેરા પર પ્લાસ્ટિક સ્માઈલ સિવાય કંઈજ ન દેખાતુ. કેટકેટલું કર્યા પછી જે વિવાન મળ્યો એ પૂરેપૂરો બદલાઈ ચુક્યો હતો. પરંતુ ફેન્સી હતી એવી ને એવી જ હતી. એવી જ ચાલક, એવી જ નફ્ફટ, એવી જ સ્વાર્થિ.
‘ બધી શોપિંગ થઈ ગઈ?’, વિચારોમાં ખોવાયેલી ફેન્સીને એના મમ્મીએ પૂછ્યુ.
‘ મોસ્ટ ઑફ, બટ એક ડ્રેસ લેવાનો બાકી છે. કન્ફ્યુઝ છું સગાઈના દિવસે શું પહેરૂં.’, ફેન્સીએ કહ્યું.
‘ તો આજે લઈ આવો ને, પછી ઇન્વિટેશન આપવા પણ જવાનું છે.’, દર્શનાબહેને થાકેલા ચહેરે કહ્યું.
‘ અરે મમ્મી બધું થઈ જશે, તું શા માટે ટૅન્શન લે છે.’, મમ્મીને વ્હાલ કરતા ફેન્સી બોલી.
‘ ટૅન્શન તો હોય જ ને. મારી એકની એક લાડલીની સગાઈ છે.’, દર્શનાબહેને વળતો વહાલ આપ્યો. ફેન્સી મમ્મીને ફરી બથ ભરી ગઈ.
‘ આઈ લવ યુ મમ્મી.’, સાંભળીને દર્શનાબહેને ફેન્સીના માથા પર હાથ ફેરવ્યો.
‘ ચાલ હવે ઊભી થા. મારે ઘણું બધું કામ છે.’,
‘ હા, ખબર છે તમારી લાડકીની સગાઈ છે.’, હસતા હસતા ફેન્સી ઊભી થઈ. ત્યાં જ ફેન્સીના મોબાઈલમાં ‘ બીપ- બીપ’ મૅસેજની ટોન વાગી.
ફેન્સીએ વૉટ્સએપ ઑપન કર્યુ. એનો ચહેરો વાંકો થયો.
‘ હાઉ આર યુ ડીઅર?’, ધર્મેશસરનો મૅસેજ હતો.
‘ આપણે નક્કી કર્યુ હતું, બંનેનું કામ પતે એટલે પોતપોતાના રસ્તે.’, ફેન્સીએ મૅસેજનો જવાબ આપ્યો. તરત જ ધર્મેશસરનો કૉલ આવ્યો. ફેન્સી કૉલ રીસિવ કરવા પોતાના રૂમની ગૅલેરીમાં ગઈ.
‘ તારુ કામ તો પતી ગયું, સાંભળ્યુ છે તારી સગાઈ પેલાની સાથે થઈ રહી છે.’, ધર્મેશસર એવીલ અવાજમાં બોલ્યા.
‘ એનું નામ વિવાન છે. બોલ તારે શું કામ હતું.’, ફેન્સીએ પૂછ્યું
‘ તને તો ખબર છે, મારે શું જોઈએ છે.’, ધર્મેશસર હસ્યા.
‘ મેં મારુ કામ કર્યુ, તું તારું કામ ના કરી શક્યો એમા હું શું કરુ?’, ફેન્સીના ચહેરા પર હવે ટૅન્શન આવ્યું.
‘ ધેટ વોઝ નૉટ આવર ડીલ, યુ સેઇડ આઈ વિલ ગેટ હર એન્ડ યુ વિલ ગેટ હિમ.’, ધર્મેશસરે ફેન્સીને યાદ અપાવ્યું.
‘ મેં મારુ કામ કરી નાખ્યું, હવે હું કંઈ કરી શકું એમ નથી.’, ફેન્સીએ શાંતિથી ધર્મેશસરને સમજાવતા કહ્યું.
‘ યા આઈ નો, તે તારુ કામ કરી નાખ્યું છે, બટ ધેટ વોઝ નોટ આવર ડીલ.’, ધર્મેશસર ફરી એજ ટોપીક પર આવ્યાં.
‘ નાઉ નથિંગ કેન હેપ્પન.’, ફેન્સીએ કહ્યું
‘ આઈ નો. ઑલ આઈ નીડ ઇઝ સમવન. યુ નો વોટ આઈ એમ ટોકિંગ.’, ધર્મેશસરે જે કહ્યું એ ફેન્સી સમજતી હતી.
‘ આઈ એમ ગેટિંગ એન્ગેજ્ડ..’, ફેન્સીએ ગુસ્સામાં કહ્યું
‘ આઈ નો. બટ આઈ કાન્ટ રેઝિસ્ટ. કમ એટ માય પ્લેસ, વી વિલ હેવ ફન.’, ધર્મેશસર હસતા હસતા બોલ્યા.
‘ તને ભાન છે તું શું બોલી રહ્યો છો?’, ફેન્સી વધારે ગુસ્સે થઈ.
‘ ૧૦૦%. જ્યારે તારે કામ હતું ત્યારે તો મારાં સાથળ પર બેસતા તને જરાં પણ ખચકાટ

નહોતો. આ ડીલમાંથી મને તો કંઈ મળ્યું જ નથી. મારી તો ફ્રૅન્ડશીપ પણ પતી ગઈ.', ધર્મેશસર પણ ગુસ્સે થઈને બોલ્યા.
' આઈ કાન્ટ ડુ ધીઝ.', ફેન્સીએ એક જાટકે કહી દીધું.
' નો પ્રોબ્લેમ, રિમેમ્બર આઈ કેન ડુ મેની થીંગ્સ.', સામેથી ફોન કપાઇ ગયો. ફેન્સીના કપાળ પર પરસેવો વળી ગયો હતો. એની ધડકનો એકાએક તેજ થઈ ગઈ. એણે તરત જ ધર્મેશસરને કૉલ બેક કર્યો.
' યા બેબી.', ધર્મેશસર જાણે એના કૉલની રાહ જ જોઈ રહ્યા હોય એમ બોલ્યા.
' ધીઝ ઇઝ લાસ્ટ ટાઈમ.', ફેન્સી ગુસ્સામાં બોલી.
' આઈ નો, તને મારી કંપની ગમે છે.', ધર્મેશસર બોલ્યા.
' ક્યારે આવવાનું છે?', ફેન્સી બોલી.
' આઈ વિલ ટેલ યુ બેબી.', ધર્મેશસર બોલ્યા.
' ઓકે.', ફેન્સીથી બોલાઇ ગયું. સામેથી ફોન કટ થઈ ગયો.
માણસ ખુશીઓ માટે બધું જ કરતો હોય છે, બટ બધું કર્યા પછી પણ ખુશીઓ ના મળે તો? ફેન્સી સાથે આવું જ થયું હતું. એણે વિવાનને મેળવવા માટે બધું જ કર્યુ હતું, હજુ એ બહુ જ કરી રહી હતી. બટ એને એના દિલના કોઈક ખૂણામાં એવું તો લાગી જ રહ્યું હતું કે બધું મળી રહ્યું હોવા છતાં બધું લપસી રહ્યું છે. કહેવાય છે ને કે એક જૂઠને છૂપાવવા હજાર જૂઠ બોલવા પડે. એવું જ ફેન્સી સાથે અલગ રીતે બની રહ્યું હતું. ફેન્સી અકળાઇ ગઈ હતી. એ વિચારી રહી હતી કે ધર્મેશસરથી પીછો કઈ રીતે છોડાવવો. પરંતુ એને ખબર નહોતી એ એવા દલદલમાં ફસાઇ હતી કે જેમાંથી બહાર નીકળવાનો પ્રયાસ પણ વધારે અંદર ખેંચી જાય.
***
વિવાન એના બેડરૂમની ગૅલેરીમાં ઊભો ઊભો સિગારેટ ફૂંકી રહ્યો હતો. સિગારેટનો દરેક કશ એની છાતીમાં ઊંડે સુધી જઈ રહ્યો હતો. દરેક દમ સાથે એને ખૂબ જ રાહત થતી. બટ એ ટેમ્પરરી રાહત હતી, દરેક સિગારેટની સાથે એ રીલીફનો લાઈફ સ્પાન પણ પૂરો થઈ જતો. રોજના પચ્ચીસ ડનહીલના પેકેટ ઓછા પડતા. જ્યારે અંકિતાના વિચારો વિવાનને ઊંઘવા ન દેતા ત્યારે વિવાને સ્લીપીંગ પીલ અને સિગારનો સહારો પણ લેવો પડતો. પણ અંકિતા વિવાનની અંદર ઊંડે ઊંડે ઉતરી ચુકી હતી. સિગારેટ નો દરેક દમ અંકિતાને ભુલાવવા માટે હતો, બટ દરેક દમ સાથે ફરી અંકિતા યાદ આવી જતી. એ જ વ્હાઇટ ડ્રેસ અને કાળી બીંદી. વિવાને આકાશ તરફ જોતા જોતા ફરી એક નવી સિગારેટ સળગાવી. આકાશ તરફ જોતા જોતા જ એણે એક લાંબો કશ માર્યો. જાણે આકાશમાં એને અંકિતા દેખાઇ રહી હોય. ત્યારેજ પાછળથી તનું દીદીનો હાથ વિવાનના ખભા પર પડ્યો. વિવાન પાછળ ફર્યો. તનું દીદીનો પ્રેમ ભર્યો ચહેરો વિવાને જોયો. તનું દીદીએ વિવાનની સિગારેટ સામે જોયું. પૂરી થયેલી સિગારેટ વિવાને ફેંકી દીધી. તનું દીદીએ વિવાનને એના બેડ પર બેસાર્યો.
' આમ ક્યાં સુધી? મુવ ઓન.', તનું દીદી રોજ જે કહેતા એ આજે પણ કહ્યું.
' આઈ એમ ઓકે.', વિવાને બધું બરાબર હોય એ રીતે પ્લાસ્ટિક સ્માઈલ ચહેરા પર લાવીને કહ્યું.
' તને મેં કાંખમાં તેડીને રમાડ્યો છે હો, તું બરાબર છે કે નહીં એ તારા કરતા વધારે મને ખબર પડે છે.', વિવાન કંઈ બોલી ના શક્યો.
' આજે ગુરુવાર તો થઈ ગયો છે. હવે ત્રણ દિવસની વાર છે. રવિવારે બધું બરાબર થઈ જશે.', વિવાને નકલી હસતા હસતા કહ્યું. તનું દીદીએ સિરિયસ થઈને વિવાન સામે જોયું.
' એમ દિવસો વીતવાથી બધું સારું થઈ જતુ હોય તો આ દુનિયામાં કોઈ પીડાતુ જ ન હોત.

સોલ્યુશન ઇઝ ઇનસાઇડ, નોટ આઉટ સાઇડ વીવાન. ફેસ ધ રિયાલિટી.', તનું દીદીએ વિવાનનો હાથ હાથમાં લઈને કહ્યું.
' રિયાલિટીને જ ફેસ કરું છું.', વિવાને કોઈ એક્સપ્રેશન વિના કહ્યું.
' એ રિયાલિટી જે તે માની લીધી છે, તને જ ખબર નથી શું રિયાલિટી છે?', તનું દીદી વિવાનની આંખોમાં આંખો નાખીને બોલ્યા.
' રિયાલિટી એ છે કે શી ચીટેડ ઓન મી, શી બ્રોક માય ટ્રસ્ટ. શી હેડ હીડન થીંગ્સ ફ્રોમ મી.', વિવાન એક શ્વાસે બોલી ગયો.
' તુ કોને સાંત્વના આપે છે? મને કે પોતાને?', તનું દીદીએ ફરી એજ તીખી નજરે કહ્યું. એ ઊભા થયા.
' આ સિગારેટ , સ્લીપીંગ પીલ્સ તારો ઇલાજ નથી વિવાન. એ વધી વધીને અમુક ક્ષણો માટે આરામ આપી શકશે. કદાચ તારી જિંદગી ટુંકાવી શકશે. બટ અમુક વસ્તુઓ જન્મ મરણથી પર હોય છે. એ ક્યારેય તમારો પીછો નથી છોડતી. એવીજ વસ્તુનો પાલો તારી સાથે પડ્યો છે. તારો પ્રેમ સાથે પાલો પડ્યો છે. કમ બેક વિવાન...!', તનું દીદીએ વિવાનના ખભા પર હાથ થપથપાવ્યો.
' આઈ એમ ઑલરાઇટ.', વિવાન થોડો ઉશ્કેરાઇને બોલ્યો.
' ટેલ યોર સેલ્ફ.', તનું દીદી કટાક્ષમાં બોલ્યા.
' અને નીચે આવ. પપ્પા તારી રાહ જોઈ રહ્યા છે.', કહીને તનું દીદી રૂમની બહાર નીકળી ગયા. વિવાનના મનમાં ફરી અંકિતાના યાદોનું વંટોળ આવ્યું. એણે તરત જ એક સિગારેટ સળગાવી. બટ તરત જ એને તનું દીદીના શબ્દો યાદ આવ્યાં, ' આ સિગારેટ તારો ઇલાજ નથી.', એ સિગારેટ સામે તાકી રહ્યો. એણે સિગારેટને પોતાના હાથથી બુજાવી દીધી. બટ વિચારો ના થંભ્યા. એ વધારે રેઝિસ્ટ ના કરી શક્યો. એણે સિગારેટ ફરી સળગાવી. પાછળનું ફીલ્ટર કાઢ્યુ અને આંખો બંધ કરીને એક લાંબો કશ માર્યો. એક ક્ષણ માટે એને શાંતિ થઇ ગઈ.
***
' હું શું સાંભળુ છું? તું નૅશનલ લેવલની રેસ માટે સિલેક્ટ થયો છતાં તે પાર્ટિસિપેટ ના કર્યુ?', વિવાન નીચે ઉતર્યો, એટલે તરત જ અખિલેશભાઈએ કહ્યું.
' બોરિંગ સરકીટ હતી પપ્પા.', વિવાને એના પપ્પાને સમજાવવા કહ્યું.
' તને રેસ ક્યારથી બોર લાગવા લાગી? કંટાળ્યો હોય તો આપડી ઑફિસ જોઈન કરી લે.', અખિલેશભાઈ હસતા હસતા બોલ્યા.
' તમને કહેવાનો જ હતો કે મન્ડેથી હું ઑફિસે આવીશ.', વિવાન ફરી એના ચહેરા પર નકલી સ્માઈલ લાવીને બોલ્યો.
' જોયું, ભગવાન બધાંનું સાંભળે જ છે.', ભાવનાબહેને ખુશ ખુશ થઈને કહ્યું.
' અને કામ એ હતું કે મારાં એક ફ્રૅન્ડની કપડાની શોપ છે, તો ચાલ તું બ્લેઝર જોઈલે.', અંખિલેશભાઈએ વિવાનના ખભા પર હાથ મુકીને કહ્યું.
' મને એમનું કાર્ડ આપતા જાવ, હું જઈ આવીશ.', વિવાને કહ્યું.
' મારી કાર ગેરેજમાં છે, તારે મને ઓફીસે મુકવા આવવુ પડશે, શોપ રસ્તામાં જ આવે છે તો જતા આવીએ.', અખિલેશભાઈ વિવાનને સમજાવતા કહ્યું.
' ઓકે, ચાલો.', વિવાને કહ્યું.
' તારી મમ્મીએ કહ્યું તું જમ્યો નથી?', અખિલેશભાઈએ ફરી વિવાનની ખબર લેતા પૂછ્યું.
' બે દિવસથી બહારનું જ ખાય છે.', ભાવનાબહેને ફરીયાદનો સૂર પુરાવ્યો.
' મમ્મી, મેકડીમાં સવારે જ નાસ્તો કર્યો હતો. ભૂખ નથી.', વિવાન ચીડાઇને બોલ્યો. તનું

દીદીએ પાછળથી વિવાનની ધીમે ધીમે પીઠ થપથપાવી. વિવાન શાંત પડ્યો.
‘ ઓકે ઓકે નો પ્રોબ્લેમ.’, અખિલેશભાઈએ વિવાનના ખભા પર હાથ મુક્યો. બધાંને ખબર હતી વિવાનની હાલત બરાબર નહોતી. બટ બધાં એવી જ રીતે રિએક્ટ કરતા કે કંઈ ન થયું હોય. ઓબવીઅસલી પ્રીટેન્ડ કરવું એ કોઈ પ્રોબ્લેમનું સોલ્યુશન નથી.
‘ હું કાલે જ આવીશ. એક ફ્રેન્ડની પાર્ટી છે તો ક્લબથી ડાયરેક્ટ એના ઘરે જ જવાનો છું.’, વિવાને એના મમ્મી સામે જોઈને કહ્યું.
‘ હજુ ઘણી તૈયારી કરવાની બાકી છે હો.’, ભાવનાબહેન બબડ્યા.
‘ તમે બધાં તો છો.’, વિવાન પણ બબડ્યો.
‘ સગાઈ તારી છે.’, ભાવનાબહેનથી બોલાઈ ગયું. વિવાનની આંખો પહોળી થઈ પણ એ કંઈ ન બોલ્યો. જાણે એની પાસે કોઈ જવાબ જ ન હોય.
***
તૃષ્ણા, રશિદા, વૈભવી અને ફેન્સી ચારેય શોપિંગ કરવા આલ્ફા વન મોલમાં આવ્યાં હતાં. તૃષ્ણા એના બોયફ્રેન્ડે એના બર્થડે પર આપેલા સ્વોર્સ્કીના નેકલેસની વાત કરી રહી હતી. એ લોકો મોલની લગભગ બધી જ દૂકાનો ફરી વળ્યા હતાં, બટ ફેન્સીને હજુ જેવો ડ્રેસ જોઈએ એવો મળ્યો નહોતો. કદાચ એમ કહી શકાય કે કોઈ મોંઘો ડ્રેસ નહોતો મળ્યો. ત્રણેય મોલમાં કોઈ એવી શોપ શોધી રહ્યા હતાં જ્યાં ટ્રેડિશનલ ડ્રેસીસ મળી રહે. ફેન્સી એની એન્ગેજમેન્ટના સ્પેશીયલ ઓકેશન પર કોઈ જ કચાશ છોડવા નહોતી માંગતી. એક ડિઝાઈનર કલેક્શનની શોપ જોઈ એટલે તરત જ ત્રણેય અંદર ગયા.
શોપમાં ગુજરાતી ગામડાનું ટ્રેડિશનલ ઇન્ટિરિયર હતું. દેશી કપડાને આધુનિક લુક અપાઇને આર્ટિસ્ટિક રીતે ક્રાફ્ટ કરેલા હતાં. શોપના સેલ્સમેને વાર્મ વેલકમ કર્યુ. એક આકર્ષક ચોલી પાસે જઈને ચારેય ઊભા રહી ગયા.
‘ એની સ્પેશિયલ ઓકેશન?’, સેલ્સમેને પૂછ્યું.
‘ ઇટ્સ માય એન્ગેજમેન્ટ.’, ફેન્સીએ શરમાતા કહ્યું.
‘ મેની મેની કોન્ગ્રેચ્યુલેશન્સ.’, સેલ્સમેને હૅન્ડશેક કરીને કહ્યું.
‘ થેંક્યુ વેરી મચ.’, ફેન્સીએ કહ્યું. ફોર્માલીટી પછી ફેન્સી અને એની ફ્રેન્ડ્સ શોપમાં અલગ અલગ ડિઝાઈનર ડ્રેસીઝ જોવા લાગ્યા. અભિમાની ફેન્સી બધાં સામે વટ પાડવા માટે મોંઘી વસ્તુઓ જ ખરીદતી. ઘણા બધાં ડ્રેસ જોયા પછી એ લોકો એક એક્ઝોટિક અને બ્યુટીફૂલ ચોલી પાસે આવીને ઊભા રહ્યા.
‘ ફેન્સી આ તો તું જ લઈ શકે.’, રશિદાએ બટર લગાવતા કહ્યું.
‘ યા, ફેન્સી કંઈ પણ કરી શકે.’, વૈભવી હસી.
‘ રીયલી હેટ્સોફ તારા પ્લાનને.’, તૃષ્ણાએ ફેન્સીને ચીડવવા કહ્યું. ફેન્સી થોડી સિરિયસ થઈને તૃષ્ણા સામે જોયું.
‘ ઇટ્સ અ સ્પેશિયલી ફોર વેડિંગ ઓકેશન્સ. હેલી મહેતા ડિઝાઈન્ડ ઇટ. ધીઝ ઇઝ દ લાસ્ટ વન ઑફ ટુ.’, સેલ્સમેને ચોલી વિશે વધારે ડિટેઇલ કહી. લાલ કલરના મોતીકામથી ભરપૂર ચોલી કોઈને પણ પહેલી જ નજરે ગમી જાય એવી હતી. ચોલીનું બ્લાઉઝ બેકલેસ હતું. કોઈ પણ છોકરીને આ ચોલીમાં જોઈને કોઈ પણ છોકરો પહેલી જ નજરમાં લટ્ટુ થઈ જાય. આ ચોલી ફેન્સીને તરત જ ગમી ગઈ, બટ પ્રાઇઝ થોડીક વધુ જ વધારે હતી.
ફેન્સીએ પ્રાઇસ ટેગ સામે જોયું, ૮૯૦૦૦ હજાર. ફેન્સીની ત્રણેય ફ્રેન્ડના મોં પહોળા થઈ ગયા. બટ ફેન્સી આ ખરીદવાની જ હતી. એને બધાની સામે ભપકો પાડવાનો ચસ્કો હતો.
‘ આઈ લાઈક ઇટ, કેન યુ ગીવ ડિસ્કાઉન્ટ?’, ફેન્સીએ પૂરેપૂરો ડ્રેસ ચકાસીને સેલ્સમેનને કહ્યું.

‘ લેટ મી સી.’, સેલ્સમેન કેશ કાઉન્ટર પર જઈને કમ્પ્યુટર પર કંઈક ચેક કરવા લાગ્યો.
‘ તને ક્યારે શું બોલવુ એનું ભાન નથી હો.’, ફેન્સીએ તૃષ્ણા તરફ ફરીને કહ્યું.
‘ સૉરી ફેન્સી. ફ્લોમાં આવી ગયું.’, તૃષ્ણા થોડું હસી.
‘ સૉરી મેમ, ધેર ઇઝ નો ડીસકાઉન્ટ અવેલેબલ.’, ત્યાંજ સેલ્સમેને આવીને કહ્યું.
‘ નો પ્રોબ્લેમ, પેક ઇટ.’, ફેન્સીએ એક ક્ષણ પણ વિચાર્યા વિના કહ્યું.
‘ સ્યોર…’, સેલ્સમેન ખુશ થતો થતો બોલ્યો. ફેન્સીએ એનું ક્રેડિટ કાર્ડ આપ્યુ અને ચોલીનું પેમેન્ટ કર્યુ.
‘ થેંક્સ.’, ફેન્સીએ બેગ પકડતા સેલ્સમેનને કહ્યું.
‘ યુ આર મોસ્ટ વેલકમ.’, સેલ્સમેને વાઇડ સ્માઈલ આપતા કહ્યું. ચારેય ગર્લ્સ બહાર નીકળી.
‘ લેટ્સ ઇટ સમથિંગ યાર, મને ભૂખ લાગી છે.’, વૈભવી કણસીને બોલી.
‘ ભુખ્ખડ, ચાલ તને બર્ગર ખવરાવુ.’, ફેન્સીએ વૈભવીને એક ધબ્બો માર્યો અને હસતા હસતા કહ્યું. ચારેય મેકડી તરફ ચાલતા થયા.
‘ ભૂખ તો લાગે જ ને, ત્રણ કલાકથી અહીંથી ત્યાં ને ત્યાંથી અહીં આંટા મરાવે છો.’, વૈભવીએ સફાઇ આપી.
‘ હેય ગર્લ્સ. વોસ્સપ.’, પાછળથી એક જાણીતો અવાજ આવ્યો. ચારેય ફ્રેન્ડ્સ પાછળ ફરી.
‘ ઓહ્હ ધર્મેશ સર તમે?’, રશિદાએ એક્સાઇટેડ થઈને કહ્યું. ફેન્સીના ચહેરા પર કોઈ સારા ભાવ ન આવ્યાં.
‘ બસ થોડા કામથી આવ્યો હતો.’, ધર્મેશસરે ફેન્સી પર નજર નાખીને કહ્યું.
‘ તમે તો પૂરા બદલાઈ ગયા લાગો છો, ન્યુ હેયર સ્ટાઇલ, ન્યુ લુક. વો… વો…’, તૃષ્ણાએ પણ મસકો માર્યો.
‘ એક શોર્ટ ફિલ્મ કરી રહ્યો છું. એનો લૂક છે.’, ધર્મેશસરે હસતા હસતા કહ્યું.
‘ ચાલો સર અમે નાસ્તો કરવા જઈ રહ્યા છીએ. ફેન્સી પાર્ટી આપે છે.’, રશિદાએ ફેન્સી સામે હસતા હસતા જોઈને કહ્યું.
‘ ચાલો સર નાસ્તો કરવા.’, ફેન્સી પરાણે પરાણે બોલી.
‘ સ્યોર. ફેન્સી પાર્ટી આપતી હોય તો આવવુ જ પડે ને.’, ધર્મેશસરે બધાં સાથે ચાલતી પકડી. બધાં મેકડીમાં ગયા અને ઑર્ડર આપ્યો.
‘ તો સર, શું નામ છે શોર્ટ ફિલ્મનું?’, બાજુમાં બેસેલી રશિદાએ પૂછ્યું.
‘ ડિફરન્ટ પાથ. લવ સ્ટોરી છે. બાય દ વે શેની પાર્ટી છે?’, ધર્મેશસરે વાત આગળ ચલાવવા પૂછ્યું.
‘ લ્યો સર, તમને ખબર નથી? ફેન્સી ઇઝ ગેટિંગ એન્ગેજ્ડ.’,
‘ ઓહ્હ કોન્ગ્રેટ્સ ફેન્સી.’, ધર્મેશસરે હાથ લંબાવ્યો. ફેન્સીએ ઇચ્છા વિરુદ્ધ હાથ આપવો પડ્યો. ધર્મેશસરે ફેન્સીનો હાથ વધારે જ દબાવ્યો અને હસ્યા.
‘ થેંક્યુ વેરી મચ.’, ફેન્સી ભાર દઈને બોલી.
‘ યુ આર મોસ્ટ મોસ્ટ વેલકમ.’, ધર્મેશસર પણ ભાર દઈને બોલ્યા.
‘ તો તમે લોકો શું કરો છો? અને આ મેડમ કોણ છે?’, ધર્મેશસરે વૈભવી સામે જોઈને પૂછ્યું.
‘ એ વૈભવી છે. સેપ્ટમાં આર્કિટેક્ચરમાં ફાઈનલ યરમાં છે.’, ફેન્સીએ થોડી સ્માઈલ લાવીને કહ્યું. જ્યારે જ્યારે એના ચહેરા પર આવી સ્માઈલ આવતી ત્યારે ત્યારે એના મનમાં કોઈ શૈતાની વિચાર આવતો.
‘ હું એક CA ફર્મમાં અકાઉન્ટન્ટ છું અને તૃષ્ણા ઘર પર આરામ કરે છે.’, રશિદાએ જવાબ આપતા કહ્યું.

‘ અને તું ફેન્સી?’,
‘ એને તો જલસા છે. એને ક્યાં કંઈ કરવાની જરૂર છે. હવે તો એ વિવાનની વાઇફ બનવાની છે. મિસ રેસર.’, ચૂપચાપ બેસેલી વૈભવી બોલી. બધાં હસી પડ્યા.
‘ તારે કામ કરવું હોય તો એક પ્લેમાં તારા લાયક રોલ છે.’, ધર્મેશસરે પણ મનમાં કંઈક વિચારીને કહ્યું.
‘ હાલ તો ટાઈમ નથી. એન્ગેજમેન્ટ પછી કહું. બટ વૈભવીને એક્ટિંગ ક્લાસ જોઈન કરવા છે. એને હૅલ્પ કરી શકો. નઇ વૈભવી?’, ફેન્સીએ વૈભવી સામે જોઈને કહ્યું.
‘ યા આઈ વોઝ થીંકિંગ કે એક્ટિંગનો વર્કશોપ કરું.’, બ્યુટીફૂલ વૈભવી એના વાળની લટ વાળતા વાળતા બોલી.
‘ સ્યોર હું પૂછાવી લઈશ.’, ફેન્સી શું કહી રહી હતી, એ બરાબર સમજતા ફેન્સી સામે સ્માઈલ કરતા કરતા ધર્મેશસરે કહ્યું.
ફેન્સી ઊભી થઈને કાઉન્ટર પર ગઈ અને ફૂડ ટ્રે લઈ આવી.
‘ તો ક્યારે છે એન્ગેજમેન્ટ?’, ધર્મેશસરે જાણતા હોવા છતાં પૂછ્યું.
‘ સન્ડે.’, ફેન્સીએ બર્ગરને બટકું ભરીને કહ્યું. બોલતી વખતે એનો અવાજ વિચિત્ર હતો.
‘ તો ઇન્વિટેશન નહીં મળે?’, ધર્મેશસરે કહ્યું.
‘ તે તો મને ઇન્વિટેશન આપ્યુ છે હરામી, મારે આપવાની શી જરૂર છે?’, ફેન્સીના મનમાં જ શબ્દો ઉઠ્યા.
‘ અત્યારે આપી દવ છું ને, સર તમારે આવવાનું જ છે.’, ફેન્સીએ નકલી સ્માઈલ લાવીને કહ્યું.
‘ સર તમારી એન્ગેજમેન્ટ થઈ કે નહીં?’, તૃષ્ણા હસતા હસતા બોલી પડી.
‘ કોઈ સારી છોકરી ધ્યાનમાં હોય તો કહેજો. છોકરી જ શોધી રહ્યો છું.’, ધર્મેશસરે હસતા હસતા કહ્યું.
‘ સર છોકરીઓ તો બહુ જ છે. ફેન્સીની સગાઈમાં આવો એટલે બતાવીએ..!’, રશિદા હસવા લાગી. ધર્મેશસરે વૈભવી સામે જોઈને સ્મિત કર્યુ. વૈભવીએ પણ વળતુ સ્મિત કર્યુ.
બધાંએ પહેલાંના દિવસો યાદ કર્યા. એક્ટિંગ ક્લાસ અને ત્યારે કરેલી ધમાલોને વાગોળીને બધાંએ ગપ્પા માર્યા. વૈભવી ધર્મેશસરની વાતો સાંભળીને ઇમ્પ્રેસ થઈ ગઈ હતી. ફેન્સીએ જે વિચાર્યુ હતું એ પણ બરાબર જઈ રહ્યું હતું. નાસ્તો કરીને બધાં મેકડીની બહાર નીકળ્યા.
‘ ગર્લ્સ હું કાર લઈને આવું છું, તમે ગેટ પાસે ઊભા રહો.’, ફેન્સીએ ધર્મેશસરની સાથે પાર્કિંગ તરફ જતા કહ્યું.
‘ બાય ગર્લ્સ, આઈ હોપ સી યુ સૂન. બાય વૈભવી.’, ધર્મેશસરે વૈભવી સામે જોઈને કહ્યું. ફેન્સી અને ધર્મેશસર બેઝમેન્ટ તરફ ચાલતા થયા.
‘ તુ મારો પીછો કરી રહ્યો છે?’, ફેન્સીએ થોડું ગુસ્સામાં કહ્યું.
‘ ના ડાર્લિંગ ધીઝ ઇઝ જસ્ટ કોઈન્સિડન્ટ.’, ધર્મેશસરે ફેન્સીના ખભા પર હાથ મુકતા કહ્યું.
‘ આઈ વોર્ન યુ, આમ મને હેરાન કરવાનું છોડી દે.’, ફેન્સીએ ધર્મેશસરનો ખભા પરથી હાથ ફેંકતા કહ્યું.
‘ નો પ્રોબ્લેમ. બટ એક વાત તો યાદ છે ને? આપણે લાસ્ટ ટાઈમ મળવાના છીએ.’, ધર્મેશસરે હસતા હસતા કહ્યું. ફેન્સીએ ગુસ્સાની નજરથી ધર્મેશસર સામે જોયું. બંને બેઝ્મેન્ટમાં પહોંચ્યા.
‘ ફૂલ એન્ડ ફાઇનલ ધર્મેશ, તારી ઇચ્છા પૂરી થઈ એટલે મારી સામે પણ ના જોતો.’, ફેન્સીએ આંગળી ચીંધીને કહ્યું.
‘ બટ તું અંદર જે કહેતી હતી એ થઈ શકે?’, ધર્મેશસરે ફેન્સીનો હાથ પકડી લીધો.
‘ આઈ વિલ ટ્રાય બટ, પ્રોમિસ મી કે મને આમ હેરાન નહીં કરે.’, ફેન્સીએ નેણ ઊંચા કરીને

કહ્યું.
‘ થેંક્યુ યુ વેરી મચ, અને આપણે સેટરડે નાઈટ મળવાનું છે. પ્લેસ હું તને કહી દઈશ.’,
‘ ધર્મેશ હું તને વૈભવી તો આપી રહી છું, તો પણ?’, ફેન્સી જાણે કરગરતી હોય એમ બોલી.
‘ એક્સપીરીયન્સ્ડ ફેન્સી જેવી મજા એમેચ્યોર વૈભવીમાં ક્યાં?’, ધર્મેશસરે ફેન્સીનો હાથ ચુમતા કહ્યું. ફેન્સી થોડું હસી પડી.
‘ ધીઝ ઇઝ ફેન્સી.’, ધર્મેશસરે ફેન્સીની સ્માઇલ જોઈને કહ્યું.
‘ ધીઝ ઇઝ લાસ્ટ ટાઈમ ધર્મેશ, આઈ લવ વિવાન.’, ફેન્સીએ સોફ્ટ અવાજમાં કહ્યું.
‘ આઈ નો, બટ લાસ્ટ ટાઈમ મસ્ટ બી વાઇલ્ડ.’, ધર્મેશસરે ફેન્સીને પોતાની બાહોંમાં ખેંચી લીધી. બેઝમેન્ટનો સુનકારો એનો વીટનેસ બન્યો.
‘ સ્યોર…’, ફેન્સી બોલી અને ધર્મેશસરે ફેન્સીને કિસ કરી લીધી. એક મિનિટ પછી ફેન્સીએ ધર્મેશસરને પાછળ ધકેલ્યા.
‘ જ્યુસી લીપ્સ બેબ.’, ધર્મેશસરે હસીને કહ્યું.
‘ બ બાય…’, ફેન્સીએ કારનો દરવાજો ખોલ્યો અને સ્ટીયરીંગ સંભાળ્યુ. એણે કારને રીવર્સ ગીયરમાં નાખી.
‘ નંબર મૅસેજ કરું છું વૈભવીનો તને.’, ફેન્સીએ વીન્ડોમાંથી ચહેરો બહાર કાઢીને કહ્યું.
‘ લવ યુ બેબ.’, ધર્મેશસરે હસતા હસતા ટાટા કહ્યું. ફેન્સીએ કાર બેઝમેન્ટની બહાર ભગાવી મુકી.
***
વિવાન….! એ જ વિવાન જે સ્પીડનો લવર છે, જેણે અંકિતાને બેશૂમાર પ્રેમ કર્યો હતો, જેણે એના પ્રેમને પામવા માટે શું શું નહોતું કર્યુ, એ હજુ ત્રણ મહિના પહેલાંના સદમામાંથી બહાર નથી આવી શક્યો, જેને મનમાં કંઈ ખોટું કરી નાખ્યાનો પછતાંવો છે, પરંતુ એની પાસે કોઈના ચહેરા સામે જઈને સ્વીકારવાની હિંમત નથી. વિવાનને એવું લાગી રહ્યું હતું કે એ સગાઈ કરીને છૂટી જશે. ફિલોસોફરો અને ઋષિઓ કહેતા હોય છે, આ શરીર અહીં જ છોડીને જવાનું છે. માણસ સાથે કંઈજ નથી આવતુ. વાત તો એકદમ સાચી છે. આપણે કંઈ સાથે લઈ જઈ નથી શકતા, બટ આપણે ઘણું બધું છોડીને જતા હોઈએ એનું શું? જેમ આપણા સારા કામો લોકો નથી ભૂલતા એમ અમુક ભુલો પણ વર્ષો સુધી સચવાઈ રહેતી હોય છે. આપણી યાદોને કોણ બાળી શકશે? એતો કેટકેટલા વર્ષો સુધી સચવાઈ રહેતી હોય છે, કેટલીક યાદો ખુશીઓથી ભરી દેતી હોય, તો કેટલીક યાદો શૂળની જેમ પળે પળે ખૂંચતી રહેતી હોય છે.
વિવાન વિચારતો હતો કે આમ સિગારેટ ફૂંકીને એ વધુને વધુ દસ વર્ષ કાઢી લેશે. હવે એમ પણ એને જીવવામાં ઇન્ટરેસ્ટ રહ્યો નહોતો. જ્યારે મગજમાં કોઈના વિચારોના વાવાઝોડા અને ત્સુનામી પળે પળ આવતા હોય ત્યારે એમાંથી બહાર નીકળવું ખૂબ અઘરું હોય છે. ક્યારેક આસપાસ બધું શાંત હોવા છતાં અંદર બૂમરાળ હોય તો ક્યારેક આસપાસ ઘોંઘાંટ હોવા છતાં અંદર એક વેરાન શાંતિ હોય. એવીજ અંકિતાની યાદોના બવંડરનો સામનો વિવાન પળે પળે કરી રહ્યો હતો.
જેકીના ફ્લૅટમાં હોમ થીયેટર પર પોપ- ડીજે સોંગ્સ વાગી રહ્યા હતાં. પાર્ટીમાં બધાંજ નાચી રહ્યા હતાં. બટ વિવાન વ્હીસ્કીનો ગ્લાસ લઈને બારીમાંથી અમદાવાદના લાઇટોથી ચમકતા રોડને જોઈ રહ્યો હતો. વીસમાં માળેથી બધું કેટલું નાનું નાનું દેખાતુ હતું. જાણે કોઈને કોઈની ના પડી હોય. ઉપરથી દેખાતી નાની નાની ગાડીઓ જાણે રમકડા હોય એમ ભાગી રહી હતી. ડીજે સોંગ્સનો ઘોઘાંટ વિવાનના કાનમાં નહોતો ઘૂસી શક્યો. એને તો એક શાંતિ જ સંભળાતી હતી. વ્હીસ્કીનો એક એક ઘૂંટડો અંકિતાની યાદોના ઘાવોને મલમ આપવાનું કામ કરતો હતો.

બીજા હાથમાં પકડેલી સિગાર ઊંડે ઊંડે સૂધી એ મલમને સૂકવવાનું કામ કરતી હતી. વિવાન માત્ર ભાન ભૂલી જવા માંગતો હતો, બટ હવે તો વ્હીસ્કીનો નશો પણ નહોતો ચડતો, અંકિતાના પ્રેમનો શરાબ વિવાનને એવો ચડેલ હતો કે એની સામે બીજી શરાબ હવે ફીક્કી હતી. વિવાનને એટલી ખબર હતી, જ્યાં સુધી એની સિગાર પૂરી નહીં થાય ત્યાં સુધી અંકિતાની યાદો એના મનથી મગજ સુધી પહોંચી નહીં શકે. પરંતુ જેવી સિગાર પૂરી થશે, જેવા સિગારના લાંબા લાંબા કશ બંધ થશે, એટલે તરત જ અંકિતાનો ચહેરો એની સામે આવી જશે. પ્રેમ માણસને ખુશીઓ ખૂબ જ આપે, બટ એ જ પ્રેમ તમને પળે પળે પાણી બહારની માંછલીઓની જેમ તડફડતા પણ કરી મુકે.
‘ વિવાન કમ ઇનસાઇડ, વી આર હેવીંગ પાર્ટી બેબી.’, વિવાનની એક ફ્રૅન્ડ અપૂર્વા આવી અને વિવાનની બાજુ પર વળગતા બોલી.
‘ તુ જા, હું આવું છું.’, વિવાને સિગાર ફૂંકતા કહ્યું.
‘ નો વિવાન, કમ ડાન્સ વિથ મી.’, નશામાં ડોલતા ડોલતા અપૂર્વા બોલી. વિવાનનો કોઈ મુડ નહોતો. છતાં વિવાન અપૂર્વા સાથે અંદર આવ્યો.
‘ વ્હાય આર યુ સો સેડ બેબી? હેવ અ ફન.’, અપૂર્વા એક હાથમાં વ્હીસ્કીનો ગ્લાસ લઈને ડોલવા લાગી. વિવાને કોઈ જ જવાબ ના આપ્યો. અપૂર્વાના તાલ સાથે એ ધીમે ધીમે હલતો રહ્યો.
‘ હેય હેય, ગીમ્મી કિસ.’, અપૂર્વાએ વિવાનના મોં પાસે ચહેરો લાવીને કહ્યું. વિવાને તરત જ અપૂર્વાને ધક્કો મારી દીધો. અપૂર્વા નશામાં હતી, તરત જ એ નીચે ગબડી પડી. એને ગુસ્સો આવ્યો. એ સેન્ડીના સહારે ઊભી થઈ અને બાજુમાં પડેલો ગ્લાસ વિવાન પર ફેંક્યો. નશામાં પણ અપૂર્વાનો નીશાનો અજાણતા લાગી ગયો. કાચનો ગ્લાસ વિવાનના માથા પર જઈને ટકરાયો.
‘ ફકિંગ સ્લટ.’, વિવાનને તરત જ અપૂર્વા પાસે જઈને એક જોરદાર તમાચો ચોડી દીધો. સેન્ડી વિવાનને રોકી ના શકી. એણે અપૂર્વાને સંભાળી. જીગીયાએ વિવાનને શાંત પાડવાની કોશિષ કરી.
‘ સન ઑફ અ બીચ. ફક યુ.’, અપૂર્વાએ નશામાં ડોલતા ડોલતા વિવાન પર હાથ ઊઠાવવાની કોશિષ કરી પણ એનો હાથ વિવાન સુધી પહોંચી ના શક્યો. જેકીએ મ્યૂઝિક બંધ કર્યુ. સેન્ડી અપૂર્વાને બીજી રૂમમાં લઈ ગઈ. જતા જતા અપૂર્વા જીભ પર જે આવ્યું એ બધું બોલી હતી. વિવાનને એનાથી જરાંય ફરક ના પડ્યો. એણે એવું જ બિહેવ કર્યુ જાણે કંઈ થયું જ ના હોય. અપૂર્વાને ચડી ગઈ હતી. એ ખૂબ જ નાટક કરી રહી હતી. ‘ માય ડેડ ગોના કીલ હિમ, આઈ વોન્ટ સ્પેર હિમ.. એના હાથ પગ સાજા નહીં રહે. ’ બ્લા બ્લા બ્લા અને ઘણી બધી ગાળો એ બોલી હતી. સેન્ડીએ એને સૂઈ જવા માટે કહ્યું, છતાં એ માની નહીં. સેન્ડીએ અપૂર્વાને બ્લેંકેટ ઓઢાડી દીધો. પણ એ ઉંઘી નહીં, વ્હીસ્કીને લીધે એના નાટક ચાલું રહ્યા. છેવટે સેન્ડી વિવાનની સિગાર લઈ આવી અને અપૂર્વાને કશ લગાવવા માટે આપી. પાંચ જ મિનિટમાં અપૂર્વા ઘસઘસાટ ઉંઘી ગઈ.
વિવાન, જેકી, સેન્ડી, શિલા, આર્થર અને જીગીયો બધાં દારૂની મજા માણવા બેઠા હતાં. બધાં જ ગપ્પા મારતા મારતા પેગ મારી રહ્યા હતાં, વિવાન માત્ર બધાંને સાંભળતો સાંભળતો પી રહ્યો હતો.
‘ હું યમાહા રેસિંગમાં નથી જવાનો.’, વિવાન સિગારનો કશ લગાવતા લગાવતા બોલ્યો. સાંભળીને બધાંના મોં માથી ‘ વોટ?’ નીકળી ગયું અને બધાંના મોં ફાંટ્યા રહ્યા.
‘ કેમ અલ્યા શું થયું તને હવે?’, જીગીયાએ પૂછ્યું.

‘ આઈ ડૉન્ટ ફીલ એક્સાઇટમેન્ટ એની મોર.’, વિવાન કોઈ એક્સપ્રેશન વિના બોલ્યો. જેકી આર્થર અને જીગીયો ત્રણેય વિવાન પાસે આવી ગયા.
‘ હેય બ્રો, ધીઝ ઇઝ રેર ઓપર્ચ્યુનિટી. વ્હાય આર યુ ડુંઇગ ધીઝ?’, આર્થરે વિવાનના ખભા પર હાથ મુકીને કહ્યું.
‘ આઈ કાન્ટ રાઇડ એનીમોર.’, વિવાન ઉદાસ ચહેરે બોલ્યો.
‘ બટ વ્હાય, આજે સવારે જ તો તે બધાં પહેલાં વીનિંગ લાઇન ક્રોસ કરી હતી’, જેકી બોલ્યો.
‘ જીગીયા, એનો ચહેરો મારી આંખો સામેથી દૂર નથી જતો.’, વિવાનનું માથુ જીગીયાના ખભા પર ઢળી પડ્યુ. એ ધ્રૂસકા લેવા લાગ્યો.
‘ વિવાન બધું બરાબર થઈ જશે.’ શિલાએ વિવાનનો હાથ પકડીને સહાનુભૂતી દર્શાવી.
‘ આઈ રુઇન્ડ હર લાઈફ, આઈ ડીડન્ટ ટ્રસ્ટ હર.’, વિવાન ધ્રૂસકા લેતા લેતા બોલ્યો. મંદ નશામાં એનો પછતાંવો બહાર નીકળી રહ્યો હતો. પરંતુ વિવાનના ફ્રૅન્ડ્સને ખબર હતી જ્યારે આ નશો ઉતરશે ત્યારે વિવાન આ નહીં બોલી શકે. નશામાં આવું વિવાન ત્રીજી વાર કનફેસ કરી ચુક્યો હતો, બટ નશો ઉતર્યા પછી એ કોઈનું સાંભળતો નહીં.
‘ હેય, તે કંઈજ ખોટું નથી કર્યુ. ચાલ હવે સૂઈ જા.’, સેન્ડી બોલી.
‘ આઈ એમ હાર્ટલેસ.. આઈ ડૉન્ટ ડીઝર્વ અંકિતા.’, વિવાને તરતજ એના આંસુ લૂછી નાખ્યા. જીગીયાએ વિવાનને શાંત કરવા એનો ખભો થાબડ્યો.
‘ લાવ એક પેગ બનાવ.’, વિવાને આર્થર સામે ગ્લાસ ધરતા કહ્યું.
‘ અલ્યા રેવા દે તું હવે.’, જેકી બોલ્યો.
‘ તુ આપને યાર, મને એમ નહીં ચડે.’, વિવાન હસતા હસતા બોલ્યો.
‘ તને ચડશે નહીં, ચડી ગઈ છે બકા.’, જીગીયો બોલ્યો.
‘ એક પેગ જીગીયા માટે પણ.’, વિવાન જીગીયા સામે જોઈને ધીમુ હસ્યો. કોઈને મુડ બગાડવો નહોતો. બધાંએ એક એક પેગ માર્યો.
‘ તો ચાલો ક્યાંક ફરવા જઈએ.’, શિલા બોલી.
‘ ક્યાં?’, સેન્ડીએ પૂછ્યું.
‘ પ્લાન બનાવો તમે.’, શિલાએ કહ્યું.
‘ સગાઈ પછી આબુ જઈએ.’, જેકી બોલ્યા.
‘ યા ગુડ પ્લેસ.’, આર્થર એવી રીતે બોલ્યો જાણે એ ત્યાં જઈ આવ્યો હોય.
‘ વિવાન પાક્કુ ને?’, જેકીએ વિવાનને સાથળ પર હાથ મુકીને કહ્યું.
‘ ડન.’, વિવાને નાની સ્માઇલ આપીને કહ્યું.
‘ વોટ? વોટ ડન?’, જેકીએ વિવાને સાંભળ્યુ છે કે નહીં એ કનફર્મ કરવા પૂછ્યું.
‘ વોટેવર. તમે જે પ્લાન કરતા હશો એ સારો જ હશે ને.’, વિવાને થોડું હસીને કહ્યું.
‘ આમ ક્યારેક ક્યારેક સ્માઈલ કરે તો અમને પણ કેટલી રીલીફ થાય યાર.’, જીગીયાએ વિવાનના ખભા પર હાથ મુકીને કહ્યું. વિવાન જીગીયા સામે જોઈને હસ્યો. બંનેએ એકબીજા સામે જોયું. જીગીયાને લાગ્યું કે હમણા વિવાનની આંખો ભીની થઈ જશે. બટ એની આંખો સુકી જ રહી.
‘ જીગીયા. તમને બધાંને પણ ખબર છે, આ નકલી સ્માઈલ છે. હું નથી ચાહતો કે મારાં લીધે તમારી પાર્ટી બગડે. એટલે તમે મોજ કરો યાર.’, વિવાને હસતા હસતા કહ્યું. જેકી અને જીગીયાએ વિવાનની પીઠ થાબડી.
‘ એવરીથિંગ ઇઝ ગોના ઑલરાઇટ બ્રો.’, બંને બોલ્યા. વિવાને બૂજાઇ ગયેલી સિગાર સળગાવી.

‘ બહુ સિગારેટ તારી હેલ્થ માટે સારી નથી, થ્રો ઇટ પ્લીઝ.’, સેન્ડીએ વિવાન સામે જોઈને કહ્યું.
વિવાનના મનમાં આ સાંભળતા જ એક યાદનો ભરાવો થયો. એ સહન ના કરી શક્યો. એણે ગુસ્સામાં આવીને હાથમાં રહેલા ગ્લાસનો એક ખૂણામાં છૂટ્ટો ઘા કર્યો.
‘ ડૉન્ટ ટેલ મી ધેટ.’, વિવાને ગુસ્સામાં સેન્ડી તરફ આંગળી કરીને કહ્યું.
વિવાનના મગજમાં અંકિતાની દરેક વાતો એવી રીતે ઘૂંટાઇ ગઈ હતી કે જ્યારે પણ કોઈનો શબ્દ અંકિતાની યાદો સાથે જોડાઇ જતો ત્યારે વિવાન સહન ના કરી શકતો.
‘ આ સિગારેટ તારી હેલ્થ માટે સારી નથી, થ્રો ઇટ પ્લીઝ.’, જ્યારે વિવાન અને અંકિતા પહેલીવાર મળ્યા હતાં ત્યારે અંકિતાએ સિગારેટ પી રહેલા વિવાનને કહ્યું હતું. એ યાદ વિવાન પર હાવી થઈ ગઈ. એ તરત જ વ્હીસ્કીનો બીજો ગ્લાસ લીધો અને એક ઘૂંટડે ગટગટાવી ગયો. એણે આંખો બંધ કરીને સિગારનો એક ત્રીસ સેકન્ડ લાંબો કશ મારી લીધો. પણ અંકિતા એની આંખો સામેથી થોડી હટવાની હતી. અમુક બીમારીઓ હૃદય સાથે જોડાયેલી હોય છે. એનો ઇલાજ હૃદય જ કરી શકે.
***

પ્રકરણ – ૧૪

" અંકુ "

બરાબર બાર વાગ્યે અંકિતાના મોબાઈલમાં વિવાનનો કૉલ આવ્યો . અંકિતાને ખ્યાલ જ હતો કે એના બર્થ - ડેના દિવસે પહેલો કૉલ વિવાનનો જ આવશે . અંકિતા અને વિવાનનો પ્રેમ એવો હતો કે એ લોકો ગમે એટલી વાર મળે , એકબીજા સાથે વાત કરતા બંનેની ધડકનો તેજ થઈ જતી . આ બધું કરવાવાળો પ્રેમ હતો .

અંકિતાએ કૉલ રીસિવ કર્યો . ત્યાં જ નિશા , સોનુ અને કૃપા ત્રણેય નિશા પાસે આવીને જોરજોરથી હેપ્પી બર્થડેનું સોંગ ગાવા લાગ્યા . ફોન ચાલું જ રાખીને અંકિતાએ ત્રણેયને હગ કર્યુ અને થેંક્યુ કહ્યું . નિશા , સોનુ અને કૃપા પણ સમજી ગયા કે વિવાનનો કૉલ આવ્યો હતો એટલે એ લોકોએ અંકિતાને પ્રાઇવસી આપી .

' ડાર્લિંગ , સે ઇટ .', અંકિતાએ નટખટ થઈને કહ્યું .

' નોટ લાઈક ધીઝ .', સામેથી વિવાનનો અવાજ આવ્યો . વિવાને અંકિતાને બર્થડે વિશ ના કર્યુ .

' ધેન ?', અંકિતાના ચહેરા પર મોટી સ્માઈલ આવી .

' કમ આઉટ સાઇડ ડીઅર . આઈ એમ વેઇટિંગ .', વિવાન બોલ્યો .

' ઓકે , હું થોડી જ વારમાં ચૅન્જ કરીને આવું છું .', અંકિતા ઉતાવળે બોલી .

' નો નીડ ટુ ચૅન્જ ડાર્લિંગ , કમ એઝ યુ આર નાઉ .', વિવાન ખૂબ જ પ્રેમથી બોલ્યો .

' નાઈટ ડ્રેસમાં ?', અંકિતા આશ્ચર્યમાં બોલી .

' યા , વ્હાય નોટ ?', વિવાન હસતા હસતા બોલ્યો .

' ઓકે , ડાર્લિંગ .', અંકિતાએ કૉલ કટ કરીને પોતાના વાળ વ્યવસ્થિત કર્યા . કપડાને વ્યવસ્થિત કર્યા , રૂમ પાર્ટનર્સને ' હમણા આવું ' એમ કહીને બહાર ચાલતી થઈ . અંકિતાની ધડકનો બહાર શું છે એ જોવા થનગની રહી હતી . વિવાન અંકિતાનો જીવ હતો . અંકિતા વિવાનને જોતા જ બધું ભૂલી જતી . એને સુખ દુખનું ભાન જ ન રહેતું . જ્યારે પણ અંકિતા વિવાન સાથે હોતી ત્યારે પરમ પ્રસન્નતામાં હોતી . અંકિતાની સામે વિવાનનો ચહેરો એટલે લાગણીઓનો ઉભરો . અને આજ તો એક સ્પેશ્યલ ડે હતો . અંકિતાનો બર્થ ડે .

વિવાન પણ નાઈટડ્રેસમાં જ એની બાઈક લઈને ઊભો હતો . અંકિતાને આવતી જોઈને એના ચહેરા પર વિશાળ સ્માઈલ આવી ગઈ . અંકિતા વિવાનની સ્માઈલ જોઈને ઇમોશનલ થઈ ગઈ . એની એક આંખનો ખૂણો ભીનો થઈ ગયો . વિવાને સ્મિત કરતા કરતા સીટ પર બેસવાનો ઇશારો જ કર્યો . અંકિતાના ચહેરા પર મોટી સ્માઈલ આવી ગઈ . વિવાને તરત જ બાઈક ભગાવી મુકી . વિવાન અંકિતાને કોઈ સરપ્રાઇઝ આપવાનો હતો . એટલે આખા રસ્તે કંઈ ના બોલ્યો . માત્ર મંદ મંદ હસતો રહ્યો . એ પણ અંકિતાના ચહેરા પર સ્માઈલ સિવાય બીજુ કંઈ જ નહોતો ચાહતો . થોડે આગળ જઈને એણે બાઈકને ઊભી રાખી . એણે પાછું ફરીને અંકિતા સામે જોયું . બંનેની લાગણીઓથી ભરપૂર આંખો મળી .

' હવે આંખો બંધ કરી લે .', વિવાને ખૂબ જ પ્રેમથી કહ્યું .

' આઈ એમ ઑલ યોર્સ ...!', અંકિતાએ પણ ખૂબ જ મદહોશ રીતે કહીને આંખો બંધ કરી લીધી . અંકિતાની આંખો સામે અંધારુ છવાઈ ગયું . હવે માત્ર એ વિવાનની બાઈકની સ્પીડને જ મહેસૂસ કરી રહી હતી . બાઈક ટોપ સ્પીડ પર જઈ રહી હતી . થોડી વાર પછી રોડની બંને તરફથી ઠંડો પવન આવી રહ્યો હતો . અમદાવાદ શહેરમાં તો આવો પવન ? કેટ કેટલા પ્રશ્નો અંકિતાના મનમાં હિલોળા લઈ રહ્યા હતાં . ધીરે ધીરે બાઈક ધીમી પડવા લાગી . વિવાનના

કહ્યા પ્રમાણે અંકિતાની આંખો બંધ જ હતી. બાઈક ઊભી રહી ગઈ. વિવાન અંકિતાના ખભા પર હાથ રાખીને એને દોરી ગયો.
' હવે પાંચ ઊંડા શ્વાસ લે અને આંખો ખોલ.', પાછળથી વિવાનનો અવાજ આવ્યો.
અંકિતાના ખભા પરથી વિવાનનો હાથ ગાયબ થઈ ગયો. અંકિતાએ ઊંડા ઊંડા શ્વાસ લેવાનું શરૂ કર્યુ. એની નર્વસનેસ ધીરે ધીરે ગાયબ થવા લાગી. બટ સાથે સાથે એક્સાઇટમેન્ટ પણ વધતી ગઈ. પાંચમો શ્વાસ અંકિતાએ ખૂબ જ ઊંડો લીધો. પછી અંકિતાએ ધીરે ધીરે આંખો ખોલી.
એની સામે એક મોટુ વિશાળ ખેતર હતું. જેમાં ઘઉં વાવેલા હતાં. બટ અંકિતાને કોઈ જ નહોતું દેખાઈ રહ્યું. ચારે તરફ ઊંચો ઊંચો ઘઉનો મોલ જ હતો. ઠંડો ઠંડો પવન વાતાવરણને આહ્લાદક બનાવી રહ્યો હતો. હોર્નના અવાજ વચ્ચેના શહેરથી દૂર આ શાંત અને એકલું ખેતર કેટલું સુંદર લાગી રહ્યું હતું. અંકિતાના પેટમાં એક્સાઇટમેન્ટ કુદકા મારી રહી હતી. અંકિતાન ચહેરા પર સ્માઈલ આવી.
' માય નોટી બેબ !', એ બબડી.
એણે ચારેતરફ જોયું, એને હવે વિવાનને શોધવાનો હતો. એ આમથી તેમ ફરવા લાગી. એક સીધી કેડી હતી, પરંતુ એ ખેતરની બહાર જઈ રહી હતી. અંકિતાએ કેડી ના હોવા છતાં અંદરને અંદર જ જવાનું નક્કી કર્યુ. એ પાકના પાળે ચાલતી ચાલતી અંદર જવા લાગી. ખેતર તાજુ જ પાયેલું હતું. અંકિતાએ એના ચપ્પલ જ્યાં ઊભી હતી ત્યાંજ ઉતારી દીધા. ઘણા સમય પછી એના પગને તાજી ભીની માટીનો સ્પર્શ થયો. પ્લાસ્ટિકના ફેશનેબલ સેન્ડલ્સ આ આનંદ ન આપી શકે. એને અદભુત એક્સપિરિયન્સ થઈ રહ્યો હતો. એ ઘણી અંદર ચાલી. થોડી વાર પછી એ એક એવા સ્થળ પર આવીને પહોંચી ગઈ જ્યાં વર્તુળમાં કોઈ પાક નહોતો. ત્યાં કોઈ લાઈટ પણ નહોતી. એ વર્તુળની ચારે તરફ પાક હતો, બટ એ વર્તુળમાં કંઈજ નહોતું.
અંકિતાએ એ વર્તુળમાં પગ મુક્યો એટલે તરત જ ચારે તરફ લાઇટો શરૂ થઈ ગઈ. વર્તુળની ચારે તરફ વાયોલીન લઈને મ્યૂઝિશિયનો ઊભા હતાં એમણે તરત જ હેપ્પી બર્થ ડેનું મ્યૂઝિક શરૂ કર્યુ. ધીરે ધીરે એ મ્યૂઝિશિયનો હેપ્પી બર્થડેની ટ્યૂન વગાડતા વગાડતા ખેતરની અંદર ખસતા ગયા. લાઈટ ફરી ડીમ થવા લાગી. બટ મ્યૂઝિક હજુ શરૂ હતું. અંકિતા વિવાનની આ સરપ્રાઇઝ જોઈને એસ્ટોનીશ્ડ થઈ ગઈ હતી. અંકિતાએ વિવાનને એક હાથમાં કેક લઈને આવતા જોયો. કેક વોઝ રેડ એન્ડ હાર્ટ શેપ્ડ. જે ખૂબજ નાની હતી. માત્ર બે નાના બાઇટ લઈ શકાય એવડી. વિવાન અંકિતા પાસે પહોંચ્યો. કેક પરની નાની મીણબતી બંનેના પ્રેમની વીટનેસ હતી. બંનેએ નાની મીણબતીના અંજવાળા વચ્ચે એકબીજામાં આંખો મીલાવી.
' હેપ્પી બર્થડે સ્પીડ ઑફ માય લાઈફ.', વિવાને અંકિતાની આંખમાં જોઈને કહ્યું. પછી વિવાને એના પોકેટમાંથી એક નાનું ચપ્પુ કાઢ્યુ અને અંકિતાના હાથમાં આપ્યુ. વિવાન અને અંકિતા બંનેએ ચપ્પુ હાથમાં પકડી રાખ્યું. અને બંનેએ નાની કેક કાપી. બેકગ્રાઉન્ડ મ્યૂઝિક હેપ્પી બર્થડેમાંથી રોમેન્ટિક થઈ ગયું હતું. અંકિતાએ એક નાનો ટુકડો વિવાનના હાથમાં મુક્યો. વિવાને અંકિતાનો હાથ ચુમી લીધો. પછી બીજો ટુકડો વિવાને અંકિતાના મોંમાં મુક્યો. બે ટુકડાથી બનેલી કેક પૂરી થઈ ગઈ. બંને એકબીજાને ભેટી પડ્યા.
' આઈ લવ યુ વિવુ.', જ્યારે અંકિતા કોઈ શબ્દો બહાર ના કાઢી શકી ત્યારે બોલી પડી. વિવાન જસ્ટ કસીને હગ કરતો રહ્યો. પાછળનું વાયોલીનનું ધીમું ધીમું, મંદ મંદ રોમેન્ટિક મ્યૂઝિક એની સ્પીડ પકડી રહ્યું હતું. વિવાને અંકિતાને ગળા પર કિસ કરી. અંકિતાના શરીરમાં અરેરાટી દોડી ગઈ. વિવાને અંકિતાની ગરદનની બીજી તરફ કિસ કરી. રોમેન્ટિક

મ્યૂઝિક વચ્ચે વાતાવરણ એગ્રેસિવ બની રહ્યું હતું. વિવાને અંકિતાના બન્ને હાથ કસીને પકડી રાખ્યા હતાં. બંનેના હાથ પગમાં પૂરેપૂરું જોર આવી ચૂક્યું હતું. વર્તુળના એક છેડે કડબનો ભારો પડ્યો હતો, ત્યાં જ જઈને બને પડી ગયા. વિવાને અંકિતાના ગરદન પર કિસ કરવાનું શરૂ રાખ્યું હતું. અંકિતા એની આંખો બંધ કરીને માત્ર આ અનએક્સપ્લેઇનેબલ મોમેન્ટને માણી રહી હતી. વિવાન ગરદનની પાછળ કિસ કરતા કરતા ગરદનની આગળ આવ્યો. અંકિતા જે ફીલ કરી રહી હતી એ બીઝાર હતું. એણે આવું ક્યારેય નહોતું અનુભવ્યું. એ જસ્ટ આનંદની ચરમસીમા સિવાય કશુંજ ફીલ નહોતી કરી રહી. વિવાન ધીરે ધીરે ગળાથી નીચેના ભાગ તરફ કિસ કરતો રહ્યો. વિવાનના હાથ અંકિતાના બેક પર ભીંસેલા હતાં. અંકિતાના હાથ વિવાનના બેક પર. એ ઘાસના પૂળા અને મંદ મંદ મ્યૂઝિક વચ્ચે એક યુગલ એકબીજામાં પૂરેપૂરું પીગળી રહ્યું હતું. અંકિતાના ગળા પાસેના સેન્ટની સુંગધ લઈને વિવાન પાગલ પાગલ બની રહ્યો હતો. અંકિતાના કપાળ પર ધીરે ધીરે પરસેવાના બુંદો છવાવા લાગ્યા હતાં. મ્યૂઝિક ટેકન અ ટોન ઑફ ઇરોટીક મેલોડી. ચારેતરફ વાતવારણ મદહોશ થઈ રહ્યું હતું. વિવાને અંકિતાને ચૂમવાનું શરૂ રાખ્યું હતું. પગની પાનીથી માથાના કપાળ સુધી. અંકિતા પણ કંટ્રોલ ના કરી શકી. એણે પણ વિવાનને ચુમી લીધો. ધે મેડ અ લવ ફર્સ્ટ ટાઈમ! એન્ડ ધેટ વોઝ વેરી વાઇલ્ડ.
એ ક્ષણો થોડી વારમાં વીતી ગઈ. બંને ફરી ભદ્ર અવસ્થામાં આવ્યાં. પરંતુ અચાનક મ્યૂઝિક એગ્રેસિવ અને ભયાનક વાગવા લાગ્યું. અચાનક વિવાન ઊભો થયો. અને અંકિતાથી દૂર પાછળ પાછળ ચાલવા લાગ્યો. મ્યૂઝિક વધારેને વધારે તીવ્ર બનતું ગયું. વિવાન દૂર જઈ રહ્યો હતો. અંકિતાએ ' વિવાન ..... વિવાન ...', ચીસો પાડી. પણ એનું શરીર પૂરેપૂરું જકડાઇ ગયું હતું. એ એનો હાથ પણ હલાવી નહોતી શકતી. મ્યૂઝિક કાનને વીંધી નાખે એટલું તેજ થતું ગયું. વિવાન વર્તુળની કોર પાસે પહોંચી ગયો. વિવાનને જોવામાં પણ હવે અંકિતાને તકલીફ થઈ રહી હતી. એ એનું શરીર પણ નહોતી હલાવી શકતી. વિવાન વર્તુળની કોર પરથી ગાયબ થઈ ગયો. અને અચાનક તીવ્ર મ્યૂઝિક બંધ થઈ ગયું.
' વિવુ.', અંકિતાની ચીસ સાંભળીને બધાં એના બેડ પાસે આવી ગયા. અંકિતાના કપાળ પરથી પરસેવો છૂટી ગયો હતો. કૃપા, સોનુ, નિશા અને કૃતિ ત્રણેય અંકિતાના બેડ પાસે ભેગા થઈ ગયા. ચારેયે એક સાથે જ ' શું થયું?' એમ પૂછ્યું. અંકિતાનો શ્વાસ જાણે રૂંધાઇ ગયો હતો. અંકિતાને એના ૨૧માં બર્થડેનું સપનું આવ્યું હતું. ખરેખર અંકિતાને હકીકતનું સપનું આવ્યું હતું. બટ ફરક એટલો હતો કે સપનામાં વિવાન એનાથી છૂટો પડી રહ્યો હતો, અને અંકિતા એને રોકી ન શકી.
નિશાએ અંકિતાને ગળે લગાડી લીધી અને એનો પરસેવો લૂછ્યો. આજે છેલ્લો દિવસ છે, એવરીથિંગ ઇઝ ગોના બી ઑલરાઇટ. સોનુ, કૃપા અને નિશા ત્રણેય આવી ચુક્યા હતાં. કૃતિએ જે પ્લાન બનાવ્યો હતો એ એક્ઝિક્યુટ કરવા માટે ચારેયે ભેગા મળીને ખૂબ જ મહેનત કરી હતી. એ લોકોએ અંકિતાને કંઇ જ કરવા નહોતું કહ્યું. અંકિતા માત્ર એ જ જાણતી હતી કે કંઈક થવાનું છે, જે કાંતો એના માટે સારું હશે અને જો કંઇ નહીં થાય તો એ એમ પણ બધું હારી જ ચુકેલી હતી.
ઊંઘમાંથી ઉઠેલી અંકિતા ખૂબ જ ગભરાયેલી દેખાઈ રહી હતી.
' આઈ નો ઇટ વોઝ વિવાન.', નિશાએ જાણે બધું જાણતી હોય એમ કહીને અંકિતાને ગળે લગાડી લીધી. અંકિતાની બેસ્ટ ફ્રૅન્ડ ફરી એની સાથે હતી.
' ક્યાંક હું વિવાનને ગુમાવી તો નહીં બેસુ?, અંકિતાએ બધાંની સામે જોઈને ગભરાઇને પૂછ્યું
***

‘ ડૉન્ટ મેક મિસ્ટેક, એન્ડ પ્લીઝ કંટ્રોલ. ડૉન્ટ ગો વિથ ફ્લો.’, કૃતિ કોઈ સાથે ફોન પર વાત કરી રહી હતી.
‘ આઈ વિલ ટ્રાય.’, સામેથી એક વ્યક્તિનો અવાજ આવ્યો. કૃતિએ કૉલ કટ કર્યો.
***
‘ આર યુ સ્યોર યુ વોન્ટ ટુ ડુ લાઈક ધીઝ.’, કૃતિએ ખૂબ કૅર લેતા પૂછ્યુ.
‘ યા પરફેક્ટલી. મારી આગળ પાછળ કોઈ નથી.’, સામેથી ખૂબ કોન્ફિડેન્ટ અવાજ આવ્યો.
‘ બટ આ રીતે ઘણી કોન્ટ્રોવર્સિઝ ઊભી થશે. તારા ન્યૂઝ બધી ટી. વી. ચેનલો પર આવશે.’, કૃતિએ વધારે કૅરફૂલ થઈને કહ્યું.
‘ આઈ લવ ઇટ, હું મારું ફ્યુચર આ કોન્ટ્રોવર્સીઝ પરથી જ બનાવીશ. યુ નો વુમન એમ્પાવરમેન્ટ.’, સામેથી ફરી એજ કોન્ફિડેન્ટ અવાજ આવ્યો.
***
‘ યા. સર બોલો.’, વૈભવીએ એના મોબાઈલ પરનો કૉલ રીસિવ કરીને કહ્યું.
‘ સર ? હુ ધ હેલ ઇઝ સર ?’, ધર્મેશસરે ફ્લર્ટ કરવાની શરૂઆત કરી.
‘ સર કો સર નહીં બોલુંગી તો ડાર્લિંગ બોલુંગી ક્યા?’, વૈભવીએ પણ હસતા હસતા કહ્યું.
‘ આઈ ડૉન્ટ હેવ એની પ્રોબ્લેમ અબાઉટ ઇટ.’, ધર્મેશસર ફરી હસ્યા.
‘ આઈ નો ઑલ બોય્ઝ વોન્ટ્સ સેમ થિંગ.’, વૈભવીએ નટખટ બનીને કહ્યું.
‘ બટ આઈ એમ યોર સર… હાહાહા…’, ધર્મેશસરે હસતા હસતા કહ્યું. વૈભવી પણ કંઈ બોલી નહીં અને હસવા લાગી.
‘ ઓકે, વાત એ હતી કે મારી પાસે એક પ્લેમાં એક નાનો રોલ છે. જો તારે કરવો હોય તો મળીએ.’, ધર્મેશસર બોલ્યા.
‘ તને આવડી જશે. મીટ મી એટ CCD હિમાલયા., શાર્પ 5:00 O’Clock’, ધર્મેશસર કન્ટીન્યુ રાખ્યું.
‘ ઓકે, સર.’, વૈભવીએ ભાર મૂકીને કહ્યું.
***
શાર્પ પાંચ વાગે વૈભવી ઇરોટીક લૂકમાં સી. સી. ડીમાં એન્ટર થઈ. એણે એક બ્રાઉન શોર્ટ પહેરી હતી. અને બ્લૅક સ્લીવલેસ ટી- શર્ટ. એ રિલેક્સ વેરમાં હતી. વૈભવીના માંસલ ગોરા સાથળ જોઈને ધર્મેશસર પાણી પાણી થઈ ગયા. વૈભવી ધર્મેશસર સામેના સોફા પર આવીને બેસી ગઈ. બંનેએ એક આતંકી નોટ્ટી સ્માઈલની આપ લે કરી.
‘ હોટ એઝ હેલ.’, ધર્મેશસર બોલ્યા.
‘ કુલ લાઈક ફ્રોઝન આઈસક્રીમ.’, વૈભવીએ ધર્મેશસરનો લુક જોઈને કહ્યું. બંને એકબીજા સામે જોઈને હસ્યા.
‘ સો હાઉ ઇઝ સ્ટડી ગોઇંગ ઓન?’, ધર્મેશ સર બોલ્યા.
‘ આઈ નો, ફોર્માલીટીઝ.’, વૈભવી જોરથી હસી પડી.
‘ ઓનલી ફોર ટ્યુનિંગ વિથ યુ.’, ધર્મેશસર વૈભવી સામે ફીક્કા પડી ગયા.
‘ વ્હાય ટુ પ્રીટેન્ડ વ્હેન વી બોથ નો.’, વૈભવીએ મેચ્યોર થઈને કહ્યું.
‘ રીઅલી?’, સ્ટડ ધર્મેશસર એના લાંબા વાળ સરખા કરતા બોલ્યા.
‘ આઈ એમ બ્રોડ માઇન્ડેડ ગર્લ.’, વૈભવી બોલી.
‘ એન્ડ ધેટ ઇઝ ગુડ ફોર મી.’, ધર્મેશસર હસી પડ્યા.
‘ સો લેટ્સ ડિસ્કસ વર્ક ફર્સ્ટ.’,
‘ સ્યોર ટેલમી.’

‘ અમે એક પ્લે કરી રહ્યા છીએ, ઇટ્સ અ ટ્રાયએંગલ શોર્ટ લવ સ્ટોરી. એન્ડ યુ આર વન ઑફ ટુ ગર્લ્સ, એન્ડ યુ આર અ બ્લાઇંડ ગર્લ.’
‘ બટ આઈ એમ નોટ કોન્ફિડન્ટ કે હું કરી શકીશ. આઈ હેવ નો ફોર્મલ ટ્રેઇનિંગ ઑફ એક્ટિંગ.’, વૈભવી બોલી. ધર્મેશસર સામેના સોફા પરથી વૈભવીની બાજુમાં આવીને બેસી ગયા. એણે વૈભવીના ખુલ્લા ગોરા સાથળ પર લસ્ટફૂલ થઈને પોતાનો હાથ મુક્યો. બંનેએ એકબીજા સામે જોયું અને હસ્યા.
‘ આઈ એમ હીઅર ટુ ટીચ યુ એવરીથિંગ.’, ધર્મેશસર બોલ્યા.
‘ રીઅલી? યુ નો એવરીથિંગ?’, વૈભવીએ ધર્મેશસરનો હાથ ખસેડ્યો અને હસીને બોલી. એ થોડી અનકમ્ફર્ટેબલ લાગી.
‘ યસ.’, ધર્મેશસરે ફરી વૈભવીના ખુલ્લા સાથળ પર હાથ મુક્યો.
‘ ઓકે તો કબ હૈ મેરી ક્લાસ?’, વૈભવી બોલી.
‘ આજ રાત?’, ધર્મેશસરે કતરાઇને કહ્યું.
‘ યુ આર ટુ ફાસ્ટ.’, વૈભવી થોડી ગભરાઈ હોય એમ બોલી. ધર્મેશસરે વૈભવીના વાળમાં હાથ નાખ્યો. વૈભવી થોડી એક્સાઇટેડ થઈ ગઈ.
‘ આઈ નો ઇટ્સ યોર ફર્સ્ટ ટાઈમ, ધીઝ હેપ્પન્સ.’, ધર્મેશસર વૈભવીને રિલેક્સ કરવા બોલ્યા. વૈભવીએ ધર્મેશસરના હાથ પર હાથ મુકી દીધો.
‘ ઓકે.’ વૈભવી એટલું જ બોલી શકી.
‘ એન્ડ લીસન, આપણુ પ્લે આ મન્થના એન્ડમાં છે. સો તને ઘણું શીખવા મળશે.’, ધર્મેશસરે ટોપીક બદલ્યો.
‘ મને ફાવી તો જશે ને?’, વૈભવી થોડી નર્વસ થઈને બોલી.
’ ૧૫ દિવસ ઇનફ છે બેઝીક ટેકનિક્સ શીખવા માટે. પછી રીહર્સલમાં અમે છીએ જ ને.’, ધર્મેશસર વચ્ચે એક્ટિંગનું ડિસ્કશન ચાલતુ રહ્યું. બંનેએ અડધા કલાક સુધી એક્ટિંગની અમુક ટેકનિક્સ વિશે વાતો કરી.
‘ સો આઈ વિલ વૉટ્સએપ યુ ટાઈમ એન્ડ પ્લેસ.’, ધર્મેશસરે બધું કન્ક્લુડ કરતા કહ્યું.
‘ ઓકે.’, વૈભવી બોલી એટલે ધર્મેશસરે એને હગ કર્યું. બંને સી. સી. ડીની બહાર નીકળ્યા.
***

એક દિવસ પહેલાં

***
વ્હેન ઓલ્ડ ફ્રૅન્ડ્સ મીટ્સ, ધેર વુડ બી નથિંગ બટ ઓલ્ડ મેમરીઝ. કૉલેજના દિવસો પછી પહેલી વાર અંકિતા નિશા, સોનુ અને કૃપાને મળી રહી હતી. દરેક વખતની જેમ ત્રણેય આંતકી ફ્રૅન્ડ્સ એકબીજાને કસીને ભેટી પડ્યા હતાં. અંકિતા અને નિશા માત્ર ફ્રૅન્ડ ક્યાં હતાં જ. એ બંને એકબીજાના પ્રેમી હતાં. અંકિતા લિટરલી રડી પડી હતી. અંકિતાની અડધી અકળામણો તો એની ત્રણ બેસ્ટ ફ્રૅન્ડ્સ આવી ત્યાં જ ચાલી ગઈ હતી. બે દિવસમાં ઘણું બધું બનવાનું હતું. કૃતિએ એના બધાં જ કોન્ટેક્ટ્સનો જરૂરી ઉપયોગ કર્યો હતો. ઘણા સમય પછી અંકિતાએ હસીને હળવી પળો વિતાવી હતી. બટ નો ડાઉટ આગ તો લાગેલી જ હતી. અંકુને એના વિવુની યાદ તો સતાવતી જ હતી.
ઘણીવાર લોકો પ્રેમના ખૂબ ગહન અને ઊંચા ઊંચા અર્થ કરવા લાગતા હોય છે. પ્રેમ એ અદ્રશ્ય ચીઝ ભલે હોય બટ એ એક્ઝિસ્ટ છે. કદાચ એ અલગ ડાયમેન્શન જ છે, જે આપણે ગ્રેવીટીની જેમ જોઈ ના શકીએ. માત્ર અનુભવી શકીએ. એ બે વ્યક્તિ વચ્ચેનું અટ્રેક્શન હોઈ

શકે, અને અટ્રેક્શનને કારણે ઊભી થતી બેચીની પણ છે. એ ફિઝીકલ પણ છે અને લોજિકલ પણ છે. ઇટ ઇઝ ઓલ્સો રિલેટેડ ટુ ધીઝ બોડી. સો જો કોઈ એમ કહેતુ હોય કે શરીર સાથે પ્રેમ એ તો માત્ર ફિઝીકલ અટ્રેક્શન જ હોય, ધેન ઇટ્સ વેરી નેરો સાઇટ. લવ ઇઝ ધેર. ફોર ઑલવેઝ.
ભલે અંકુ અને વિવુ સાથે નહોતા, બટ પ્રેમ તો હતો જ. કદાચ હંમેશા માટે અલગ પડી જાય તો પણ પ્રેમ તો હશે જ. સમ એલિમેન્ટ્સ આર બેઝિક બિલ્ડિંગ બ્લોક્સ ઑફ ધીઝ યુનિવર્સ, આઈ થિંક વન ઑફ ધેમ ઇઝ લવ.
નફરત કરવી એ કોઈ ગુનો છે જ નહીં, ધૃણા કરવી એ કોઈ પાપ નથી, બસ એ તમને જ હાનિ ના પહોંચાડતું હોય. સ્વાર્થ, ઈર્ષ્યા, ધૃણા, ક્રોધ પાસેથી કામ કઢાવી શકાય, અને કોઈ હાનિ વિના. અંકિતાનો ફેન્સી તરફનો ગુસ્સો હવે વધી ગયો હતો, બટ એ હોશમાં હતી. એને ખયાલ હતો શું બની રહ્યું હતું. અંકિતા ફેન્સી પ્રત્યેની ધ્રુણાને સાક્ષી નજરે જોઈ શકતી હતી. એનો સ્વાર્થ જ કોઈને પામવાની સીડીઓ હતો. “ પ્રેમમાં પામવુ જરૂરી નથી હોતું ” વાક્ય ખરેખર ખૂબ જ સારું છે. બટ આ બોડીની કેટલીક ફિઝીકલ નીડ્સ અને ફિઝીકલ લિમિટેશન્સ હોય છે. એટલે આવા અવકાશી સુવાક્યોને સાઇડમાં મુકવા, ઇટ્સ પરફેક્ટલી ઓકે. અંકિતા એજ કરી રહી હતી. એને કંઈ પણ કરીને એના વિવાનને પામવો હતો. એની ફિલોસોફી બદલાઇ રહી હતી. અંકિતા જે કરી રહી હતી એનાથી નિશા ખૂબ જ ખુશ હતી. અંકિતાની આ હિંમત, સ્પિરિટ અને નવી એનર્જી એના ચહેરા પર સ્માઈલ લાવી રહી હતી. સાથે એક નવી અંકિતાનો જન્મ થઈ ચુક્યો હતો.
સાંજના ટાઈમ પર પાંચેય ફ્રૅન્ડ્સ ટહેલવા માટે નીકળ્યા હતાં. ઠંડો ઠંડો પવન અને ભેજવાળું વાતાવરણ ચારેયના મનને ફ્રેશ કરી રહ્યું હતું. કાળા ડિબાંગ વાદળો આકાશમાં પોતાનું સ્થાન જમાવી રહ્યા હતાં. એ લોકો એસ. જી. હાઇવે પરની એક કીટલી પર આવીને બેસ્યાં. જેવી રીતે અંકિતાની યાદો વિવાનને વારે વારે કોઈ વસ્તુને જોઈને આવી જતી, એવી જ હાલત અંકિતાની પણ હતી. કીટલી પર ચ્હા પીવા બેઠા એટલે એને પણ વિવાનની યાદ આવી ગઈ.
‘ પુષ્કળ વરસાદ , એસ. જી. હાઇવે પર એક લોંગ ડ્રાઇવ, બંને ભીંજાયેલા, અંકુને ચડેલી ઠંડી. અંકુએ પાછળથી કસીને પકડેલો વિવાન, પછી ઠંડી ઉતારવા માટે કીટલી પર પીધેલી મસાલા વાળી ગરમા ગરમ ચ્હા.’, આ બધું જ અંકિતાને ચ્હાની ચુસકી સાથે યાદ આવવા લાગ્યું. વિવાન તો સિગારેટ ફૂંકીને બે ઘડી આરામ મેળવી લેતો, પરંતુ અંકિતા પાસે સહન કરવા સિવાય કોઈ ઇલાજ નહોતો. વરસાદ શરૂ થયો એટલે પાંચેય લોકો પલળ્યા. પલળીને ફરી એ લોકોએ એક એક ચ્હા લગાવી. અંકિતા ઘણા દિવસો પછી આટલી ખુશ દેખાણી હતી. શામાટે ન દેખાય? એની ત્રણ યારો આવી હતી.
‘ સો બરોડામાં જોબ કેવી ચાલી રહી છે મેડમ.?’, અંકુએ નિશાને ચ્હાની ચુસ્કી લગાવતા લગાવતા પૂછ્યું. અંકિતાનો અવાજ થોડો સોફ્ટ હતો.
‘ ઠીક ઠાક. નથિંગ ઇન્ટરેસ્ટીંગ, એન્ડ્રોઇડ શીખી રહી છું, થોડું ટફ લાગે છે, બટ આવડી જશે.’, નિશાએ કતરાતા કતરાતા કહ્યું.
‘ અને ફ્યુચર મિસીસ મિકેનિકલ તમે? કેવી ચાલે છે તમારી એન્ગેજમેન્ટ પછીની લાઈફ?’, અંકુએ સોનુના હાથ પર હાથ મુકીને હસતા હસતા પૂછ્યું. પાંચેય લોકો હસી પડ્યા.
‘ મિસ્ટર મિકેનિકલે કૂકર રીપેર કરવાની દુકાન ખોલી છે.’, કૃપા હસતા હસતા બોલી પડી. પાંચેય લોકો હસ્યા. સોનુએ નાટકીય ગુસ્સાથી કૃપા સામે જોયું, પછી એ પણ હસી પડી.
‘ એમને ભરૂચમાં જ જોબ મળી ગઈ છે, સો અમે ત્યાંજ સેટલ થવાનું વિચારીએ છીએ. ’, સોનુએ પણ હસતા હસતા કહ્યું.

‘ અને તમે મેડમ?’, અંકિતાએ કૃપા સામે જોઈને પૂછ્યું.
‘ બસ એજ બોરિંગ જોબ. વોટ એલ્સ?’, કૃપાએ ઉદાસ થતા કહ્યું.
‘ કેમ શું થયું?’, નિશાએ કૃપાને પૂછ્યું.
‘ બે યાર, એક તો વલસાડમાં પાંચ દસ આઈ. ટી કંપનીઓ અને એમાં બી મારો પ્રોજેક્ટ મેનેજર બહુ જ ખડૂસ છે.’, કૃપાએ એની પ્રોબ્લેમ કહી. નિશાએ કૃપાને બથમાં લઈ લીધી.
‘ તો અહીં આવી જા ને?’, અંકિતાએ કહ્યું.
‘ વિચારું જ છું, અહીં આવીને ઇન્ટરવ્યું આપવાનું શરૂ કરું.’, કૃપાએ કહ્યું.
‘ આવી જા, જગા ખાલી જ છે રૂમમાં.’, અંકિતાએ કહ્યું.
‘ જોઉં ચાલની.’, કૃપા બોલી.
‘ અમે આવી ગયા છીએને, હવે બધું જ બરાબર થઈ જશે, ડૉન્ટ વરી.’, નિશાએ અંકિતાની સ્માઈલ પાછળની ઉદાસીને પકડી પાડી. આ જ તો બંનેની ફ્રેન્ડશીપ હતી.
‘ અરે ઠીક કરવા જ તો તમને બોલાવ્યા છે.’, કૃતિએ હસતા હસતા કહ્યું. બધાંએ ગરમા ગરમ ચ્હા પૂરી કરી.
‘ બોલો હવે ક્યાં જવાનું છે?’, અંકિતાએ પૂછ્યું.
‘ હજુ એક ચ્હા પીએ? કોઈ આવી રહ્યું છે.’, કૃતિએ કહ્યું અને બધાંના મોંમાથી ‘ કોણ’ નીકળી ગયું.
‘ એ આવશે એટલે ખબર પડી જશે?’, સાંભળીને અંકિતાની ધડકનો તેજ થઈ ગઈ હતી. એને થયું કે ક્યાંક વિવાન તો નહોતો આવવાનો ને? એનું હૃદય જોરજોરથી પમ્પિંગ કરવા લાગ્યું, એ ખૂબ નર્વસ થવા લાગી. એના ચહેરા પર થોડી અકળામણો જલકાવા લાગી. એ જોઈને કૃતિએ અંકિતાના ખભા પર હાથ મુક્યો. અને કહ્યું ‘ ડૉન્ટ વરી, હી ઇઝ નોટ વિવાન.’, સાંભળીને અંકિતાને ઘણી શાંતિ થઈ. બટ જો વિવાન નહોતો આવવાનો તો કોણ આવવાનું હતું? એની અકળામણો દૂર થઈ, પણ ઉત્સુકતા તો રહી જ.
વરસાદે વધારે જોર પકડ્યુ હતું. ચ્હાની બે ગંડેરી પીવાઇ ચુકી હતી. ચારેય ફ્રેન્ડ્સ કૉલેજની યાદો વાગોળવામાં મશગુલ થઈ ગયા હતાં. કેટ કેટલી યાદો, સર અને મેડમોના પાડેલા નામ, કઈ છોકરીને કોણ પસંદ હતું, ક્યા છોકરાએ કોને પ્રપોઝ કર્યુ હતું, સબમિશનમાં થયેલા દાવ, એક્ઝામ્સ પહેલાંની નર્વસનેસ. સરોની પડેલી ડાંટ કે પછી બોય્ઝ પર ગુસ્સે થયેલા મેડમ. આ બધાં જ ટોપિક પર લાંબુ લાંબુ ડિસ્કશન... અંકિતા આ યાદોને માણવામાં મશગુલ હતી, બટ યાદોના પ્રવાહમાં તો બધું આવતુ હોય, કેટલીક કડવી યાદો પણ હતી. જે યાદ કરવી કોઈને ગમતી નથી, બટ જ્યારે એ યાદ આવે ત્યારે લાગણીઓ પણ વધતી જ હોય. જ્યારે નિશા અને અંકિતાનો જઘડો થયો હતો, એ વખતે શું શું થયું હતું એ બધી જ એ લોકોએ વાતો કરી. એ ચારેય ફ્રેન્ડ્સ વાતો કરવામાં મશગુલ હતાં અને કૃતિ વાતો સાંભળવામાં મશગુલ હતી. ત્યારે કૃતિના મોબાઈલમાં કૉલ આવ્યો. એણે કૉલ રીસિવ કરીને કીટલીનું એડ્રેસ આપ્યુ. થોડી જ વારમાં એક બાઈક ત્યાં આવીને ઊભી રહી. બાઈક પરની વ્યક્તિ વરસાદને કારણે પલળી ગઈ હતી. એના લાંબા વાળ પાછળ તરફ લપાઇ ગયા હતાં. અંકિતા આ વ્યક્તિને ઓળખતી હતી. બટ એ નહોતી જાણતી કે આ વ્યક્તિને કૃતિ કઈ રીતે ઓળખતી હતી. બટ પછી એને ધીરે ધીરે અંદાજો આવવા લાગ્યો.
એને જોઈને અંકિતાની આંખો ફાંટી રહી. કૃતિએ એ વ્યક્તિ સામે જોઈને અંકિતા સામે જોયું અને કહ્યું ‘ આપણા પ્લાનમાં એ આપણી સાથે છે.’
લાંબા વાળ વાળા ધર્મેશસરે અંકિતા તરફ હાથ લાંબો કર્યો, અંકિતાને ઘણું બંધુ સમજાઇ ગયું. પહેલી વાર અંકિતાના ચહેરા પર ચાલાકીવાળી સ્માઈલ આવી. ખરેખર એ સ્માઈલમાં ઘણું

બધું ભર્યુ હતું, સ્વાર્થ, ઇર્ષ્યા, ધૃણા, ક્રોધ.
***
‘ એ રડવી જોઈએ, એને એવું થવું જોઈએ કે એ હવે જીવી નહીં શકે. એ એની નજરમાં જ નીચ થઈ જવી જોઈએ. મારે એનામાં એવી ગિલ્ટ ભરવી છે કે જે એને લાઈફ ટાઈમ સતાવે. એ પળે પળે મરવી જોઈએ.’, આ અંકિતા કોઈ બીજી જ અંકિતા હતી. બોલતી વખતેના અંકિતાના એક્સપ્રેશન્સ કોઈએ અત્યાર સુધી નહોતા જોયા.
‘ હેય, કામ ડાઉન. અને ડૉન્ટ થીંક ટુ મચ. સૂઈ જા.’, નિશાએ અંકિતાના વાળમાં હાથ ફેરવ્યાં.
‘ બીચ, આઈ વેલ સ્ટેબ યુ ટુ એન્ડલેસ શેમ.’, અંકિતા એ જ શૈતાની એક્સપ્રેશન્સમાં બોલી.
કૃતિએ રૂમની લાઈટ બંધ કરી દીધી.
***
અંકિતા હાંફતી હાંફતી ‘ વિવુ.’ એવી ચીસ પાડીને જાગી ગઈ. એની સાથે બીજા બધાં પણ જાગી ગયા. એના કપાળ પરથી પરસેવો છૂટી ગયો હતો.
‘ આઈ નો ઇટ વોઝ વિવાન.’, નિશાએ જાણે બધું જાણતી હોય એમ કહીને અંકિતાને ગળે લગાડી લીધી.
‘ ક્યાંક હું વિવાનને ગુમાવી તો નહીં દઉં?, અંકિતાએ બધાંની સામે જોઈને ગભરાઇને પૂછ્યું.
‘ નો યુ વોન્ટ.’, કૃપાએ અંકિતાના ખભા પર હાથ મુકીને કહ્યું.
‘ હજુ પાંચ જ વાગ્યા છે, ટ્રાય ટુ સ્લીપ. આજે આપણે ઘણું કરવાનું છે.’, કૃતિએ અંકિતાને કહ્યું.
‘ મારે તો માત્ર જોવાનું છે, કરી તો બધું તમે રહ્યા છે.’, અંકિતા થોડીક ભાવુક થઈ ગઈ.
‘ હેય, યુ આર અ સેન્ટર. અમને થોડું મોટીવેટ તો કર યાર. આવું શામાટે બોલે છે.’, કૃતિએ અંકિતાનો હાથ પકડીને કહ્યું.
‘ ચાલ હવે સૂઈ જા.’, નિશાએ અંકિતાને કહ્યું.
‘ બસ થોડાક કલાકો જ બાકી છે.’, સોનુએ પ્રેમભરી નજરે અંકિતા સામે જોઈને કહ્યું.
‘ ડૉન્ટ ગો અવે વિવુ, આઈ એમ કમિંગ.’, અંકિતા બબડી.
***

સેટરડે – 11:30 P.M

***
વિવાન એના રૂમની ગૅલેરીમાં સિગારના લાંબા લાંબા કશ લગાવી રહ્યો હતો. આવતી કાલે એની સગાઈ હતી. એ એકલતા માંગતો હતો. પરંતુ અંકિતાના વિચારો એને એકલા રહેવા દેય એમ નહોતા. સિગારનો ધૂમાડો અંદર અંદર સુધી ભરાઇ રહ્યો હતો. એને ત્યાં સુધી સ્મોક કરવું હતું જ્યાં સુધી એને ઊંઘ ના આવી જાય. બટ અંકિતા એને એક ક્ષણ પણ નહોતી છોડી રહી. આજે તો સિગાર પણ કોઈ અસર નહોતી બતાવી રહી. અંકિતા સાથે થયેલી વાતો અંદરને અંદર વારે વારે ઘૂંટાઇ રહી હતી. ત્યારે જ વિવાનના મોબાઈલમાં મૅસેજની ટોન વાગી.
‘Hi…!’, વિવાનના મોબાઈલમાં એક એવું નામ હતું જે વિવાન ક્યારેય ભૂલી શકે એમ નહોતો. જે નામથી એ દૂર ભાગી રહ્યો હતો. ‘ અંકુ’ નામથી સેવ કરેલા નંબરનો મૅસેજ ફ્લૅશ થઈ રહ્યો હતો. વિવાને મૅસેજ ઑપન કર્યો. તરત જ એના પેટમાં એક વંટોળ ચડ્યુ. એને ચક્કર આવવા લાગ્યા. એનું હાર્ટ અંદર જ ફાંટવા લાગ્યું. વિવાને તરત જ બાથરૂમ તરફ દોટ મુકી.
બધો જ ઉકળાટ એણે વોશબેઝીનમાં જઈને વોમીટ કરીને કાઢી નાખ્યો. એની આંખો વધારે લાલ થઈ ગઈ. હાથમાં પકડેલા મોબાઈલમાં ફરી એણે એ લાલ આંખે જોયું.

‘ અંકુ.’, એ બબડ્યો.
***

પ્રકરણ – ૧૫

“ બન્ને ”

‘ હેય , વિવુ , આઈ વોન્ટ ટુ ફ્રી યુ ફ્રોમ ઑલ બોન્ડ .’, અંકિતાએ વિવાનનો હાથ પકડી રાખ્યો હતો . વિવાન માત્ર અંકિતાની આંખોમાં જોઈ રહ્યો .

‘ હું નથી ચાહતી કે મારાં પ્રેમને લીધે તું બંધાઇ રહે . જો તને ઇચ્છા થાય તો તું સ્મોક કરી શકે છે . હું તને નહીં રોકુ .’, અંકિતા કહેતી વખતે ખૂબ જ શાંત અને સિરિયસ હતી . એમનો પ્રેમ એટલો પાકી ગયો હતો કે બંને એકબીજાને મુક્ત કરી દેવા માંગતા હતાં . આકાશમાં પૂર્ણ ચંદ્ર હતો અને બંનેએ લહેરાતા ખેતર વચ્ચે હમણાં જ પૂર્ણ પળોને માણી હતી .

પ્રેમમાં બધું આપવાનું હોય છે , અને ઘણીવાર એ આપવાની શરૂઆત એકબીજાના શરીર આપીને જ થતી હોય છે . પહેલાં આ સ્થુળ શરીર એકબીજાને અપાઇ ગયા બાદ , વિચારોની આપલે થતી હોય છે . એટલે જ સેક્સથી ઘણીવાર નવી જિંદગીની શરૂઆત પણ થતી હોય છે . વિવાન અને અંકિતા એકબીજામાં ડૂબકી લગાવીને બહાર આવ્યાં એટલે અંકિતાએ વિવાનને બધી જ રીતે મૂક્ત કરી દેવા વિચાર્યુ . અંકિતા માનતી હતી કે પ્રેમ કોઈ દિવસ બાંધી ના રાખે , વિશ્વાસ ક્યારેય બાંધી ના રાખે . એ સંપુર્ણ પણે મુક્ત કરી દેય . એટલે જ એ આજે એના વિવુને બધી રોક ટોકથી મુક્ત કરી દેવા માંગતી હતી .

‘ મારાં લીધે જો તું કંઈ પણ કરતા રોકાતો હોય તો ડૉન્ટ વરી , મારો પ્રેમ કોઇ દિવસ સ્હેજેય ઓછો નહીં થાય .’, અંકિતાએ પોતાના હોઠ વિવાનના હોઠ પાસે લાવીને કહ્યું .

‘ થેંક્સ માય લવ , યુ આર માય ફ્રીડમ .’, વિવાન બોલ્યો . બંનેના હોઠ એકબીજા સાથે ખૂબ જ મૃદુતાથી સ્પર્શાયા . બંને કેટલીય ઘડી સુધી એકબીજાને માણતા રહ્યા .

‘ વિવાન?’, વિવાનના ખભા પર તનું દીદીનો હાથ પડ્યો. વિવાન જબકી ગયો. વિવાનની આંખો ફરતે આખી રાત જાગવાના કારણે કાળા કુંડાળા પડી ગયા હતાં. એની દાઢી વધી ગયેલી હતી. વિવાને પાછળ ફરીને જોયું. તનું દીદી અને રિંકુ પાછળ ઊભા હતાં. રીંકુ એક ઢીંગલી હાથમાં લઈને રમી રહી હતી. તનું દીદી વિવાનની બાજુમાં બેઠા. વિવાને તનું દીદી સામે જોયું. એની આંખો ભરાઇ આવી હતી. વિવાન અંકિતાના વિચારોમાંથી એક પળ પણ બહાર નહોતો નીકળી શકતો.

‘ વિવાન, એ ભૂતકાળ છે એને ભૂલી જા. તારું ભવિષ્ય તારી સામે છે.’, તનું દીદી વિવાનને મનાવતા બોલ્યા. વિવાન કંઈ ના બોલ્યો.

‘ વિવાન, આપણા ઘરનો એક નિયમ રહ્યો છે, બધાં જ પોતાને ગમતી વસ્તુઓ કરે છે. કોઈએ એવું કામ નથી કર્યુ કે એને ગિલ્ટ રહી જાય. ભલે મમ્મી પપ્પા સગાઈની બધી તૈયારી કરી રહ્યા હોય, બટ જો તને હજુ એમ લાગતું હોય તો જા. દોટ મુક અને માંગી લે માફી. આખી જિંદગી આવી રીતે બળી બળીને જીવી ન શકાય.’, તનું દીદી પણ થોડાક ભાવુક થઈને બોલ્યા.

‘ બટ, આઈ ડીડ હર્ટ. આઈ ડિઝર્વ ધીઝ.’, વિવાન થોડોક ઠોસ થઈને બોલ્યો.

‘ આ કઠોરતા તારા એકલા માટે નહીં, એના માટે પણ ડેન્જરસ છે.’

‘ કદાચ હવે તો એ મને ભૂલી પણ ગઈ હશે. મારે એની લાઈફમાં જઈને એને વધારે હેરાન નથી કરવી.’

‘ બટ તને કેમ ખબર? કદાચ એની હાલત પણ તારા જેવી જ હોય. ’

‘ આઈ કાન્ટ ડુ ધીઝ, તનું આઈ કાન્ટ. મારામાં હિંમત નથી એની સામે જવાની.’, વિવાન તનું દીદીના ખભા પર ઢળી પડ્યો. તનું દીદીએ વિવાનના માથામાં હાથ ફેરવ્યો.

‘ વિવાન તને ખબર છે ડર ક્યાંથી આવે છે?’, તનું દીદીએ વિવાનના માથામાં હાથ ફેરવતા

ફેરવતા પૂછ્યું. વિવાન કંઈજ ના બોલ્યો. એ જસ્ટ ડુસકા ભરતો રહ્યો.
' ડર એ આપણા ઇગોની પેદાશ છે. એટલે તું તારો ઇગો સાઇડ પર મુકી દે. તમારાં બંનેમાંથી કોઈએ તો આ કરવું જ પડશે.', તનુદીદી વિવાનને સમજાવતા રહ્યા.
' બટ, આઈ હેવ નૉટ કરેજ.', વિવાન રડતાં રડતાં બોલ્યો.
' ધેન ગેધર ઇટ.', તનુદીદી બોલ્યા. વિવાનનો મોબાઈલ વાઇબ્રેટ થયો. એણે મોબાઈલમાં જોયું. ફ્રેન્સીનો મોર્નિંગ મૅસેજ હતો.
' મમ્મી, આ ડોલનું શું નામ લખુ?', રીંકુ એના કાલા ઘેલા અવાજમાં બોલી. તનુદીદીએ એને ઇગ્નોર કરી.
' વિવાન ધીઝ લાસ્ટ ચાન્સ યુ હેવ. આપણે જ આપણને મુક્ત કરી શકીએ, બીજુ કોઈ નહીં. એટલે તારે જ કરવું પડશે અમે કોઈ કંઈ નહીં કરી શકીએ.', તનું દીદી વિવાનના માથામાં હાથ ફેરવતા રહ્યા.
' મમ્મી, ડોલનું નામ અંકિતા આંટી રાખી દવ?', રીંકુ હસતા હસતા તોતડુ તોતડુ બોલી. તરત જ વિવાને નામ સાંભળીને ઉભરો આવ્યો. એના શ્વાસો તેજ થવા લાગ્યા. એના હાથમાંનો એનો ફોન તરત જ એણે ગુસ્સામાં ફેંકી દીધો. મોબાઈલના બધાં પાર્ટ્સ અલગ થઈ ગયા. તનુદીદીએ વિવાનને તરત જ ભીંસીને પકડી લીધો. રીંકુ વિવાનનો આ ગુસ્સા ભરેલો ચહેરો જોઈને ડરી ગઈ. એ કંઈ પણ બોલી ના શકી.
***
અંકિતાની આંખો પર સૂર્યના કિરણો પડ્યા. રાતે સપનું જોઈને જાગી ગયેલી અંકિતાને પછી સારી ઊંઘ આવી ગઈ હતી. એણે પડખુ ફેરવીને સોનેરી સૂર્યપ્રકાશને જાકારો આપ્યો અને ઊંઘને બધ ભરી લીધી. અડધી કલાક પછી કૃપા આંખો ચોળતી ચોળતી અંકિતા પાસે આવી અને એને ઊઠાડવા લાગી.
' બસ પાંચ મિનિટ.', અંકિતા ઉંકારા કરતી બોલી. અંકિતા આખરે તો ઍન્જિનિયરિંગ ગર્લ હતી. એ પાંચ મિનિટનું કહીને સૂઈ ગઈ, પરંતુ એની પાંચ મિનિટ ક્યારે પૂરી થઈ ગઈ એ ખબર પણ ના પડી. એની સાથે અંકિતાને ઉઠાડવા આવેલી કૃપા પણ એની પાસે જ સૂઈ ગઈ હતી. ઍન્જિનિયરિંગ તમને કંઈ ના શીખવાડે તો કંઈ નહીં, બટ શાંતિથી ઊંઘતા તો શીખવાડી જ દે. સૂર્ય ઉપર ચડી રહ્યો હતો, બીજી રૂમમાંથી નાઈટ ડ્રેસ પહેરેલ કૃતિ આવી. એ ઉંઘી રહેલ નિશા, કૃપા, સોનુ અને અંકિતા પાસે આવીને બેસી ગઈ.
' ઓય્ય્ય, ચાલો ઉઠો.', એણે અંકિતાને હલાવીને કહ્યું.
' બસ, પાંચ મિનિટ.', અંકિતા ઊંઘમાં જ બોલી. એનો અવાજ વિચિત્ર હતો.
' નહીં, દસ વાગ્યા. ચાલો હવે ઉઠો હવે.', કૃતિએ નિશાનો પગ ખેંચ્યો. નિશા કણસતી કણસતી ઊભી થઈ. નિશાએ સોનુ અને કૃપાને જગાડ્યા. અંકિતા માથા આડે ઓશીકુ રાખીને સૂઈ ગઈ.
' ઓ, મેડમ જાગો ચાલો હવે.', નિશાએ અંકિતા ઉપર પડીને કહ્યું
' સુવા દેને.', અંકિતાએ ચાદર ખેંચતા કહ્યું.
' સુવા વાળી, ચાલ અમારે બહાર જવાનું છે.', નિશાએ અંકિતાને કમર પર ગલી પચી કરી.
' અહહ્હ..... અહ્હ્હ્હ', અંકિતાએ ઉકારા કર્યા, એણે પડખુ ફેરવ્યું. નિશાએ બધાંને નટખટ સ્માઈલ આપી. એ ઊભી થઈ અને કીચનમાં ગઈ. એના હાથમાં બરફના ટુકડા હતાં.
' બકુ ઊભી થા ચલ, નહીંતર.', નિશા બોલી.
' નહીંતર શુ?', અંકિતા ઊંઘમાં જ બોલી. નિશાએ બરફના ટુકડા અંકિતાના ટી- શર્ટમાં નાખી દીધા. અંકિતા તરત જ ઊભી થઈ ગઈ. અને ટી- શર્ટને ખંખેરવા લાગી. બધાં હસી પડ્યા.

નિશાએ ફરી બે ચાર ટુકડા અંકિતાના ગળા પાસેથી ટી- શર્ટમાં નાખી દીધા. નિશા અને અંકિતા હસતા હસતા એકબીજા પર આવી પડ્યા.
‘ ઊભી રે તુ.’, અંકિતા નિશા પાછળ દોડી. નિશા બીજી રૂમમાં ચાલી ગઈ.
‘ પ્લીઝ, ના ના. મને શરદી થઈ ગઈ છે.’, અંકિતા નિશા પર ઠંડુ પાણી રેડવા જતી હતી ત્યારે બોલી.
‘ શરદી વાળી, મને ઊંઘવા પણ ના દીધી…! આજ તો તું ગઈ સમજ..!’, અંકિતા નિશા પાસે એને પકડવા ગઈ. નિશાએ છટકવાની કોશીષ કરી. કૃપા, સોનુ અને કૃતિ આ ખેલ જોતા રહ્યા અને હસતા રહ્યા.
‘ આ બંનેનો રોજનો ખેલ છે…!’, કૃપા ખૂબ જ પ્રેમથી હસતા હસતા બોલી.
આખરે નિશા પકડાઇ ગઈ. અંકિતાએ નિશા પર ઠંડા પાણીની બોટલ રેડી દીધી. એ ઠંડા વાતાવરણમાં ધ્રૂજી ઉઠી. નિશાએ પણ બીજી બોટલ લઈને અંકિતાને નવરાવી દીધી. બંનેએ એકબીજા સાથે ખૂબ જ મસ્તી કરી. પેલા ત્રણેય લોકો જોઈ રહ્યા હતાં. નિશા અને અંકિતાની નજર એમના પર પડી.
‘ તમે ક્યાંથી બાકી રહેવાના…?’, નિશા બબડી. એણે ફ્રીજમાંથી બીજી બે બોટલ કાઢી. એક અંકિતાને આપી.
‘ ઓય્ય્ય… ઓય્ય…!’, સોનુ અને કૃપા બોલતા રહ્યા ત્યાં તો નિશાએ એમના પર ઠંડુ ઠંડુ પાણી રેડી દીધું. કૃતિ પણ જપટમાં આવી ગઈ. નિશા અને અંકિતાએ મળીને કૃતિને પલાળી મુકી. પાંચેય લોકો ચોમાસે ધુળેટી રમ્યા હતાં. આખુ ઘર પાણી પાણી થઈ ગયું હતું. એક ગાદલું તો પલળી પણ ગયું હતું. પણ કોઈને પણ ફરિયાદ નહોતી. ઘણા દિવસો પછી આ ફ્રૅન્ડશીપની અમૂલ્ય મોમેન્ટ્સ આવી હતી….!
છેલ્લે નિશા અને અંકિતા ગળે વળગી ગયા. પાછળથી સોનુ, કૃપા અને કૃતિ પણ આવીને બંનેને ભેટી પડ્યા. ત્યારે એવું લાગી રહ્યું હતું, કે આવા બેસ્ટ ફ્રૅન્ડ્સ કોઈ દુનિયામાં નહીં હોય.
***
વ્હાઇટ કોટન ડ્રેસ, વ્હાઇટ ચુડીદાર, વ્હાઇટ કંગણ, વ્હાઇટ પટ્ટીવાળી વોચ અને વ્હાઇટ ચશ્મા. અરિસામાં જોતા જોતા અંકિતાએ કપાળની વચ્ચે નાની કાળી બીંદી કરી. બીંદી જોઈને એ હસી. અરિસામાં એ પોતાની જ આંખોમાં જોઈને મુસ્કુરાઇ રહી હતી. પરંતુ એ ખુશી સાથે એની આંખો ભીનાશને કારણે ચમકતી હતી.
‘ યુ લુક બ્યુટીફૂલ ડાર્લિંગ.’, નિશાએ અંકિતાને પાછળથી પકડીને કહ્યું.
‘ થેંક્સ, માય ડીઅર.’, અંકિતાએ કહ્યું.
‘ ડૉન્ટ વરી, એવરીથિંગ વિલ બી ફાઇન.’, નિશાએ અંકિતાને દિલાસો આપતા કહ્યું.
‘ ચિંતા તો હવે કાળીયા ઠાકરને કરવાની છે. મેં તો એના પર બધું છોડી દીધું છે. એટલે જ તો હું આજે વિવાનને પહેલાં દિવસે મળી હતી એ રીતે તૈયાર થઈ છું.’, અંકિતા બોલી. એની આંખો વધારે ભીની થઈ ગઈ.
‘ કોઈની નજર ના લાગે વ્હાલી.’, નિશાએ પોતાની આંખમાંથી થોડું કાજળ લઈ, નિશાના કાન પાછળ લગાવી દીધું. નિશાએ અંકુને ગળે લગાવી લીધી.
***
‘ તારા કેટલા ફ્રૅન્ડ્સ આવવાના છે? બધાંને કહેવાઈ ગયું છે ને?’, ફ્રેન્સીના મમ્મીએ ફ્રેન્સીને પૂછ્યું.
‘ તને કહ્યું તો ખરું, પંદર સતર.’, ફ્રેન્સીએ થોડું ચીડાઈને કહ્યું. ત્યાંજ તનું દીદી ફ્રેન્સીના ડ્રોઇંગ રૂમમાં એન્ટર થયા.

‘ આન્ટી. આ અમુક ચીઝવસ્તુઓનું લિસ્ટ છે. જે તમારે મંગાવવી પડશે. ગોરદાદાએ કહ્યું છે.’, તનુદીદીના ચહેરા પર પવિત્ર સ્માઈલ હતી. તનું દીદી એવા વ્યક્તિ હતાં જે ‘ ગો વિથ ધ ફ્લો ’ માં માનનારા હતાં. એ જેવી રીતે વિવાનના દર્દને સહન નહોતા કરી શકતા, તો એ નહોતા ઇચ્છતા કે જે થઈ રહ્યું છે એમાં એ જરા પણ ઇન્ટરપ્ટ કરે. એ ચાહતાં હતાં કે જો વિવાનને કંઈ મેળવવું હશે તો એ એની જાતે જ મેળવે. એટલે જ એ અંકિતાને કૉલ કરીને વિવાનની હાલત વિશે પણ નહોતા કહેતા. વિવાનની સગાઈથી એ ખુશ તો નહોતા જ, બટ જે થઈ રહ્યું હતું એમા પૂરેપૂરા સપોર્ટિવ પણ હતાં. એટલે જ એ વિવાનની સગાઈની તૈયારીમાં લાગી ચુક્યા હતાં. આજે શનિવાર હતો. આવતી કાલે સગાઈ હતી.
‘ બેસ ને બેટા.’, દર્શના બહેને કહ્યું.
‘ ના આન્ટી, બહુ જ કામ છે.’, તનું દીદી સ્મિત વેરતા બોલ્યા. ફેન્સી અને તનું દીદીએ નજર મેળવી પરંતુ કંઈ બોલ્યા નહીં. વિવાનના બ્રૅકઅપ પછી એ બે વચ્ચે બોલવાનું ખૂબ ઓછું થઈ ગયું હતું. તનું દીદીને જે થયું એની પાછળ ફેન્સી જ હતી એવું લાગતું હતું. વિવાનના ઘરમાં એક માત્ર તનું દીદી હતાં જેમને અંકિતા પર પૂરેપૂરો ભરોસો હતો.
‘ અને હા, મને ગોરદાદાનો નંબર આપ ને.’, દર્શનાબહેન બોલ્યા. તનું દીદીએ નંબર આપ્યો અને એ ત્યાંથી નીકળ્યા.
‘ તારે એની સાથે વાત કરવી જોઈતી હતી.’, દર્શના બહેને ફેન્સીને વઢતા કહ્યું.
‘ એ હું પણ કહું છું, એણે મને બોલાવી હોત તો એનું કંઈ લૂંટાઇ ના જાત.’, ફેન્સીએ થોડું ચીડાઇને કહ્યું.
‘ તારે એ લોકો સાથે રહેવાનું છે. આવો ગુસ્સો સારો નથી.’, દર્શનાબહેને ફેન્સીને સોફા પર બેસારી.
‘ મારે મારાં વિવાન સાથે રહેવાનું છે, એની સાથે નહીં.’, ફેન્સી એજ ગુસ્સામાં બોલી.
‘ બેટા, એ વિવાનની બહેન અને તારી નણંદ છે. સમજ તો ખરી.’, દર્શનાબહેન પ્રેમથી સમજાવતા બોલ્યા.
‘ આજ સુધી ક્યા ઘરમાં નણંદ- ભાભીના સંબંધો સારા રહ્યા છે?’, ફેન્સી થોડું હસીને બોલી.
***
શાર્પ પાંચ વાગે વૈભવી ઇરોટિક લુકમાં સી. સી. ડીમાં એન્ટર થઈ. એણે એક બ્રાઉન શોર્ટ પહેરી હતી. અને બ્લૅક સ્લીવલેસ ટી- શર્ટ. એ રિલેક્સ વેરમાં હતી. વૈભવીના માંસલ ગોરા સાથળ જોઈને ધર્મેશસર પાણી પાણી થઈ ગયા. વૈભવી ધર્મેશસર સામેના સોફા પર આવીને બેસી ગઈ. બંનેએ એક આતંકી નોટ્ટી સ્માઈલની આપ લે કરી.
‘ હોટ એઝ હેલ.’, ધર્મેશસર બોલ્યા.
‘ કુલ લાઈક ફ્રોઝન આઈસક્રીમ.’, વૈભવીએ ધર્મેશસરનો લુક જોઈને કહ્યું. બંને એકબીજા સામે જોઈને હસ્યા.
‘ સો હાઉ ઇઝ સ્ટડી ગોઇંગ ઓન?’, ધર્મેશ સર બોલ્યા.
‘ આઈ નો, ફોર્માલિટીઝ.’, વૈભવી જોરથી હસી પડી.
‘ ઓનલી ફોર ટ્યુનિંગ વિથ યુ.’, ધર્મેશસર વૈભવી સામે ફીક્કા પડી ગયા.
‘ વ્હાય ટુ પ્રીટેન્ડ વ્હેન વી બોથ નો.’, વૈભવીએ મેચ્યોર થઈને કહ્યું.
‘ રીઅલી?’, સ્ટડ ધર્મેશસર એના લાંબા વાળ સરખા કરતા બોલ્યા.
‘ આઈ એમ બ્રોડ માઇન્ડેડ ગર્લ.’, વૈભવી બોલી.
‘ એન્ડ ધેટ ઇઝ ગુડ ફોર મી.’, ધર્મેશસર હસી પડ્યા.
‘ સો લેટ્સ ડિસ્કસ વર્ક ફર્સ્ટ.’,

‘ સ્યોર ટેલમી.’
‘ અમે એક પ્લે કરી રહ્યા છીએ, ઇટ્સ અ ટ્રાયએંગલ શોર્ટ લવ સ્ટોરી. એન્ડ યુ આર વન ઑફ ટુ ગર્લ્સ. એન્ડ યુ આર અ બ્લાઇંડ ગર્લ.’
‘ બટ આઈ એમ નોટ કોન્ફિડેન્ટ કે હું કરી શકીશ. આઈ હેવ નો ફોર્મલ ટ્રેઇનિંગ ઑફ એક્ટિંગ’, વૈભવી બોલી. ધર્મેશસર સામેના સોફા પરથી વૈભવીની બાજુમાં આવીને બેસી ગયા. એણે વૈભવીના ખુલ્લા ગોરા સાથળ પર લસ્ટફૂલ થઈને પોતાનો હાથ મુક્યો. બંનેએ એકબીજા સામે જોયું અને હસ્યા.
‘ આઈ એમ હીઅર ટુ ટીચ યુ એવરીથિંગ.’, ધર્મેશસર બોલ્યા.
‘ રિઅલી? યુ નો એવરીથિંગ?’, વૈભવીએ ધર્મેશસરનો હાથ ખસેડ્યો અને હસીને બોલી. એ થોડી અનકમ્ફર્ટેબલ લાગી.
‘ યસ.’, ધર્મેશસરે ફરી વૈભવીના ખુલ્લા સાથળ પર હાથ મુક્યો.
‘ ઓકે તો કબ હૈ મેરી ક્લાસ?’, વૈભવી બોલી.
‘ આજ રાત?’, ધર્મેશસરે કતરાઇને કહ્યું.
‘ યુ આર ટુ ફાસ્ટ.’, વૈભવી થોડી ગભરાઇ હોય એમ બોલી. ધર્મેશસરે વૈભવીના વાળમાં હાથ નાખ્યો. વૈભવી થોડી એક્સાઇટેડ થઈ ગઈ.
‘ આઈ નો ઇટ્સ યોર ફર્સ્ટ ટાઈમ. ધીઝ હેપ્પન્સ.’, ધર્મેશસર વૈભવીને રિલેક્સ કરવા બોલ્યા. વૈભવીએ ધર્મેશસરના હાથ પર હાથ મુકી દીધો.
‘ ઓકે.’ વૈભવી એટલું જ બોલી શકી.
‘ એન્ડ લીસન, આપણું પ્લે આ મન્થના એન્ડમાં છે. સો તને ઘણું શીખવા મળશે.’, ધર્મેશસરે ટોપિક બદલ્યો.
‘ મને ફાવી તો જશે ને?’, વૈભવી થોડી નર્વસ થઈને બોલી.
’ ૧૫ દિવસ ઇનફ છે બેઝિક ટેકનિક્સ શીખવા માટે, પછી રીહર્સલમાં અમે છીએ જ ને.’, ધર્મેશસર વચ્ચે એક્ટિંગનું ડિસ્કશન ચાલતું રહ્યું. બંનેએ અડધા કલાક સુધી એક્ટિંગની અમુક ટેકનિક્સ વિશે વાતો કરી.
‘ સો આઈ વિલ વૉટ્સએપ યુ, ટાઈમ એન્ડ પ્લેસ.’, ધર્મેશસરે બધું કન્ક્લુડ કરતા કહ્યું.
‘ ઓકે.’, વૈભવી બોલી એટલે ધર્મેશસરે એને હગ કર્યું. બંને સી. સી. ડીની બહાર નીકળ્યા.
***
ધર્મેશસરના મોબાઈલમાં એક જાણીતા નંબરનો કૉલ આવ્યો. ધર્મેશસરે કૉલ રીસિવ કર્યો.
‘ ડૉન્ટ મેક મિસ્ટેક, એન્ડ પ્લીઝ કંટ્રોલ. ડૉન્ટ ગો વિથ ફ્લો.’, સામેનો અવાજ કૃતિનો હતો.
‘ આઈ વિલ ટ્રાય.’, ધર્મેશસર બોલ્યા.
‘ એન્ડ હા, વોચ ટાઈમ., જે ટાઈમ નક્કી કર્યો છે, એ જ ટાઈમ પર.’,
‘ ઓકે એનીથિંગ એલ્સ?’
‘ પેલ્લી કુત્તીને શંકા ના પડે એનું ધ્યાન રાખજે.’, કૃતિનો ગુસ્સાભર્યો અવાજ આવ્યો.
‘ સ્યોર, બટ આપડી ડીલ યાદ છે ને?’, ધર્મેશસરે હસતા હસતા કહ્યું.
‘ યુ આર હેલ ઑફ અ લસ્ટફૂલ મેન.’, કૃતિ પણ હસતા હસતા બોલી.
‘ ગેટ રેડી ફોર એક્શન.’, કૃતિ ફોન મુકતા બોલી.
‘ રેડી.’, ધર્મેશસરે જવાબ આપ્યો. સામેથી ફોન કટ થઈ ગયો.
‘ તારી ડીલ અને તું બંને યાદ છો.’, ફોન મુકીને કૃતિ હસતા હસતા બોલી.
***
‘ આર યુ સ્યોર યુ વોન્ટ ટુ ડુ લાઈક ધીઝ.’, કૃતિએ ખૂબ કૅર લેતા પૂછ્યું. એણે કોઈને ફોન

લગાવ્યો હતો.
‘ યા પરફેક્ટલી. મારી આગળ પાછળ કોઈ નથી.’, સામેથી ખૂબ કોન્ફિડેન્ટ અવાજ આવ્યો.
‘ બટ આ રીતે ઘણી કોન્ટ્રોવર્સીઝ ઊભી થશે. તારા ન્યૂઝ બધી ટી. વી. ચેનલો પર આવશે’, કૃતિએ વધારે કૅરફૂલ થઈને કહ્યું.
‘ આઈ લવ ઇટ, હું મારું ફ્યુચર આ કોન્ટ્રોવર્સીઝ પરથી જ બનાવીશ. યુ નો વુમન એમ્પાવરમેન્ટ. માય સ્ટ્રોંગ ઇમેજ.’, સામેથી ફરી એ જ કોન્ફિડેન્ટ અવાજ આવ્યો.
‘ એણે શું ટાઈમ આપ્યો છે?’, કૃતિએ પૂછ્યુ.
‘ એ મને કૉલ કરશે.’, ફરી એ જ અવાજ.
‘ ઓકે ડીઅર. બટ ટેક કૅર.’, કૃતિએ કહ્યું.
‘ હું વૈભવી છું. એક્ટિંગ એ મારો પેશન છે, સો ડૉન્ટ વરી. આઈ વિલ ડુ માય પાર્ટ બેસ્ટ.’,
‘ બાય.’, કૃતિએ કૉલ કટ કર્યો.
***
નિશા કૃપા અને સોનુ ત્રણેય રાતે આઠેક વાગે ટેરેસ પર બેઠા હતાં. અંકિતાને એકાંત જોઈતુ હતું એટલે એ વોક કરવા માટે ગઈ હતી. આજે વરસાદ થંભી ગયો હતો. ત્રણેય ફ્રૅન્ડ્સ એકબીજાની વાતો ખોળીને બેઠા હતાં. ત્રણેય ફ્રૅન્ડમાં સૌથી ઉદાસ કૃપા હતી. નિશા પણ ઉદાસ હતી, બટ એ એની ઉદાસી એની સ્માઈલ પાછળ છૂપાવી રહી હતી.
‘ લાઈફ ઇઝ બિકમિંગ બોરિંગ નિશુ…’, કૃપા બોલી.
‘ યા આઈ નો, કોઈ એક્સાઇટમેન્ટ નથી રહી. એમાં પણ જોબ.’, નિશા બોલી.
‘ મેરેજ કરીલો.’, સોનુ હસતા હસતા બોલી.
‘ જે પણ છોકરાઓ મળે છે, ઑલ વોન્ટ્સ નથિંગ બટ સેક્સ.’, કૃપાએ પોતાનો બળાપો કાઢ્યો.
‘ યા બહુ ઓછા લોકોને લવ થતો હોય છે, અને કેટલાક જ એકબીજાને પામી શકતા હોય છે.’, નિશા વિચારોમાં ડૂબેલી હોય એ રીતે બોલી.
‘ હેય મને એમ લાગે છે, હું થોડી વાર માટે તમને બંનેને એકલા છોડી દઉં?’, સોનુ એક જ ક્ષણમાં વાતાવરણને પરખતા બોલી.
‘ નો ઇટ્સ ઓકે યાર, બેસને.’, કૃપા બોલી.
‘ હું આવું હમણા. મારે પાણી પીવા માટે જવુ છે.’, સોનુ પાળી ઉપરથી નીચે ઉતરીને નીચે ગઈ.
‘ ધીઝ પ્રોફેશનલ લાઈફ ઇઝ બોરિંગ, લવ લાઈફમાં કંઈ નથી, સોશિયલી હું ખૂબ વીક છું. આઈ ડૉન્ટ નો વોટ ટુ ડુ.’, કૃપા ખૂબ જ ઉદાસ થઈને બોલી.
‘ હેય હેય, આ ઉંમર જ એવી છે. તું જેવુ ફીલ કરે છે, સેમ એવું હું પણ ફીલ કરું છું.’, નિશા બોલી.
‘ બટ વોટ વી કેન ડુ ? આપડી પાસે સર્વાઇવ કરવા સિવાય કોઈ રસ્તો જ નથી. વી હેવન્ટ અનદર વે ડીઅર.’, નિશાએ આગળ બોલવાનું શરૂ રાખ્યું.
‘ જેવી રીતે અંકુ માટે કોઈ રસ્તો નીકળ્યો, એવી રીતે આપણી માટે પણ રસ્તો નીકળશે જ.’, નિશાએ કૃપાના હાથ પર હાથ મુક્યો.
‘ હોપ સો, વિચારૂ છુ કે આ જોબ છોડી દઉં. અમદાવાદમાં આવી જાવ. એટલિસ્ટ કેટલાક ફ્રૅન્ડ્સ સાથે તો રહેવા મળશે.’, કૃપા બોલી.
‘ હું પણ એવું જ વિચારૂ છું. ફરી આપણે બધાં સાથે રહીએ.’, નિશા બોલી.
‘ એક વાતુ પુછું નિશા?’, કૃપાએ અંકિતા સામે જોઈને પૂછ્યું.

‘ હા બોલને., એમા તારે પુછવાની જરૂર નથી.’, નિશાએ જવાબ આપ્યો.
‘ નિશા કેટલીક વાતો એવી હોય છે, જે પૂછતાં પહેલાં પૂછવાની ફોર્માલિટી કરવી જોઈએ.’, કૃપા પહેલી વાર આટલી સિરિયસ અને સમજાદાર લાગી રહી હતી.
‘ નો પ્રોબ્લ્મે બોલ.’, નિશા બોલી.
‘ ડુ સ્ટીલ લવ વિવાન.’, બોલીને કૃપાના શ્વાસ થંભી ગયા. એને એક ક્ષણ માટે કંઈક ખોટું પૂછાઇ ગયું હોય એવું લાગ્યું. બટ એણે પૂછીને જ પૂછ્યુ હતું.
‘ કૃપા તે ખૂબ અઘરો પ્રશ્ન પૂછ્યો છે.’
‘ મને ખબર છે તને હજુ વિવાન પ્રત્યે લાગણીઓ છે.’
‘ આઈ લવ વિવાન, બટ મારી પ્રોબ્લેમ એ છે કે, આઈ ઓલ્સો લવ અંકુ.’, નિશા ખૂબ સિરિયસ થઈ ગઈ.
‘ તે પ્રેમ પણ કર્યો અને સેક્રીફાઇસ પણ.’, કૃપા બોલી.
‘ મને તો નથી લાગતું. સેક્રીફાઇસ તો પામવા માટે કરવો પડે. મેં તો માત્ર પ્રેમ જ કર્યો છે.’, નિશાની આંખનો એક ખુણો ભીનો થઈ ગયો.
‘ હેય, આઈ કેન અન્ડરસ્ટેન્ડ. એવરીથિંગ વિલ બી ફાઇન’, કૃપાએ કહ્યું.
‘ હું પણ તને એ જ કહું છું, એવરીથિંગ વિલ બી ફાઇન.’, નિશા અને કૃપા બંને ચૂપ થઈ ગયા. બંનેની આંખો ભેજ વાળા વાતાવરણમાં ભીંજાઈ ગઈ હતી.
***
રાતના પોણા દસ વાગ્યા હતાં. અંકિતા પોતાની જાત સાથે સમય વિતાવી રહી હતી. એને આવી રીતે એકલા એકલા ચાલીને વિચારવુ ગમતુ હતું. એ મોસ્ટલી એની લાઈફમાં આગળ શું કરવું એ બાબતે વિચારતી. બટ આજે એને બને ત્યાં સુધી કોઈ વિચાર કર્યા વિના કુદરતે તૈયાર કરેલા આજના વાતાવરણને માણવું હતું. એટલે એ માત્ર આંખો બંધ કરીને પોતાના ફ્લેટ નીચેના ગાર્ડનની ભીની લોન પર આંખો બંધ કરીને ચાલી રહી હતી.
થોડી વાર પછી એનો મોબાઈલ વાઇબ્રેટ થયો. મોબાઇલે તો એને ડિસ્ટર્બ કરી જ, બટ જે નંબર એના પર ફ્લૅશ થઈ રહ્યો હતો એનાથી એ થોડી વધારે વિચલિત થઈ. અંકિતાના મોબાઈલમાં ફેન્સીનો કૉલ આવી રહ્યો હતો. અંકિતાએ કૉલ રીસિવ કર્યો. પણ એ કંઈ બોલી નહીં. એક જ ક્ષણમાં અંકિતાનો મૂડ બદલાઇ ગયો. એને ગુસ્સો આવી ગયો હતો બટ એ કંઈ જ બહાર કાઢવા નહોતી માંગતી.
‘ યુ આર હાર્ટલી ઇનવાઇટેડ ફોર માય એન્ગેજમેન્ટ અંકિતા.’, સામેથી ફેન્સીનો કટાક્ષભર્યો અવાજ આવ્યો.
‘ થેંક્યુ વેરી મચ, હું જરૂરથી આવીશ.’, અંકિતાએ ગુસ્સામાં હોઠ દબાવીને કહ્યું.
‘ તારી પેલી બોયફ્રેન્ડ ચોરને પણ કહી દેજે.’,
‘ નો થેંક્સ, યુ કેન સે યોર ઓન.’, અંકુએ ગુસ્સામાં જ ચોપડી દીધું.
‘ મને તારી રાહ રહેશે.’, ફેન્સી જે રીતે બોલી રહી હતી, અંકિતા એનો ગુસ્સો પૂરેપૂરો કંટ્રોલ કરી રહી હતી.
‘ મને પણ.’, અંકિતાએ ફોન કટ કરી નાખ્યો. ફેન્સીના મનમાં ડરે સ્થાન લઈ લીધું. અંકિતા ફોન કટ કરીને થોડું હસી.
***
અંકિતાના મમ્મી આરોહીબેન અને પપ્પા પ્રફૂલભાઈ હિંડોળે હીંચકી રહ્યા હતાં, સૃષ્ટિ બંનેની વચ્ચે બેસેલી હતી. રાજકોટમાં આજે ખૂબ વરસાદ પડ્યો હતો. આરોહીબેને આજે ગરમાગરમ ભજીયા બનાવ્યા હતાં. એકવાર અંકિતાએ ઘરે કૉલ કરીને કહ્યું હતું કે ‘ પપ્પા હમણા

વિવાનના ઘરે કૉલ ના કરતા , હું કહું પછી જ કરજો ' અંકિતાએ પોતાના બ્રૅકઅપની વાત આવી રીતે છૂપાવી હતી. ત્રણ મહિના સુધી કોઈ કૉલ ત્યાંથી અહીં કે અહીંથી ત્યાં નહોતો ગયો. એટલે આરોહીબેનને ક્યારેય ક્યારેક ચિંતા થતી. બટ અંકિતા એમને કંઈક ને કંઈક કહીને સમજાવી દેતી. એના માટે આ કહેવું અઘરું હતું. પ્રફૂલભાઈ સામે કહેવુ તો એમનો જીવ લેવા સમાન હતું. જ્યારે વાગેલા ઘાવ પર બીજી વાર વાગે ત્યારે અસહ્ય પીડા થતી હોય છે. એ પીડા અંકિતા પ્રફૂલભાઈ અને આરોહીબેનને આપવા નહોતી માંગતી.
' હવે આપણે અંકિતાના મેરેજ વિશે વિચારવું જોઈએ. એનું સ્ટડી એ મેરેજ પછી પણ કમ્પ્લિટ કરી શકે છે.', પ્રફૂલભાઈ થોડા ચિંતાતૂર થઈને બોલ્યા.
' હા, તમારી વાત તો સાચી પણ, પેલા અંકુને પૂછી લઈએ. પછી વિવાનના ઘરે ફોન કરીએ.', આરોહીબેને કહ્યું.
' ત્રણ મહિના થઈ ગ્યા ત્યાંથી કોઈએ ફોન પણ નથી કર્યો.', પ્રફૂલભાઈ થોડા ચિંતિત થઈને બોલ્યા.
' હું પણ એજ વિચારતી હતી, અંકુએ બહુ ફોર્સ કરીને કહ્યું છે. એટલે કાલે એને ફોન કરીને પૂછી લઈ.', આરોહીબેને કહ્યું.
' હા કાલે વાત. અને હા આજે ભજીયા બહુ સારા હતાં.', પ્રફુલ્લભાઈએ હસતા હસતા કહ્યું. બંને પોતાના સુખી દામ્પત્ય જીવનમાં રમમાણ કરવા લાગ્યા.
***
આ તરફ ભાવનાબેન, અખિલેશભાઈ, તનુદીદી, વિશાખા એમના ડ્રોઇંગ રૂમમાં બેઠા હતાં. એ લોકો વિવાનની ચિંતામાં હતાં. તનુદીદી આ સગાઈમાં ખાસ ઇન્ટરેસ્ટેડ નહોતા. બટ છતાં એ સપોર્ટીવ તો હતાં જ. એમની ઇચ્છા હતી કે વિવાન અંકિતાને જઈને મનાવે. બટ વિવાન માટે આ એટલું ઇઝી નહોતું.
' તનું તે એને સમજાવવાની ટ્રાય કરી?', અખિલેશભાઈએ એના ભારે અવાજમાં તનુદીદીને પૂછ્યુ.
' પપ્પા, મેં મારી રીતે બધી કોશિષ કરી લીધી. એ એના વિચારોમાંથી બહાર આવે તો ને.', તનુદીદીએ ઉદાસ થતા કહ્યું.
' આ બધું પેલીના લીધે જ થ્યુ છે.', ભાવનાબેને એની કડવી જીભ બહાર કાઢી.
' મમ્મી, આપણે હજુ કંઈ જાણતા નથી. આવી રીતે કોઈના પર દોષ નાખવો બરાબર નથી.', સમજદાર વિશાખા બોલી. ભાવનાબેન એકદમ ચુપ થઈ ગયા.
' એને ખબર છે આવતી કાલે એની સગાઈ છે. એ એન્ગેજમેન્ટ માટે રેડી પણ છે. બસ એને કોઈ ખુશી નથી.', તનુદીદીએ અખિલેશભાઈ સામે જોઈને કહ્યું.
' આપણે આ સગાઈ એટલા માટે જ કરી રહ્યા છીએ કે એનું ડિપ્રેશન ઓછું થાય.', અખિલેશભાઈ બોલ્યા.
' પણ પપ્પા મને એમ નથી લાગતું. આ સગાઈ એની ગિલ્ટમાં વધારો જ કરશે.', તનું દીદીએ બોલવાનું શરૂ રાખ્યું.
' કેટલાક રોગો જીવનભર નથી જતા, અંકિતા વિવાનનો આવો જ રોગ છે.', તનુદીદી બોલ્યા. કોઈ કંઈ ના બોલી શક્યું. ડ્રોઇંગરૂમમાં સન્નાટો છવાઇ ગયો.
***
' રૂમનં ૪૦૧, હોટેલ નવજીવન, પાલડી. ૧૦- ૧૫', ધમેશસરે વૈભવીને મૅસેજ કર્યો.
' રૂમનં ૪૦૧, હોટેલ નવજીવન, પાલડી. ૧૧- ૧૫', ધમેશસરે વૈભવીને મોકલેલો મૅસેજ એડીટ કરીને ફેન્સીને ફોરવર્ડ કર્યો.

‘ ઓકે, આ વિલ બી ધેર.’, વૈભવીનો મૅસેજ આવ્યો.
ધર્મેશસરનો સાયલન્ટ મોડમાં રાખેલો ફોન વાઇબ્રેટ થયો. ફેન્સીનો કૉલ હતો.
‘ આટલું લેઇટ? હું નહીં આવી શકું.’, ધર્મેશસરે કૉલ રીસિવ કર્યો કે તરત જ ફેન્સી બોલી.
‘ ઇટ્સ જસ્ટ ૧૧- ૩૦, ઇટ્સ અ પરફેક્ટ ટાઈમ બેબ’, ધર્મેશસર હસતા હસતા બોલ્યા.
‘ હું વધારે ટાઈમ નહીં આપી શકું.’, ફેન્સી બોલી.
‘ યુ નો વેરી વેલ, ઇટ ટેક્સ જસ્ટ ફ્યુ મીનીટ્સ.’, ધર્મેશસર ખડખડાટ હસતા બોલ્યા.
‘ યા બેબ આઈ નો. સી યુ ધેર.’, ફેન્સી પણ હસતા હસતા બોલી પડી.
‘ સી યુ માય, હોટ સેક્સો.’, ધર્મેશસરે કૉલ કટ કર્યો…!
***
‘ મૅસેજ હિમ, ધેટ આઈ વિલ બી ધેર ફોર પ્લે કાસ્ટીંગ મીટિંગ . જેથી આ મીટિંગને એક બહાનું મળી જાય.’, કૃતિએ વૈભવીને ફોન પર કહ્યું.
‘ ઓકે, એનીથિંગ એલ્સ?’, વૈભવીએ પૂછ્યું.
‘ ફર્સ્ટ ટેક કૅર ઑફ યોર સેલ્ફ. ફેન્સી એ રૂમમાં આવે ત્યાં સુધી તારે ત્યાં જ રહેવાનું છે. ગમે તે કરીને.’, કૃતિએ ખૂબ જ પેશન્સ રાખીને કહ્યું.
‘ ઓકે ડન, ધેન?’,
‘ ફર્સ્ટ લેટ ધર્મેશ હેવ સેક્સ વિથ ફેન્સી. અરાઉન્ડ ૧૧- ૩૦ યુ વિલ ડુ યોર લાસ્ટ જોબ.’, કૃતિએ ખૂબ સિરિયસ થઈને કહ્યું.
‘ ઓકે કૃતિ.’, વૈભવી બોલી.
‘ વૈભવી, હવે બધું જ તારા હાથમાં છે. ટેક કૅર ઑફ યોર સેલ્ફ.’, કૃતિએ વૈભવીને ખૂબ પ્રેમથી કહ્યું.
‘ યા આઈ વીલ, માય ડીઅર.’, વૈભવી બોલી.
‘ થેંક્સ યાર. અને યાદ રાખજે, તું આજે કોઈના માટે બહુ મોટું કામ કરી રહી છો.’, કૃતિ બોલી.
‘ હેય, તે જ મને થેંક્સ ન કહેવા કહ્યું હતું. તે એક વાર મારો જીવ બચાવ્યો છે. હું આટલું તો કરી જ શકું. અને આમા તો મારો પણ સ્વાર્થ છે.’, વૈભવીએ કહ્યું.
‘ ઓકે, બેસ્ટ ઑફ લક એન્ડ ટેક કૅર.’, કૃતિએ કહ્યું.
‘ યા, બ બાય.’, વૈભવી બોલી. કૃતિએ ફોન કટ કર્યો. એણે મોબાઈલમાં ટાઈમ જોયો. ૧૦ વાગ્યા હતાં. એણે ધર્મેશ સરને કૉલ લગાવ્યો.
***
‘ યા બેબ.’, સામેથી ધર્મેશસરનો અવાજ આવ્યો.
‘ હેય હૅન્ડસમ, ફેન્સીને પ્લેસનો મૅસેજ કર્યો કે નહીં?’, કૃતિએ ધર્મેશસરને પૂછ્યું.
‘ યા ૧૧- ૧૫ નો ટાઈમ આપ્યો છે.’, ધર્મેશસર બોલ્યા.
‘ હેય ધર્મેશ થેંક્સ ફોર ડુઇંગ ધીઝ.’, કૃતિ નકલી આભાર માનતા બોલી.
‘ હેય બેબ, યુ નો વ્હાય આઈ એમ ડુઇંગ ધીઝ. ઇટ્સ સેક્સ. સો રિમેમ્બર ઓવર ડીલ.’, ધર્મેશસરે ખૂબ સિરિયસ થઈને કહ્યું.
‘ યા આઈ નો, અને મારે ફેન્સીની દરેક વાતનું રેકોર્ડિંગ જોઈએ છે.’, કૃતિએ કહ્યું.
‘ ઓકે, બટ તને અત્યાર સુધીનું રેકોર્ડિંગ આજે જ મેઇલ કર્યુ છે.’, ધર્મેશસર થોડા તણાઇને બોલ્યા. ‘ યા આઈ ગોટ ઇટ, હું આજ રાતની વાત કરું છું. એને સખત રાડો પડાવજે અને રેકોર્ડ કરજે. હેવ અ વાઇલ્ડ નાઈટ.’, કૃતિએ હસતા હસતા કહ્યું.
‘ યા સ્યોર.’, ધર્મેશસર બોલ્યા.

‘ બની શકે તો એક તમારો નેકેડ સેલ્ફી લઈ લેજો. ધેટ વિલ હૅલ્પ અ લોટ ટુ પ્રુવ.’, કૃતિ ચાલાકીથી બોલી.
‘ યા વ્હાય નોટ, ચાલ હવે મારે થોડું કામ છે.’, ધર્મેશસરે કહ્યું. કૃતિને ખબર જ હતી એને શું કામ હતું.
‘ ઓકે, હેવ અ ગ્રેટ ટાઈમ.’, કૃતિએ વીશ કર્યુ.
‘ થેંક્સ.’, ધર્મેશસરે કૉલ કટ કર્યો.
‘ ઑલ સેટ.’, ધર્મેશસરનો કૉલ કટ થયો એટલે કૃતિએ બાજુમાં નિશા, સોનુ અને કૃપા સામે જોઈને કહ્યું.
‘ નાઉ ફીંગર્સ આર ક્રોસ્ડ.’, નિશા બોલી.
‘ હોપ બધું ટાઈમ પર થઈ જાય. અત્યારે ધર્મેશ હોટેલમાં જ હોવો જોઈએ. વૈભવી હોટેલ જવા નીકળી ગઈ છે.’, કૃતિએ લેટેસ્ટ અપડેટ આપતા કહ્યું.
‘ ગટ્સ તો વૈભવીમાં જ છે.’, કૃપા બોલી.
‘ એણે કહ્યું એમ એની આગળ પાછળ કોઈ નથી. એન્ડ શી વોન્ટ ટુ બિકમ ફેમસ.’, કૃતિએ કૃપા સામે જોઈને કહ્યું.
‘ યુ ગોટ અ બ્રિલિયન્ટ માઇન્ડ.’, નિશાએ કૃતિને હસીને શાબાશી આપતા કહ્યું.
‘ એક્ટર તો છું જ. કદાચ હવે રાઇટર પણ બની જઈશ.’, કૃતિ હસતા હસતા બોલી. બધાં હસ્યા.
‘ બસ, હવે ફેન્સી એકવાર હોટેલ પર આવી જાય અને એના કપડાં ઊતરે.’, કૃતિ આંખો પહોળી કરીને બોલી.
‘ બાય દ વે . આપણા મેડમ ક્યાં છે ?’, કૃતિએ પૂછ્યું .
‘ એ નીચે વોકિંગ કરે છે. એને એકલું રહેવુ ગમે છે.’, નિશાએ કહ્યું.
‘ યા આઈ નો.’, કૃતિએ ખૂબ જ ધીમેથી કહ્યું. બહાર ધીમો ધીમો વરસાદ શરૂ થઈ ગયો.
***
‘ હેય બેબ. વેર યુ.’, વૈભવીના મોબાઈલ પર ધર્મેશસરનો મૅસેજ ફ્લૅશ થયો.
‘ ડાર્લિંગ હું ટ્રાફીકમાં છું, બસ દસ મિનિટ લાગશે.’, વૈભવીએ ધર્મેશસરને મૅસેજનો જવાબ મોકલ્યો. વૈભવી પાલડી પાસે વરસાદને કારણે ટ્રાફિકમાં ફસાઇ ગઈ હતી. ઑલરેડી ૧૦ વાગી ગયા હતાં.
‘ બેબ, આપડી પાસે એક કલાક જ છે.’, ધર્મેશસરનો મૅસેજ આવ્યો.
‘ આઈ થોટ ઇટ ટેક્સ જસ્ટ ફ્યુ મિનિટ્સ.’, વૈભવીએ મૅસેજ સાથે આઈ બ્લિંકિંગની સ્માઇલી પણ સેન્ડ કરી. ત્યાંજ ટ્રાફિક ખૂલી ગયો.
***
એક કલાકમાં ધર્મેશસરને વૈભવી સાથે જે કરવાનું હતું એ પતાવવાનું હતું. હોટેલના એર કન્ડીશન્ડ રૂમમાં પણ એને અકળામણ થઈ રહી હતી. એણે તો એમ જ સમજ્યુ હતું કે વૈભવી એ ફેન્સી સાથે મળેલી બોનસ છે. એને ક્યાં ખબર હતી. આ વખતે આખી કહાનીને કૃતિ જ લખી રહી હતી અને કૃતિ જ ડાયરેક્ટ પણ કરી રહી હતી. પરંતુ અંકિતા પ્રોડ્યુસર હતી. ૧૦-૧૫ થઈ બટ હોટેલના ડોર પર હજુ બેલ ન વાગ્યો. એક કલાકમાં અહીં ફેન્સી પણ આવી જવાની હતી. ધર્મેશસર વારંવાર મોબાઈલનો લોક અનલોક કરતા અને ફરી લોક કરતા રહ્યા. એણે હોટેલના રૂમમાં આમ થી તેમ આંટા મારવાનું શરૂ રાખ્યું હતું. બહાર વરસાદે પોતાની સ્પીડ પકડી હતી. બહાર ધોધમાર વરસાદ વરસી રહ્યો હતો.
ઘડિયાળમાં એક્ઝેક્ટ ૧૦- ૩૦ થયા. ડીંગ ડોંગ. ધર્મેશસરની નજર ડોર પર પડી.

***
મીની બ્લૅક વન પીસ ટોપ, ગોરી જાંઘો, આંખો પર મશ્કરા, પરફેક્ટ આઈ બ્રો, નેકેડ આર્મ્સ, બ્લૅક સેન્ડલ્સ, ગળામાં એક ડાયમંડ નેકલેસ અને નાકમાં નથણી. વૈભવી ઇરોટિક મટિરીયલ બનીને આવી હતી. જેવો દરવાજો ખુલ્યો કે ધર્મેશસર વૈભવીને ઉપરથી નીચે તરફ જોવા લાગ્યા. વૈભવી માત્ર હોઠો પર હળવા સ્મિત સાથે દરવાજે જ ઊભી રહી.
‘ અંદર નહીં બોલાવ?’, વૈભવી બોલી. હોટ બોમ્બ જોઈને ધર્મેશસરનું મોં ખુલ્લું રહી ગયું. વૈભવીએ રૂમમાં એક પગલું ભર્યુ અને ધર્મેશસરના ચહેરા પર ધીમે ધીમે આંગળી ફેરવી. ધર્મેશસરે દરવાજાને ધક્કો મારીને અંદરથી બંધ કરી દીધો. એણે તીખી નજરથી વૈભવી સામે જોયું. એ વૈભવી તરફ આગળ વધ્યો અને એનું બાવડું પકડવા ગયો, જેવો એણે વૈભવીને સ્પર્શ કર્યો. વૈભવી સ્મિત કરીને દૂર ખસી ગઈ.
‘ આપડી પાસે ઘણો ટાઈમ છે’, વૈભવી એક નેણ ઉંચો કરતા બોલી.
‘ ના ડાર્લિંગ, આપડી પાસે એક જ કલાક છે.’, ધર્મેશસર બોલ્યા.
‘ ધેન ફર્ગેટ ઇટ.’, વૈભવીએ હળવુ સ્મિત કર્યુ.
‘ ટ્રાય ટુ અન્ડરસ્ટેન્ડ જાના, મારી મીટિંગ છે.’, ધર્મેશસર બોલ્યા. વૈભવીએ પોતાના સેન્ડલ બેડની નીચે ઉતાર્યા અને બેડ પર બેસી.
‘ વિથ હુમ? અનદર ગર્લ?’, વૈભવી ફરી નેણ ઊંચા કરીને સ્મિત સાથે બોલી.
‘ અરે ન, ના. ક ક્લાયન્ટ.’, ધર્મેશસર થોથરાયા.
‘ હાહાહા… જસ્ટ જોકિંગ.’, વૈભવી જોરથી હસી પડી.
‘ કમ માય બેબી, બટ સ્લોલી.’, વૈભવીએ એના હાથ ફેલાવીને કહ્યું. ધર્મેશસર તરત જ કૂદી પડ્યા. વૈભવી બેડની વચ્ચે આવી ગઈ.
ધર્મેશસર એમનો ચહેરો વૈભવીની ગરદન પાસે લઈ ગયા. વૈભવીની ગરદન પર સેન્ટની ખુશ્બુ સૂંઘીને ધર્મેશ મદહોશ થઈ ગયો. એ વૈભવીની ગરદન સૂંઘતો રહ્યો અને એણે ત્યાં ચુંબનો કરવાનું શરૂ કર્યુ. વૈભવીનો આ ફર્સ્ટ એક્સ્પિરિયન્સ હતો. એને કંઈક ફીલ થઈ રહ્યું હતું, જે એની બંધ આંખો, તડપને કારણે ખૂલી ગયેલા હોઠો અને સંકોચાઇ ગયેલા કપાળ પરથી ખબર પડી રહી હતી. ધર્મેશ વૈભવીને ગરદનની આગળ અને પાછળ ચુંબનો કરતો રહ્યો અને વૈભવી માત્ર એ અનુભૂતિને આંખો બંદ કરીને માણતી રહી. ધર્મેશ એનો ચહેરો ધીરે ધીરે વૈભવીના ચહેરા તરફ લઈ ગયો. એણે વૈભવીના ગાલ પર કિસ કરી. વૈભવી માત્ર આંખો બંધ કરીને એ પળોને માણી રહી હતી. ધીરે ધીરે ધર્મેશના હોઠ વૈભવીના હોઠ તરફ ગયા. વૈભવીએ ચહેરો હટાવી લીધો.
‘ નો.’, એ બોલી.
‘ બટ. વાય?’,
‘ ઇટ ઇઝ રિઝર્વ્ડ ફોર સમવન.’
‘ બટ વાય? ધીઝ ઇઝ પરફેક્ટલી નેચરલ એન્ડ ઑલરાઇટ.’, ધર્મેશ વૈભવીને કન્વીન્સ કરતા બોલ્યો. એ વધારે ના બોલ્યો અને ફરી એણે એના ગળે ચુમીઓ કરવાની શરૂ રાખી. ધીરે ધીરે ધર્મેશના હાથ વૈભવીના ટોપ પર ફરવા લાગ્યા. એ એના હાથ ધીમે ધીમે વૈભવીના બેક પર ફેરવી રહ્યો હતો. વૈભવી અલગ જ અનુભૂતિ કરી રહી હતી, ન તો સંતોષ, ન એ ખુશી, શું કહેવું એ વૈભવીને જ ખબર નહોતી પડી રહી.
ધર્મેશના હાથ વૈભવીના ટોપમાં ઘૂસ્યા. એના હાથ વૈભવીના બ્રેસ્ટ પર હતાં. હી વોઝ પ્રેસિંગ ઇટ. વૈભવી રોમાંચ અને થ્રીલ ફીલ કરી રહી હતી. ક્યારેક એના મોંમાંથી આહકારો નીકળી જતો હતો. વૈભવી વધારે રેઝિસ્ટ નહોતી કરી શકતી. ધર્મેશ પણ વાઇલ્ડ બની ગયો હતો.

ધર્મેશે વૈભવીના ટોપની પાછળની ચેઇન ખોલવાની ટ્રાય કરી. બટ એ ખુલી નહીં, જોશમાં જ ધર્મેશે આંચકો માર્યો અને અને ટોપ થોડું ફાટી ગયું. ધર્મેશે વૈભવીનું બ્લૅક ટોપ કમર સુધી નીચે ઉતાર્યું. એણે વૈભવીના બેક પર કિસ કરવાની શરૂ કરી. વૈભવીના બેક પર નાના કાળા તલ હતાં. વૈભવીના દરેક તલ પર ધર્મેશે કિસ કરી. બટ નાવ હી વોઝ વાઇલ્ડ. એણે દરેક તલ પર બટકા ભર્યા. જ્યારે જ્યારે ધર્મેશ વૈભવીના બેક પર બટકુ ભરતો ત્યારે ત્યારે વૈભવી આંહકારો અથવા ચીસ નીકળી જતી.
વૈભવીના ગોરા અને માંસલ બેક પર લાલ ચામઠા પડી ચુક્યા હતાં. ધર્મેશે વૈભવીની બ્રાની ક્લિપ ખોલી, શી વોઝ નાઉ કમ્પ્લીટલી ટોપ લેસ. ધર્મેશ હવે વધારે કંટ્રોલ કરી શકે એમ નહોતો અને સમય વાયુવેગે પસાર થઈ રહ્યો હતો. અગિયાર વાગી ચુક્યા હતાં. ફેન્સીને આવવાની પંદર મિનિટની જ વાર હતી. સમયનું થોડું ભાન થતા ધર્મેશે ફોર પ્લે બંધ કર્યું, હી ટર્ન્ડ ઓન હિમ સેલ્ફ.
ધે હેડ અ સેક્સ, ત્યારે ૧૧. ૨૦ થઈ ચુક્યા હતાં. જેવી ધર્મેશની તલબ પૂરી થઈ કે તરત જ ધર્મેશ વોશરૂમમાં ચાલ્યો ગયો. એણે વૈભવીની સામે સુધ્ધા ના જોયું. વૈભવીની તરસ છીપાઇ નહોતી. એની લાઈફનો પહેલો સેક્સ હજુ એણે અધુરો જ માણ્યો હતો. શી વોઝ સ્ટીલ હંગ્રી એન્ડ હોર્ની.
બટ ત્યાં જ....
ટક ટક ટક.... ડોર પર ત્રણ નોક થયા. વૈભવીને ખયાલ આવી ગયો ત્યાં કોણ હતું. પ્લાન વોઝ ગોઇંગ વેરી વેલ. ધર્મેશ ડોર પરનો નોક સાંભળીને હાંફળો ફાંફળો થઈ ગયો. વૈભવીને બહાર કઈ રીતે કાઢવી અને ફેન્સીને અંદર કઈ રીતે બોલાવવી? ધર્મેશ મુંજવણમાં મુકાઇ ગયો. એના મનમાં એકસાથે ઘણા વિચારો આવવા લાગ્યા.
‘ જો વૈભવી ફેન્સીને મારી સાથે જોશે તો ફરી ક્યારે વૈભવી ચાખવા નહીં મળે’
એક હવસખોર વ્યકિતના વિચારો હોય પણ કેવા?
એ તરત જ વૈભવી પાસે આવ્યો અને એને કહ્યું કે ‘ તુ વોશરૂમમાં સંતાઇ જા.’ વૈભવીએ તરત જ એ કર્યુ. બટ નાઉ થિંગ વોઝ લિટલ ડિફરન્ટ. હવે વૈભવીને ફેન્સીની જલન થઈ રહી હતી. માણસનો સ્વભાવ જ છે. પોતાની ઇચ્છિત વસ્તુ પોતાના સમય પર બીજા કોઈ પાસે જઈ રહી હોય ત્યારે ઇર્ષ્યાનો જન્મ સહજ થઈ જાય. એમાં પણ વૈભવી પાસે તો અતૃપ્ત થયેલી કામેચ્છા હતી. જે કંઈ પણ કરાવી શકે એમ હતી. વૈભવી થોડીવાર સુધી હોટેલના રૂમના એક નાનકડા બાથરૂમમાં ગોંધાઇ રહી, બટ એને ચેન નહોતો.
‘ હાય જાના....’, ફેન્સી અંદર આવી એટલે તરત જ ધર્મેશની બાહોમાં સરી પડી. ધર્મેશને ફેન્સીનો જરાયે ડર નહોતો, કારણ કે ધર્મેશને વૈભવી જેવો શિકાર ફેન્સીએ જ ખોળી આપ્યો હતો. એવું ધર્મેશને લાગતું હતું. દસ મિનિટ પહેલાંના સેક્સ પછી પણ ધર્મેશ પર કામદેવ ફરી સવાર થઈ ગયા. પરંતુ હવે ધર્મેશ વધારે ને વધારે એન્જોય કરી લેવા માંગતો હતો. કારણ કે ફેન્સી સાથે આ લાસ્ટ લસ્ટ હતો.
‘ યુ આર અ બંચ ઑફ હોટ કેક બેબ.’, ધર્મેશ સ્માઈલ કરતા બોલ્યો. ફેન્સીએ કંઈ જવાબ ના આપ્યો એણે બસ પોતાના હોઠ ધર્મેશના હોઠ પર મુકી દીધા. ફેન્સી ધર્મેશને અલગ અલગ રીતે સિડ્યુસ કરી રહી હતી. ધર્મેશ પણ કંઈ બાકી નહોતો રાખી રહ્યો. જાણે ફીફ્ટી શેડ્સ ઑફ ગ્રે ચાલી રહ્યું હોય.
બંને એક ગાઢ ફોરપ્લેમાં રંગાયેલા હતાં ત્યારે જ કમર સુધી લટકેલ ટોપ લઈને વૈભવી વોશરૂમમાંથી બહાર આવી, અર્ધનગ્ન વૈભવીએ ધીમેંથી ખોંખારો ખાધો. એ સાંભળતા જ ધર્મેશનો કામ પીગળી ગયો અને એ ગભરાઇ ગયો. ફેન્સી પણ આશ્ચર્યમાં પડી ગઈ અને કંઈ

બોલી ના શકી. ધર્મેશ વૈભવીને સમજાવવા ઊભો થયો, ત્યાં જ વૈભવીએ ધર્મેશના હોઠોને ચુસવાનું શરૂ કર્યુ. એણે બળપૂર્વક ધર્મેશને બેડ પર પાડી દીધો અને એણે ધર્મેશની છાતી પર કિસો કરવાનું શરૂ રાખ્યું. ફેન્સી ચુપચાપ આ બધું જોઈ રહી. જાણે એને જોરદાર જટકો લાગ્યો હોય. બટ કોઈ બોલવાની કે સમજાવવાની પૉઝિશનમાં નહોતું.
વૈભવીએ ફેન્સી સામે જોયું.
‘ કેન વી એન્જોય?’, વૈભવી હેબતાઇ ગયેલી ફેન્સી સામે જોઈને બોલી. તરત જ ફેન્સીના ચહેરા પર નાની સ્માઈલ આવી ગઈ.
‘ સ્યોર.’, ફેન્સીએ વૈભવીના સાથળ પર ધીરેથી હાથ ફેરવીને કહ્યું.
‘ ફીફટી શેડ્સ ઑફ ગ્રે સ્ટાઇલ.’, વૈભવી બોલી. વૈભવી પોતાના કામ પરનો કાબુ ગુમાવી ચુકી હતી. એ એની હવસ અને કામેચ્છાને સંતોષી લેવા માંગતી હતી. કૃતિના પ્લાનનો બધો આધાર વૈભવી ઉપર હતો, બટ હવે એ ભાનમાં નહોતી. એના ઉપર કામદેવ સવાર હતાં.
ઇટ વોઝ ગોઇંગ ટુ વાઇલ્ડ. વૈભવીના કહેવા પ્રમાણે એના બંને હાથ બેડ પર બાંધી દેવામાં આવ્યાં. એની આંખો પર ફેન્સીએ પોતાનો દુપ્પટો બાંધી દીધો. બટ ધર્મેશને એ અર્ધનગ્ન જ સારી લાગી રહી હતી, એટલે એનું ફાટેલું ટોપ એમ જ રાખ્યું. વૈભવીએ જ કહ્યું કે એના મોંમાં કપડાનો દાંટો મુકવામાં આવે જેથી એની ચીસો બહાર ન જાય. એ ખૂબ જ જંગલી સેક્સ માંગતી હતી. એન્ડ ઇટ વોઝ સ્ટાર્ટેડ. ફેન્સી, વૈભવી અને ધર્મેશ.
ત્રણે ત્રણ કામમાં ડૂબી ગયા હતાં. ત્રણેય કામાગ્ન અને કામાંધ થઈ ગયા હતાં. શરીરના દરેક અંગ પર હવસની લાળ ટપકી રહી હતી.
ઇટ વોઝ ૧૧. ૫૭. અને ત્યારે જ ડોર જોર જોરથી ખખડ્યો.
‘ દરવાજો ખોલો.’, બહારથી કોઈ વ્યકિતનો ભારે અવાજ આવ્યો. એ સાંભળતા જ વૈભવીએ ચીસો પાડવાનું શરૂ કર્યુ. બટ એના મોંમાં દાંટો હોવાથી અવાજ અંદર જ દબાઇ રહ્યો હતો. ફેન્સી, ધર્મેશ ગભરાઇ ગયા. વૈભવીને શાંત કરવી મુશ્કેલ હતી. એટલે ધર્મેશે મોં આડેનો દાંટો વધારે ખોંસ્યો.
‘ ખોલો નહીંતો દરવાજો, તોડી નાખવામાં આવશે.’, દરવાજો ખખડાવવાનો અવાજ પ્રંચડ થઈ ગયો હતો અને વ્યક્તિ એના ભારે અવાજમાં રીતસરની ચીસો પાડી રહ્યો હતો.
‘ ધડામ.’, હોટેલનો મજબૂત દરવાજાની સ્ટોપર તુટી ગઈ. ત્રણ પોલીસ અંદર આવી ચુક્યા હતાં. એની સામે બે છોકરી અને એક છોકરો નગ્ન અવસ્થામાં હતાં. હજુ વૈભવી મોં આડે દાટો હોવા છતાં ચીસો પાડી રહી હતી. એક પોલીસે આવીને એના મોં પરથી દાટો હટાવ્યો.
‘ મારાં પર બળાત્કાર થ્યો છે.’, તરત જ વૈભવી રડી પડી. ધર્મેશ અને ફેન્સીના હાર્ટ એ જ ક્ષણે થંભી ગયા.
***
11:28 P.M
***
‘ પ્લાનમાં થોડો ચૅન્જ છે, ૨૦ મિનિટ લેઇટ.’, વૈભવીએ વોશરૂમમાંથી જ કૃતિને મૅસેજ કર્યો.
*
‘ પ્લાનમાં થોડો ચૅન્જ છે, ૨૦ મિનિટ લેઇટ.’, કૃતિના મોબાઈલમાં મૅસેજ આવ્યો. પાંચેય ફ્રૅન્ડ્સ એક રૂમમાં બેઠા હતાં.
‘ ઇટ્સ યોર ટાઈમ અંકિતા.’, કૃતિએ પ્રેમથી અંકિતા સામે જોયું. કૃતિ ફ્લેટની બાલકનીમાં ચાલી ગઈ. બહાર જરમર વરસાદ ચાલું હતો. ઠંડી અંકિતાની ગભરાહટમાં વધારો કરી રહી હતી. મોબાઈલ પકડેલ એના હાથ ધ્રૂજી રહ્યા હતાં. એ અકળાઇ રહી હતી. વિવાનને મૅસેજ

કરવો એના માટે આટલું અઘરૂ શામાટે હતું? જો વિવાન કૉલ કરશે તો એની સાથે શું વાત કરશે? એવા કેટલાંય વિચારો એના મનમાં ફંગોળાઇ રહ્યા હતાં.
'Hi…', અંકિતાએ મૅસેજ ટાઇપ કર્યો. સેન્ડ કરવામાં એના હાથ ધ્રૂજી રહ્યા હતાં. બટ એ કરવું જ પડે એમ હતું. ફાયનલી એણે મૅસેજ સેન્ડ કરી દીધો.
***
11:30 P.M
***
વિવાન એના રૂમની ગૅલેરીમાં સિગારના લાંબા લાંબા કશ લગાવી રહ્યો હતો. આવતી કાલે એની સગાઈ હતી. એ એકલતા માંગતો હતો. પરંતુ અંકિતાના વિચારો એને એકલા રહેવા દેય એમ નહોતા. સિગારનો ધૂમાડો અંદર અંદર સુધી ભરાઈ રહ્યો હતો. એને ત્યાં સુધી સ્મોક કરવું હતું જ્યાં સુધી એને ઊંઘ ના આવી જાય. બટ અંકિતા એને એક ક્ષણ પણ નહોતી છોડી રહી. આજે તો સિગાર પણ કોઇ અસર નહોતી બતાવી રહી. અંકિતા સાથે થયેલી વાતો અંદરને અંદર વારે વારે ઘુંટાઇ રહી હતી. ત્યારે જ વિવાનના મોબાઈલમાં મૅસેજની ટોન વાગી.
'Hi…!', વિવાનના મોબાઈલમાં એક એવું નામ હતું જે વિવાન ક્યારેય ભૂલી શકે એમ નહોતો. જે નામથી એ દૂર ભાગી રહ્યો હતો. ' અંકુ' નામથી સેવ કરેલા નંબરનો મૅસેજ ફ્લૅશ થઈ રહ્યો હતો. વિવાને મૅસેજ ઑપન કર્યો. તરત જ એના પેટમાં એક વંટોળ ચડ્યું. એને ચક્કર આવવા લાગ્યા. એનું હાર્ટ અંદર જ ફાંટવા લાગ્યું. વિવાને તરત જ બાથરૂમ તરફ દોટ મુકી.
બધો જ ઉકળાટ એણે વોશબેઝિનમાં જઈને વોમિટ કરીને કાઢી નાખ્યો. એની આંખો વધારે લાલ થઈ ગઈ. હાથમાં પકડેલા મોબાઈલમાં ફરી એણે એ લાલ આંખે જોયું.
' અંકુ.', એ બબડ્યો. એના હાથ અંકિતાનું નામ જોઈને જ ધ્રૂજી રહ્યા હતાં.
' વાય? આજે જ શા માટે?', એ મોબાઈલ જોતા જોતા બોલ્યો. એને કાળ ચડી રહ્યો હતો બટ અંકિતાનો મૅસેજ જોઈને એણે કંટ્રોલ કર્યું. એની આંખો વધારે ને વધારે લાલ થતી ગઈ.
ત્યાંજ મોબાઈલમાં ફરી અંકિતાનો મૅસેજ આવ્યો.
' પ્લીઝ કમ હીઅર. રૂમનં ૪૦૧, હોટેલ નવજીવન, પાલડી.', અંકિતાનો બીજો મૅસેજ આવ્યો.
વિવાન ધ્રૂજી ઊઠ્યો. એ અંકિતાને કઈ રીતે ફેસ કરી શકશે? એણે અંકિતાને તરત ધ્રૂજતા હાથે કૉલ લગાવ્યો. બટ અંકિતાનો મોબાઈલ સ્વીચ ઑફ બતાવી રહ્યો હતો. ફરી એક ઉમળકો આવ્યો, ફરી એને વોમીટ થઈ ગઈ. કેટલાય વિચારો એના મનમાં દોડવા લાગ્યા.
' ક્યાંક અંકિતાને કંઈ થયું તો નહીં હોય?', વિવાનના મગજમાં આવેલો પહેલો વિચાર હતો. એણે તરત જ એની બાઈક ઘરની બહાર કાઢી. ૧૦ સેકન્ડમાં એની બાઈકની સ્પીડ 80 Kmph હતી.
***
11:45 P.M
***
' સાહેબ, મારી ફ્રૅન્ડનો હમણા જ મૅસેજ આવ્યો, એના પર બળાત્કારનો પ્રયત્ન થઈ રહ્યો છે. રૂમ નં. ૪૦૧ નવજીવન હોટેલમાં. પ્લીઝ એને બચાવી લો.', કૃતિ ડરતા ડરતા બોલી.
' તમે ચિંતા ના કરો બેન. અમે હમણા જ પહોંચીએ.', પાલડી પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલે કહ્યું. એણે તરત જ આ સમાચાર એના ઉપરીને આપ્યા. પાલડી પોલીસ સ્ટેશનમાંથી ત્રણ પોલીસ તરત જ નવજીવન હોટેલ તરફ નીકળી પડ્યા.
***
11:57 P.M

***
‘ ધડામ.’, હોટેલના મજબૂત દરવાજાની સ્ટોપર તુટી ગઈ. ત્રણ પોલીસ અંદર આવી ચુક્યા હતાં. એની સામે બે છોકરી અને એક છોકરો નગ્ન અવસ્થામાં હતાં. હજુ વૈભવી મોં આડે દાંટો હોવા છતાં ચીસો પાડી રહી હતી. એક પોલીસે આવીને એના મોં પરથી દાંટો હટાવ્યો.
‘ મારાં પર બળાત્કાર થ્યો છે.’, તરત જ વૈભવી રડી પડી. ધર્મેશ અને ફેન્સીનું હાર્ટ એ જ ક્ષણે થંભી ગયું.
વૈભવીની આંખની મશ્કરા એણે એના આંસુઓ સાથે ગાલ પર રેળી દીધી હતી. ફાટેલું ટોપ, બાંધેલા હાથ, ગળા પાસે ભરેલ બટકાના નિશાન, મોં પર કપડાનો ડુમો અને આંખમાં આંસુ. ફેન્સી અને ધર્મેશ રંગે હાથ પકડાયા હતાં એવું પોલીસને લાગી રહ્યું હતું. પોલીસે તરત જ એક ચાદર વૈભવીને ઓઢાડી દીધી હતી. ધર્મેશ અને ફેન્સીને કંઈ સમજ પડે એ પહેલાં જ બે બે લાફા એમના ગાલ પર પડી ચુક્યા હતાં. પોલીસે ફોન કરીને સ્ટેશન પરથી વધારે લોકોને બોલાવ્યા.
11:58 થઈ ત્યાં જ વિવાન હોટેલના રૂમની અંદર ધસી આવ્યો. પોલીસવાળાએ એને રોકીને પકડી રાખ્યો બટ એ રોકાયો નહીં, એણે ફેન્સી અને ધર્મેશને જે હાલતમાં જોયા એ પછી તો નહીં જ. એ ફેન્સી પાસે ધસી ગયો અને જોર જોરથી બે લાફા ચડાવી દીધા. ફેન્સી માત્ર રડી રહી હતી. એ બોલી શકે એવી હાલતમાં નહોતી.
‘ યુ રુઇન્ડ માય લાઈફ, નાવ ગો ટુ હેલ.’, એણે ફરી એક તમાચો ફેન્સીના ગાલ પર ધરી દીધો. એનો ગુસ્સો એની આંખોમાં જોઈ શકાતો હતો.
‘ આઈ લવ યુ વિવુ.’ ૧૨. ૦૦ વાગ્યા એટલે વિવાનના મોબાઈલમાં મૅસેજ આવ્યો. વિવાન મૅસેજ જોઈને ઑલમોસ્ટ રડી પડ્યો હતો. બટ સ્થળના કારણે એણે કંટ્રોલ કર્યુ. એ તરત જ કોઈને કંઈજ કહ્યા વિના બહાર નીકળ્યો. એણે અંકિતાને કૉલ લગાવ્યો. હવે એ અંકિતાથી વધારે દૂર રહેવા નહોતો માંગતો. એ એના કરેલી ભૂલની માફી ચાહતો હતો. અંકિતાએ કૉલ કટ કરી નાખ્યો.
‘ કાલે સવારે , ૬ વાગે , રીવર ફ્રંટ .’, તરત જ અંકિતાનો મૅસેજ આવ્યો.
***
કૃતિએ જે પ્લાન ધર્મેશને કહ્યો હતો એ અને જે પ્લાન એક્ઝિક્યુટ કરવાનો હતો એ બંને અલગ હતાં. કૃતિએ ધર્મેશને એમ હતું કે, જ્યારે હોટેલના એક રૂમમાં ધર્મેશ અને ફેન્સી સાથે હશે ત્યારે બંનેને વિવાન જોઈ જશે. પછી વિવાનને કંઈ સમજાવવુ નહીં પડે. પરંતુ આનાથી વધારે ઘણું બધું થવાનું હતું. જે થયું. અંકિતાએ એવો બદલો લીધો હતો કે એક લાકડીએ બે સાપને માર્યા.
નવજીવન હોટેલમાં અડધી કલાકમાં જ રિપોર્ટરોની ભીડ જામી ગઈ. લોકોના ટોળા ધીરે ધીરે જામવા લાગ્યા. વિવાન અને ફેન્સીના ઘરવાળા ત્યાં પહોંચી ગયા હતાં. બટ ફેન્સીના મોંમાં બોલવાની તાકાત નહોતી. વૈભવીની એક્ટિંગને દાદ દેવી પડે એમ હતી. એ એવી રીતે લપાઈને બેસી ગઈ હતી કે જાણે એના પર સાચે જ બળાત્કાર થયો હોય. જે હાલતમાં પોલીસે એ લોકોને પકડ્યા હતાં, એ પછી ધર્મેશ માટે સમજાવવાનું ખૂબ મુશ્કેલ બની ગયું હતું. કઈ રીતે બોલવુ કે, ‘ આ છોકરી નાટક કરી રહી છે.’.
માર ખાઇને ઑલરેડી ધર્મેશનો ચહેરો લાલચોળ થઈ ગયો હતો. રિપોર્ટરો ફોટા ખેંચી રહ્યા હતાં ત્યારે એણે અને ફેન્સીએ રૂમાલ અને દુપ્પટા આડા કરી દીધા હતાં. બટ વૈભવી એનો ચહેરો છૂપાવવા નહોતી માંગતી. એ જે રીતે એની વર્જીનીટી લૂઝ કરવા માંગતી હતી, એવી જ યાદગાર રીતે એણે એની વર્જિનિટી લૂઝ કરી હતી. પરંતુ એના મગજમાં ઇન્ટરવ્યૂની લાઇનો

ગોઠવાઇ રહી હતી. એના મગજમાં આવતીકાલના પેપરની હેડલાઇન બની રહી હતી.
***
‘ અમદાવાદના પ્લે ડાયરેક્ટરનો એક્ટર પર બળાત્કાર, પોલીસે ગુનેગારોને રંગે હાથે પકડ્યા. એક યુવતી પણ શામેલ.’, આ અમદાવાદના લગભગ બધાં ન્યૂઝ પેપરની હેડલાઇન્સ હતી. અમદાવાદના એક્ટિંગ ફીલ્ડમાં ચારેતરફ વાતો થવા લાગી હતી. અમદાવાદમાં ‘ કાસ્ટિંગ કાઉચ’ વિશે સાંભળીને બધાને આશ્ચર્ય થયું હતું. ફેન્સી અને ધર્મેશ સામે ગુનો નોંધીને ધરપકડ કરવામાં આવી હતી. બટ ઇન્ટેલીજન્ટ વૈભવીએ ખૂબજ ચોક્કસાઇ પૂર્વક સ્ટેટમેન્ટ્સ આપ્યા હતાં. જે ન્યૂઝ વાળાએ હાઇલાઈટ કરી કરીને છાપ્યા હતાં. ન્યૂઝ ચેનલો પર એના ઇન્ટરવ્યુંમાં એનો કોન્ફિડેન્સ અને પ્યોર નેચરલ એક્ટિંગ દેખાઈ રહી હતી. એ પૂરેપૂરા પોતાના કેરેક્ટરમાં હતી.
‘ આજના પુરૂષો સમજે છે કે એ અમારી મજબૂરીનો લાભ ઉઠાવી શકશે. નહીં, હું લડીશ. હું મારાં માટે નહીં, હું દેશની દરેક સ્ત્રી માટે લડીશ. નો ડાઉટ મારાં પર બળાત્કાર થયો છે, બટ હું નિરાશ થઈને બેસી રહેવાવાળી સ્ત્રી નથી. હું ઊભી થઈશ. ચાલીશ, કદાચ મારો રસ્તો ખાડા ટેકરાવાળો હશે, કદાચ હું પડીશ પણ, મારાં ગોઠણીયાં છોલાઇ શકે, પરંતુ હું ઊભી થઈશ, ધૂળથી ખરડાયેલા મારાં ગોઠણને સાફ કરીશ અને ફરી ચાલીશ. ત્યાં સુધી ચાલીશ જ્યાં સુધી આ દેશની દરેક સ્ત્રી સુરક્ષિત મહેસૂસ ના કરે. મારે આ દેશની દરેક સ્ત્રીને દેખાડવું છે કે આપણે પણ લડી શકીએ છે. આપણામાં પણ શક્તિ છે. આપણે દુર્ગાનું સ્વરૂપ છીએ અને આપણે પણ મહિષાસુરને મારી શકીએ.’, જ્યારે વૈભવીએ એક ઇન્ટરવ્યૂમાં આવા વાક્યો બોલ્યા ત્યારે જે જે સ્ત્રીએ આ સાંભળ્યું હતું એ દરેક સ્ત્રી વૈભવીની સાથે હતી. જે પબ્લીસીટી વૈભવીને મળી રહી હતી. એ પબ્લિસિટીનો વૈભવી પૂરેપૂરો વૈભવ માણી રહી હતી.
વૈભવી ફેમિનિઝમનો રસ્તો પકડી લીધો હતો, બુદ્ધિ તો વૈભવીની હતી. કોઈને કારણ વિના, હાની પહોંચાડ્યા વિના પોતાને જે મેળવવુ હતું એ મેળવી લીધું હતું.
***
સગાઈ કેન્સલ થઈ ગઈ હતી. ફેન્સીના ઘરવાળાને ડાઉટ તો હતો જ કે આ ઘટના પાછળ કોઈનો હાથ તો છે જ. બટ એ ધર્મેશ અને વૈભવી સિવાય કોઈને અંદાજો નહોતો. ધર્મેશને કદાચ અંદાજો હતો, બટ કોમ્લીકેશન્સ એટલા હતાં કે એના મગજમાં કોઈ ચોખટા નહોતા બેસી રહ્યા. ધર્મેશ વિચારી રહ્યો હતો કે, ‘ વૈભવીએ મારી સાથે આવું શા માટે કર્યુ?’ બટ પછી એને અંદાજો પણ આવ્યો હતો કે, ‘ ફેન્સીના કરેલા એ ભોગવી રહ્યો હતો.’ આ ઘટનાથી તનુદીદીને થોડીક ખુશી થઈ હતી, કારણ કે ફેન્સીનો સાચો ચહેરો વિવાન સામે આવી ગયો હતો. વિવાનના ઘરના આ ઘટનાથી થોડા નિરાશ થઈ ગયા હતાં, બટ વિશાખા અને તનુદીદીએ હિંમત આપતા કહ્યું કે, ‘ જે થયું છે એ બધું બરાબર જ થયું છે.’
તનુદીદી ત્યારે રડી પડ્યા હતાં જ્યારે મોડી રાતે વિવાન ઘરે આવ્યો અને આવીને સીધો તનુદીદીને રડતાં રડતાં ગળે વળગી પડ્યો.
***
‘ સૉરી, વિવાન. તને પામવા મેં બધાં જ ખોટા રસ્તા પસંદ કર્યા. આઇ એમ સો સૉરી અબાઉટ વોટ આઈ હેવ ડન. સૉરી ફોર વોટ આઈ હેવ ડન વિથ અંકિતા. શી ઇઝ કમ્પ્લીટલી ઇનોસન્ટ. મેં જ જાણી જોઈને નિશા સાથે ઝઘડો કર્યો હતો, મેં જ ગુસ્સામાં નિશાને પથ્થર માર્યો હતો. એક્ચ્યુઅલી હું અંકિતાને મારવા ગઈ હતી બટ નિશાને વાગી ગયો. મેં જ અંકિતા અને ધર્મેશના કેઝ્યુલી ખેંચેલા ફોટા વિશે વધારે બડાવી ચડાવીને કહ્યું. આ અમારાં બંનેનો પ્લાન હતો. બટ એ બધું જ તને મેળવવા માટે કર્યુ હતું. આઈ એમ સૉરી ફોર ઇટ વિવાન. બની શકે તો મને

માફ કરી દેજે. આ બધું એક જ કારણને લીધે કર્યુ છે, આઈ લવ યુ વિવાન.', વિવાને તનુદીદીએ આપેલી ફેન્સીની ચીઠ્ઠી વાંચીને ગુસ્સામાં ફાડી નાખી. એ હવે ફેન્સીનું નામ પણ સાંભળવા નહોતો માંગતો.
ખરેખર પ્રેમ આંધળો હોય છે. એ તમારી પાસે બધું જ કરાવી શકે. કોઈના પેટમાં ટાઢક પણ લાવી શકે અને કોઈના પેટમાં આગ પણ લગાવી શકે.
કૃતિએ તનુદીદીનો કૉન્ટેક્ટ કરીને જે જે રેકોર્ડિંગની કેસેટ્સ હતી એ બધી જ વિવાન માટે મોકલાવી દીધી હતી. જે જોયું હતું એ પછી ભલે કંઈ બોલવાનું બાકી નહોતું, એ છતાં કૃતિએ બધું પાકે પાયે જ રાખ્યું હતું. વિવાને ધર્મેશ અને ફેન્સીના બધાં જ રેકોર્ડિંગ સાંભળ્યા. એનામાં એક ઉંડા પસ્તાવાનો શેરડો વ્યાપી ગયો. આવતી કાલે એ અંકિતાને કઈ રીતે ફેસ કરશે? એના વિશે એના મનમાં સવાલોનો ઢગલો હતો. પરંતુ એક તરફ હાશકારો હતો. અંકિતાનો એક મૅસેજ એને ઘણો આરામ આપી રહ્યો હતો. બધું જ એક પરફેક્ટ ટાઈમ પર બન્યું હતું. વિવાન વિચારતો રહ્યો આવતી કાલે શું વાત કરશે? શું બોલશે? જાણે એ અંકિતાથી કેટલોય અલગ પડી ગયો હોય. પરંતુ પછી એને ભાન થયું, એ અને અંકિતા ક્યારેય અલગ નહોતા થયા, કદાચ માત્ર દૂર હતાં.
એ મોડી રાત સુધી અંકિતાના વિચારો કરતો રહ્યો, મોડી રાત સુધી એને એનો ભૂતકાળ યાદ આવતો રહ્યો. એ અંકિતા અંકિતા અંકિતા નામનું રટણ કરતો રહ્યો. બહુ દિવસો પછી આજે એને સિગારેટ કે સ્લીપીંગ પીલ્સ વિના ઊંઘ આવી હતી.
***
અંકિતા કૃતિ પ્રત્યે ખૂબ જ ભાવુક થઈ ગઈ હતી. અંકિતા માટે કૃતિએ કોઈ જ સ્વાર્થ વિના આટલું બધું કર્યુ હતું. કૃતિને આપવા માટે અંકિતા પાસે ટાઇટ હગ અને આંસુ સિવાય કંઈ જ નહોતું. અંકિતા કૃતિને વળગી પડી હતી, ' થેંક્સ' તો અંકિતાએ કેટલીય વાર કહ્યું બટ એને એ પ્રોપર તો નહોતું જ લાગ્યું. કૃતિની આંખો પણ ભીની થઈ ગઈ હતી. પછી અંકિતા એની ત્રણેય ફ્રૅન્ડને પણ ગળે વળગી પડી હતી. સોનુ, કૃપા અને નિશા.
નિશા અને કૃપાએ નક્કી કર્યુ હતું કે એ લોકો અમદાવાદ આવી જશે અને અંકિતા સાથે જ રહેશે. સોનુ, કૃપા, નિશા અને અંકિતા ચારેય ફ્રૅન્ડ એકબીજા માટે ખૂબ જ ખુશ હતાં. એ ત્રણેય ફ્રેન્ડે આ આખા કામમાં કૃતિની ઘણી હૅલ્પ કરી હતી. ખાસ કરીને કૃતિને બધી માહિતી આપવાની અને મોટીવેટ કરવાની. કૃતિએ નક્કી કર્યુ હતું કે અંકિતાની લાઈફ પર એક બુક લખશે.
બટ એ ક્ષણે લગભગ બધાંની આંખો ભરાઈ આવી હતી જ્યારે અંકિતા અને નિશા બંને એકબીજાને ગળે વળગી પડ્યા હતાં. નિશાએ અંકિતાને કપાળ પર ચૂમી લીધી હતી. ધીઝ વોઝ લવ. ધીઝ વોઝ ટ્રુ ફ્રૅન્ડશીપ. ખરેખર ફ્રૅન્ડશીપ તમને બધું જ કરવા તૈયાર કરી દેતી હોય છે. ફ્રૅન્ડશીપને કોઈ સીમા નથી હોતી. સાચો ફ્રૅન્ડ ઑલવેઝ હૅલ્પ માટે રેડી જ હોય, ચાહે કોઈ ઊંચી દીવાલ કૂદવાની હોય, ખેતરના કાંટાવાળી વાડમાં છીંડા પાડવાના હોય કે પછી એના ફ્રૅન્ડ માટે જીવના જોખમે પણ કોઈ કામ કરવાનું હોય. ધીઝ ઇઝ નથિંગ બટ ટ્રુ ફ્રૅન્ડશીપ, ધીઝ ઇઝ લવ. જેમાં ખુશીઓ વ્યકત કરતી વખતે ' થેંક્સ' ના બદલે ' આંસુઓ' હોય.
અંકિતા અને નિશા એકબીજાના માત્ર ફ્રૅન્ડ નહોતા, એ એકબીજાનો જીવ હતાં, એ એકબીજાનો શ્વાસ હતાં, એ એકબીજાનો પ્રેમ હતાં.
***

પ્રકરણ – ૧૬

" સથવારો "

રાતે વરસાદ પડ્યો હતો જેના કારણે રીવરફ્રન્ટની સિમેન્ટની દીવાલો અને કોંક્રિટ સિમેન્ટના રસ્તાઓ ભીના હતાં. વહેલી સવાર હતી ચોમાસુ હોવા છતાં ધીમો ધીમો પવન વાતાવરણને વધારે ઠંડુ બનાવી રહ્યો હતો. સાબરમતી વરસાદને કારણે છલોછલ હતી, પરંતુ એ સ્થિર હતી. ઇનકમટેક્સ પાસેના રીવરફ્રન્ટના સુમસામ રસ્તાના કારણે પક્ષીઓનો અવાજ ચોખ્ખો સાંભળી શકાતો હતો. આકાશ ચોખ્ખું થયું હતું, જેના કારણે થોડી થોડી સૂર્યની આભાઓ દેખાઈ રહી હતી, પરંતુ સૂર્ય પૂરેપૂરો ઉગ્યો નહોતો.

લહેરાતા પવન સાથે ઉભેલી અંકિતા ફરી આજે વ્હાઇટ ડ્રેસમાં હતી, એણે ખાસ કોઈ એસેસરીઝ નહોતી પહેરી. ખાદીનો વ્હાઇટ ડ્રેસ, સાદા વ્હાઇટ પટ્ટી વાળા ચપ્પલ, ખુલ્લા વાળ અને કપાળ વચ્ચે કાળી બીંદી. કોઈ જ મેકઅપ વિના એ ખૂબ જ સુંદર દેખાઈ રહી હતી. એ સાબરમતીના કાંઠે ઊભી રહીને લહેરાતા ઠંડા પવનને મહેસૂસ કરી રહી હતી. એ સાબરમતીના શાંત પાણીને એકટીસે જોઈ રહી હતી. એ બને એટલું એનું મગજશૂન્ય કરી રહી હતી. એ વિચારશૂન્ય થવા માંગતી હતી. અંકિતા જાણી જોઈને થોડી વહેલી જ આવી ગઈ હતી. એને વિશ્વાસ હતો કે એનો વિવાન છ વાગ્યા પછી જ આવશે. અંકિતા પણ નહોતી જાણતી કે એ શું બોલશે? થોડી નર્વસનેસ પણ હતી જ. પણ ડર નહોતો.

અંકિતાએ સાબરમતીના શાંત પાણીને જોઈને શાંત થવાનો પ્રયત્ન કર્યો. ૬. ૦૫ મિનિટ થઈ ચુકી હતી. પરંતુ અંકિતા શાંત પાણીને જ જોઈ રહી હતી. ત્યારે પાછળથી કોઈનો દાદર ઉતરવાનો અવાજ આવ્યો. અંકિતા પાછળ ફરી.

અંકિતા વિવાનને જોઈને એક ક્ષણ માટે મોહિત થઈ ગઈ. કેટલા મહિનાઓ પછી અંકિતા વિવાનને કોઈ રહી હતી. વિવાને બ્લુ જીન્સ પર વ્હાઇટ કોટન કુર્તુ પહેરેલું હતું. એના લાંબા વાળને એણે પાછળથી બાંધેલા હતાં. એની વધી ગયેલી દાઢી એના ગોરા ચહેરાને વધુ આકર્ષક બનાવી રહી હતી. એની મોહક આંખોમાં જાણે છલો છલ નશો ભર્યો હોય એમ નશાથી ઉભરાઇ રહી હતી. એનું એક એક પગથીયા ઉતરતુ ખડતલ શરીર અંકિતાની નર્વસનેસમાં વધારો કરી રહ્યું હતું. વિવાન પણ આજે વ્હાઇટ કુર્તામાં અદ્ભુત લાગી રહ્યો હતો. જે જોઈને અંકિતા થોડી વિચલિત થઈ ગઈ, પરંતુ એણે ફરી શાંત સાબરમતી પર નજર નાખી. એણે શાંત થવાનો પ્રયત્ન કર્યો. એણે એના વિચારોને કાબુમાં કર્યા.

અંકિતા અને વિવાન એકબીજાની સામસામે હતાં. અમુક ઘટનાઓએ કેટલું અંતર પેદા કરી દીધું હતું કે એકબીજા સામે બોલવા કોઈ શબ્દો બહાર નહોતા આવી રહ્યા. બંનેએ એકબીજાની આંખોમાં જોયું. પરંતુ લાગી રહ્યું હતું કે અત્યારે શબ્દોની જરૂર છે.

' કેમ... છે?', એવું બંને એકસાથે બોલ્યા. બંનેથી હળવુ હસાઈ ગયું. પરંતુ એકક્ષણમાં ફરી એ હસી ચાલી ગઈ, હળવુ સ્મિત આવી ગયું. અંકિતા થોડી શરમાઈ ગઈ. જાણે એની પહેલી મુલાકાત હોય.

અંકિતા વિવાનની આંખોમાં જોતા જોતા ડૂબી રહી હતી. પરંતુ એના વિવાનને જોતા જોતા એની આંખો સહેજ સહેજ ભીની પણ થઈ રહી હતી. બંનેએ એકબીજાને મેળવવા શું શું નહોતું કર્યુ. અંકિતા બસ વિવાનની આંખોમાં ડૂબતી રહી, ડૂબતી રહી. ડૂબતી રહી. વિવાન માટે પણ અંકિતાની આંખો નશાથી કમ નહોતી. એ અંકિતાની ભીની થઈ રહેલી આંખો જોઈને થોડીક ભીનાશ પોતાની આંખોમાં ઉછીની લઈ રહ્યો હતો. વિવાનના હાથ અંકિતાના ગાલ પર પહોંચ્યા. એણે ગાલ પર સરકી રહેલા આંસુને લૂંછ્યા. વિવાને ધીરેથી અંકિતાની કાળી બીંદીથી

સહેજ ઉપર હળવેથી ચુંબન કર્યું. ફરી વિવાને અંકિતાની ઊંડી અને નશીલી આંખોમાં જોયું. વિવાન ઝડપથી સરક્યો અને એણે અંકિતાનો ચહેરો પોતાના હાથોમાં લઈ લીધો. કોઈ જ ક્ષણનો વિચાર કર્યા વિના વિવાને એના હોઠ અંકિતાના હોઠને આપી દીધા. ક્યારેક શબ્દો ને બદલે શરીરની જરૂર હોય છે. બંને એકબીજામાં ડૂબીને આંખો બંધ કરીને હોઠોની આપ લે કરવા લાગ્યા. જે કામ શબ્દો ન કરી શક્યા. જે કામ આંખોએ પણ અધૂરું છોડ્યું, એ કામ હોઠો પૂરું કરી રહ્યા હતાં. બંને વાઇલ્ડ ચુંબનમાં ડૂબી ગયા હતાં. વિવાન પોતાના પરનો કાબુ ગુમાવી રહ્યો હતો. એણે અંકિતાના હોઠને છોડ્યાં પરંતુ એના હોઠ એની ગરદનની ડાબી બાજુ ચાલ્યા ગયા. અંકિતા જે ફીલ કરી રહી હતી, એ પરમ આનંદ હતો. ફરી વિવાનના હોઠ અંકિતાના હોઠ પર આવીને ચાલવા લાગ્યા. કેટલીય મિનિટો પછી બંનેના હોઠ છૂટ્ટાં પડ્યા. બંનેની આંખો મળી. આ વખતે કોઈની આંખમાં કોઈ જ પ્રશ્નો નહોતા. બંનેએ જાણે બધું જ કહી દીધું હોય એવો ખાલીપો હતો.
અંકિતાએ વિવાનને જકડી લીધો. અંકિતાની આંખોમાં આંસુ આવી ગયા. વિવાન અંકિતાના માથા પર હાથ ફેરવવા લાગ્યો. વિવાનની આંખો પણ ભીની થઈ ગઈ. વિવાને પોતાની જકડ વધારે મજબુત બનાવી દીધી. હજુ સુધી કોઈ જ શબ્દ નહોતો બોલાયો. ખરેખર કોઈને પણ પ્રેમ કરવા માટે એક પણ શબ્દની જરૂર નથી હોતી. બંનેમાંથી કોઈ એકબીજાની બાહોપાશમાંથી છૂટું પડવા નહોતું માંગતું. એટલે બંને બસ એકબીજાને જકડીને ઊભા રહ્યા, બંને એક સૂકુન મહેસૂસ કરી રહ્યા હતાં.
વિવાને અંકિતાની આંખોમાં જોયું, એણે અંકિતાના ગાલ પર આવેલા આંસુ લૂંછ્યા. ફરી એણે હળવેથી અંકિતાના હોઠ પર ભીની આંખે ચુંબન કર્યું. બંને રીવરફ્રન્ટની પાળી પર શાંત સાબરમતી સામે બેઠા. બંનેએ એકબીજાની આંગળીઓ એકબીજાના હાથમાં પરોવી.
‘ લવ યુ વિવુ.’, અંકિતા રડતાં રડતાં જ બોલી.
‘ આઈ નો માય બેબી.. આઈ નો.’, વિવાન પણ ગળગળો થઈ ગયો.
‘ સૉરી.’, વિવાન બોલવા જતો હતો ત્યાં જ અંકિતાએ વિવાનના હોઠ પર હાથ મુકી દીધો. વિવુ પણ રડી પડ્યો.
‘ હેય હેય.’, અંકિતાએ વિવાનનો ચહેરો પોતાની છાતી પર ભીંસી લીધો.
‘ લેટ્સ સ્ટાર્ટ વિથ લવ. નોટ વિથ ગિલ્ટ.’, અંકિતા બોલી. વિવાને ભીની આંખે અંકિતાની આંખોમાં જોયું. વિવાને ફરી અંકિતાને બથમાં ભરી લીધી. અંકિતા વિવાનની પીઠમાં હાથ ફેરવતી રહી.
‘ હેય બેબી, સ્માઈલ.’, અંકિતા વિવાનનો ચહેરો હાથમાં લઈને સ્માઈલ કરતા કહ્યું. પરંતુ વિવાન ડૂસકાં ભરતો રહ્યો. અંકિતાની આંખો પણ ભીની જ હતી.
‘ વિવુ તારે સૉરી કહેવાની જરૂર નથી’, અંકિતા બોલી.
‘ અંકુ ન તો તારે આઈ લવ યુ. આઈ ડૉન્ટ વોન્ટ ટુ ગીવ એની ફોર્મલ નેમ ટુ આવર રિલેશન.’, વિવાન અંકિતાની આંખોમાં આંખો નાખીને બોલ્યો. અંકિતાએ માત્ર પાંપણ પટપટાવીને સંમતી દર્શાવી.
‘ તને યાદ છે અંકુ, હું તારા પપ્પાને મનાવવા માટે ગયો હતો?’, વિવાન બોલ્યો. અંકિતાએ હકારમાં ડોકુ હલાવ્યું.
‘ તે પૂછ્યું હતું ને કે મેં એવું તે શું કહ્યું કે પથ્થર જેવા પપ્પા પીગળી ગયા. તારા પપ્પાના પગે સુધ્ધા હું પડ્યો હતો પરંતુ એ નહોતા માન્યા. મેં પપ્પા પાસે બે મિનિટનું એકાંત માંગ્યું. હું અને પપ્પા એકરુમમાં ગયા. મેં પપ્પાની આંખમાં જોઈને માત્ર ત્રણ જ વાક્યો કહ્યા.
પપ્પા અંકિતા મારાં વિના નહીં જીવી શકે , એટલે એ મારી સાથે મેરેજ કરી શકે બટ , એને

ખબર છે કે તમે એના વગર નહીં જીવી શકો એટલે એ મારી સાથે તમારી મરજી વિરૂદ્ધ લગ્ન નહીં કરે . પણ એ દરેક ક્ષણે બળ્યા કરશે .
પપ્પા શું તમે અંકુને પાનેતરમાં જોવા નથી માંગતા ? તમે એને ઘરેથી વળાવીને રડવા નથી માંગતા ? પપ્પા જ્યાં સુધી તમે આંસુઓથી હળવા નહીં થાવ ત્યાં સુધી તમારાં પરથી આ જન્મનું ઋણ નહીં ઊતરે . તમે એને તમારાં જીવનમાં બાંધી રાખી છે . એને મુક્ત કરી દો . એટલે તમે પણ છૂટી જશો .
અંકલ મારાં માટે ‘ આઈ લવ યુ અંકિતા .’ ખૂબ નાનું છે . હું એને કેટલો પ્રેમ કરું છું . એ આ શબ્દો નથી કહી શકતા . પરંતુ અંકુની સાથે હું તમને અને મમ્મીને પણ લવ કરું છું . આઈ લવ યુ ઑલ . અંકુ ઇઝ માય લાઈફ . બસ આટલું કહીને હું રડવા લાગ્યો હતો. મારાંમાં આનાથી વધારે કંઈ જ કહેવાની તાકાત નહોતી.
મને નથી લાગતું કે મેં એવા કોઈ ચોટદાર શબ્દો કહ્યા હતાં. પરંતુ આ સાંભળ્યા પછી પપ્પાની આંખોમાં આંસુ આવી ગયા. એમના ખૂણામાં પ્રેમ હતો જ, પરંતુ ઇગોએ જ આ ધોધને બાંધી રાખ્યો હતો. એ તું જ તોડી શકે એમ હતી. અંકુ તું ના હોત તો હું ના કરી શક્યો હોત. પછી તે મને કહ્યું કે મારો ફોન કટ થયો ત્યારે તું ખૂબ રડી હતી.
હું કોઈ ચમત્કારમાં નથી માનતો, બટ આ કોઈન્સિડન્ટ નહોતો. જ્યારે તું રડી હતી ત્યારે જ તારા પપ્પા પણ રડ્યા. એક બાપ કોઈ દિવસ એની દીકરીના આંસુ ના જોઈ શકે. તું કિલોમીટરો દૂર હતી, છતાં પપ્પાના અંતરમનને ગંધ આવી ગઈ. એ તારા આંસુઓ ના જોઈ શક્યા. મારાંમાં તારા પપ્પાને મનાવવાની તાકાત નથી. એ તું જ હતી જેણે દૂર દૂરથી કામ કર્યું હતું. એ તું જ હતી અંકુ. તારા આંસુએ અને તારા પ્રેમે આ કામ કર્યું હતું.’, વિવાનની આંખો બોલતા બોલતા ભીંજાઇ ગઈ. અંકિતાએ વિવાનનું માથું પોતાના ગળા પાસે ભીંસી દીધું.
અંકિતાએ વિવાનની ચમકતી આંખોમાં જોયું. એ પોતાનો ચહેરો ધીમેથી વિવાનના ચહેરા પાસે લઈ ગઈ. અને વિવાનના હોઠ પર હળવેથી પપ્પી કરી.
‘ આઈ એમ યુ.’, અંકિતાએ હળવી સ્માઈલ કરીને કહ્યું. વિવાને પણ સ્માઈલ કરી.
‘ ચાલ આંખો બંધ કર.’, વિવાને અંકિતાના ગાલ પર હાથ મુકીને કહ્યું. અંકિતાએ હળવેથી આંખો બંધ કરી. વિવાને વ્હાઇટ કુર્તાના ઉપરના ખિસ્સામાં હાથ નાખ્યો અને એક નાની ડાયમંડ રીંગ કાઢી. એણે અંકિતાનો હાથ પોતાના હાથમાં લીધો. એ ગોઠણીયે બેસી ગયો. વિવાને અંકિતાને આંખ ખોલવા કહ્યું.
‘ વુડ યુ લાઈક ટુ બી સ્પીડ ઑફ માય લાઈફ ફોરેવર?’, વિવાન સ્માઈલ કરતા કરતા બોલ્યો.
‘ આઈ એમ યોર સ્પીડ…!’, અંકિતા પણ હસીને બોલી.
વિવાને હળવેથી સુંદર ડાયમંડ રીંગ અંકિતાના ડાબા હાથની વચ્ચેની આંગળીમાં પહેરાવી દીધી. બંને એકબીજાને ભેટી પડ્યા.
બંનેએ ફરી એકબીજાને ચુંબન કર્યું. બંને એકબીજાની આંખોમાં સ્માઈલ સાથે જોતા રહ્યા. બંનેની ખુશીઓનો આજે કોઈ જ પાર નહોતો. અંકિતાને બધું જ મળી ગયું હતું અને વિવાનને અંકિતા. બંને કેટલીય ઘડીઓ સુધી કંઈ જ બોલ્યા વિના એકબીજાની આંખોમાં જોતા રહ્યા. ફરી બંનેએ કસીને હગ કર્યું અને ફરી વિવાન એના હોઠ અંકિતાના હોઠ તરફ લઈ જઈ રહ્યો હતો ત્યારે જ. બંનેના મોબાઈલમાં મૅસેજની ટોન વાગી. બંનેના મોબાઈલમાં એક સાથે ટોન વાગી એટલે બંનેના પેટમાં ફાળ પડી. આ મૅસેજની ટોન દર વખતે કંઈક ખરાબ લઈને જ આવતી હતી.
સાત વાગી ચૂક્યા હતાં. સૂર્યના સોનેરી કિરણો સાબરમતીમાં પર પથરાઈને સોનાનો ઘાટ સર્જી રહ્યા હતાં. બંનેને આશ્ચર્ય સાથે ડર પણ લાગ્યો કે ફરી બંનેના મોબાઈલમાં મૅસેજની ટોન, એ

પણ એક સાથે? બંને એ પોતાનો મોબાઈલ કાઢ્યો અને બંનેએ મૅસેજ વાંચ્યો.
વિવાન અને અંકિતાના મોબાઈલમાં નિશાનો મૅસેજ હતો.
‘ આઈ લવ યુ, માય ડાર્લિંગ. આઈ લવ યુ. લવ યુ.
The End

હિરેન કવાડ વિશે

હિરેન કવાડ ઍન્જિનિયર, ફીલોસોફર, રાઇટર, એક્ટર, ફિલ્મ એન્ડ પ્લે સ્ક્રીપ્ટ રાઇટર છે. એમના મતે તે એક એન્ટરટેઇનરથી વધુ કંઈ જ નથી. હાલ એ ફૂલ ટાઈમ આર્ટ્સ એન્ડ લિટરેચર સાથે સંકળાયેલ છે. એમને નાટકો જોવા અને એક્ટિંગ ખૂબ જ ગમે છે. શોર્ટ સ્ટોરીઝ એ એમની પહેલી ગર્લફ્રેન્ડ છે. એ સિવાય એ મ્યૂઝિક પણ જાણે છે. ક્લાસીકલ મ્યૂઝિકના એ જબરા શોખીન છે.

એમણે એમનું ઍન્જિનિયરિંગ અમદાવાદની એક પ્રતિષ્ઠિત કૉલેજમાંથી કર્યુ અને ઍન્જિનિયરિંગ પૂરું કર્યાના બે વર્ષ પછી પોતાનો બધો જ સમય લિટરેચર અને આર્ટ્સમાં આપવાનું નક્કી કર્યુ. હાલ એ નોવેલ, શોર્ટ સ્ટોરીઝ અને નાટકો પર કામ કરી રહ્યા છે.

તમે એમને નીચે આપેલ સોશિયલ મીડિયા પર કૉન્ટેક્ટ કરી શકો છો.
Facebook : www.facebook.com/Ihirenkavad
Google Plus : www.google.com/+hirenkavad
Twitter : www.twitter.com/hirenkavad